श्री.

# ॥ शिल्पशास्त्र सार संग्रह ॥

हरीसुनु आत्माराम प्रसादात् शिवनारायणात्मजेन
प्राचिन ग्रंथेभ्यो सारमुधृत्य प्रकाशितो
ऽयंग्रन्थः

जानंतु नीति निपुणा क्षमंतां मम साहसम् ।
विश्वकर्मा प्रसादेन कृतमेतन्न संशयः ॥


राजनगरे.

जयसिंग मूलजी अस्य "हितेच्छु" मुद्रालये मुद्रितः

संवत् एकोनत्रिंशत्यधिक चतुःपंचाशत्तमे
शाके षष्टादश शतोत्तर त्रिंशति परिमिते
वर्षे समाप्तोयम् ॥

# પ્રસ્તાવના.

સ્વદેશ પ્રેમી મહાશયો! આ જગતની સૃષ્ટિના ઉત્પાદક શ્રી બ્રહ્માજી છે એમ સિદ્ધાંત પ્રમાણથી સિદ્ધ છે! એ આપ સુજ્ઞ સાહેબોથી કાંઈ અજાણ્યું નથી અને તેજ બ્રહ્માજીના પુત્ર શ્રી વિશ્વકર્મા છે! તે વિશ્વકર્માએ પોતાના પિતાશ્રીની આજ્ઞાથી સૃષ્ટિ વિષે ભુવન, પ્રાસાદ, પ્રતિમાઓ, જળાશયો, વાહનો, વાહણાદિ અનેક જગતના પ્રાણિઓનાં અતિ અગત્યનાં અમૂલ્ય પદાર્થોની રચના કરી; એટલુંજ નહિ પણ તેમણે પોતાના સુજ્ઞ પુત્રોને સૂત્રધાર તથા શિલ્પીઓ અને સોનાર, લોહાર, કંસારા, કડીઆ, કુંભાર અને ચિત્રકારાદિ વિદ્યાઓના સંપૂર્ણ ભેદો સહિત સમસ્ત જ્ઞાન બક્ષ્યું; તેમ પોતે યુગ યુગે [illegible]ર થયેલા જ્ઞાનનો પુનરોદ્ધાર કરવા અનેક રૂપે પ્રકટ થઈ દેવ મનુષ્ય અને રૂષિ જનોનાં વિકટ સંકટોને દૂર કરી પ્રાણિ માત્રોને સંતોષમાન કર્યાં; પણ એ અવર્ણનિય પરોપકારી લીલા વિષેનાં અપૂર્વ રસિલાં ચરિત્રો જાણવાને આપણે ભાગ્યશાળી બન્યા નથી તેનું મુખ્ય કારણ એજ છે કે વિશ્વકર્માપ્રણિત તથા તેમના પુત્રો કિંવા રૂષિ-પંડિતો પ્રણિત પ્રાચિન માનવંતા ગ્રંથોનો કાળના વિષમ વેગથી અભાવ થયો તેથીજ ઉક્ત મહાન્ દયાળુ પિતામહના પરોપકારી કૃત્યોથી કેવળ અજ્ઞાન છીએ એ ખરેખર શોચપ્રદ પ્રકાર છે!

હાલમાં ઓગણીસમી સદીના વિશાળ સુધારાને લીધે પુસ્તકો પ્રકટ કરવાનાં સરસ સાધનોની મદદ અને ઝળકતી કેળવણીવડે કેટલીક બાબતો પ્રકાશમાં આવી છે; પરંતુ અથાગ સિંધુમાંથી એક રજકણ પ્રાપ્ત થયા સમાન થયેલ છે; પણ દિન પ્રતિદિન ખંતિલા સુજનો તે વિષેનો અપરિમિત શોધ ચલાવી રહેલા છે અને તે કાળે કરીને કેટલીક બાબતોને હસ્ત પણ કરશે.

ઉક્ત વિષયના સંબંધમાં મારો પણ લાંબા સમયથી શોધ ચાલુ હતો તેથી પૂર્વાચાર્યો કૃત આ પુસ્તકના આદ્ય ભાગના પૃષ્ટ ૪થામાં આપેલી નોંધવાળા ગ્રંથો હાથ લાગ્યા અને તેનું અવલોકન કરી તથા વૃદ્ધ પુરૂષોદ્વારા કેટલાંક વૃત્તાંતોનો મારી અલ્પમતી પ્રમાણે કિંચિત્ સાર સંગ્રહ કરી પૂર્વજોના અનહદ ઉપકારને પુનઃ સ્મૃતિમાં આણવા ઉત્સુક થ ા, અને મનુષ્ય યત્ન અને ઈશ્વિર કૃપાએ તે વિચારણા પાર પાડવા આ નાનકડું પુસ્તક પ્રકટ કરી સ્વધર્માભિમાની સાહેબોની સેવામાં રજુ પણ કર્યું.

જો કે મને જે જે બાબતો હાથ લાગી તે તે બાબતો આ પુસ્તકમાં દાખલ કરી છે; તદપિ મનુષ્ય માત્ર હમેશાં અપૂર્ણ છે માત્ર **"सर्वज्ञ एकोहरी"** છે, જેથી આશા છે કે ગુણગ્રાહી સજ્જનો હંસવત્ સાર ગ્રહણ કરી મારી ક્ષુદ્ર બુદ્ધિ તરફ ન નિહાળતાં મહાશય બની મારા સાહસપણા માટેની ક્ષમા બક્ષશો અને તેમાં રહેલી ભૂલો સુધારી મને કૃતાર્થ કરશો એજ પુનઃ પુનઃ પ્રાર્થના છે! સુજ્ઞેષુ કિંબહુના.—

**અમદાવાદ.**
સંવત ૧૯૫૪ મીતી
શ્રાવણ શુકલ દ્વિતિયા.

હું છું આપનો.

# અર્પણ પત્રિકા.

विश्वकर्म प्रतापेन् शिल्पिनो सुखभाजिनः ।।
अतास्ति ह्रिमुखायेस्युः कृतघ्नास्ते नसंशयः ।।
आलोक्य सर्व शास्त्राणि विचार्येवं पुनःपुनः ।।
विश्वकर्म प्रीणनार्थे ग्रंथोयंप्रकटीकृतः ॥

શ્રી પર્મપૂજ્ય વિશ્વકર્માજી કે જેમણે પૃથ્વિતળમાં વસ્તા તમામ કારીગરો-હુન્નરીઓને માટે કેવળ ઉપકાર બુદ્ધિવડેજ શિલ્પશાસ્ત્ર નિર્માણ કરી સર્વને સકળ કળાનું અપૂર્વ જ્ઞાન આપ્યું છે અને એમનાજ પ્રતાપથી સકળ જગતના વ્યવહારો અધાપિ પર્યંત વિદ્યામાન રહ્યા છે. તેજ મહાન્ કૃપાળુ મહપિતાના પર્મપાવન ચરણારવિંદમાં આ લઘુ પુસ્તક પ્રેમ પુરઃસર અર્પણ કરી અત્યાનંદ યુક્ત થાઉં છું. અને ઇચ્છુંછું કે પુનઃ આવાંજ જન ઉપયોગી પુસ્તકો પ્રકટ કરવા મારીમતી પ્રેરાય. એજ ઇચ્છા અને પ્રાર્થના.

शिव नारायणो ह्यासि हिमले सूर्यपत्तने ॥
तस्यात्मजो महातेजाः शिल्प शास्त्र विशारदः
कल्याणेति समाख्यातो शिव भक्ति परायणः
शिल्पिनांतु हितार्थाय कृतवान् सार संग्रहम् ,

# अथ श्री शिल्पशास्त्र सारसंग्रहनी अनुक्रमणिका.

## पूर्वार्ध मध्य भाग.

### અધ્યાય ત્રીજો.



### અધ્યાય ૪ થો.



### અધ્યાય ૫ મો.



### અધ્યાય ૬ ઠો.

## અધ્યાય ૭ મો.



## અધ્યાય ૮ મો.

પૂર્વ ભાગ સમાપ્ત.

## उत्तरार्द्ध अंत्य भागः ॥

### અધ્યાય ૯ મો.



### અધ્યાય ૧૦ મો.

---

**પુસ્તક મળવાનું ઠેકાણું.**

સૂર્યપુર (સુરત)માં નાગર ફળીઆ મધ્યે.

ક. ભ. ગજ્જર.

**વિશેષ સુચના**—આ પુસ્તક શ્રી વિશ્વકર્માના શિષ્યો—સૂત્રધાર, શિલ્પિ અને સ્વક્રિયામાં કુશળ જીજ્ઞાસુઓને માટેછે; માટે અધિકારવાળાઓએ આનો સાદરસ્વિકાર કરશો. તથા જે સાધારણ સમજવાળા સૂત્રધારો—સુથારો જો આ પુસ્તક જેવા અભિલાષવંત હશે તો તેમને માટે એકલું ગુજરાતી ભાષાંતર જુદું જ પ્રકટ કરેલ છે માટે જેઓને જોઇએ તેઓએ ઉપરના શિરનામે પત્ર લખી તે પુસ્તક મંગાવી લેવું એજ વિનંતી.

श्रीविश्वकर्मा स्वरूप चतुर्भुज.



श्री गणेशायनमः॥ श्री विश्वकर्मणेनमः॥

# अथ श्री शिल्पशास्त्र सारसंग्रहे पूर्वार्धे शुभमुहूर्तादि तृतियोऽध्यायः मध्यभागसह प्रारभ्यते. ॥

## मंगळाचरण.

श्लोक. आनंदं वो गणेशार्कं विष्णु गौरी महेश्वराः।
देवाः कुर्युःश्रियं सौख्य मारोग्यं त्वद् गृहे सदा ॥ १ ॥

**અર્થ.** ગણુપતિ, સૂર્ય, વિષ્ણુ, પાર્વતી અને મહાદેવ એ દેવો તમને આનંદ આપો તથા તમારા ઘરમાં નિરંતર લક્ષ્મીસુખ અને આરોગ્યપણું આપો. ॥૧॥

श्लोक. वंदेऽहं मे गिरिजासुत मेकदंतं सिंदूरचर्चिततनु सुविशाल शुंडं।
नागेंद्र मंडित वपुर्युतसिद्धिबुद्धि सेव्यंसुरोरगनरैः सकलार्थ सिद्धै ॥ २ ॥

**અર્થ.** જેને એક દંત છે, જેનું શરીર સિંદૂરવડે શોભાયમાન છે, જેની વિશાળ શુંડ છે, જેની દેહ સર્પવડે સુશોભિત છે તથા જેની પાસે સિદ્ધિ અને બુદ્ધિ એવા નામની બે સ્ત્રીઓ રહેલી છે. એટલુંજ નહીં પણ સર્વ કાર્યની સિદ્ધિ માટે દેવ લોક, નાગ લોક, અને મનુષ્યો જેને સેવે છે એવા પાર્વતીના પુત્ર ગણુપતિને હું વંદન કરૂં છું. ॥૨॥

श्लोक. याब्रह्माद्यैरलक्ष्या त्रिभुवन नमिता ब्रह्मपुत्री शिवाद्या।
ब्रह्मा विष्णु श्चरुद्रःप्रणमतिबहुशो या सदानंद रूपा॥
वाणी चैतन्य रूपा वसतिच सकले प्राणिनिद्रा क्षुधा तृट्।
सानित्या सुप्रसन्ना वितरतु विभवं विश्व रूपाव लोके ॥३॥

**અર્થ.** જેને જાણવાને બ્રહ્માદિક સમર્થ નથી તથા જેને ત્રણ લોક નમેછે તેમજ કલ્યાણકારી અને જે આદ્ય છે. વળી બ્રહ્મા, વિષ્ણુ, અને રૂદ્ર જેવા જેને વારંવાર નમસ્કાર કરેછે, અને નિરંતર આનંદરૂપે સર્વ પ્રાણીવિષે, નિદ્રા, ક્ષુધા, અને તૃષારૂપે જે રહેલી છે, એવી ચૈતન્યરૂપ બ્રહ્મપુત્રી (સરસ્વતી) મને પ્રસન્ન થઈ નિરંતર વિશ્વનું રૂપ અવલોકન કરવાની શક્તિ આપો. ॥૩॥

## श्री विश्वकर्मानी स्तुति.

श्लोक. कंबा सूत्रांबु पात्रं वहति करतले पुस्तकं ज्ञानसूत्रं।
हंसारूढ स्त्रिनेत्रःशुभ मुकुट शिरःसर्वतो वृद्ध कायः॥

त्रैलोक्यं येन सृष्टं सकल सुर गृहं राज हर्म्यादि हर्म्यं ।
देवोऽसौ सूत्रधारो जगदखिलहितः पातुवो विश्वकर्मा ॥ ४ ॥

**અર્થ.** જેણે એક હાથમાં કાબી (ગજ). બીજા હાથમાં સૂત્ર, ત્રીજા હાથમાં જળપાત્ર, અને ચોથા હાથમાં પુસ્તક ધારણ કરેલું છે, હંસ ઉપર બેઠેલા, ત્રણ નેત્રવાળા, મસ્તક ઉપર સુંદર મુકુટ ધારણ કરનારા, સર્વ પ્રકારે જેનું શરીર વૃદ્ધિ પામેલું છે, એવા તથા ત્રણ લોક જેણે સરજ્યા છે તેમજ સર્વ પ્રકારનાં દેવ ઘરો તથા રાજઘરો અને બીજા સામાન્ય લોકોનાં ઘરો જેણે રચેલાં છે એવા સર્વ જગતનું હિતકર્તા વિશ્વકર્મા જે સૂત્રધાર તે તમારૂં રક્ષણ કરો. ॥૪॥

**શ્લોક.** अशेष भूतोद्भव विश्वकर्मा । सुरा सुराणां गुरु रीश्वरश्च ॥
सृष्टि स्थितिः संहरण प्रकर्ता । सविश्व कर्मावितु विश्वरूपः ॥ ५ ॥

**અર્થ.** જે વિશ્વકર્મા પૃથિવ્યાદિ ભૂત માત્રને ઉત્પન્ન કરનારા જે વિશ્વદેવ દૈત્યના ગુરૂ તથા નિયંતા અને જે વિશ્વ સૃષ્ટિ સ્થિતિને સંહાર કરનારા તે જગત્ રૂપ વિશ્વકર્મા સર્વેનું રક્ષણ કરો. ॥૫॥

**વિશેષાર્થ** ॥ પૂર્વે જે મહાત્માઓ વિશ્વકર્માને ઓળખતા હતા તેઓ એમને બોલાવીને કહેતા હતા કે, અમુક સ્થાનમાં દેવઘર, નગર, ઘરો વગેરે અમુક માપવાળું કરેલું છે તો તે સ્થાનને ગજવડે ભરતા તથા ચારે તરફ સૂત્ર બાંધતા અને જળની ધારા કરીને જ્ઞાન પુસ્તક ભણતા. એટલે જે દેવ ભુવન, નગર, મંદિર, ઘરો, વિગેરેમાંથી જેની કલ્પના કરતા તે ઇચ્છાવડે ઉત્પન્ન થતું હતું ॥૫॥

## गृह वर्णन.

**શ્લોક.** सर्वप्राणिषु भोग सौख्य जननं सर्वार्थ काम प्रदम् ।
जन्तोरालयकं सुखास्पद मिदं शीताम्बुघर्मापहम् ॥
वापी देव गृहादि पुण्य मखिलं गेहात्समुत्पद्यते ।
गेहं पूर्व मुशंति तेनविबुधाः श्री विश्वकर्मादयः ॥ ६ ॥

**અર્થ.** જે ભુવન તથા નગરોમાં સર્વ પ્રાણીને ભોગ અને સુખ પ્રાપ્તિ થાય છે તથા જે ભુવનવડે ધર્મ, અર્થ અને કામની પ્રાપ્તિ થાય છે એવું જે ભુવન તે પ્રાણીનું વિશ્રામ-સ્થાન છે એટલુંજ નહીં પણ શીત (ટાઢ), વર્ષા, અને તાપનો ભય નિવારણ કરે છે અને તે ભવનવડેજ વાવડી, કુવાનું સુખ અને દેવમંદીરનું અખિલ પુણ્ય મળે છે માટે વિશ્વકર્માદિ પંડિતે નગર, દેવસ્થાન તથા ભવન આદિની રચના રચી છે ॥૬॥

**શ્લોક.** सिद्धयै गृहारंभ मुशंति वृद्धा यथो दिने मासि शुभेच पक्षे ।
शशांक वीर्ये सुदिने निमित्ते शुभेरवौ सौम्यगते प्रवेशः ॥ ७ ॥

**અર્થ.** આચાર્યોએ શાસ્ત્રમાં કહેલા માસમાં, તથા શુક્લપક્ષમાં, તિથી, વાર, ચંદ્રબળ, સારો દિવસ, સારા શુકનમાં, ઉત્તરાયનમાં, અને શુભમુહૂર્તમાં, નગર, દેવસ્થાન તથા ભવન આદિનો આરંભ અને પ્રવેશ કરવાથી મનોર્થ સિદ્ધિ થાય છે. ॥૭॥

**વિશેષાર્થ**—દેવોનાં નવાં કામો ઉત્તરાયન શુક્લપક્ષમાં કરવાં, અને મનુષ્યોનાં નવાં કામો ઉત્તરાયન કિંવા દક્ષિણાયન તથા શુક્લપક્ષ કૃષ્ણપક્ષમાં કરવાં તે. તેમાં બાધ નથી.

### मास फळ.

**श्लोक.** चैत्रे शोक करं गृहादि रचितं स्यान्माधवेऽर्थ प्रदम् ।
ज्येष्ठे मृत्युकरं शुचौ पशुहरं तद्वृद्धिदं श्रावणे ॥
शुन्यं भाद्रपदेऽश्विने कलिकरं भृत्यक्षयं कार्तिके ।
धान्यंमार्गसहस्ययो र्दहनभीर्माघे श्रियं फाल्गुने ॥ ८ ॥

**અર્થ.** ચઈત્રાદી માસનાં ફળ. આરંભથી તે પ્રવેશ સુધીનાં લખ્યાંછે.

| | | | |
|---|---|---|---|
| १ | चैत्र मासमां शोक उपजे. | ७ | आश्विनमां क्लेश. |
| २ | वैशाखे धननी प्राप्ति. | ८ | कार्तिकमां चाकरनो नाश. |
| ३ | ज्येष्टमां मृत्यु निपजे. | ९ | मार्गशीर्षमां धननी प्राप्ति. |
| ४ | आषाढमां पशुनो नाश. | १० | पौषमां धान्यनी प्राप्ति. |
| ५ | श्रावणमां पशुनी वृद्धि. | ११ | माघ मासमां आग्निभय. |
| ६ | भाद्रपदमां शून्यता. | १२ | फाल्गुनमां लक्ष्मीनी प्राप्ति. |

### राशिफळ.

**श्लोक.** आदित्ये हरिकर्क नक्र घटगे पूर्वापरास्यं गृहम् ।
कर्तव्यं तुलमेष वृश्चिक वृषेयाम्योत्तरास्यं तथा ॥
द्वारं भिन्न तया करोति कुमति र्द्रव्य प्रणाशस्तदा ।
कन्या मीन धनुर्गते मिथुनगे चास्मिन्न कार्यं गृहम् ॥ ९ ॥

**અર્થ.** સિંહ, કર્ક, મકર અને કુંભ એટલી રાશિના સૂર્યમાં પૂર્વ અને પશ્ચિમ દિશાના દ્વારવાળું ઘર કરવું. ॥૯॥

તુળા, મેષ, વૃશ્ચિક અને વૃષભ એટલી રાશિના સૂર્યમાં દક્ષિણ અને ઉત્તર દિશાના દ્વારવાળું ઘર કરવું.

પણ કુમતિવાળો એથી ઉલટી રીતે કોઈ કરે તો તેથી દ્રવ્યનો નાશ થાય છે. તેમ કન્યા, મીન, ધન અને મિથુન એટલી રાશિના સૂર્યમાં ભવન કરવું નહીં ॥૯॥

**વિશેષાર્થ.** ॥ આ વાત ભુવનોના મુખ વિષેની છે.

### नवुं वस्त्र धारण करवा विषे.

**श्लोक.** रोहिणीषुकर पंचकेश्विभेष्युत्तरे पिच पुनर्वसुद्वये।
रेवतीषु वसुदैवतेचभे नव्य वस्त्रपरिधानमिष्यते ॥ १० ॥

**અર્થ.** રોહિણી, હસ્ત, ચિત્રા, સ્વાતિ, વિશાખા, અનુરાધા, અશ્વિની, ત્રણ ઉત્તરા, પુનર્વસુ, પુષ્ય, રેવતી, ધનિષ્ટા, એ નક્ષત્રોમાં શુભ દિવસ જોઈ નવાં વસ્ત્રો ધારણ કરવાં ॥૧૦॥

## મોતિ, સોનુ, મણિ તથા રાતું વસ્ત્ર ધારણ કરવા વિષે.

**શ્લોક.** नासत्य पौष्ण वसुभे कर पंचके च। मार्त्तंड भौम गुरु मंत्रि शशांकवारे॥
मुक्ता सुवर्ण मणि विद्रूम दंत शंख। रक्तांबराणि विधृतानि भवंति सिध्यै॥११॥

**અર્થ.** અશ્વિની, રેવતી, ધનિષ્ટા, હસ્ત, ચિત્રા, સ્વાતિ, વિશાખા, અનુરાધા, એ નક્ષત્રો અને રવિ, મંગળ, ગુરૂ, શુક્ર, સોમ. એ વારોએ મોતિ, સોનુ, મણિ, પરવાળાં, હાથિ દાંતના ચૂડા, નવા શંખની પૂજા કરવી અને રાતાં વસ્ત્ર ધારણ કરવાં હોયતો શુભ છે ॥૧૧॥

નવાં વસ્ત્ર ધારણ કરવાનાં નક્ષત્રો.

| | |
|---|---|
| રોહણી | અશ્વિની. |
| હસ્ત | ઉતરાફા. |
| ચિત્રા | ઉત્તરાષા. |
| સ્વાતિ | ઉત્તરાભા. |
| વિશાખા | પુનર્વસુ. |
| અનુરાધા | પુષ્ય. |
| ધનિષ્ટા, | રેવતિ. |

બાકી રહેલાં નક્ષત્રો વર્જેલાં છે.

| નક્ષત્ર | વાર. |
|---|---|
| રેવતી | મંગળ. |
| ધનિષ્ટા | ગુરૂ. |
| હસ્ત | શુક્ર. |
| ચિત્રા | સોમ. |
| સ્વાતિ | |
| વિશાખા | |
| અનુરાધા | |

એ નક્ષત્ર વારોએ સુવર્ણ, મોતિ, મણિ તથા રાતાં વસ્ત્ર નવાં ધારણ કરવાં શુભ છે.

એટલાં શુભ છે અને બાકીનાં વર્જેલાં છે

## તિથિ તથા વાર મળીને યોગ જોવા વિષે.

**શ્લોક.** नंदातिथिःषट् प्रतिपञ्च रुद्रा। द्विद्वादशी सप्तमिकाच भद्रा॥
जयातृतीयाष्टमिकाच विश्वा। रिक्ता चतुर्थी नवमी चभूता॥१२

**અર્થ.** છઠ, પડવો અને અગિયારસ એ ત્રણ તિથિઓને નંદા તિથિ જાણવી, બીજ, બારસ અને સાતમ એ ત્રણને ભદ્રા તિથિ જાણવી. ત્રીજ, આઠમ અને તેરશ એ ત્રણને જયા તિથિ જાણવી. અને ચોથ, નવમી ચૌદશ એ ત્રણને રિક્તા તિથિ જાણવી. ॥૧૨॥

**શ્લોક.** मोक्ता पूर्णा पंचदिक् पौर्णमासी शुक्रे नंदाराज पुत्रेच भद्रा॥पृथ्वी
पुत्रे सिद्धिदा वैजयास्या न्मंदे रिक्ता देव पुज्येच पूर्णा॥१३॥

**અર્થ.** પાંચમ, દશમ અને પૂર્ણિમા એ ત્રણને પૂર્ણા તિથિ જાણવી. હવે ઉપર કહેલી તિથિ અને વારના સંયોગથી સિદ્ધિયોગ થાયછે તે નીચે પ્રમાણે.—શુક્રવાર અને નંદાતિથિ; બુધવાર અને ભદ્રાતિથિ; મંગળવાર અને જયાતિથિ; શનીવાર અને રિક્તા તિથિ; ગુરૂવાર અને પૂર્ણા તિથિના સંયોગે સિદ્ધિયોગ થાયછે. ॥૧૩॥

| | | | |
|---|---|---|---|
| નંદા | ૧ | ૧ | ૧૧ |
| ભદ્રા | ૨ | ૧૨ | ૭ |
| જયા | ૩ | ૮ | ૧૩ |
| રિક્તા | ૪ | ૯ | ૧૪ |
| પૂર્ણા | ૫ | ૧૦ | ૧૫ |

અમાવાસ્યા વરજિત છે.

## दांतनी चुडी पेहरवानुं मुहुर्त.

श्लोक. त्रिषु [illegible]क्षी चंद्र गुण भूधिष्ट्यानि सुर्यर्क्षतः सूर्या
स्त्रऽ भृगु राहु विच्छनि गुरुग्लौ केतु देवानीच सौम्य र्क्षाणिशु
भानि पाणि वलये कर्णत्रये श्रानीळे चैभ्ये भाग्य मृगेशभे
द्वीदयिते सौम्येश्विने कामठं ॥ १४॥

## चूडी चक्र.

| અથ. | સૂર્ય | મંગળ | શુક્ર | રાહુ | બુધ | શની | ગુરૂ | ચંદ્ર | કેતૂ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | ૩ | ૫ | ૩ | ૨ | ૭ | ૨ | ૧ | ૩ | ૧ |
| | ने. | ने. | ने. | ने. | शु. | ने. | शु. | शु. | ने. |

श्लोके प्राची मेश तुला रवी उदयतेस्याद्वैष्णवेवान्हिमे ।
चित्रा स्वाति भमध्यगानिग[illegible]ता प्राची बुधं पंचधा ॥
प्रासादं भवनं करोति नगरं दिग्मूढ मर्थक्षयं ।
हर्म्ये देवगृहे पुरे च नितरामायुर्धनं दिग्मुखे ॥ १५ ॥

અર્થ. જે દિશામાં મેષ અને તુળા રાશિનો સૂર્ય ઊગે તથા શ્રવણુ અને કૃતિકા નક્ષત્રો ઉગે તેજ પૂર્વ દિશા સમજવી તથા ચિત્રા અને સ્વાતિ એ બે નક્ષત્રોને જે મધ્ય ભાગ છે તેજ પૂર્વ દિશા સમજવી એ રીતે પાંચ પ્રકારે પૂર્વ દિશા પંડિતોએ બતાવી છે તે દિશા સાધી ઘર તથા પ્રાસાદ અને નગર બાંધવામાં આવે તો આયુષ અને ધનની વૃદ્ધિ થાય પણુ દિગમૂઢ અથવા દિશાના ભાગમાં ન રહેતાં વાંકું ચુંકું ઘર—પ્રાસાદ કે નગર રચાય તો આયુષ અને ધનનો ક્ષય થાય.

## घात प्रकरण.

श्लोक. घाततिथि घात वारं घात नक्षत्र मेवच । यात्रायां वर्जयेत्
प्राज्ञै रन्य कर्मस्कशोभनम् ॥ १६ ॥

અર્થ. ગમનકાળે તથા બીજાં શુભકર્મો વિષે ઘાતવાર, ઘાતનક્ષત્ર, અને ઘાતતિથિયો અવશ્ય વર્જવી જોઇએ ॥૧૬॥

कोष्टकः.

| રાશિ | મેષ | વૃષભ | મિથુ. | કર્ક | સિંહ | કન્યા | તૂળા | વૃશ્ચિ. | ધન | મકર | કુંભ | મીન |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ચંદ્ર | ૧ | ૬ | ૯ | ૨ | ૬ | ૧૦ | ૩ | ૭ | ૪ | ૮ | ૧૧ | ૧૨ |
| વાર | રવિ | શનિ | સોમ | બુધ | શનિ | શનિ | ગુરૂ | શુક્ર | શુક્ર | ભૌમ | ગુરૂ | શુક્ર |
| નક્ષત્ર | મઘા | હસ્ત | સ્વાતિ | અનુ | મૂળ | શ્રવણ | શત. | રેવતી | ભરણી | રોહિ | આદ્રા | અશ્લે |
| તિથી | ૬ | ૪ | ૮ | ૬ | ૧૦ | ૮ | ૧૨ | ૧૦ | ૨ | ૧૨ | ૨ | ૪ |

**શ્લોક.** विष्कुंभ व्यतिपातकौ च नशुभौ योगाःपरेशोभनाः
घास्तं नागबवान्ह तैतलगिरं युग्मां तिथिवर्जयेत्॥
मौहूर्ते त्वथ विश्व मष्ट नवमं पंच त्रिरागाद्रिकं
श्रेष्टं च द्वितियं तुलावृष घटौयुग्मं धनुःकन्यके ॥ १७ ॥

**અર્થ.** વિષ્કુંભ અને વ્યતિપાત એ બે યોગ સારા નથી, પણ આ બે યોગો શિવાયના બીજા સર્વ યોગો સારા છે; તેમજ કરણુમાં નાગ, બવ, તૈતલ અને ગિર એ ચાર કરણુ સારાં છે. પણ યુગ્મ (ક્ષય તિથિ હોય, અથવા વૃદ્ધિ તિથિ હોય, એક તિથિમાં બીજી તિથિ મળી હોય એવી તિથિ)ને તજવી. દિવસના બે ઘડિયોનાં મુહૂર્તોમા તેરમું (૧૩), આઠમુ (૮), નવમું (૯), પાંચમું (૫), ત્રાજુ (૩), છઠું (૬), સાતમું (૭), અને બાજુ (૨) એટલાં મુહૂરતો સારાં છે તેમજ તુલા, વૃષ, કુંભ, મિથુન, ધન, અને કન્યા. એટલાં લગ્નો પણ સારાં છે. ॥૧૭॥

## मुहूर्त जोवा विषे.

**શ્લોક.** पूर्वांत्रयं साप्र्यं यमाग्नि धिष्णय मधोमुखं मूल मघा विशाखाः
खाते च भूम्यां निधिरोपणे च तथोग्रकार्ये मुनयोवदंति ॥१८॥

**અર્થ.** ત્રણ પૂર્વા (પૂર્વાફાલ્ગુની, ૧ પૂર્વાષાઢા, ૨ અને પૂર્વાભાદ્રપદ ૩), અશ્લેષા, ૪ ભરણી ૫ કૃતિકા, ૬ મૂલ, ૭ મઘા ૮ અને વિશાખા ૯; એટલાં નક્ષત્રો અધોમુખવાળાં જાણુવાં. એ અધોમુખ નક્ષત્રો ખાતમુહૂર્ત વખતે તથા પૃથ્વીમાં ધન મૂકવું હોય તે વખત અને ઉગ્રકામમાં લેવાં એમ મુનીઓ (પૂર્વાચાર્યો) કહેછે. ॥૧૮॥

**શ્લોક.** चित्राश्वि मैत्रादिति वायु धिष्ण्यं ज्येष्टा मृगौ पौष्ण करौ तथैव ॥
स्याद्वाहने यंत्र हल प्रवाहे चतुष्पदाद्ये पिच पार्श्ववत्क्रम् ॥१९॥

**અર્થ.** ચિત્રા ૧, અશ્વિની ૨, અનુરાધા ૩, પુનર્વસુ ૪, સ્વાતિ ૫, જ્યેષ્ટા ૬, મૃગશીર્ષ રેવતી ૮ અને હસ્ત ૯ એ નવ નક્ષત્રો તીર્યગ્મુખાં જાણુવાં. એ તીર્યગ્મુંખવાળાં નક્ષત્રો વાહન કામમાં, યંત્રના કામમાં, હળ જોડવાના કામમાં, અને ઢોરોના કામમાં લેવાં. ॥૧૯॥

**શ્લોક.** पुष्योत्तरार्द्रा श्रुतयोधनिष्ठा स्याद्रोहिणी वारुण मुर्ध्ववक्त्रम् ॥
प्राकार देवालय छत्र हर्म्य राज्याभिषेकादिच याति सिद्धिम्॥२०॥

**અર્થ.** પુષ્ય નક્ષત્ર ૧, ત્રણ ઉત્તરા (ઉત્તરાફાલગુની ૨, ઉત્તરાષાઢા ૩, અને ઉત્તરા ભાદ્રપદ ૪) આર્દ્રા ૫, શ્રવણ ૬, ધનિષ્ટા ૭, રોહિણી ૮ અને શતભિષા ૯ એટલાં નક્ષત્રો ઉર્ધ્વ વક્ત્ર (ઉંચા મુખવાળાં) જાણવાં. એ નક્ષત્રોમાં કિલ્લો, દેવમંદિર, તેમજ રાજાના શિરે છત્ર ધરાવવું, ભવન અને રાજાને રાજ્યાભિષેક કરવો. ઈત્યાદિ કામો ઉર્ધ્વ વક્ત્ર નક્ષત્રોમાં કરવાથી કાર્યની સિધ્ધિ થાયછે ॥૨૦॥

## मुहूर्त्त विचारनां नक्षेत्र.

**શ્લોક.** वास्तोःकर्मणि धिष्ण्यवार तिथयो[illegible] त्रिकम् ।
हस्तादित्रय मैत्रतो द्वयमिदं पुष्यो मृगो रोहिणी ॥
निंद्यौ भूसुत भास्करौच शुभदा पूर्णाच नंदातिथि ।
नेष्टा वैधृतिशूळ गंज परिघा व्याघात वज्रा वपि ॥ २१ ॥

**અર્થ.** વાસ્તુના કામમાં નક્ષત્ર, વાર, અને તિથિઓ લેવાનું કહ્યું છે તે એવી રીતે કે:—ઉત્તરા ૩, અશ્વિની ૪, હસ્ત ૫, ચિત્રા ૬, સ્વાતિ ૭, અનુરાધા ૮, જ્યેષ્ટા ૯, પુષ્ય ૧૦, મૃગશીર્ષ ૧૧ અને રોહિણી ૧૨ એટલાં નક્ષત્રો લેવાં. મંગળ અને રવી એ બે વાર લેવા નહીં. પૂર્ણા અને નંદા એ બે તિથિઓ લેવી પણ વૈધૃતિ, શૂલ, ગંજ, પરિઘ, વ્યાધાત, અને વજ્ર એટલા યોગ લેવા સારા નથી ॥૨૧॥

**વિશેષાર્થ.** ખાતને વિષે શનિવર્જ્યછે શાથી કે તે નાગનત શરીરમાં આવેછે.

## जिर्णोद्धार.

**શ્લોક.** जीर्णं गेहं भित्ति भग्नं विशीर्णं तत्पातव्यं स्वर्ण नागस्य दंतैः
गोशृंगैर्वा[illegible] निश्चयेन पूजां कृत्वा वास्तुदोषानतस्य ॥२२॥

**અર્થ.** જે ભવન જીર્ણ થઈ ગયું હોય, જે ભવનની કોઈપણ ભીંત પડી ગઈ હોય, જે ભવન વેરાઈ ગયું હોય તેવા ઘરને પાડીને ફરીથી કરવું હોય તો શિલ્પિએ નિશ્ચય કરીને સુવર્ણના હાથીના દાંતવડે અથવા સુવર્ણની ગાયના શિંગડાવડે પાડવું પણ ઘર પાડતાં પહેલાં પૂજા કરી પાડવાથી વાસ્તુનો દોષ લાગતો નથી. એટલે પૂર્વ વાસ્તુભંગનો દોષ નથી પછી જીર્ણોધ્ધાર વિધિ કરવી ॥૨૨॥

**શ્લોક.** गेहेऽद्भुतं यदितदा भवनं विहाय ।
कुर्याद्बलिंच विधिवद्भवनं सुरार्चां ॥
दानं द्विजाति यति दुर्बल दुःखितेभ्यो ।
दद्या त्ततोपि नि वसेद्भवने सुखार्थी ॥ २३ ॥

**અર્થ.** એ રીતે બતાવ્યા પ્રમાણે ભવન વિષે કોઇપણ તરેહનું આશ્ચર્ય થાય તો તે ભાવનમાંથી નીકળી વાસ્તુદેવને ફરીથી વિધીપૂર્વક બલિદાન આપી હવન તથા દેવપૂજા

કરાવી તેમજ બ્રાહ્મણ, યતિ, દુર્બળ, દુઃખી હોય એવાઓને દાન આપી પોતાના સુખને અર્થે ભવનમાં વસવું જોઈયે. ॥૨૩॥

## श्रीभवन (क्षेत्र)नो आवरदा.

श्लोक. जीवःसौख्य मुपा करोति भृगुजो धान्यं श्रियं चंद्रमाः
सूर्यो वेश्मसंपति श्चतुष्टयमिदंनीचाष्टगं निर्बलम्
जीवे लग्न समागते शशिसुते जामित्रगे केंरिपौ
शुक्रेब्धौ सहजे शनौ च शरदांगेहं शतं तिष्ठति ॥ २४॥
भृगुसुत इह लग्ने ह्यायगे केंच खेज्ञे गृह मपि शत मब्दान्
स्थायि केंद्रेसुरेज्ये द्विगुणमपि च शुक्रे मूर्तगे विक्रमेर्के सुर
गुरु सुतसंस्थे भूमि पुत्रे च षष्ठे ॥ २१ ॥
भारंभ काले यदि मंद भौमौ लाभा श्रितौ देव गुरु श्चतुर्थे ॥
चद्रोंबरेचेच्छरदामशीतिःस्थिति निंयुक्ता भवनस्य सद्भि ॥ २५ ॥

અર્થ. ભવનના આરંભ એટલે ખાત મુહૂર્ત વખતેનું લગ્નનું ફળ જોવું. એટલે તે લગ્નમાં આ ગ્રહો આવવા જોઈએ.

**ગુરૂ** બળવાન હોય તો સુખ આપે.
**શુક્ર** બળવાન હોય તો ધાન્યની વૃદ્ધિ કરે.
**ચંદ્ર** બળવાન હોય તો લક્ષ્મીની પ્રાપ્તિ કરે.
**સૂર્ય** બળવાન હોય તો સુખ, ધાન્ય તથા લક્ષ્મીનો લાભ કરે.

એ ચારે ગ્રહો નીચના સ્થાનમાં હોય અથવા અસ્તના હોય તો નિર્બળ જાણવા. આઠમે રહ્યા તે નેષ્ટ છે.


૧ બૃહસ્પતિ લગ્ને હોય, ૭ બુધ સાતમે હોય, ૬ સૂર્ય છઠે હોય, ૪ શુક્ર ચોથે હોય, અને ૩ શનિ ત્રીજે હોય તો તે ભવન ૧૦૦ વર્ષ સુધી ટકે. ॥૨૪॥

૧ લગ્ને શુક્ર હોય, ૧૧ અગિઆરમે સૂર્ય, ૧૦ દશમે બુધ કેંદ્રમાં બૃહસ્પતિ હોય તો તે ઘર ૧૦૦ વર્ષ સુધી ટકે.

૧ લગ્ને શુક્ર, ૩ ત્રીજે સૂર્ય, ૫ પાંચમે બુહસ્પતિ અને છઠે મંગળ હોય તો તે ઘર ૨૦૦ વરસ સુધી ટકે ॥૨૫॥

ભવનનો આરંભ કરતી વખતે લગ્ન કુંડલીમાં શનિ અને મંગલ અગિઆરમે હોય અને બૃહસ્પતિ ચોથે હોય અને દશમે ચંદ્ર હોય તો તે ભવન એંશી વર્ષ સુધી ટકે. ॥૨૫॥

| | |
|---|---|
| सो१०० वर्षनुं आयुष्य कुं. नं. १ १०० श्लो. २३ | सो१०० वर्षनुं आयुष्य कुं. नं. २ १०० श्लोक. २४ |







| | |
|---|---|
| बसें २०० वर्षनुं आयुष्य कुं. नं. ३ २०० श्लो. २४ | एंशी ८०० वर्षनुं आयुष्य कुं. नं. ४ ८०० श्लो. २५ |






## भवन आयुष्य प्रकरण.

श्लोक. लग्न स्थौ गुरु शुक्रौच रिपुराशि गते कुजे ।
सूर्ये लाभ गतेयस्य द्विशताब्वानि तिष्ठति ॥ २६ ॥
स्वोच्चस्थो वा भृगु लग्ने स्वोच्चे जीवे सुखस्थिते ।
स्वोच्चे लाभ गते मंदे सहस्राणां समास्थितिः ॥ २७ ॥

**અર્થ.** લગ્ને ગુરૂ શુક્ર હોય તથા છઠી રાશિમાં મંગળ હોય અને અગિયારમે સૂર્ય હોય તો ભવનનો બસો વર્ષનો આવરદા જાણવો ॥ ૨૬ ॥

લગ્ને ઉચ્ચનો શુક્ર હોય તેમજ ઉચ્ચનો બૃહસ્પતિ સુખ એટલે ચોથે ભુવન હોય અને ઉચ્ચનો સૂર્ય લાભ ભુવન-૧૧મે હોય તો એક હજાર વર્ષનો આવરદા જાણવો. ॥૨૭॥

વરસ ૨૦૦ વરસ ૧૦૦૦

श्लोक. भृगु लेग्ने बुधोध्योग्नी लाभेर्कःकेंद्रगो गुरुः ।
सस्या रंभे च तस्यायु वत्सराणांशतद्वयम् ॥ २८ ॥

**અર્થ.** ભવન આરંભ કાળના લગ્ન સાથે શુક્ર ૧૦ મા સ્થાનમાં બુધ ૧૧મા સ્થાનમાં અને સૂર્ય કેંદ્રમાં એમ ગ્રહયોગ હોય તો તે ઘરનું આયુષ ૨૦૦ વર્ષનું જાણવું. ॥૨૮॥

## वत्स चक्रम्.

श्लोक. कन्यादि त्रिषु पूर्वतो यमदिशि त्याज्यं चचापादितः ।
द्वारं पश्चिम तस्त्रिके जलचरा त्सौम्ये रवौयुग्मतः ॥
तस्माद्वत्समुखं दिशा सुभुवन द्वारादिकं हानि कृत् ।
सिंहं चाथ वृषं च वृश्चिक घटं याते हिते सर्वतः ॥ २९ ॥

**અર્થ.** કન્યા, તુળા અને વૃશ્ચિક એ ત્રણ રાશિના સૂર્યમાં વત્સનું મુખ પૂર્વ દિશામાં, ધન, મકર અને કુંભ એ રાશિના સૂર્યમાં વત્સનું મુખ દક્ષિણ દિશામાં મીન, મેષ અને વૃષભના સૂર્યમાં વત્સનું મુખ પશ્ચિમ દિશામાં અને મિથુન, કર્ક અને સિંહ રાશિના સૂર્યમાં

વત્સનું મુખ ઉત્તરદિશામાં હોયછે. જે દિશામાં વત્સનું મુખ હોય તે દિશામાં દ્વાર મૂકવું નહિ ॥૨૯॥

**શ્લોક.** पंच शीर्ष त्रि पुच्छश्च नव नाभिंडषोडशाग्रयः ।
त्रिशतानिच षष्टिश्च श्रृंगाणिचकराःशतम् ॥ ३० ॥

**અર્થ.** જેને પાંચ મસ્તક, ત્રણ પુંછડાં, નવનાભિ, સોળ પગ, ત્રણસેંને સાઠ શિંગડાં અને સો હસ્ત છે. એવા આકાશમાં રહેલા વત્સ સામે અને તેની પાછળ ભવન દ્વાર મૂકવું નહીં પણ ફક્ત ચાર રાશિના સૂર્યમાં દ્વાર મૂકતાં દોષ બતાવ્યો નથી એટલે સિંહ, વૃષભ, વૃશ્ચિક અને કુંભ એ ચાર શુભ છે. ॥૩૦॥

**શ્લોક.** सूर्य भान्मस्तकेत्रीणिचत्वारिचाग्रपादयोः ।
चत्वारि पादयोः पश्चात्पुच्छेत्रीणि प्रतिष्टयेत् ॥ ३१ ॥
वामकुक्षौतुचत्वारि पुनश्चत्वारि दक्षिणे ।
पृष्टे च त्रीणि ।धृष्ण्यानि नासिकायांद्वयंन्यसेत् ॥ ३२ ॥
मस्तके स्वामिनो मृत्युरुद्वेगं चाग्र पादयोः
स्थिरंस्यात्पश्चिमेपादे पुच्छेक्लेशो निवेशने ॥ ३३ ॥
कुक्षौ धनक्षयं वामे दक्षिणेतु धनागम. ।
पृष्ट धनागमं विद्या न्नासिकायां पति क्षयम् ॥ ३४ ॥

**અર્થ.** સૂર્યના મહા નક્ષત્રથી તે દિનીયા ક્ષનત્ર લગી ગણવું, તેમાં ત્રણ નક્ષત્રો વૃષ ચક્રમાં વૃષના માથામાં, ચાર નક્ષત્રો આગળના પગમાં, ચાર નક્ષત્રો પાછળના પગમાં ત્રણ નક્ષત્રો પુચ્છમાં આપવાં, ચાર નક્ષત્રો ડાબી કુખમાં, ફરી ચાર નક્ષત્રો જમણી કુખમાં, ત્રણ નક્ષત્રો પીડમાં, અને બે નક્ષત્રો નાસિકાએ મૂકવાં. એ રીતે સત્તાવીસ નક્ષત્રો વૃષભના અંગમાંજ ગોઠવવાં. એનું ફળ એવું છે કે, માથાના નક્ષત્રોમાં સ્વામીનું મૃત્યુ થાય, આગલા પગના નક્ષત્રોમાં ઉદ્વેગ થાય, પાછલા પગના નક્ષત્રોમાં સ્થિર થાય, પુચ્છના નક્ષત્રોમાં ક્લેશ થાય, ડાબી કુખના નક્ષત્રોમાં ધન નાશ થાય, જમણી કુખના નક્ષત્રોમાં ધન પ્રાપ્તિ થાય, પીઠના નક્ષત્રોમાં પણ ધનની પ્રાપ્તિ થાય, અને નાસીકાન નક્ષત્રોમાં સ્વામીનો ક્ષય થાય છે ॥ ૩૧-૩૨-૩૩-૩૪॥



## ॥ अथ वत्सचक्र पुरुष ॥



## भूमि विषे मुहूर्त विचार.

श्लोक. सूर्ये कार्मुक मीनगे सुर गुरौ सिंहे विधौ दुर्बले ।
गंडांत व्यतिपात वैधृति दिने दग्धेतिथौभे तथा ॥
शुक्रेऽस्तेथ गुरौ च पात समये विष्टयां च मासा धिके ।
चंद्रे पाप विलोकितेच सहिते कार्यं न किंचिच्छुभम् ॥३५॥

**અર્થ.** ધન અને મીન રાશિનો સૂર્ય હોય અને સિંહનો ગુરૂ હોય કિંવા ચન્દ્રમા દુર્બલ હોય અથવા ગંડાતયોગ વ્યતિપાત અને વૈધૃતિયોગ હોય, તથા દગ્ધ તિથિ, દગ્ધ નક્ષત્ર હોય, શુક્ર અસ્ત તથા ગુરૂ અસ્ત તથા પાતયોગ હોય, વિષ્ટિ હોય, અધિક માસ હોય અને ચન્દ્રમા ઉપર પાપ ગ્રહની દૃષ્ટિ પડતી હોય અથવા પાપ ગ્રહના ભેગો ચન્દ્રમા હોય તો એવા દિવસોમાં શુભ કામનો ત્યાગ કરવો ॥૩૫॥

श्लोक. आदौ भूमिपरीक्षणं शुभ दिने पश्चाच्चवास्त्वर्चनम् ।
भूमेःशोधनकं ततोऽपि विधिवत् पाषाणतोयांतकम् ॥
पश्चाद्वेश्म सुरालयादि रचनार्थं पाद संस्थापनम् ।
कार्यं लग्न शशांक शाकुन बलैःश्रेष्ठे दिने धीमता ॥ ३६ ॥

**અર્થ.** શુભદિવસે પ્રથમ ભૂમિની પરીક્ષા કરવી. પછી વાસ્તુદેવનું પૂજન કરવું. પછી વિધિ સહિત પૃથ્વીમાં જ્યાં સુધી પાષાણની ભુમિ અથવા પાણી આવે ત્યાંસુધી ભૂમિનું શોધન કરવું. અને ત્યાર પછી ભવન અથવા દેવમંદિર કિંવા પ્રાસાદ કરવા માટે લગ્ન, ચંદ્રમા અને શુકનબલ હોય તેમજ શ્રેષ્ઠ દિવસ હોય તે દિવસે બુદ્ધિમાન પુરુષે પાયાનું સ્થાપન કરવું, કેમકે તે વખતના લગ્ન ઉપર સર્વ આધાર છે ॥૩૬॥

**વિશેષ.** ભૂમિ પરીક્ષા અવશ્ય કરવી જોઈયે શાથી કે હવા વગેરે સારી આવે અને શરીર આરોગ્ય રહે તેટલા માટે શાસ્ત્રાનુસાર વર્ણાશ્રમને ઘટે તેવી ભૂમિ પરીક્ષા કરવી જોઈયે. અને ભુવનને વિષે બેથી પાંચ ગજ સુધી ખોદવી પછી તો જેવી ભૂમી તે ઉપર વિચાર રાખવો.

## भूमि परिक्षा.

श्लोक. श्वेता ब्राह्मण भूमिकाच घृत वद्गंधा शुभ स्वादिनि ।
रक्ता शोणित गंधिनी नृपतिभूःस्वादे कषायाचसा ॥
स्वादेऽम्ला तिलतैल गंधिरुदिता पीताच वैश्यामही ।
कृष्णा मत्स्य सुगंधिनीच कटुका शूद्रेति भू लक्षणम् ॥ ३७ ॥

**અર્થ.** જે પૃથ્વી રંગે ધોળી હોય તથા જેની ઘી જેવી સુગંધી હોય અને જેનો સ્વાદ સારો હોય તે ભૂમિમાં બ્રાહ્મણે આશ્રમ કરવું તથા જે પૃથ્વી રંગે લાલ હોય અને રૂધિર જેવી સુગંધિ તથા હરડે જેવો સ્વાદ હોય તેવી ભૂમિમાં ક્ષત્રિયે ભવન કરવું તથા

જે પૃથ્વીનો રંગ પીળો હોય અને તલના તેલ જેવી સુગંધી અને સ્વાદમાં ખાટી હોય તેવી જમીનમાં વૈશ્યે ભુવન કરવું અને પૃથ્વીનો રંગ કાળો હોય તથા માછલા જેવી સુગંધી અને સ્વાદમાં કડુ હોય તેવી જમીનમાં શૂદ્રે ઘર કરવું. ॥૩૭॥

**कोष्टक.**

| બ્રાહ્મણ | ક્ષત્રિય. | વૈશ્ય. | શૂદ્ર. |
|---|---|---|---|
| શ્વેતભૂમિ. | લાલભૂમિ. | પીળીભૂમિ. | કાળીભૂમિ. |

## क्षेत्रनुं माची साधन.

**श्लोक** तारे मार्कटिके ध्रुवस्य समतांनीतेऽवलंबेनते ।
दीपाग्रेण तदैक्यतश्च कथितासूत्रेण सौम्या दिशा ॥ ३८ ॥

**અર્થ.** ધ્રુવની માંકડીના આદ્ય ભાગે જે બે તારાઓ છે તે તારિકાઓ ધ્રુવની સીધી લીટીમાં આવે તે વખત તેની સામે અવલંબ (ઓલંબો) ઝાલવો, અને ત્યારે એ બે તારિકાઓ ધ્રુવની સીધી લીટીમાં આયથી અવલંબની સીધી લીટીમાં અથવા ધ્રુવ તથા બે તારિકાઓ અને અવલંબ એ ત્રણે એક સૂત્રમાં થાય ત્યારે એક દીવો ઓળંબાથી પાછળ મૂકી દીવા સુદ્ધાંત એક સૂત્રમાં આવે એટલે દક્ષિણ ઉત્તર દિશા થાય. ॥૩૮॥

**श्लोक.** आरंभे वृषभ चक्रं स्तंभेज्ञेयंतु कूर्मके ।
प्रवेशे कलसंचक्रं वास्तुं चक्रं बुधेःशुभम् ॥ ३९ ॥

**અર્થ.** ભવનના આરંભમાં વૃષ ચક્ર, સ્થંભસ્થાન વખતે કુર્મ ચક્ર, અને પ્રવેશ કાળમાં વાસ્તુ ચક્ર જોવાથી આનંદ થાય છે. ॥૩૯॥

**श्लोक.** यत्रो दितोर्कः किलतत्र पूर्वा तत्रा परायत्रगतः प्रतिष्ठाम् ॥
तन्मत्स्यतोऽन्येच ततोऽखिलानां मूदक्स्थितोमेरु रितिप्रसिद्धम् ४०


**અર્થ.** જે દિશામાં સૂર્યનો ઉદય થાય તે પૂર્વ દિશા જાણવી અને જ્યા સૂર્યનો અસ્ત થાય તે પશ્ચિમ દિશા જાણવી. તે ઉપર મત્સ્ય (કાટખૂણો) કરવાથી દક્ષિણોત્તર દિશા જણાશે અને ઉત્તર દિશામાં મેરૂ રહેલો છે. એના માથા ઉપર ધ્રુવનો તારો છે. તે ઉપરથી દિશા સાધન કરવું. ઉત્તરમાં જે ધ્રુવનો તારો છે તેનો વેધ કરીને દક્ષિણોત્તર દિશા કરવી. પછી તે ઉપર કાટખૂણાથી પૂર્વપશ્ચિમ સિદ્ધ થશે. ॥૪૦॥


**श्लोक.** वृत्तसमभूगते तुकेंद्र स्थितशंकोःक्रमशो विपत्यपैति ॥
छायाग्र मिहापराच पूर्वा ताभ्यांसिद्धाति मेरुदिक् चयाम्या ४१


**અર્થ.** સમાન પૃથ્વી કરીને વૃત કરવું. તેમાં મધ્યે શંકુ મૂકવો. તે શંકુની પૂર્વાહ્નની છાયા જ્યાં પડે તે પશ્ચિમ અને અપરાહ્નની છાયા પડે તે પૂર્વ દિશા જાણવી. તે ઉપરથી મત્સ્ય સાધન કરી ઉત્તર દક્ષિણ દિશા જાણવી. ॥૪૧॥

# अथ वृषभ चक्र लिख्यते नं. ८


| | | |
|---|---|---|
| ३ | नै | माथा |
| ४ | नै. | पग. आ |
| ४ | शु. | पग. पा |
| २ | नै. | पुच्छ. मा |
| ४ | नै. | कुख. डा. |
| ४ | शु. | कुख. ज |
| ३ | शु | पीठमां. |
| २ | नै | नासिका |








१ ओळंबो. २ खीली. ३ दीवो. ४ ध्रुवनो तारो. ए चारे एक सूत्रमां थाय एटले उत्तर दीशा सिद्ध थशे. ते उपरथी चारे दीशा बराबर काटखुणा थशे.




श्लोक- क्षेत्रे ष्टाष्ट विभाजिते दिनकरा . रां लिख्येन् कोष्टगान्॥
शन्यंगारकयोश्च ... णिनः शारीरिकं भेरवनेत्॥४७




विशेष: जो कोई अजाणपणे अग्नि कोणमां खात करे तो बाध नथी, शाथी के अग्नि- कोणमां नाग रहेतो नथी

श्लोक. पूर्व पश्चिम दिग्मूढं वास्तु स्त्री नाशकं स्मृतम् ॥

उत्तर दक्षिण दिङ्मूढं सर्व नाशकरंभवेत् ॥ ४२ ॥

અર્થ. પૂર્વ, પશ્ચિમ દિશાથી દિઙ્મૂઢ થયું હોય તો તે વાસ્તુ સ્ત્રીનો નાશ કરનારૂં કહ્યું છે. તેમજ ઉત્તર દક્ષિણ દિશાથી દિઙ્મૂઢ હોય તો સઘળાનો નાશ કરનાર થાય છે. ॥૪૦॥

વિશેષ. ॥ પ્રાચી સાધવાનું કારણ એ છે જે તડકો પણ ઘરમાં નિયમ પ્રમાણે આવે અને પવન પણ પૂર્વાદિ દિશાથી બરાબર આવી શકે અને બીજી દિશા તરફ નીકળી જાય માટે તે ભવનમાં હવા સારી રહે તેથી શાન્તિ થાય છે. ॥૪૨॥

## खात विचार.

श्लोक. परीक्षितायां भुवि विघ्न राजं समर्चये चंडिकया समेतम्।

क्षेत्राधिपं चाष्ट दिशादिनाथान् सपुष्पधूपैर्बलिभिःसुखाय ॥४३॥

અર્થ. પૃથ્વીની પરીક્ષા કરી ચંડી સહિત ગણપતિનું પૂજન કરવું તેમજ ક્ષેત્રપાળ અને આઠે દિક્પાળોનું પૂજન ચંદન, પુષ્પ, ધૂપ, દીપ અને બળિ દાનવડે કરવાથી સુખ થાય ॥૪૨॥

વિશેષ. બલિદાન એટલે પકવાન તથા દહીં ગોળને એકઠાં કરીને ચડાવવાં અને ગોળ ધાણાનું નૈવેદ્ય તથા નાળીયેર વધેરવું અને વેંચવું. ॥૪૩॥

श्लोक. शिल्पने मुद्गरं दद्यात् प्रहार त्रीणि दापयेत्।

चतुर्थांशेगते कीले सामही रुत्तमोत्तमा ॥ ४४ ॥

मध्यमा च त्रिभागेनकीलार्धे कन्यसा स्मृता।

अत ऊर्ध्वगते कीले जविद्यात्तत्च्छिवालयम् ॥४५॥

અર્થ. શિલ્પીના હાથમાં હથોડો આપવો પછી તેની પાસે તે જમીન ઉપર ખીલી મૂકીને ત્રણ ઘા મરાવવા. જો ખીલીનો ચોથો ભાગ જમીનમાં ઉતરે તો તે પૃથ્વી ઉત્તમોત્તમ જાણવી. ત્રીજો ભાગ જમીનમાં ઉતરે તો મધ્યમ જાણવી અને અર્ધો ભાગ જમીનમાં ઉતરે તો કનિષ્ટ જાણવી અને તે ઉપરાંત વધારે ભાગ જમીનમાં ખીલી ઉતરે તો તે જમીન સારી નથી એમ સમજવું. શિવના સ્થાનને યોગ્ય નથી. ॥ ૪૪-૪૫ ॥

श्लोक. खातेरामैःपुच्छगैःस्वामिनाशो वेदैर्नैस्त्वंवाम कुक्षौ मुखस्थैः।

द्वाभ्यांःपीडा संततं वार्क धिष्ण्या दस्त्रैरुद्रै दिग्भिरुक्तं ह्यसन्नत् ॥४६॥

અર્થ. ખાત મુહૂર્ત કરતી વખતે સૂર્યના મહાનક્ષત્રથી દિનનક્ષત્ર સુધી ગણવું. તેમાં ૩ આવે તો નાગના પુચ્છને વિષે ખીલી ચોટી છે તે સ્વામીનો નાશ કરે. ૨ આવે તો મુખનેવિષે અને ૪ આવે તો ડાબી કુખે ચોટી છે તે પીડા કરે. ૧૦ અને ૧૧ આવે તો તે ગ્રહણ કરવાં નહીં. બાકીનાં બધાં શ્રેષ્ટ છે ॥ ૪૬ ॥

श्लोक वृषार्कादि त्रिकं वेद्यां। सिंहादि मंडपे शुभं॥

देवालयेच मीनादि तडागे मकरादिकं ॥ ४७ ॥

पुर्वादिषुशिरःकृत्वा नागः शेतेत्रिभिस्त्रिभिः ।
ईशानतः काल सर्प संहारेणप्रसर्पति ॥ ४८ ॥

**અર્થ** વૃષભ સક્રાન્તિને આદે ત્રણ સંક્રાન્તિ વેદીને વિષે શુભ છે સિંહાદિ ત્રણ મંડપને વિષે મિનાદી ત્રણ પ્રાસાદ વિષે અને મકરાદી ત્રણ તળાવને વિષે શુભ છે એ રીતે ત્રણ ત્રણ સંક્રાન્તિ પૂર્વને આદે શીરને ઈશાનને આદે મુખ કરીને (નાગ) સુતોછેતે સંહાર માર્ગે ફરેછે.

**શ્લોક** कन्यादौ रवितस्त्रये फणिमुखं पूर्वादि सृष्टि क्रमात् ।
खातं वायु वपुर्दिशा त्रयगतं लांगूल पृष्ठं शिरः ॥
द्वारं तस्य मुखे गृहादि भयदं कुक्षिद्वयं सौख्यदं ।
दुःखं प्राक् खनने शिरोंघ्रिवपुषः कुक्ष्योः सुखंस्याद्वयोः ॥४९॥

**અર્થ.** કન્યા, તુળા, વૃશ્ચિક, એ ત્રણ રાશિના સૂર્ય હોય ત્યારે શેષનાગનું મુખ પૂર્વમાં હોયછે અગ્નિખૂણામાં પીઠ અને નૈઋત્યખૂણામાં પુચ્છ હોયછે માટે એ ત્રણ ખૂણામાં ખાત કરવું નહીં. પણ સર્પની બે કુખોની વચ્ચેનો વાયવ્યકોણ ખાલી રહેલો છે ત્યાં ખાત કરવાથી સુખ પ્રાપ્તિ થાયછે એવી રીતે ફરતી ચારે દિશામાં સમજવો સંક્રાંતિ પ્રમાણે જ્યાં ખાલી પડે ત્યાં ખાત કરવું. ધન, મકર અને કુંભમાં દક્ષિણે મુખ અને ઈશાને ખાત, મીથુન, કર્ક અને સિંહમાં ઉત્તરે મુખ અને નૈઋત્યમાં ખાત અને મીન, મેષ અને વૃષભમાં પશ્ચિમે મુખ અને અગ્નિએ ખાત કરવું ॥ ૪૯ ॥

## शल्यशोधन.

**શ્લોક** शल्यं गवांभप भयं हयानां रुजःशुनोवै कलह प्रणाशौ ।
खरोष्ट्रयोर्हानि मपत्य नाशं नृणामजस्याग्नि भयं तेनोति ॥ ५० ॥

**અર્થ.** જે ભૂમિમાં ભવન (ઘર) કરવું હોય તે જગ્યાએ ગાયનું શલ્ય રહી જાય તો રાજાનો ભય થાય, ઘોડાનું શલ્ય હોય તો રોગ કરે, શ્વાનનું શલ્ય હોય તો કલેશ અને નાશ કરે. ગધેડાનું તથા ઊંટનું શલ્ય હોય તો સંતતિનો નાશ કરે, મનુષ્યનું તથા બકરાનું શલ્ય હોય તો અગ્નિનો ભય કરે ॥ ૫૦ ॥

**શ્લોક** जानुमात्रां खनेद्भूमि मथवा पुरुषोन्मिताम् ॥ ५१ ॥

**અર્થ.** શલ્ય કહાડવા માટે ઢીંચણ સુધી તથા પુરૂષ પ્રમાણે ખોદવું ॥૫૧॥

**શ્લોક** आकाचाटाएतशापाय वर्गाःप्राच्यादिस्थे कोष्ठके शल्य मुक्तं ।
केशांगाराः काष्ट लोहा स्थिकाद्यं तस्मात्कार्यं शोधनं भूमिकायाः ॥५२ ॥

**અર્થ.** વાળ, કોયલા, લાકડું લોઢું અને હાડકાં વગેરે શલ્ય કહાડવા માટે ભવન (ઘર)ની જમીન ઉપર પૂર્વ દિશાથી સૃષ્ટિમાર્ગે નવ કોઠા કરવાના કહ્યાછે તે દરેક કોઠામાં અ, ક, ચ, ટ, ત, શ, પ, ય, એ રીતે નવ વર્ગની આદ્ય અક્ષરો સૃષ્ટિ માર્ગે સ્થાપી ભૂમિ શોધી શલ્ય કહાડી ભવન (ઘર) આદિક કરવાં ॥ ૫૨ ॥

## शल्य चक्रम्.

પુર્વ.

ઉત્તર — દક્ષિણ.

| | | |
|---|---|---|
| ઈશાન-૮<br>પ વર્ગની પાંચ<br>પ, ફ, બ, ભ, મ. | પુર્વ દિશાં<br>અ વર્ગના પાંચ.<br>અ, ઇ, ઉ, ઋ, લૃ. | અગ્નિ-૨<br>ક વર્ગના પાંચ.<br>ક, ખ, ગ, ઘ, ઙ |
| ઉત્તર-૭<br>શ વર્ગના ૪<br>શ, ષ. સ, હ. | મધ્ય-૯<br>ય વર્ગના ચાર.<br>ય, ર, લ, વ. | દક્ષિણ ૩<br>ચ વર્ગની પાંચ<br>ચ, છ, જ, ઝ, ઞ. |
| વાયવ્ય-૬<br>ત વર્ગના ૫<br>ત, થ, દ, ધ, ન. | પશ્ચિમ ૫<br>એ વર્ગના ચાર.<br>એ, ઐ, ઓ, ઔ. | નૈઋત્ય-૪<br>ટ વર્ગના પાંચ<br>ટ, ઠ, ડ, ઢ, ણ. |

પશ્ચિમ.

श्लोक प्रश्न त्रयं वापि गृहाधिपेनदेवस्य वृक्षस्य फलस्यवापि।
वाच्यंहि कोष्टाक्षर संस्थिते न शल्यं विलोक्यं भवनेषु सृष्टया ॥५३॥

અર્થ. જે જમીનમાં ભવન (ઘર) કરવું હોય તે જમીનમાં રહેલું શલ્ય (હાડકું) કહાડવા માટે પ્રથમ શિલ્પિને ભવન (ઘર) કરનાર માલિકે પ્રશ્ન પૂછવો એટલે શિલ્પિએ ઘરધણીના મુખથી કોઈ પણ દેવ વૃક્ષ કે ફળનું નામ લેવરાવવું. ત્યાર પછી અથવા નામ લેવરાવતાં પહેલાં તે જમીનના નવ ભાગ કરવા. એ નવ કોઠામાં દેવ અથવા વૃક્ષ અથવા ફળના નામનો જે આદ્યાક્ષર આવે તે ઠેકાણામાંથી ખોદીને શલ્ય કહાડવું ॥ ૫૩ ॥

## प्रासादविषे शल्य.


श्लोक अर्धः पुरुष मात्रातु न शल्यं दोषदं गृहे।
जलांतिकं स्थितं शल्यं प्रासादे दोषदं नृणाम्।
तस्मात् प्रासा[illegible]कीं [illegible]मिंखनेद्यावज्जलांतकम् ॥ ५४ ॥


**અર્થ.** ભવન (ઘર) કરવાની જમીનમાં અર્ધ પુરૂષ (૧॥ ગજ) પ્રમાણથી નીચે શલ્ય હોય તો તેનો કાંઈ દોષ નથી પણ પ્રાસાદ કરવાની ભૂમિ વિષે જો પાણી આવે ત્યાં સુધી ખોદે નહીં તો શલ્ય માટે દોષ રહેછે માટે પ્રાસાદની ભૂમિ પાણી પર્યંત ખોદવી ॥૫૩॥


**વિશેષ.** ભૂમિમાં કોઈ નબળો પદાર્થ હોવાથી તે ભૂમિમાં ઉપદ્રવ થાયછે તે ન થાય માટે શલ્ય શોધન કરવું જેથી શાન્તિની પ્રાપ્તિ થાય છે. ॥૫૪॥


## ॥ इति श्री शिल्पशास्त्र सारसंग्रहे शुभ मास दिवस मूहूर्त्ते त्रतीयोऽध्यायः ॥


——o:○:o——













मध्यम
सारुं
शुभ
मध्यम
थोडुं
पश्चिम






દેવ રથ

॥ श्रीगणेशायनमः ॥ श्रीविश्वकर्मणेनमः ॥

॥ अथ श्री शिल्पशास्त्रसारसंग्रहे पूर्वार्धे वास्तु निरुपणे चतुर्थोध्यायः प्रारभ्यते ॥

श्लोक. प्रवक्ष्यामि मुनिश्रेष्ठ श्रुणुष्वैकाग्रमानसः ।
यदुक्तं शंभुना पूर्वं वास्तुशास्त्रं पुरातनम् ॥ १ ॥
पराशरः प्राह बृहद्रथाय बृहद्रथः प्राह च विश्वकर्मणे ।
स विश्वकर्मा जगतां हिताय प्रोवाच शास्त्रं बहु भेद युक्तम् ॥ २ ॥

અર્થ. હે મુનિશ્રેષ્ઠ! હું કહુંછું તે એકાગ્રમનથી શ્રવણ કરો. જે પ્રાચીનકાળમાં શ્રી મહાદેવજીએવાસ્તુશાસ્ત્ર કહ્યુંછે. પુનઃ પરાશર ઋષિએ બૃહદ્રથને વાસ્તુશાસ્ત્ર કહ્યું અને બૃહદ્રથે વિશ્વકર્માને કહ્યું અને તે વિશ્વકર્માએ જગતના કલ્યાણને અર્થે બહુ વિસ્તાર અને ભેદવાળું વાસ્તુશાસ્ત્ર પ્રકટ કર્યું ॥ ૧-૨॥

## वास्तुविचार.

श्लोक. भवन पुर सुराणां सूत्रणे पूर्व मुक्तः । कथित इह पृथिव्याःशोधनेच द्वितीयः॥
तदनु मुख निवेशे स्तंभ संरोपणे स्यात् । भवन वसन काले पंचधा वास्तुयज्ञः ३

અર્થ. ભવન (ઘર), નગર, અને પ્રાસાદની ભૂમિમાં ચારે દિશાએ ખૂંટીઓ ઘાલી દોરીવડે ત્રેવડવી અથવા બાંધવી અને જમીનની ચોરસાઈ મેળવવી. ખાત વખતે પ્રથમ વાસ્તુપૂજન કરવું. જે વખતે ભૂમિનું શોધન કરીને શિલા સ્થાપન કરવામાં આવે, તે વખતે બીજીવાર વાસ્તુપૂજન કરવું. દ્વાર મૂકવામાં આવે ત્યારે ત્રીજીવાર વાસ્તુપૂજન કરવું. સ્તંભો ઉભા કરવામાં આવે ત્યારે ચોથીવાર, (ઘર) ભવન તૈયાર થાય ત્યાર પછી ભવન (ઘર)માં વાસ કરવો હોય ત્યારે પાંચમી વખત વાસ્તુપૂજન કરવાનું કહ્યુંછે. ॥૩॥

વિશેષ. પ્રાસાદ કરતી વખતે પાંચ વખત વાસ્તુપૂજન કરવું. એટલે ૧ ખાત, ૨ શિલા સ્થાપન, ૩ દ્વાર મૂકતી વખત, ૪ કળસ અને ૫ દેવ સ્થાપન વખતે કરવું.

श्लोक. पूज्या सौ कुल देवता गणपतिः क्षेत्राधि नाथः सदा ।
वास्तुर्दिक् पतयः प्रवेश समये प्रारंभणे धीमता ॥
आचार्य द्विज शिल्पिनश्च विधिवत्संतोषयेच्छिल्पिनं ।
वस्त्रालंकरणैर्गृहं प्रविशतः सौख्यं भवेत्सर्वदा ॥ ४ ॥

અર્થ. ભવન (ઘર)ના પ્રારંભ વખતે, અને પ્રવેશ કરતી વખતે, બુદ્ધિમાન પુરૂષે કુળદેવતા, ગણપતિ, ક્ષેત્રના સ્વામીઓ, વાસ્તુદેવતા, અને દિક્પાળો, એટલા દેવોનું પૂજન કરવું. આચાર્ય, બ્રાહ્મણ, શિલ્પિ એમને વિધિ પ્રમાણે સંતોષવા; તેમજ,—શિલ્પીને વસ્ત્ર

અને અલંકાર આપવા. એ રીતે કરવાથી ભવન (ઘર)માં પ્રવેશ કરનાર માણસને નિરંતર સુખ પ્રાપ્ત થાય છે. ॥૪॥

વિશેષ. પ્રવેશ કરતી વખતે ઉપર લખેલા દેવોનું પૂજન કરવું; અને પછી, ગાય, પેટી (દ્રવ્યની ભરેલી), શાકોર સેવા, તથા માંગળીક પદાર્થો સાથે લેઈ, વાજિત્ર વગાડતાં, ભુવનમાં પ્રવેશ કરવો. ભવન વિષે પ્રથમ ખાત વખતે ૨ સ્તમ્ભ વખતે, ૩ દ્વાર વખતે, ૪ મોભ વખતે અને ૫ પ્રવેશ કરતી વખતે ઘટારત પ્રમાણે દાન પૂજન સત્કાર કરવો.॥

## कळशचक्र.


श्लोक. भूवेदवेद युगवेद युगात्रि राम संख्या सुभास्करभतो भुवन प्रवेशः ।
मृत्युक्षयं द्रविण सौख्य विनाशहानि स्थैर्यं सुसौख्य मुदिताख्यभ कुंभच
क्रम् ॥ ५ ॥

मुखैकं दिक्षुचत्वारि चत्वारि गर्भे मेवच ।
त्रीणि त्रीणि गुदे कंठे वास्तुशास्त्रे नियोजयेत् ॥ ६ ॥
मुख ऋक्षे शिरच्छेदाः पूर्वे उद्वेग जायते ।
दक्षिणे धन हानिः स्यात् पश्चिमे सर्व संपदः ॥ ७ ॥
उत्तरे राज सन्मानं गर्भे गर्भो विनश्यति ।
चिरकालंवसेत् कंठे गुदे चारोग्य मादिशेत् ॥ ८ ॥

અર્થ; સૂર્યના મહાનક્ષત્રથી દ્વિતીયા નક્ષત્ર સુધી અનુક્રમે ગણતાં ૧,૪,૪,૪,૪,૪,૩,૩, જે નક્ષત્ર આવે, તે નક્ષત્રમાં ગૃહ પ્રવેશનું ફળ-મૃત્યુ, ક્ષય, દ્રવિણ, સૌખ્ય, વિનાશ, હાનિ, સ્થૈર્ય અને સૌખ્ય. એ રીતે, કુંભ ચક્ર કહ્યું છે. બીજી રીત:—સૂર્ય નક્ષત્રથી દ્વિતિયા નક્ષત્ર સુધી ગણી, કલશના મુખમાં એક, અને ચાર ચાર નક્ષત્ર ચારે દિશાએ, ચાર નક્ષત્ર ઘરમાં, ત્રણ નક્ષત્ર કંઠે અને ત્રણ નક્ષત્ર પડઘીએ મૂકવાં. એનું ફળ મુખમાં ૧ આવે તો શિરચ્છેદ થાય, ૪ પુર્વમાં ઉદ્વેગ થાય, દક્ષિણમાં ધન હાનિ થાય, પશ્ચિમમાં સર્વ સંપત્તિ થાય, ઉત્તરમાં રાજસન્માન, ગર્ભમાં ગર્ભનો નાશ થાય, કંઠના ૩ નક્ષત્રમાં ઘણા કાળ વસ્તિ થાય; અને પડઘીના નક્ષત્રમાં આરોગ્ય થાય.॥

| અંગ. | મુખ. | પુર્વકુક્ષિ. | દક્ષિણકુક્ષિ. | પશ્ચિમ કુક્ષિ | ઉત્તર કુક્ષિ | ગર્ભ. | કંઠ | પડઘી |
|---|---|---|---|---|---|---|---|---|
| નક્ષત્ર | ૧ | ૪ | ૪ | ૪ | ૪ | ૪ | ૩ | ૩ |
| ફળ. | મૃત્યુ | ક્ષય | હાનિ | સંપદા | રાજ સ્ન. | ગર્ભ | સ્થિ. | આરો. |
| ફળ | ન અ. | ન અ. | ન અ. | શુ. | શુ. | શુ. | શુ. | શુ. |

## उत्तरे द्वार, तेनो प्रवेश दक्षिण; दक्षिण द्वार, तेनो प्रवेश उत्तर.









## पश्चिम द्वार, तेनो प्रवेश पूर्वमां; पूर्व द्वार, तेनो प्रवेश पश्चिममां.

## ६४ चतुःषष्टि पद वास्तु.




## ८१ एकाशीति पद वास्तु.



## प्रवेश वखत वामार्क विषे.

श्लोक अपूर्व संज्ञं प्रथमं प्रवेशं यात्रावसाने सच पूर्व संज्ञम् ।
द्वंद्वाव्हयं चाग्निभयादि जातं गृह प्रवेशं त्रिविधं वदंति ॥ ९ ॥

**અર્થ.** જે ભવનમાં પુર્વે પ્રવેશ કર્યો નથી તે ભવનમાં પ્રવેશ કરવો, તે પ્રથમ પ્રવેશને અપૂર્વ પ્રવેશ કહે છે. અને જે ભવનમાં પુર્વે પ્રવેશ કરેલો હોય, અને ફરીથી પાછો પ્રવેશ કરવો હોય, જેમ કે, યાત્રા જઈને પાછા આવે, તેવી રીતે જે પ્રવેશ થાય, તે પુર્વ પ્રવેશ કહેવાય. અગ્નિના ભય વગેરે કારણથી ભવન ફરી બનાવી તેમાં જે પ્રવેશ કરવો પડેછે, તેને દ્વંદ્વાવ્હ પ્રવેશ કહેછે. એ રીતે ત્રણ પ્રકારના પ્રવેશ કહેલા છે.॥ ૯ ॥

श्लोक रंध्रेषु द्विभवेभ्य आ सुतगतः सूर्यो यदास्यात्तदा ।
पूर्वा धानन मालयं प्रविशतां स्याद्वामगो सौ क्रमात् ॥ १० ॥

**અર્થ.** આઠમા ઘરથી પાંચમા ઘર સુધીમાં સૂર્ય આવે, તો પુર્વાભિ મુખ ભવનમાં પ્રવેશ કરતાં વામાર્ક આવે. અને પાંચમા ઘરથી પાંચમા ઘર સુધીમાં સૂર્ય આવે તો દક્ષિણાભિ મુખ ઘરમાં પ્રવેશ કરતાં, વામાર્ક આવે; અને બીજા ઘરથી પાંચમા ઘર લગીમાં સૂર્યઆવે, તો પશ્ચિમાભિમુખ ઘરમાં પ્રવેશ કરતાં, વામાર્ક આવેછે. ॥૧૦॥

## वास्तु वृत्तांत.

श्लोक संग्रामेंधक रुद्रयोश्च पतितः स्वेदो महेशावक्षितौ ।
तस्माद्भूतमभूच्चभीति जननं द्यावा पृथिव्योर्महत् ॥
तद्देवैः सहसा विगृह्य निहितं भूमावधो वत्क्रकम् ।
देवानां वचनाच्च वास्तु पुरुष स्तेनैव पूज्यो बुधै ॥ ११ ॥

**અર્થ.** અંધક દૈત્ય સાથે શ્રીમહાદેવજીને સંગ્રામ થયો, તે વખતે પરિશ્રમથી થયેલા તેમના પરસેવાનું બિંદુ ભૂમિ ઉપર પડયું. તે બિંદુમાંથી, આકાશ અને ભૂમિને ભય કરે એવો, પ્રાણી ઉત્પન્ન થયો, તે પ્રાણીને સર્વ દેવતાઓએ મળી, એકદમ પકડી, નીચે મુખે (ઉંધો) નાખી, તેના ઉપર વાસ કર્યો, તે ઉપરથી, તે પ્રાણિનું નામ વાસ્તુ પુરૂષ કહેવાયછે, માટે ડાહ્યા પુરૂષોએ એ વાસ્તુ પુરૂષને અવશ્ય પૂજવો જોઈયે. ॥ ११ ॥

श्लोक तमेव वास्तु पुरुषं ब्रह्मा सम सृजत्प्रभुः ।
कृष्ण पक्षे तृतीयायां मासि भाद्रपदे तथा ॥ १२ ॥
शनिवारे भव ज्जन्म नक्षत्रे कृत्तिका सुच ॥
योग स्तस्य व्यतीपातः करणं विष्टि संज्ञकम् ॥ १३ ॥

**અર્થ.** તે વાસ્તુ પુરૂષને બ્રહ્માજીએ સૃજ્યો તે દિવસ, ભાદ્રપદ માસ, કૃષ્ણપક્ષ ત્રીજ તિથી, શનિવાર, કૃતિકા નક્ષત્ર, વ્યતીપાત, અને વિષ્ટિકરણ, એ દિવસે વાસ્તુ પુરૂષ પ્રકટ થયો ॥ ૧૨–૧૩ ॥

श्लोक वरं तस्मै ददौ प्रीतो ब्रह्मा लोक पितामहः ॥
ग्रामेवा नगरे वापि दुर्गे वा पत्तनेपिवा ॥ १४ ॥
प्रासादे च प्रपायांच जलोद्याने तथैवच ॥
यस्त्वां न पूजये न्मर्त्यो मोहा द्वास्तु नर प्रभो ॥ १५ ॥
अश्रिय म्मृत्यु माप्नोति विघ्न स्तस्य पदे पदे ॥
वास्तूपूजा मकुर्वाण स्तवाहारो भविष्यति ॥ १६ ॥

**અર્થ.** લોકના પિતામહ જે બ્રહ્મા તેણે તે વાસ્તુ પુરૂષને આ રીતે વરદાન આપ્યું કઃ—ગ્રામવાસ, નગરવાસ, દુરગવાસ, પત્તનવાસ (શહેર), પ્રાસાદ, ભુવન, વાવ્ય, કુવો, વાડી, એની રચના વિષે પ્રવેશને વિષે જે પુરૂષ મોહ થકી તમારૂં પૂજન ન કરે, તે પુરૂષની લક્ષ્મીનો નાશ થાય, પગલે પગલે વિઘ્ન થાય, અને મૃત્યુ થાય, અર્થાત્ વાસ્તુ પુરૂષનું પૂજન નહિ કરવાવાળો પુરૂષ તમારો આહાર થશે એવો. વર આપ્યો ॥૧૪-૧૫-૧૬॥

## वास्तुनो मंत्र.

नमस्ते वास्तु पुरुष भूशैय्या भिरत प्रभो ॥

मद्गृहे धन धान्यादि समृद्धि कुरु सर्वदा ॥ १७ ॥

**અર્થ.** હે વાસ્તુ પુરૂષ! તમને નમસ્કાર કરૂં છું, આપ પૃથ્વી શય્યામાં રહેલા સમરથ છો, તે મહારા ભવનમાં નિરંતર ધન, ધાન્ય, ઇત્યાદિની સમૃદ્ધિ કરો ॥૧૭॥

**શ્લોક.** प्रासादे भवने तडागखनने कूपे च वाप्यां वने ।
जीर्णोद्धार पुरेषु याग भवने प्रारंभ निर्वर्तने ॥
वास्तोःपूजनकं सुखाय कथितं पूजांविना हानये ।
पादौ रक्षसिकं शिवेंग्री करयोः संधिश्च कोण य ॥ १८ ॥

**અર્થ.** પ્રાસાદ (દેવમંદીર) વિષે, ભવન (રાજ્યગૃહ) વિષે, તળાવ ખોદાવતી વખતે, કુવા કરાવતી વખતે, વાવ કરાવતી વખતે, બાગમાં વૃક્ષોરોપતી વખતે, જીર્ણોદ્ધાર વખતે, નગર વસાવતી વખતે, યજ્ઞાદિ કર્મ વખતે, કાર્યના આરંભે અને સમાપ્તિ વખતે (બન્ને વખત), વાસ્તુ દેવનું પૂજન કરવાથી સુખથાયછે. અને જો તેનું પૂજન કરે નહિ તો હાની થાયછે. એ વાસ્તુ પુરૂષ ઉંધો સુતો છે. તે એવી રીતે કે, તેના બે પગ નૈરૂત્ય કોણમાં છે; એ બંને પગની નળીઓ એક બીજા સાથે જોડેલી છે. તેનું મસ્તક ઇશાન કોણે છે; અને હાથ તથા પગોની સંધિઓ અગ્નિ અને વાવ્ય કોણમાં છે. ॥૧૮॥

**શ્લોક.** क्षेत्राकृतिर्वास्तु रिहार्चनीयएकांशतो भाग सहस्रयुक्तः ।
साधारणोष्टाष्ट पदोपितेषु चैकाधिकाशीति पदस्तथैव ॥१९॥

**અર્થ.** પ્રથમ ઉપર કહેલાં ઠેકાણાંઓની વાસ્તુને ક્ષેત્રના આકારમાં પૂજવો. તે એવી રીતે કે, એક પદથી તે હજાર પદ સુધીનો વાસ્તુ પૂજવો. તેમાં સાધારણ રીતિ એવીછે કે, ૬૪ પદનો અને ૮૧ પદનો વાસ્તુ પૂજવો. ॥૧૯॥

વિશેષ ખુલાસો રાજવલ્લભ ગ્રંથમાં જુઓ.

## વાસ્તુના પદ વિષે.

**શ્લોક ॥** ग्रामे भूपति मंदिरे च नगरे पूज्यश्चतुःषष्टिकै ।
रेकाशीतिपदैःसमस्त भवने जीर्णे नवाब्ध्यंशकैः ॥
प्रासादेतुशतांशकैस्तु सकले पूज्य स्तथा मंडपे
कूपेषण्णव चंद्र भाग सहिते वाप्यां तडागेवने ॥ २० ॥

**અર્થ.** વાસ્તુ પૂજવાની રીત એવી છે કે, ગામ વિષે (ગામ વસાવતાં), રાજમંદિર વિષે, અને નગર વિષે, ચોસઠ પદનો (૬૪) વાસ્તુ પૂજવો; બીજા સર્વ ઘર (ઘર) માટે એકાશી પદનો (૮૧) વાસ્તુ પૂજવો; અને જીર્ણોદ્ધાર વિષે તો, ઓગણપચાસ પદનો (૪૯) વાસ્તુ પૂજવો; સર્વ પ્રકારના પ્રાસાદો અને મંડપો વિષે સો પદનો (૧૦૦) વાસ્તુ પૂજવો; કુવા, તળાવ વાવડીઓ, અને વન માટે એકસો ને છન્નુ પદનો (૧૯૬) વાસ્તુ પૂજવો. ॥૨૦॥

श्लोक. ब्रह्मा वेद पदस्तुतेन समका देवार्थ माद्या अमी।
कोणेष्ठ द्विपदा स्तथाष्ट मरुतः कोणार्धभागाद्वहिः ॥
शेषास्त्वेक पदाः सुराश्च कथिता वेदर्तु कोष्ठे नव।
ब्रह्मा षट् पदतोऽर्यमादि त्रिबुधा ईशोदयश्चैकशः ॥ २१ ॥

**અર્થ.** ૬૪ પદના વાસ્તુ વિષે, ચાર પદના બ્રહ્મા, તથા ચાર પદના અર્યમાદિ ચાર દેવતાઓ, તથા ખૂણાઓના આઠ દેવતાઓ બબે પદના, તથા બહારના આઠ દેવતાઓ અર્ધ-અર્ધ પદના, અને બાકીના દેવતાઓ એકેક પદના કહ્યા છે. તથા ૮૧ પદના વાસ્તુમાં, નવ પદના બ્રહ્મા, તથા અર્યમાદિ ચાર દેવતાઓ છ છ પદના, તથા ખૂણાના આઠ દેવતાઓ બબે પદના, તથા બહારના ખૂણાના આઠ દેવતાઓ અર્ધ અર્ધ પદના, અને બાકી રહેલા દેવતાઓ એકેક પદના છે. ॥૨૨॥

## वास्तुपूजन प्रमाण.

श्लोक. ॥ पंचभिःसहितःपुत्रै र्विश्वकर्मागिरींद्रजे।
त्रिलोक वासि भिर्नित्यं श्री कामैःपूज्यते सदा ॥२२॥

**અર્થ.** સ્કંદ પુરાણમાં માહાદેવે પાર્વતિ પ્રત્યે કહ્યું છે. જે, હે ગિરીંદ્રજા! (પાર્વતી) જેને લક્ષ્મીની ઇચ્છા છે, તેઓને ત્રિલોક (સ્વર્ગ મૃત્યુને પાતાલ)માં રેહેવાવાળા પાંચ પુત્ર સહ-વર્તમાન વિશ્વકર્માનું પૂજન કરવું. ॥૨૩॥

श्लोक. ॥ विश्वकर्मकुले जातौ गुणज्ञौ निपुणा वुभौ।
सास्त्रज्ञो तर्क कुशलौ बुद्धिमंतौ गतस्पृहौ ॥ २३ ॥
प्रासाद शिखरादिषुक्रियासुकुशलैसदाः
सूत्रधारश्च शिल्पि च यौज्यौवै ग्रह साधने॥ २४ ॥

**અર્થ.** વિશ્વકર્માના કુળ વિશે ઉત્પન થએલા, ગુણયુકત નિપુણ—ચતુર, શાસ્ત્રને જાણવાવાળા તર્કને વિશે કુશળ, બુધ્ધીમાન, નિરલોભી, પ્રાસાદ શિખર આદિની ક્રીયા વિષે કુશળ એવા સૂત્રધાર તથા શિલ્પિનીગ્રહ જે ભુવનના નિરમાણ વિષે યોજના કરવી. ॥૨૩–૨૪॥

श्लोक. प्रथमं देवतां पश्येत् दर्शये द्वास्तु पीठकान् ॥
विप्रान् कुमारिकां वास्तुं ततोलोकान् प्रसादयेत् ॥ २५ ॥
तस्यानंतरतःकुर्यात् सूत्रधारस्य पूजनं ॥
वस्त्रालंकार भूषित गोमाहिष्याश्ववाहनैः ॥ २६ ॥
अन्येषां शिल्पिनां पूजा कर्तव्या कर्म कारिणं ॥
स्वाधिकारानुसारिण वस्त्र तांबुल भोजनैः ॥ २७ ॥
काष्ट पाषाण निर्माण कारिणौ यत्र मंदिरे

भुंजते तत्र भुक्तो सौ शंकर स्त्रिदशै सह ॥ २८ ॥
पुण्यं प्रासादजंस्वामि प्रार्थयेत्सूत्रधारतः ॥
सूत्रधारोवदेत्स्वामी अक्षयं भवनं तव ॥ २९ ॥

**અર્થ.** પેહેલું દેવતાનું દર્શન કરવું; વાસ્તુ પૂજન દર્શન અને બિજી પિઠોનું દર્શન કરવું; પછી આચાર્ય, વિપ્ર, કુમારિકા અને વાસ્તુપૂજન કરીને, સર્વે જનને પ્રસન્ન કરવા ॥૨૫॥ વાસ્તુ પૂજા પછી સુત્રધારની પૂજા કરવી; અને તેને વસ્ત્ર આભૂષણ પૃથ્વી, દ્રવ્ય, ગાય, ભેંસ અને ગાડી ઘોડા આપવા ॥૨૬॥ બિજા કામ કરનારા શિલ્પિઓની પૂજા કરી પોતપોતાના અધિકાર પ્રમાણે વસ્ત્રાદિ આપવાં ॥૨૭॥ જે મંદિરમાં કાષ્ટ ને પાષાણના નિર્માણ કરવાવાળા ભોજન કરે તે મંદિરમાં સો દેવ સહવર્તમાન શંકરે ભોજન કર્યું, એમ જાણવું. ॥૨૮॥ પછી ભુવનને ધણી સૂત્રધારથકિ પુણ્ય જે આશિર્વચન તેની પ્રાર્થના કરે, ત્યારે સુત્રધાર આશિષ આપે, હે પાલક! તમારૂં ભૂવન અક્ષય્ય થાઓ ॥૨૯॥

**श्लोक.** वास्तु पिठस्य भोगतारौःसूत्रधारश्च शिल्पिकाः
अतस्तयोःप्रदातव्यं वास्तुपीठे शुभेच्छुना ॥ ३० ॥

**અર્થ.** સૂત્રધાર અને શિલ્પિ એ બે પુરૂષો વાસ્તુપીઠના ઉપભોગ કરતા છે એ માટે શુભની ઈછા કરવા વાસ્તુ પીઠ તેઓને આપવું. ॥૩૦॥

**उपजाति.**

यः पूजयेद्वास्तुमनन्य भक्त्यानतस्य दुःसंभवतीहकिंचित् ॥
जीवत्यसौवर्ष शतं सुखे न स्वर्गेनरास्तिष्ठतिकल्पमेकम् ॥ ३१ ॥

**અર્થ.** જે પુરૂષ અસાધારણ ભક્તિવડે વાસ્તુદેવને પૂજેછે તેને આ લોકમાં કોઈ પ્રકારનું દુઃખ થાય નહિ, એટલુંજ નહિ પણ તે સો (૧૦૦) વર્ષ પર્યંત સુખે જીવે અને ત્યાર પછી એક કલ્પપર્યંત તે સુખમાં રહેછે ॥૩૧॥

इति श्री शिल्पशास्त्र सार संग्रहे पूर्वार्धे वास्तु पुरुषोत्पत्ति पूजा विधी विस्तार चतुर्थो ध्यायः ॥ ४ ॥

———:o:———

॥ श्रीगणेशायनमः ।

## अथ श्री शिल्पशास्त्र संग्रहे पूर्वार्धे शुभ दिनचक्र शुभफल निर्माणे पंचमोऽध्यायः प्रारभ्यते ॥

### द्वारमुहूर्त्त. ॥

श्लोक. चापाद्‌ गुः पूर्वदिशा क्रमेण ॥ १ ॥

**અર્થ.** ધન, મકર, અને કુંભ સંક્રાંતિમાં પૂર્વ દિશા વિષે રાહુનો વાસો હોય છે; તેથી એ દિશાએ દ્વાર મૂકવું નહી. મીન, મેષ અને વૃષભ સંક્રાંતિમાં દક્ષિણ દિશાએ રાહુનો વાસો હોય છે. મિથુન, કર્ક અને સિંહ સંક્રાંતિમાં પશ્ચિમ દિશાએ રાહુનો વાસો હોય છે. કન્યા, તુળા, અને વૃશ્ચિક સંક્રાંતિમાં ઉત્તર દિશાએ રાહુનો વાસો હોય છે. તેથી જે દિશામાં રાહુનો વાસો હોય તે દિશામાં દ્વાર (બારણું) મૂકવું નહી. ॥ ૧ ॥

श्लोक. ताम्रपत्रं समारोप्यं मुहूर्तो नैव लभ्यते ।
शुभेमुहूर्ते संप्राप्ते ताम्रपत्रं परित्यजेत्‌ ॥ २ ॥

**અર્થ.** જે દિશાએ રાહુનો વાસો હોય, તે દિશાએ દ્વાર મૂકવાની જરૂર હોય તો, ત્રાંબાનું પતરું ઉમરાને તળીએ મૂકવું. અને તે પતરું શુભ મુહૂર્ત્ત જોઈને, કાહાડી લેવું. (એવી કલ્પના રાખવી કે, જાણે આજ મૂકયું છે.) ॥ ૨ ॥

श्लोक. रक्षः कुबेराग्नि जलेशयाम्ये वायव्य काष्ठासुच पूर्ववारात्‌ ।
वसेदगुश्चाष्ट सुदिग्ग चक्रे मुखे विवर्ज्य गमनंच गेहम्‌ ॥ ३ ॥

**અર્થ.** રવી નૈઋત્ય, સોમ ઉત્તર, મંગળ અગ્નિ, બુધ પશ્ચિમ, ગુરૂ ઈશાન, શુક્ર દક્ષિણ, શનિ વાવ્ય આ દિશાઓમાં રવિવારથી અનુક્રમે રાહુ રહે છે. આ ચક્રમાં મુખે રાહુ હોય, તે દિશામાં ગમન (ગામ જવાનું) અને ભવનનું દ્વાર કરવું નહી. ॥૩॥

श्लोक. अर्कार्क्षेश्चतुर्नक्षत्र मूध्वाकारे समालिखेत ।
द्वौद्वौच कोणयोर्द[illegible]खायांवै चतुश्चतु ॥ ४ ॥
अधश्चत्वारिदेयानित्रिक मध्ये प्रतिष्ठितम्‌ ।
राज्यं चैवोर्ध्वे नक्षत्रं नेष्टं कोणेषु निर्दिशेत्‌ ॥ ५ ॥
शाखायां लभते लक्ष्मीं अधश्चैवतुमृत्युदम्‌ ।
मध्यस्थे च भवेत्सौख्यं चिंतनीयं सदाबुधैः ॥ ६ ॥

**અર્થ** ॥ ઓહા નક્ષત્રથી દિન નક્ષત્ર સુધી ગણી ચાર નક્ષત્ર ઉપરના ઓતરંગને વિષે મૂકવાં, ચાર ખૂણાને વિષે બબે નક્ષત્ર મૂકવાં, બે સાખોને વિષે ચચાર મૂકવાં. ॥ ૧ ॥ નીચેના ઉમરાને વિષે ચાર નક્ષત્ર મૂકવાં અને ત્રણ નક્ષત્ર મધ્યે મૂકવાં. ઉર્ધ્વ નક્ષત્રમાં મુહૂર્ત કરયા થકી રાજ્યની પ્રાપ્તી થાય, ખૂણાના નક્ષત્રમાં મુહૂર્ત કરયા થકી દુઃખની પ્રાપ્તી [illegible], સાખનાં ચચાર નક્ષત્રને વિષે મુહૂર્ત કરયા થકી લક્ષમીની પ્રાપ્તી થાય, ઉમરાના નક્ષત્ર વિષે મુહૂર્ત કરયા થકી મૃત્યુ થાય અને મધ્યના ત્રણ નક્ષત્રને વિષે મુહૂર્ત કરયાથકી સુખની પ્રાપ્તી થાય એ રીતે પંડીતોએ વિચાર કરીને બારસાખનું મુહૂર્ત કરવું.

## स्तम्भ चक्रम्.

श्लोक. वास्तोर्वक्षः शिरोनाभौ स्तनें स्तंभादिकं त्यजेत् ।
प्रविचार्य प्रयत्नेन वास्तु ज्ञान विशारदः ॥ ७ ॥

प्रासादेषु च हर्म्ये च गृहेष्वन्येषु सर्वदा ।
आग्नेयां प्रथमं स्तंभं स्थापयेन्मतिमान्नरः ॥ ८ ॥

सूर्याधिष्टित भात्रयं प्रथमतो मध्ये तथा विंशतिः ।
स्तंभाग्रेशर संख्यया मुनिवरै रुक्तानि धिष्ण्यानिच ॥

स्तम्भाग्रे मरणं भवेत् गृहपतेर्मूले धनार्थ क्षयः ।
मध्ये चैव सुखार्थ कीर्ति मतुलां प्राप्नोति कर्ता सदा ॥ ९ ॥

स्तम्भस्यारोपणं चैव प्रातर्मध्यान्हके तथा ।
अन्यथा निधनं याति कर्ता दूषणमाप्नुयात् ॥ १० ॥

**स्तम्भचक्र.**

| |
|---|
| अग्रनेष्ट ३ |
| मध्य २० श्रेष्ट. |
| ५ मूळ नेष्ट |

**અર્થ.** વાસ્તુના વક્ષસ્થળ, મસ્તક, નાભી, અને સ્તનના ભાગ ઉપર વાસ્તુજ્ઞાન ધરાવનારાએ સ્તંભ વગેરે ગોઠવવા નહિ ॥ ૭॥

પ્રાસાદ (ભવન), તથા રાજગૃહના કાર્યમાં બુદ્ધિમાન પુરૂષે પ્રથમ સ્તંભ અગ્નિ કોણમાં મૂકવો. ॥ ૮॥

સૂર્યના મહા નક્ષત્રથી દિનીયા નક્ષત્ર સુધી ગણત્રી કરી પ્રથમનાં ત્રણ નક્ષત્રો અગ્ર ભાગમાં મૂકવાં. ચારથી તે ત્રેવિશ સુધીનાં નક્ષત્રો મધ્ય ભાગમાં મૂકવાં અને ચોવીશથી તે અભિજિત્ સાથે ૨૮ નક્ષત્રો મૂળ ભાગમાં મૂકવાં. જો દિનિયું નક્ષત્ર અગ્ર ભાગમાં આવ્યું હોય તો (ભવનના) માલિકનું મરણ થાય, મૂળ ભાગમાં આવ્યું હોય તો ધન અને મનોરથનો નાશ થાય, મધ્ય ભાગમાં આવ્યું હોય તો સુખ, ધન, અને અતુલ કીર્તિ ભવનના

સુખશાંતિ પ્રાપ્ત થાયછે. ॥૯॥ સ્તંભનું આરોપણ પ્રાતઃકાળમાં કે મધ્યાન્હકાળમાં કરવું; નહી તો ભવન (ઘર)ના માલિકનો નાશ થાય અથવા કોઈ બીજો દોષ લાગુ થાય ॥ ૧૦ ॥

વિશેષ. સ્તંભ ગૃહનો આધારભૂત છે. અર્થાત્ ભવન (ગૃહ) ને ધારણ કરનાર છે તેથી શુભ મુહૂર્તમાં એને આરોપણ કરવો એટલે ઉભો કરવો.

## मोभ चक्रम्.

श्लोक. मूले मोभे त्रिऋक्षे गृहपति मरणं पंच गर्भे सुखं स्यात् ।
मध्ये देयाष्ट ऋक्षं धन सुत सुखदं पुच्छ देयाष्ट हानि ॥
पश्चादग्रे त्रिभानि गृहपति सुखदं भाग्य पुत्रार्थदंस्यात् ।
सूर्याद्देयं च ऋक्षं यदि विधु दिनभं मोभ चक्रं विलोक्यं ॥ ११ ॥

અર્થ. સૂર્યના મહા નક્ષત્રથી તે દિનીઆ નક્ષત્ર સુધી ગણતાં, ત્રણ આવે તો અશુભ, ચારથી સોળ લગણ આવે તો શુભ તથા સત્તરથી તે ચોવીશ લગી આવે તો અશુભ, અને પચીશથી તે સત્તાવીશ સુધી આવે તો શુભ છે. મોભ તથા બારોઠિયાનું ચક્ર એકજ છે એમ વિદ્વાનોએ જાણવું. ॥ ૧૧ ॥

વિશેષ. મોભ ભવનના આચ્છાદન રૂપ છે એટલે ગૃહનું છત્ર છે તેથી એનાથી કોઈ બીજો ઉંચો મકાનનો ભાગ કરવો નહી; તેમ શાસ્ત્ર પ્રમાણે મોભની પૂજા કરવી.

બારપટ્ટ (એટલે બારને ધારણ કરનાર પાટડો) કિંવા બારોઠીઓ અને માળનીગે પણ કહે છે માટે મોભ ચક્ર લઈ પૂજવો.

| મૂલ. | ગર્ભ. | મધ્યે. | પુચ્છ. | અગ્રે. |
|---|---|---|---|---|
| ૩ | ૫ | ૮ | ૮ | ૩ |
| નેષ્ટ | શુભ. | શુભ. | નેષ્ટ. | શુભ. |

## कूवा विगेरे जळनां आरंभने विषे.

श्लोक. हस्तात्तिस्रो वासवं वारुणं च शैवं पित्र्यं त्रीणिचैवोत्तराणि ।
प्राजापत्यं चापिनक्षत्र माहुः कूपारम्भे श्रेष्टमाद्यामुनिंद्राः ॥ १२ ॥

અર્થ. હસ્ત ચિત્રા સ્વાતિ ધનિષ્ટા શતતારકા આરદ્રા મઘા ત્રણે ઉત્તરા અને રોહિણી એ નક્ષત્રોને વિષે કૂવાનો પ્રારંભ કરવો એવું મુનિયો (પૂર્વાચાર્યો) કહેછે. ॥૧૨॥

श्लोक. कूप वाप्योस्तु चक्रेवै । विज्ञेयं विबुधैः शुभं ॥
रोहिणी गर्भमेतस्य । त्रित्रिऋक्षाणि चंद्रभं ॥ १३ ॥
मध्ये पूर्वे तथाग्नेये । याम्येचैव तु निर्ऋते ॥
पश्चिमे चैव वायव्यां । सौम्य शूलिदिशोःक्रमात् ॥ १४ ॥
शीघ्रंजलं नजलं मध्यमजल मजलं बहुजलंच ॥
अमृतजलं बहुक्षारं सजलं मध्यजलं क्रमात् ज्ञेयं ॥ १५ ॥
मत्से कुलीरे मकरे जलं बहु । तथैवचार्द्ध वृषकुंभयोश्च ॥
अलौच तौलौच जलाल्पतामता । शेषाश्च सर्वे जलदाःप्रकीर्तिताः ॥१६॥

અર્થ. કૂવો અને વાવ્ય ઇત્યાદિ નવા ખોદાવવાના મુહૂર્ત મધ્યે રોહિણીથિ ત્રણ નક્ષત્રો મૂકવાં. પછી પૂર્વાદિ સ્ટષ્ટિ માર્ગે પુનર્વસુથિ કૃત્તિકા નક્ષત્ર સુધી ઈશાન પર્યંત ત્રણ ત્રણ નક્ષત્રો મૂકવાં [તેના ફલનો (૧૫મા શ્લોકનો) અર્થ કૂપચક્રમાં જુવો] અને મીન કર્ક મકર એ ત્રણ રાશિયોનો ચંદ્ર હોય તો ઘણું પાણી આવશે. વૃષભ અને કુંભ એ બે રાશિનો ચંદ્ર હોય તો તે કરતાં અરધું પાણી આવશે. વૃશ્ચિક અને તૂળા એ બે રાશિનો ચંદ્ર હોય તો અલ્પ પાણી આવશે. એ વિના બીજી પાંચ રાશિયોનો ચંદ્ર હોય તો જળ આવશે.

## अथ कूपस्य नव नामानि.

श्लोक. त्रिभिर्हस्तैर्ध्रुवोज्ञेयो । षट् हस्तैः राम उच्यते ॥
सुमनः सप्त हस्तैश्च । अष्ट हस्तौ मनोहरः ॥ १७ ॥
नव हस्तेर्जयो ज्ञेयो । दश हस्तश्चभद्रकं ॥
रुद्र हस्तं च क्षेमंवै । नामान्युक्तानि वैक्रमात् ॥ १८ ॥


અર્થ. ત્રણ હાથના વિસ્તારવાળો કૂવો તેનું નામ ધ્રુવ છે. ચાર, પાંચ અને છ હાથના વિસ્તારવાળા કૂવાનું નામ રામ છે. સાત હાથના કૂવાનું નામ સુમન છે, આઠ હાથના કૂવાનું નામ મનોહર છે. નવ હાથના કૂવાનું નામ જય છે. દશ હાથના કૂવાનું નામ ભદ્રક છે અને અગિયાર હાથના કૂવાનું નામ ક્ષેમ છે. એ પ્રમાણે નવ નામ જાણવાં. ॥૧૭-૧૮॥

## नवो शिको चलावव विषे.

श्लोक. मृदुध्रुवाक्षिप्रचरेषुभेषु योगे प्रशस्ते बानि चंद्र वर्गे ।
वारे तथा पूर्णजलाश्रये च । शुभा प्रशस्ता कूपखातिकार्या ॥ १९ ॥

**અર્થ.** મૃદુ, ધ્રુવ, ક્ષિપ્ર, અને ચર એ નક્ષત્રો અને શનિ, સોમ તથા રવીવાર એ વાર વર્જ્ય કરીને બાકીના વારોએ રાજાઓને સિક્કો પાડવો કિંવા ચલાવવો શુભછે. ॥૧૯॥

## शिक्को.



## पालख विगेरे विषे मुहूर्त जोवानो प्रकार.

**श्लोक.** सूर्यभादिनभंयावत् । पंचपंच चतुर्दिशा ।
मध्येतु सप्त देयानि । चक्रं ज्ञेयं सुखावहम् ॥ २० ॥
पुर्वभागेतुचारोग्यं । दक्षिणे कष्टकारकं ॥
पश्चिमे क्लेशिता चैव । उत्तरे व्याधि संभवः ॥ २१ ॥
मध्यस्तंच शुभंप्रोक्त । मायुर्वृद्धि करं परं ॥
पालकारोहणं वैतद्बालकस्य बुधैर्हितं ॥ २२ ॥

**અર્થ.** સૂર્ય નક્ષત્રથકી દિવસના નક્ષત્ર સુધી પાલખી અથવા પારણા ઉપર આરોહણ એટલે વાહન કરવાનું હોય તો તેની ચારે દિશાએ તથા વચલા ભાગે નક્ષત્રો આપવાનો ક્રમ ॥૨૧॥ પૂર્વ ભાગે ૫ પાંચ આરોગ્ય; દક્ષિણે ૫ પાંચ કષ્ટકારક, પશ્ચિમે ૫ પાંચ દુર્બળપણું, ઉત્તરમાં ૫ પાંચ વ્યાધી હોય, મધ્યે ૭ સાત નક્ષત્રો શુભકારક અને આયુષ્યની વૃદ્ધિ કરે. એમાંથી શુભ ફળ આવે તે દિવસ મુહૂર્તના કામમાં લેવો ॥૨૨॥

**વિશેષ.** રાજા માટે પાલખી અને બાળકને માટે પારણું નવિન કરેલ હોય તેને વિષે અવશ્ય મુહૂર્ત જોવું એમ મોટા પુરૂષોએ કહ્યુંછે.

**श्लोक.** तचक्रेथ चतुर्दिक्षेशरमितास्तारानगामध्यगा ।
सूर्यर्क्षात् शुभ[illegible]त्युकाश्यरुदनं दिद्विष्टदामध्यगा ॥२३ ॥

**અર્થ.** સૂર્ય નક્ષત્રથી દિન નક્ષત્ર સુધી ગણી ચાર નક્ષત્ર ઘોડીઆની ચાર દિશાએ પાંચ પાંચ મૂકવાં, મધે ૭ મૂકવાં તેનું ફળ પૂર્વ દિશાનાં પાંચ શુભ. દક્ષિણનાં તથા પશ્ચિમનાં તથા ઉત્તરનાં નેષ્ટ અને મધ્યનાં સાત નક્ષત્ર શુભકારક છે.

## मंचक चक्र.

**श्लोक.** [illegible]र्यभाद्गणयेद्बाद्रं पंचमूर्ध्ने चतुश्चतुः ।
गात्रेकुक्षेक विध्यासु मध्ये सप्त विनिर्दिशेत् ॥२४॥

मूलेतु स्वरवसौभाग्यं गात्रे प्रोक्तं भयं महत् ।
मध्ये सत्पुत्र लाभाय आयुर्वृद्धि करंपरं ॥ २५ ॥

**અર્થ.** પલંગ લેવાના મુહૂર્તમાં પલંગાકાર ચક્ર બનાવી સૂર્યનક્ષત્રથી દિનીઆ નક્ષત્ર સુધી જોવાના ક્રમ પ્રમાણે પ્રથમ મૂળ ભાગે, ચાર પાયામાં ૪ નક્ષત્રનું ફળ સુખ સૌભાગ્ય યુક્ત, ચાર બાજુના ઇસોના ૪ નક્ષત્રફળ મહાભય, મધ્યમાં ૭ નક્ષત્રફળ પુત્રલાભ અને સુખ એ રીતે પલંગ વા ખાટલો લેવા વખતે શુભાશુભ જોવું. ॥૨૪—૨૫॥

### वाहन.

**શ્લોક.** त्रिकं त्रिकं चतुष्कंच त्रिणि चतुष्कं मेवच ।
त्रिपंच पंचसमायुक्तेशकटे च महोत्सवः ॥२६॥
बुधैरेवं फलं ज्ञेयं चांद्र भ्रांतं क्रमेणतु ।
गर्गेणोक्तानि चक्राणि विज्ञेयानि सदा बुधैः ॥२७॥
शृंगे मृत्यु जयं चक्रे सिद्धिर्ज्ञेया शुभेच्छुना
रथाग्रेकुत्सिताध्वा च मध्ये चैव सुख मदं ॥२८॥

**અર્થ.** સૂર્યનક્ષત્રથી ચંદ્ર નક્ષત્ર એટલે દિનીયા નક્ષત્ર સુધી ગણીને પહેલાં ત્રણ નક્ષત્ર ધોરિયાંની કાગવિયે અગ્ર ભાગે મૂકવાં, પછી ત્રણ નક્ષત્ર જમણી બાજુએ જુસરીના અગ્ર ભાગમાં મૂકવાં, પછી ૪ ચાર નક્ષત્ર જમણે પઇડે મૂકવાં પછી ૩ ત્રણ નક્ષત્ર સાટીની જમણી બાજુએ મૂકવાં, પછી ૩ ત્રણ નક્ષત્ર ડાબી બાજુએ મૂકવાં, પછી ચાર નક્ષત્ર ડાબે પઇડે મૂકવાં, પછી ત્રણ ડાબી સામેલે મૂકવાં અને પાંચ નક્ષત્ર મધ્યે મૂકવાં. ॥૨૬-૨૭-૨૮॥

ફળ. સામેલના ૭ ૬ નક્ષત્ર મૃત્યુકારક બે પઇડે નક્ષત્ર ૮ આવે તે નક્ષત્ર; જય તથા સિદ્ધિદાયક છે. રથના અગ્ર ભાગ ૩ ત્રણ નક્ષત્ર માર્ગમાં ભ્રમ કરે અને રથને પાછળ ઠુંડીયાનાં ૬ ૭ નક્ષત્ર નેષ્ટ છે એ રીતે ગર્ગાદિ મુનિયો વર્ણન કરી ગયાછે.

### छत्र चक्र विषे.

**શ્લોક.** त्र्युत्तरा रोहिणी रौद्र पुष्यश्च शततारका ।
धनिष्ठा श्रवणश्चैव शुभानि छत्र धारणे ॥२९॥

**फल.** मूले त्रीणि सप्त दंडे कंठे चैवतु पंचकं ।
मध्ये वसु प्रदातव्यं शिखरे वेद एव च ॥३०॥
मूले च जाय ते नाशो दंडेहानिर्धन क्षय ।
कंठे च राज्यसन्मानो मध्ये छत्रपतिर्भवेत् ॥
शिखरे कीर्त्ति वृद्धिश्च जन्मभात् सूर्य भांतकं ॥३१॥

**અર્થ.** ત્રણે ઉત્તરા, રોહિણી, આરદ્રા, પુષ્ય, શતતારકા, ધનિષ્ટા, શ્રવણ એ નક્ષત્રો

છત્ર ધારણ કરવામાં શુભ છે. પણ આપણા જન્મનક્ષત્રથકી સૂર્યના નક્ષત્ર સુધી આપવાનો ક્રમ પ્રથમ મૂળ ઉપર ત્રણ આવે તો ૩ જીવનો નાશ, ડાંડા ઉપર ૭ હાનિ—ધનક્ષય, કંઠ ઉપર પાંચ રાજ્ય સન્માન, મધ્યે ૮ આઠ છત્રપતિ અને શિખર ઉપર ચાર ૪ કીર્તિ વૃદ્ધિ આપે. એમાંથી શુભ ફળ આવે તે શુભ દિવસ લેવો. ॥૨૯—૩૦—૩૧॥

## सं. शर धनुष्य चक्र.

श्लोक. सूर्यभाज्जन्मभांतंच धनुष्ये वंचयोजयेत् ।
चापाग्रे बाण संख्याकं शराग्रे पंचयोजयेत् ॥ ३२ ॥
शर मूले तथा पंच पंचसंधौ प्रकीर्त्तयेत् ।
दंडे चैवं तुद्द्याद्वै धनुषश्चक्र मुत्तमम् ॥ ३३ ॥

फळ. अग्रे हानिः शरे लाभो शरं मूले जयस्तथा ।
चाप संधौतु शौर्यस्या द्वंडे भंगः प्रजायते ॥ ३४ ॥

અર્થ. સૂર્યનક્ષત્રથકી જન્મ નક્ષત્ર સુધી ધનુષ્ય ઉપર આપવાનાં સ્થાનકો તથા ફળો કહુછું. પ્રથમ ધનુષ્યના અગ્ર ઉપર ૫ પાંચ હાની કરે, શરના અગ્ર ભાગ ઉપર ૫ પાંચ લાભ આપે, શરના મૂળ ઉપર ૫ પાંચ જય, ધનુષ્યની સંધિ ઉપર ૫ પાંચ બહાદુરી અને દંડા ઉપર ૨ બે રાજ્યભંગ થાય માટે એમાંથી શુભફળ આવે તે દિવસ લેવો. ॥૩૨—૩૩—૩૪॥

श्लोक. जीवाशरैक्यस्यदलं शरेण हत्वास्य वर्गं दशभिर्विगुण्यं ॥
अंकैर्विभक्ते सतिलब्ध मूलं प्रजायतेचाप फलं स्फुटंतत् ॥ ३५ ॥

અર્થ. જીવા (પણછ અથવા પ્રત્યંચા) અને બાણ એ બેનો સરવાળો કરી તે સરવાળાનો અર્ધ ભાગ કરવો અથવા બેએ ભાગતાં જે આવે તેને બાણના માપ સાથે ગુણતાં જે આવે તે અંકનો વર્ગ કહાડતાં જે આવે તેને દશ ગુણતાં જે આવે તે અંકને નવે ભાગતાં તેનું મૂળ કહાડવે જે અંક આવે તે ધનુષ્યનું ક્ષેત્રફળ જાણવું. ॥૩૫॥

श्लोक. मूला[illegible] जिनाहतंसं युत मंगुलैश्च ।
द्वाभ्यांयुतेन द्विगुणेन मूले नाल्पं स्फुटंतत्फलमुक्तमार्धै ॥३६॥

અર્થ. ધનુષ્યનું ક્ષેત્રફળ પ્રથમના શ્લોકમાં કહાડતાં આવેલા મૂળના રહેલા શેષમાં એક ઉમેરી ચોવીશે (૨૪) ગુણી તેમાં પાંચ ઉમેરી બમણા કરી તેમાં બે ઉમેરવાથી જે અંકનું મૂળ કહાડતાં જે અંક આવે તે શેષ રહેવાનું ફળ સમજવું. ॥૩૬॥

## अथ खेती विषेनुं मुहूर्त.

श्लोक. स्वाति [illegible] मृगोत्तरादितियुगे राधा चतुष्कं मघा ।
स्वत्यु[illegible] विष्णुभं कृषिविधौ क्षेत्रादि वामे विधौ ॥

गोकन्याझषमन्मथाश्च शुभदा वाराः कुजार्कांतरं ।
षष्ठीद्वादशिरिक्त पर्वसुतथा वर्ज्यं द्वितीयाद्भवं ॥ ३७ ॥

અર્થ. સ્વાતી, રોહિણી, મૃગ, ઉત્તરા, પુનર્વસુ, પુષ્ય, અનુરાધા, જ્યેષ્ઠા, મૂળ, પૂર્વાષાઢા, મઘા, રેવતિ, ઉત્તરાફાલ્ગુની અને શ્રવણ નક્ષત્ર અને વૃષભ, કન્યા, મીન, મિથુન એ લગ્નો શુભછે. મંગળ, શની તથા છઠ બારશ અને રિક્તા એઉ પર્વણી અને બે બીજો એ ત્યાગ કરી ખેતીના કામનો પ્રારંભ કરવો તથા વાવેતર પણ કરવું ॥૩૭॥

હળચક્ર.

શ્લોક. त्रिकं त्रिकं त्रिकं पंचत्रिकं पंचत्रिकंद्विकं ।
सूर्यभाद्गुणयेच्चांद्र मशुभंच शुभं क्रमात् ३८ ॥

અર્થ. પ્રથમ હળ જોડવાના મુહૂર્ત વિષે સૂર્યનક્ષત્રથકી દિવસ નક્ષત્ર સુધી ગણી તેના ભાગ ૮ તેના ક્રમ પ્રથમ ૩ અશુભ ફળ બીજો ભાગ ૩ શુભ ત્રીજો ૩ અશુભ ચોથો પાંચ શુભ પાંચ ૩ અશુભ છઠ્ઠાનાં પાંચ શુભ સાતમા ૩ અશુભ આઠમા ૨ શુભ જે નક્ષત્ર ભાગ મધ્યે દિવસ નક્ષત્ર શુભ આવશે તે દિવસ લેવો ॥૩૮॥

શ્લોક. यंत्र चक्रं प्रवक्ष्यामि सूर्य भाच्चांद्रमेवच ।
त्रिणि त्रिणित्रयंत्रीणि त्रिणि त्रिणित्रयं तथा ॥३९॥
त्रिणि त्रिणितु धान्यत्रयोजयेद्यंत्रकेशुभ ॥ ४० ॥
फलहानिरैश्वर्यमारोग्यं विनाशो द्रव्य मेवच ।
स्वामिघातो निर्धनता मृत्युरेवसुखं क्रमात् ॥ ४१ ॥

અર્થ. સૂર્યનક્ષત્રથી ચંદ્ર નક્ષત્ર સુધી ગણી પછી યંત્રના દંડના નવ ભાગ કરવા પછી નવ ભાગે નક્ષત્રો વહેંચવાં પહેલાં ૩ ફળની હાની કરે બીજાં ૩ ઐશ્વર્ય આપે ત્રીજાં ૩ આરોગ્ય કરે ચોથાં ૩ નાશ કરે, પાંચમાં ૩ દ્રવ્ય આપે છઠ્ઠાં ૩ સ્વામીનો ઘાત કરે સાતમાં ૩ નિર્ધન કરે આઠમા ભાગનાં ૩ નક્ષત્ર મૃત્યુકારક છે અને નવમા ભાગનાં ૩ નક્ષત્ર સુખાકારી છે. એ નક્ષત્રના મૂળથી આરંભીને ઉપરના અગ્ર ભાગ સુધી અનુક્રમે યોજના કરવી ॥૩૯—૪૦—૪૧॥

अथ वाहन विषे मुहूर्त.

શ્લોક. पोष्णादिति स्तुरग वारुण मित्रचित्र ।
शीतोष्मरस्मिवसुजीवकभान्य मूनि ॥
वारेच जीव भृगु नंदन केमशस्ते ।
नौकादि संघटनवाहनमेषु कुर्यात् ॥ ४२ ॥

અર્થ. રેવતી, પુનર્વસુ, અશ્વિની, શતતારકા, અનુરાધા, ચિત્રા, મૃગ, હસ્ત, ધનિષ્ઠા, પુષ્ય એ નક્ષત્રો તથા ગુરૂ શુક્ર એ વાર યોગ્ય ઉપર જાહાજો વહાણ બનાવવાં અથવા પાણીમાં મૂકવાં ॥૪૨॥

### वाहन चक्र अथवा नाव.

श्लोक. रविभूक्तर्क्ष मारभ्यकुर्यात्रिण्युदये च षट् ।
नाभ्यांत्रीणी हृदित्रीणी पृष्टे भूपार्श्वगत्रये ॥
सुकाणे त्रीणिषणमध्ये नौकाचक्रेमसंस्थितिः ।
उपस्तंच मध्यस्तं षट् श्रेष्टं च परं नसत् ॥४३॥

અર્થ. સૂર્યનક્ષત્રથી દિનીયા નક્ષત્ર સુધી ગણવું પણ ત્રણ ત્રણ નક્ષત્રો આપવાને ક્રમ પ્રથમ ૩ ઉપર સાત કે ૭ આપવા પછી જાહાજના નાળા ઉપર ૬ હૃદય ઉપર ૩ પીઠ ઉપર૧ પડખા (બાજુ) ઉપર ૬ સુકાન ઉપર ૩ નાવના મધ્ય ભાગે ૬ નક્ષત્રો આપવા તેના ઉપર સ્થાને અને મધ્યસ્થાને શુભ નક્ષત્રો શુભ અને બીજાં સ્થાનકોનાં અશુભ જાણવાં ॥૪૩॥

इति श्री शिल्पशास्त्र संग्रहे पूर्व कांडे शुभ दिवस चक्रादि निर्माणे पंचमोऽध्याय ॥५॥

——o:⊕:o——

श्रीगणेशायनमः ॥

## अथ श्री शिल्पशास्त्र सारसंग्रहे पूर्वार्धे षष्ठोध्यायः भवन प्रासादादि क्षेत्र फलोत्पत्ति कर्तुमङ्गानि फलाय नक्षत्रादि प्रारभ्यते ॥

श्लोक. गणपति गुरु भक्तया भारती पाद तुष्ट्या ।
मुनिमत मिदमुक्तं वास्तुशास्त्रं सुवृत्तं ॥
गणितमपि च सारं शाकुनं सारभूतम् ।
भवचतुर सुयोग्यं विश्वकर्मा प्रसादात् ॥ १ ॥

અર્થ. ગણપતિ અને ગુરૂની ભક્તિ તથા સરસ્વતીના ચરણકમળની પ્રસન્નતાવડે અને મુનિના મત પ્રમાણે શ્રેષ્ટવૃત્તાન્તવાળું આ વાસ્તુશાસ્ત્ર કહ્યુંછે. તેમાં સારરૂપી ગણિત તથા શુકનશાસ્ત્ર છે. તે શુકનશાસ્ત્ર વિશ્વકર્માની કૃપાવડે ચતુર પુરૂષોને અંગીકાર કરવાલાયક થાઓ. ॥૧॥

श्लोक. नागैश्च गुणिते भक्त क्रमादेते पदार्थकाः ।
नागाद्रिनव सूर्य्याष्टभतिथ्यृक्षखभानुभि ॥ २ ॥

અર્થ. પૂર્વે કહેલા અધ્યાયના ક્ષેત્રફળને આઠે ગણીને અથવા ક્રમથી ૮॥૭॥૯॥૧૨॥૮॥૧૫॥૨૭॥૧૨॥ એના ભાગ દેવાથી એ પદાર્થ ક્રમથી થાયછે. ॥ ૨ ॥

### एकविंशति अंगानि.

श्लोक. आयश्चक्षेत्रनक्षत्रं नक्षत्रगणकस्तथा । नक्षत्र भागश्चंद्रस्य व्ययस्ताराततैवच ॥१
नाडिभिराशियुक्तंतु नामाक्षरफलेषुच । लग्नंच तिथिवारौ च कर्णतत्वविचारिणं ॥२
योगोवर्गःस्वामिराशेर्मैत्रीवर्णस्तथांशकः । नक्षत्रारिचसंशोध्यआयुर्दाभवनस्यवै ॥३
आयादिक्रमतःक्षेत्रेएकविंशतिअंगहि । प्रासादेभवनेचैवमतिमान्गणयेत्सुधीः ॥४॥

અર્થ. પ્રાસાદ તથા ભવનાદિ વિષે મતિવાળા અને ડાહ્યા પુરૂષે આય આદિ લેઇને એકવીશ અંગો મેળવવાં.

### अथ एकविंश अंगनां नामो.

| | | |
|---|---|---|
| ૧ આય ઉપજાવવી. | ૮ નાડી ઉપજાવવી. | ૧૫ કરણ ઉપજાવવું |
| ૨ ક્ષેત્રફળ ઉપજાવવું. | ૯ રાશિ ઉપજાવવી | ૧૬ તત્વ વિચાર |
| ૩ નક્ષત્ર ઉપજાવવું. | ૧૦ નામાક્ષર ફળ ઉપર | ૧૭ યોગ ઉપજાવવા |
| ૪ નક્ષત્રના ગણ જોવા | ૧૧ અંશક | ૧૮ વર્ગ |
| ૫ નક્ષત્રો વેંચવાં | ૧૨ લગ્ન ઉપજાવવું | ૧૯ રાશિ સ્વામી મૈત્રી |
| ૬ વ્યય ઉપજાવવો. | ૧૩ તિથિ ઉપજાવવી | ૨૦ નક્ષત્ર વેર |
| ૭ તારા ઉપજાવવી | ૧૪ વાર ઉપજાવવા | ૨૧ ક્ષેત્રનો આવરદા |

## अथ सप्तविंशति अंगानि.

श्लोक. आयः क्षेत्र फलं तथार्क्षक गुणौ तारांशकोभव्यय ।
स्तारा नाडीचराशिस्तदनु च भवनस्याभिधानाक्षराणि ॥
अंशो लग्नतिथी च वासरपतिस्तिथ्यर्ध तत्वे तथा ।
योगोवर्ग समाह्वयो भवनयो राशीशमैत्री तथा ॥ ५ ॥
वैरेराश्यधिपर्क्षयोश्चतदनुस्यात्तारकाया मुखं ।
योनिर्वर्ण उदीरितस्तदनुतन्नामाक्षराणि क्रमात् ॥
दिग्जातानितथोक्त मत्रचरमंक्षेत्रायु रंगानिहीं ।
न्द्रोर्ध्वे प्रोक्त मथैक्य मुत्तममथोनन्दाधिकं मध्यमम् ॥ ६ ॥
प्रासादे भवने तथैव मखिलेस्थाने शुभे सर्वदा ।
पश्येदङ्क संयुतिं शुभकरीमेधाव्यधीशः पुरः ॥
आयादि त्रिक पञ्च सप्त नवभिस्त्वङ्कैर्गृहंसौख्यदं ।
प्रोक्तं मण्डन सूत्रधारकृतिनाग्राह्यं सुखप्रेप्सुभिः ॥ ७ ॥

### सत्ताविश अंगोनां नाम.

| અં. | નામ | અં. | નામ. | અં. | નામ. |
|---|---|---|---|---|---|
| ૧ | આય ઉપજાવવી | ૧૦ | નામાક્ષર ફળ ઉપરથી ઉપજાવવા. | ૧૯ | રાશિના સ્વામી |
| ૨ | ક્ષેત્રફળ ઉપજાવવું | ૧૧ | અંશક ઉપજાવવો | ૨૦ | રાશિમૈત્રી |
| ૩ | નક્ષત્ર ઉપજાવવું | ૧૨ | લગ્ન ઉપજાવવું. | ૨૧ | સ્વામી વૈર |
| ૪ | નક્ષત્રના ગણ જોવા | ૧૩ | તિથિ ઉપજાવવી | ૨૨ | નક્ષત્રવૈર |
| ૫ | નક્ષત્ર દિશાઓમાં વહેંચવાં | ૧૪ | વાર ઉપજાવવો | ૨૩ | નક્ષત્રના મુખ |
| ૬ | વ્યય ઉપજાવવો | ૧૫ | કરણ ઉપજાવવું | ૨૪ | નક્ષત્રની યોનિ |
| ૭ | તારા ઉપજાવવી | ૧૬ | તત્વ વિચાર | ૨૫ | વર્ણ જોવા |
| ૮ | નાડી ઉપજાવવી | ૧૭ | યોગ ઉપજાવવો | ૨૬ | નામાક્ષર દિશા ઉપરથી ઉપજાવવા |
| ૯ | રાશી ઉપજાવવી | ૧૮ | વરગ ઉપજાવવો | ૨૭ | ક્ષેત્રનો આવરદા |

**અર્થ**. ઉપર બતાવેલા સતાવીશ અંગોમાંથી ૧૪ ચઉદ અંગ કરતાં ઉપરાંત અંગ મળે તો તે ઉત્તમ છે અને નવ ૯ કરતાં ઉપરાંત મળે તો મધ્યમ છે. પ્રાસાદ તથા ભવન ઈત્યાદિ સ્થાનોમાં મળ્યેથી નિરંતર તેના સ્વામીને શુભ છે. ॥ ૫॥

એ શુભ ફલને આપનારી આયાદિ અંગોની યુક્તિ જેવી તેમાં ત્રણ, પાંચ, સાત, અને નવ અંગો મળે તો તે ભવન (ઘર) સુખને આપનારૂં થાય છે. ॥૬॥

એમ કૃતી (કુશળ વિદ્વાન) મંડન સૂત્રધારે કહેલ છે તે પાસાલ (પરસાળ) તથા ભુવનને વિષે સુખની ઇચ્છા વાળાઓએ ગ્રહણ કરવાં. ॥૭॥

## क्षेत्र फळ कहाडवा विषे.

**श्लोक**. आयः कल्प्यो हस्तमेयः करैश्च क्षेत्रेमात्राभिर्भिते मातृकाभिः ।
मध्ये पर्यंकासने मंदिरे च देवागारे मंडपे भित्तिबाह्ये ॥ ८ ॥

**અર્થ**. હાથ અથવા ગજે માપી તેનું ક્ષેત્રફળ કહાડયા પછી હાથ અને આંગુલો પ્રમાણે આય કલ્પવો, પલંગની બે ઇસો અને બે ઉપલાં મળી ચારને માપમાં ન લેતાં ફક્ત મધ્યનો ગાળો ભરી આય લાવવો અને તેજ રીતે ભવન (ઘર)ના બે કરા એક મોવાલ અને પછીત એ ચારના ઓસારને માપમાં ન લેતાં એ ચારે ઓસારાનાજ મધ્યે રહેલા ગાળાનું માપ લઈ આય લાવવો પણ પાસાલ દેવ મંદિર અને મંડપની બહારની ફરકેથી એટલે ભીંતના ઓસાર સાથે પાયામાં દબાય તે સુદ્ધાં માપ લઈ આય લાવવો એજ પ્રમાણે ભીંતની અંદરની બાજૂએ પણ કલ્પવો એનું કારણ એછે કે અંદરનું અને બહારનું બન્ને બાજૂએ ક્ષેત્રફળ કહાડવાનું દેવસ્થાન વિષે કહેલું છે. ॥ ૮ ॥

## आय विचार.

**श्लोक**. आयास्तु ध्वज धूम्र सिंह श्रुतका गोरासमेआ क्रमात् ।
ध्वांक्षस्त्वष्टम आयकेषुविषमाः श्रेष्टा सुराणांगृहे ॥
छत्रे देवे गृहे द्विज स्वभवनेस्याद्वेदिकायांजले ।
विस्तारोत्क्रगवस्त्र भूषणमखागारेषुशस्तो ध्वजः ॥ ९ ॥

धूमोवह्न्युपजीविनामपि गृहे कुंडेच होमो भवे ।
सिंहद्वार नृपालयेस्मानेचयोसिंहश्च सिंहासने ॥
चाण्डालेशुनकी पिशांवृषभो हर्म्ये हवानांहिते ।
वाणिज्ये धन भोजनस्य भवनेथोवाद्यगेहे खरः ॥ १० ॥

वादित्रेखर जिविनाम विगृहे शूद्रे गजो योज्यतेः ।
वानेस्त्री गृहवाहने च शयने शस्तोगृहे हस्तिनां ॥

ध्वांक्ष शिल्पि तपस्विनांहितकरतेषांमुखंनामवत् ।
श्रीवत्सोविभवश्चैवव्ययाश्चितात्मकः स्मृतः ॥ ११ ॥

**અર્થ.** ધ્વજ, ધુમ્ર, સિંહ, શ્વાન, વૃષભ, ખર, ગજ અને ધ્વાંક્ષ અનુક્રમે આઠ આયો કહ્યા છે. દેવમન્દિર. બ્રાહ્મણનું આશ્રમ. વિદિકા. જલાસય. ક્ષેત્રનો વિસ્તાર અને ક્ષેત્રની ઊચાઈ, વસ્ત્ર, આભૂષણ મૂકવાનું સ્થાન અને યજ્ઞશાળા એટલે ઠેકાણે ધ્વજ આય શ્રેષ્ટ છે તથા અગ્નિવડે જીવનારના ઘરમાં અને હોમકુંડ વિષે ધુમ્ર. આય શ્રેષ્ટ છે. અને સિંહદ્વારમાં રાજ્યભુવનમાં શસ્ત્રોમાં અને સિંહાસનમાં એટલે ઠેકાણે સિંહ આય શ્રેષ્ટ છે]

ચંડાળના ઘર વિષે શ્વાન આય શ્રેષ્ટ છે. વૈસ્યના ભુવન વિષે તથા વેહપારીની દુકાન વિષે અને ભોજનશાળા વિષે અને અશ્વશાળાદિ વિષે વૃષ આય શ્રેષ્ટ છે. વાજીત્રોના ઘર વિષે ગધેડાવડે જેની આજીવિકા ચાલે તેના ઘરમાં ખર આય શ્રેષ્ટ છે શુદ્રના ઘર વિષે સ્ત્રીઓનાં ભુવન વિષે પલંગ (ખાટલો) અથવા વાહનો. પાલખી. રથ આદિ વિષે અને ગજ શાળા વિષે ગજ આય શ્રેષ્ઠ છે.

શિલ્પીના ઘર વિષે અને તપસ્વીના સ્થળ વિષે ધ્વાંક્ષ આય સુખકારી છે. પણ ધ્વજ આય કરતાં વય વધારે હોય તો બાદ નહી પણ બીજી આય કરતાં તો વય ઓછોજ જોઈએ તો સુખની પ્રાપ્તી થાય અને વધારે હોય તો સુખની પ્રાપ્તી થાય નહી. ॥૧૧॥

## આયનાં સ્વરૂપ.


**श्लोक.** ध्वजः पुरुष रूपश्च धूम्रो मार्जार रूपकः ।
सिंहश्च सिंह रूपेण श्वानस्तु श्वान रूपक ॥ १२ ॥
वृषो वृषभ रूपश्च खरो गर्दभ रूपकः ।
गजोगज स्वरूपश्च ध्वांक्षस्तु काकरूपकः ॥ १३ ॥

**અર્થ.** ધ્વજ આયનો પુરૂષ જેવો આકાર છે, ધૂમ્ર આયનો બિલાડાના જેવો આકાર છે, સિંહ આયનો સિંહ જેવો આકાર છે, શ્વાન આયનો કુતરા જેવો આકાર છે, વૃષ આયનો ગોધા જેવો આકાર છે, ખર આયનો ગધેડાના જેવો આકાર છે, ગજ આયનો હાથિ જેવો આકાર છે અને ધ્વાંક્ષ આયનો કાગડાના જેવો આકાર છે. ॥૧૨—૧૩॥

**श्लोक.** आयाः स्वनाम सदृशाकाराः स्युर्मुख भागके ।
शरीरेतु नराकारा ध्वजायोन्नृमुख स्मृतः ॥ १४ ॥
सर्वे नराकार भुजाः पादयो पक्षि रूपिणः ।
एतेषु विषमाः श्रेष्ठा समानो स्मृता बुधैः ॥१५॥

**અર્થ.** આઠે આયોનો પોતાના નામના મુખનો આકાર જનાવરોના જેવાં મુખવાળા હોય છે, શરીર પુરૂષના આકારનાં હોય છે. ધ્વજાનું મુખ પુરૂષના આકારનું હોય છે. સઘળાઓના પુરૂષના જેવા હાથ અને પક્ષી જેવા પગ હોયછે, ડાહ્યા માણુસોએ એ સઘળા

अष्ट आयनां स्वरूप तथा तेनां नाम लखे लांछे.
अने तेनो विस्तार जुदा पृष्टमां दरसाव्यो छे.



આયોમાં એકીની સંખ્યાના શ્રેષ્ઠ કહેલ છે અને બેકીની સંખ્યાના નેષ્ટ કહેલ છે.

श्लोक. पूर्वे चैव ध्वजं दद्यात् धुम्रमाग्नेयी संस्थितः ।
यम्ये सिंहं मदद्यार्द्रे नैऋत्यां श्वानमेवच ॥ १६
पश्चिमायां वृषं दद्या द्वायव्यां खर मेवच ।
उत्तरे च गजं दद्या दीशाने ध्वांक्ष मेवच ॥ १७ ॥

અર્થ. પૂર્વ દિશામાં ધ્વજ આય મૂકવો, અગ્નિકોણમાં ધુમ્ર આય, દક્ષિણ દિશામાં સિંહ આય, નૈઋત્ય કોણમાં શ્વાન આય, પશ્ચિમ દિશામાં વૃષ આય, વાયુ કોણમાં ખર-આય, ઉત્તર દિશામાં ગજ આય, અને ઈશાનકોણમાં ધ્વાંક્ષ આય સ્થાપન કરવો એ રીતે આઠે આયોના સ્થાન આઠ દિશામાં જાણવા.—

श्लोक. अन्योन्याभि मुखास्ते च क्रमच्छंदानु सारिणः ॥
ध्वजो गजो वृषः सिंहो दृश्यते शुभ वेश्मसु ॥ १८ ॥

અર્થ. અન્યોઅન્ય સામ સામી મુખવાળા અને પરસ્પર સરખી રીતે રહેનારા છે. ધ્વજ આય, ગજ આય, વૃષ આય, અને સિંહ આય. એ ચાર આયો પ્રાસાદને વિષે અને ભવન (ઘર) ને વિષે શુભ છે. ॥ ૨૦ ॥

श्री क्षेत्रनी आय उपजाववा विषे.

उक्तंच बादरायणे.

श्लोक. विस्तारे गुणिते दैर्घ्यं गृहक्षेत्रे फलं भवेत् ॥
ततपृथग् वसुभिर्भक्तं शेषमायो ध्वजादिकः ॥ १९ ॥

અર્થ. વિસ્તારને દીર્ઘે ગુણીને આઠે ૮ ભાગવાથી જે શેષ આવે તે ધ્વજાદિ આય જાણવો. ॥ ૨૧ ॥

श्लोक. ध्वजे चैवार्थ लाभःस्यात् संतापो धूम्रके तथा ॥
सिंहेच विपुला भोगाः कलहः श्वान के सदा ॥ २० ॥
धनं धान्यं वृषे चैव स्त्री मृती रासभे तथा ॥
गजे भद्राणि पश्यंति ध्वांक्षे च मरणं ध्रुवं ॥ २१ ॥

અર્થ. ધ્વજ આયથી અર્થ લાભ હોય, ધૂમ્ર આયથી સંતાપ ઉપજે, સિંહઆયથી અત્યંત ભોગ પામે, શ્વાનઆયથી કલેશ ઉત્પન્ન થાય, વૃષઆયથી ધન ધાન્ય હોય ખરઆયથી સ્ત્રીનું મરણ હોય, ગજઆયથી કલ્યાણ હોય અને ધ્વાંક્ષઆયથી મૃત્યુ ઉપજે. એ આઠે આયોનાં ફળ જાણવાં.

વિશેષ. જે ક્ષેત્ર અથવા જે જગા બાંધવાની હોય તેની લંબાઈ અને પહોળાઈને

ગજવડે માપવી. તેના ઉપર જે આંગળ ધ્વજાદિ આયથી રાખ્યા હોય તેનો ગુણાકાર કરીને આઠે ૮ ભાગવા અને જે શેષ રહે તે ધ્વજાદિ આય જાણવી. આયો જે જગા ઉપર લખેલી છે તેજ જગા ઉપર શુભ છે; પણ બીજી જગા ઉપર સારી નથી. આયનો હેતુ એછે કે આમદાનીનો હેતુ ખરચ ખાતા કરતાં વધારે હોય તો સુખની વૃદ્ધિ થાય.

| આંગળ. | | | આયો | સ્વામી | આંગળ. | | | આય | સ્વામી |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૯ | ૧૭ | ધ્વજ | રવી | ૫ | ૧૩ | ૨૧ | વૃષ | ચંદ્ર |
| ૨ | ૧૦ | ૧૮ | ધૂમ | મંગળ | ૬ | ૧૪ | ૨૨ | ખર | રાહુ |
| ૩ | ૧૧ | ૧૯ | સિંહ | શની | ૭ | ૧૫ | ૨૩ | ગજ | ગુરૂ |
| ૪ | ૧૨ | ૨૦ | શ્વાન | બુધ | ૮ | ૧૬ | ૨૪ | ધ્વાંક્ષ | શુક્ર |

## श्री क्षेत्रनुं फळ उपजाववा विषे.

**श्लोक.** आयामं क्षेत्र संभूतं व्यासेन गुणयेदथ ॥
सप्त विंशति भक्तेच यच्छेषं तत्फलं भवेत् ॥ २२ ॥

**અર્થ** આયને અનુસરીને જે લંબાઈ તથા પોળાઈ ગજે રાખેલી હોય તેના આંગળ કરીને ગુણાકાર કરવો. પછી તેમાં સત્તાવિશનો ભાગ દેતાં જે શેષ અંક આવે તે ક્ષેત્રનું ફળ જાણવું અને તેનેજ મૂલરાશિ કહે છે. ॥૨૨॥

**વિશેષ.** પ્રાસાદ ભવનની ક્ષેત્રની જગો બાંધવી હોય તેની લંબાઈ તથા પહોળાઈ ગજવતે ભરવી તેમાં જેટલા ગજ થયા હોય તેની ઉપરાંત ધ્વજાદિ આયને અનુસરીને આંગળ રાખવા. પછી તે નવ ગજ સુધી દરેક મૂકી દેવા, વધેલા ગજ એક ઉપર ત્રણ ત્રણ આંગળ મૂકી દેતાં જે વધે તે આંગળમાં ધ્વજ આદિથી રાખેલા આંગળો જે હોય તે બન્નેનો સરવાળો કરવો, પછી એ બન્ને તરફના સરવાળા આવ્યા હોય તેનો ગુણાકાર કરવો અને તેને સત્તાવીશે ભાગવા તેથી જે શેષ અંક રહે તે ક્ષેત્રનું ફલ અથવા મૂળ રાશિ કહેવાય છે. જેમ ક્ષેત્રની પૃથ્વી અને બીજ બન્ને શ્રેષ્ટ હોવાથી ઉત્તમ ફલ, શ્રેષ્ટ હોય તો મધ્યમ ફલ અને બન્ને કનિષ્ટ હોવાથી કનિષ્ટ ફલ થાય છે તેમજ ગૃહનો ભોક્તા અને કર્મકાર એ બન્ને સારા હોય તો ઉત્તમ ફલ થાય છે. બેમાંથી એક સારો હોય તો મધ્યમ અને, બન્ને કનિષ્ઠ હોય તો કનિષ્ટ ફલ થાય છે.

**શ્રીફળ, ચક્ર, તેજ મૂળરાશિ ઉપરથી અશ્વિની નક્ષત્ર આવે તેમ અનુક્રમે મૂળ રાશિના અંક અને નક્ષેત્રનાં નામ બતાવ્યાં તે ઉપરથી સમજવાનું કોષ્ટક.**

| મૂ. રા. | નક્ષત્ર | મૂ. રા | નક્ષત્ર | મૂ. રા. | નક્ષત્ર | મૂ. રા. | નક્ષત્ર. |
|---|---|---|---|---|---|---|---|
| ૧૭ | અશ્વિની | ૧ | પુષ્ય | ૧૨ | સ્વાતિ | ૨૩ | શ્રવણુ |
| ૭ | ભરણી | ૧૮ | આશ્લેષા | ૨ | વિશાખા | ૧૩ | ધનિષ્ટા |
| ૨૪ | કૃત્તિકા | ૮ | મઘા | ૧૯ | અનુરાધા | ૩ | શતતારિકા. |
| ૧૪ | રોહિણી | ૨૫ | પૂર્વા ફા. | ૯ | જ્યેષ્ટા | ૨૦ | પૂર્વાભાદ્રપદ |
| ૪ | મૃગ શિર્ષ | ૧૫ | ઉત્તરાફાલ્ગુની | ૨૬ | મૂળ | ૧૦ | ઉત્તરા ભા. |
| ૨૧ | આર્દ્રા | ૫ | હસ્ત | ૧૬ | પૂર્વાષાઢા. | ૨૭ | રેવતિ |
| ૧૧ | પુનર્વસુ | ૨૨ | ચિત્રા | ૬ | ઉત્તરા પા. | | |

## શ્રી ક્ષેત્રફળનું નક્ષત્ર ઉપજાવવા વિષે.

**શ્લોક** फलंचाष्ट गुणं कार्यं नक्षत्रैश्च विभाजितम् ॥
शेषमश्वादिकंज्ञेयं नक्षत्रं तद्गृहस्यच ॥ २३ ॥

**અર્થ.** ક્ષેત્રનું ફલ ઉપજે તેને મૂળરાશિ કહેવી, તેને આઠે ૮ ગુણીને સત્તાવિશે ૨૭ ભાગવી, શેષ આવે તેને અશ્વિન્યાદિ નક્ષત્ર' જાણવાં. ॥ ૨૩ ॥ "**વિશ્વકર્માપ્રકાશમાં**"

**શ્લોક.** आयुश्चाथ गृहे शर्क्षे गृह भैक्य मृति प्रदम् ॥ २४ ॥

**અર્થ.** ગૃહના સ્વામીનું નક્ષત્ર અને ગૃહનું નક્ષત્ર એક હોય તો મૃત્યુને આપનારૂં છે તેથી તે વર્જિત કરવું. ॥ ૨૪ ॥

**વિશેષ.** ॥ નાગના મુખમાં અશ્વિની તથા ભરણી આવેલા છે તેથી ક્ષેત્રફળના કામમાં વર્જવા, પણ મુહૂર્તમાં લેવા. માટે બાદ નથી.

**શ્લોક.** देमा रामा दमादेदे रेरे मामि दरा दराः ॥
दरा रामा मदेरार मामदे गण भाषितः ॥ २५ ॥

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| દે | મ | રા | મ | દ | મા | દે | દ | રા |
| ર | મા | મી | દ | રા | દ | રા | દ | રા |
| શ | મ | મ | દે | રા | ર | મ | મ | દે |

**नक्षत्र चक्रम्.**

| અંક | નક્ષત્ર | ગણ | અંક | નક્ષત્ર | ગણ | અંક | નક્ષત્ર | ગણ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | અશ્વિની | દેવ | ૧૦ | મઘા | રાક્ષસ | ૧૯ | મૂળ | રાક્ષસ |
| ૨ | ભરણી | મનુષ્ય | ૧૧ | પૂર્વા–ફા. | મનુષ્ય | ૨૦ | પૂર્વાષાઢા | મનુષ્ય |
| ૩ | કૃત્તિકા | રાક્ષસ | ૧૨ | ઉત-ફા. | મનુષ્ય | ૨૧ | ઉત્તરાષાઢા | મનુષ્ય |
| ૪ | રોહણી | મનુષ્ય | ૧૩ | હસ્ત | દેવ | ૨૨ | શ્રવણ | દેવ |
| ૫ | મૃગશીર્ષ | દેવ | ૧૪ | ચિત્રા | રાક્ષસ | ૨૩ | ધનિષ્ટા | રાક્ષસ |
| ૬ | આરદ્રા | મનુષ્ય | ૧૫ | સ્વાતિ | દેવ | ૨૪ | શતતારિ. | રાક્ષસ |
| ૭ | પુનર્વસુ | દેવ | ૧૬ | વિશાખા | રાક્ષસ | ૨૫ | પૂર્વાભા. | મનુષ્ય |
| ૮ | પુષ્ય | દેવ | ૧૭ | અનુરાધા | દેવ | ૨૬ | ઉત્તરા ભા. | મનુષ્ય |
| ૯ | અશ્લેષા | રાક્ષસ | ૧૮ | જ્યેષ્ટા | રાક્ષસ | ૨૭ | રેવતિ | દેવ |

**श्री क्षेत्रना नक्षत्रोना गण जोवा विषे.**

**श्लोक.** देवर्क्षं श्रुति पुष्पतोश्विभ मृगं मैत्रा निः पौष्णभं ॥
हस्तादित्य मथो नुरंतक विधेः पूर्वोत्तरा रुद्रभम् ॥ २६ ॥
रक्षो मूल विशाखिकाग्नि पितृभं चित्रा धनिष्टाद्वयम् ॥
ज्येष्टा श्लेषमपीह वैत्य मनुजैर्मृत्युस्तुदेवैः कालिः ॥ २७ ॥
स्वगणे चोत्तमा प्रीतिर्मध्यमा देव मानवैः ॥
कलहो देव रक्षागां मरणं दैत्य मानुषाम् ॥ २८ ॥

**અર્થ.** ભવનના ક્ષેત્રનું નક્ષત્ર રાક્ષસ ગણનું હોય અને ધરધણીનું નક્ષત્ર મનુષ્ય

ગણનું હોય તો અશુભ અથવા ઘરનો મનુષ્યગણ હોય અને ઘરધણીનો રાક્ષસગણ હોય તો પણ અશુભ છે. ઘરનો દેવગણ હોય અને ઘરધણીનો રાક્ષસગણ હોય અથવા ઘરનો રાક્ષસ ગણ હોય અને ઘરધણીનો દેવગણ હોય તો ક્લેસ થાય. ઘરનો દેવગણ હોય અને ઘરધણીનો મનુષ્યગણ હોય તો શ્રેષ્ટ છે, ઘરનો મનુષ્યગણ હોય અને ઘરધણીનો દેવગણ હોય તો મધ્યમ જાણવું. ઘરનો અને ઘરધણીનો બન્નેનો દેવગણ હોય અથવા બન્નેનો મનુષ્યગણ હોય તો શ્રેષ્ટ છે. જો બન્નેનો એકજ ગણ હોય તો વિશેષ શ્રેષ્ટ છે. ॥

**શ્રી ક્ષેત્રનાં નક્ષત્રો ઉપજ્યાં હોય તેને વહેંચવાં તેમાં જે દિશા ઉપર ઘરનું નક્ષત્ર રહે ત્યાં ચંદ્ર જાણવા વિષેની સમજ.**

श्लोक. धिष्ण्यानीह च सप्त सप्त क्रमतो वह्नेस्तु पूर्वादितः ॥
सृष्ट्या तानि भवंति यत्र गृहभं तत्रैव चंद्रो भवेत् ॥
हानिं पृष्ठगतः करोति पुरत स्त्वायुः क्षयं चंद्रमाः ॥
पार्श्वे दक्षिण वामके शुभकरोऽग्र देव भूपालयोः ॥ ११ ॥

અર્થ. કૃત્તિકાથી સાત નક્ષત્રો પૂર્વ દિશામાં સ્થાપન કરવાં અથવા વહેંચવાં તથા મઘાદિ સાત નક્ષત્રો દક્ષિણમાં તથા અનુરાધાદિ અભિજિત શાથે સાત નક્ષત્રો પશ્ચિમમાં અને ધનિષ્ટાદિ સાત નક્ષત્રો ઉત્તર દિશામાં સ્થાપવાં અથવા વહેંચવાં; એ રીતે દિશાઓનો અનુક્રમ લેઇને નક્ષત્રોની અનુક્રમે હરેક દિશાના ભાગે સાત નક્ષત્રો સ્થાપન કરવાં, ઘરનું ઉત્પન્ન થએલું નક્ષત્ર જે દિશામાં આવે તે દિશામાં ચંદ્ર છે એમ સમજવું. પણ તે ચદ્ર ઘરની પાછળ આવે તો હાનિ કરે તથા ભવનની સામે આવે તો ઘરના અધિષ્ટાતાનો ક્ષય અને ભવનની જમણી અથવા ડાબી તરફ આવે તો શ્રેષ્ટછે. દેવમંદિર અને રાજાના ભુવનની સામે હાટલે દ્વારે ચંદ્ર આવે તો તે શુભ છે અથવા પછવાડે આવે તો મધ્યમ છે અને બાજુએ આવે તો નેષ્ટ છે.

**श्री क्षेत्रनो व्यय उपजाववा विषे.**

श्लोक. नक्षत्रं वसुभिर्भक्तं यच्छेषः स व्ययो भवेत् ॥
समे व्यये पिशाचस्तु व्ययाधिके तु राक्षसः ॥ १२ ॥
व्ययोन्यून गतो यत्र धन धान्य करः स्मृतः ॥
शांतः पौरः प्रद्योतश्च श्रियानंदो मनोहरः ॥ १३ ॥
श्रीवत्सो विभवश्चैव व्यय श्चितात्मकः स्मृतः

અર્થ. ક્ષેત્રનું નક્ષત્ર ઉપજ્યું હોય તેને આઠે ૮ ભાગવું અને તેથી શેષ આવ તે વ્યય જાણવો. વ્યય ન્યૂન એટલે ઓછો હોય તો ધનધાન્ય કરે. અને વધારે હોય તો ધનનો નાશ કરે. અને સમ હોય તો તે વ્યય પિશાચ જાણવો, એટલે તે ધીમે ધીમે ધનની હાનિ કરે પણ ધ્વજ આય કરતાં વ્યય વધારે હોય તો તેનો બાધ નથી. પણ બીજી આય કરતાં વ્યય ઓછો જોઈએ માટે આયથી વ્યય વધારે રાખવો નહીં.

## व्यय चक्रम्.

| | | | |
|---|---|---|---|
| ૧ | શાંતઃ | ૫ | મનોહરઃ |
| ૨ | પૌરઃ | ૬ | શ્રી વત્સ |
| ૩ | પ્રદ્યોતઃ | ૭ | વિભવ |
| ૪ | શ્રિયાનંદ | ૮ | ચિંતાત્મક |

## श्री क्षेत्रोना तारा उपजाववा विषे.

श्लोक. गणयेत् स्वामी नक्षत्रात् यावदृक्षं गृहस्य च ।
नवभिस्तुहरेद्भागं शेषं तारा प्रकीर्तिता ॥३४॥
शांता, मनोहरा क्रूरा विजया च कुलोद्भवा ।
पद्मिनी राक्षसी बाला आनंदेति च ताः स्मृताः ॥
बुधैस्तृतीया सकलेषु वर्ज्या। या पंचमी सप्तमिका न शस्ता ॥३५॥

**અર્થ.** ક્ષેત્રના સ્વામિના જન્મ નક્ષત્રથી ક્ષેત્રના નક્ષત્ર સુધી ગણવું અને નવે ભાગવું. શેષ રહે તે તારા જાણવી. બાકીના શ્લોકનો અર્થ ચક્ર ઉપરથી સમજી લેવો.

ઉપર પ્રમાણે નવ તારાઓનાં નામ કહ્યાં તેમાં ત્રીજી, પાંચમી અને સાતમી એ ત્રણ તારાઓ નેષ્ટ છે. માટે ડાહ્યા માણસોએ તે વર્જિત કરવી.

| શાંતા | મનોહરા | ક્રૂરા | વિજયા | કુલોદ્ભવા |
|---|---|---|---|---|
| ૧ શુ | ૨ શુ | ૩ ને | ૪ શુ | ૫ ને |
| | પદ્મની | રાક્ષસી | બાલા | |
| | ૬ શુ | ૭ ને | ૮ શુ | |
| | | આનંદા | | |
| | | ૯ શુ | | |

## श्री क्षेत्रनी नाडी उपजाववा विषे.

श्लोक. अश्विन्यादिक भत्रयं फणिनिभं चक्रं त्रिनाडयुद्भवं ।
ह्येकस्थं वरकन्ययोश्च यदि भं तन्मृत्युदं चांशतः ॥
नाडी सेवक मित्रगेह पुरतश्चैका शुभा सव्यथा।

आद्या मध्य गतान्त्यकोति गदिता । व्यस्ता पि नाडयश्विभात् ॥ ३६ ॥
अश्विन्याद्यं त्रिकं व्यस्तं गणयेच्च पुनः पुनः ।
एक स्थाने नृ नारीणां नाडी वेधं परित्यजेत् ॥ ३७ ॥

**અર્થ.** જે ક્ષેત્રના સ્વામીની નાડી જે હોય તેની સાથે ક્ષેત્રનું નક્ષત્ર ઉપજ્યું હોય તેની નાડી એક આવે તો શુભ છે અને મિત્રે તથા ચાકરની પણ એક નાડી આવે તો શુભ છે; પણ વરકન્યાની જુદી નાડી આવે તો શુભ છે. અશ્વિનીથકી ત્રણ નક્ષત્ર આદ્ય, મધ્ય અને અંત પછી ત્રણ નક્ષત્ર અંત્ય, મધ્ય અને આદ્ય એ રીતે અનુલોમ અને વિલોમ રીતે વારંવાર ગણવાથી સઘળાની નાડી થશે.

## नाडी चक्रम्.

| નક્ષત્ર. | નાડી. | નક્ષત્ર. | નાડી. | નક્ષત્ર. | નાડી. |
|---|---|---|---|---|---|
| અશ્વિની | આ. | મઘા | અં. | મૂળ | આ. |
| ભરણી | મ. | પૂ. ફા. | મ | પૂર્વાષાડા | મ |
| કૃતિકા | અં. | ઉ. ફા. | આ. | ઉ.ષાડા | અં. |
| રોહિણી | અં. | હસ્ત | આ. | શ્રવણ | અં. |
| મૃગશિર્ષ | મ | ચિત્રા | મ | ધનિષ્ઠા | મ |
| આર્દ્રા | આ. | સ્વાતિ | અં. | સતતારકા | આ. |
| પુનર્વસુ | આ. | વિશાખા | અં. | પૂ. ભા. | આ. |
| પુષ્ય | મ | અનુ. | મ | ઉ. ભા. | મ |
| અશ્લેષા | અં. | જ્યેષ્ઠા. | આ. | રેવતિ | અં. |

## श्री क्षेत्रनी राशि उपजाववा विषे.

श्लोक. प्रीतिः स्यात्समसप्तमी च दशमी चैकादशी शोभना ।
दारिद्र्यं युगला करोति मरणं षष्ठी कलीः पंचमी ॥
मेषोऽश्वित्रितये हरिस्तु पितृभाच्चापं त्रये मूलतः ।
शेषैः स्युर्नव राशयः पदमते नंदांशकैस्ते पृथक् ॥ ३८॥

षष्टाष्टके भवेन्मृत्युः कलहो नव पंचमे ।
द्विद्वादशे च दारिद्र्यं शेषेषु प्रीति रुत्तमा ॥ ३९ ॥
गृहक्षेत्रेषु यद्दक्षं षष्टीघ्नं खशरो नितम्।
पंचत्रिंशच्छतैर्भक्तं (१३५) शेषं भुक्तिश्च राशयः ॥ ४० ॥

**અર્થ.** ક્ષેત્રનું નક્ષત્ર ઉપજ્યું હોય તેને સાઠે ૬૦ ગુણી તેમાંથી પચાસ ૫૦ ઓછા કરવા અનેબાકી રહે તેને એકસો પાંત્રીશે ૧૩૫ ભાગવા. શેષ રહે તેનો એક ગણવો. પણ ૩૪ સુધી વધે તો પહેલો પાયો, ૬૮ સુધી વધે તો બીજો પાયો, ૧૧૭ સુધી વધે તો ત્રીજો પાયો અને તે ઉપરાંત વધે તો ચોથો પાયો. પણ ગમે એટલા વધ્યા હોય તો તેનો અંક એકજ ગણવો અને જેટલે ભાગ લીધો હોય તે અંકમાં એક અંક ઉમેરવો તેથી જેટલા અંક આવે તેટલામી રાશિ જાણવી. તેની આકૃતિ સમજણને સારૂ રાશિચક્ર જુઓ.

**બીજી રીત.** ક્ષેત્રના અશ્વિન્યાદિ ત્રણ નક્ષત્ર આવે તો મેશરાશિ અને મઘાદિ ત્રણ નક્ષત્રો સિંહરાશિ અને મૂળાદિ ત્રણ નક્ષત્રો ધનરાશિ અને બાકીની નવ રાશિમાં દરેકનાં બે નક્ષત્ર ગણતાં પણ જ્યોતિષશાસ્ત્રમાં કહ્યા પ્રમાણે રાશિઓ ઘરને વિષે ગણાતી નથી ૩૧ અને ઘરની રાશિથી સ્વામીની રાશિ સુધી ગણવું અને ગણતાં પરસ્પર છ ૬ આઠ ૮ આવે તો મરણ થાય; નવ અને પાંચ આવે તો કલેશ ઉપજે; બે ૨ અને બાર ૧૨ આવે તો દરિદ્રતા આવે તથા બાકીની બધી રાશિમાં દ્રવ્ય, પુત્ર, પશુ ઈત્યાદિકનું સુખ થાય અને શુભ છે.

## રાશિની સમજ વિષે ટીકા.

**વિશેષ.** ક્ષેત્રનું નક્ષત્ર ઉપજ્યું હોય તેને ૬૦ સાઠે ગુણી તેમાંથી ૫૦ પચાસ ઓછા કરવા અને બાકી રહે તેને ૧૩૫ એકસો પાંતરીશે ભાગવા, શેષ રહે તેનો એક ગણવો એકને જેટલા ભાગે લીધો હોય તેટલા અંકમાં ઉમેરવો જેટલા અંક આવે તેટલામી રાશિ જાણવી તે સમજાવાની રીત રાશિ ચક્રમાં છે તે નક્ષત્રને ૬૦ સાઠે ગણવું કારણ કે 'દિવસ ને રાત મળીને ૬૦ ઘડી થાયછે તેના ચાર ભાગ કરીએ. તો ૧૫ પંદર ઘડી થઈ અને સવાબે દિવસની એક રાશિ અને ચંદ્ર પણ કહેવાયછે તેની નવ ભાગ થયા એટલે પંદરને નવે ગુણતાં એકસો ને પાંત્રીસ થયા તેથી એકસો પાંત્રીસનો ભાગ લેવો અને શેષ વધે તેનો અંક ગણી જેટલે ભાગ લીધો હોય તેમાં એક ઉમેરતાં જેટલા અંક આવે તેટલામી મેષાદિ રાશિ જાણવી.

રાશિ જાણવી.

**વિશેષ.** ક્ષેત્રનું નક્ષત્ર ઉપજ્યું હોય તેને ૬૦ સાઠે ગુણી તેમાંથી ૫૦ પચાસ ઓછા કરવા રહે તેને ૧૩૫ એકસો પાંતરીસે ભાગવા શેષ રહે તેનો એક ગણવો એકને ટલે ભાગે લીધો હોય તેટલા અંકમાં ઉમેરવો જેટલા અંક આવે તેટલામી રાશિ જાણવી.

તે સમજવાની રીત નીચે બતાવી છે. નક્ષત્રને ૬૦ સાઠે ગુણવું કારણકે દિવસને રાત મળીને ૬૦ ઘડી થાય છે. તેના ચાર ભાગ કરીએ તો ૧૫ પંદર ઘડી થઇને સવાએ દિવસની એક રાશિ અને ચંદ્ર પણ કહેવાય છે તેથી નવ ભાગ થયા એટલે પંદરને નવે ગુણતાં એકસોને પાંતરીશ થયા તેથી એકસો પાંતરીશે ભાગ લેવો, અને શેષ વધે તેનો એકગણી જેટલે ભાગ લીધો હોય તેમાં એક ઉમેરતાં જેટલા અંક આવે તેટલામી મેષાદિ રાશિ જાણવી.

## राशि चक्रम्.

નં. ૧ અર્થ.

| નક્ષત્ર. | રાશિ. | નક્ષત્ર. | રાશિ. | નક્ષત્ર. | રાશિ. |
|---|---|---|---|---|---|
| અશ્વિની | મેષ | મઘા | સિંહ | મૂળ | ધન |
| ભરણી | મેષ | પૂર્વા ફા. | સિંહ | પૂર્વાષાઢા | ધન |
| કૃત્તિકા | મેષ | ઉત્તરા ફા. | સિંહ | ઉત્તરાષાઢા | ધન |
| રોહિણી | મેષ | હસ્ત | કન્યા | શ્રવણ | મકર |
| મૃગશીર્ષ | વૃષભ | ચિત્રા | કન્યા | ધનેષ્ટા | મકર |
| આર્દ્રા | મિથુન | સ્વાતી | તુળા | શતતારકા | કુંભ |
| પુનર્વસુ | મિથુન | વિશાખા | તુળા | પુર્વા ભા. | કુંભ |
| પુષ્ય | કર્ક | અનુરાધા | વૃશ્ચિક | ઉત્તરા ભા. | મીન |
| અશ્લેષા | કર્ક | જ્યેષ્ટા | વૃશ્ચિક | રેવતી | મીન |

## अथ नामाक्षर विषे.

श्लोक. स्याने लघोः सद्म मुखादलिंदं । प्रदक्षिणं तं क्रमतो विदध्यात् ॥
मस्ता तः षोडशकं गृहाणां । प्रोक्तं तथाख्याः कथयामि तेषां ॥४१॥

**અર્થ.** ભવન (ઘર) નું મુખ અથવા મોવાળ જે દિશામાં હોય તે પૂર્વ દિશા સમજવી તે ભવન (ઘર) નો એક કરો દક્ષિણ દિશા, બીજો ઉત્તર, અને પછિત પશ્ચિમ સમજીને, સૃષ્ટિ માર્ગે પ્રસ્તારમાં જે દિશાએ લઘુ આવે, તેજ સૃષ્ટિ માર્ગે ઘરને અલિંદ અથવા પરસાળ આવે; એ રીતથી અનુક્રમે ભવન (ઘર)ના સોળ રૂપ થાય છે, તે કહું છું.

श्लोक. चत्वारो गुरवस्तु पूर्वगुरुतोधो ह्रस्वतोन्ये समाः ।
भूयःपश्चिम पूरितं च गुरुभिर्यावल्लघुत्वं भवेत् ॥
उद्दिष्ट द्वि गुणांकलेकयुभवैः संख्यैकामिश्री कृते

## नष्टस्ते विषमे समे गुरु लघू रूपे तद्धर्धाधेतः ॥ ४२ ॥


**અર્થ.** જેનું ક્ષેત્રફલ કર્યું હોય તેમાના દ્વારની પૂર્વાદિ દિશાના અંક લેવા અને ક્ષેત્રની બહાર દિવાલમાં જે દ્વાર મૂકયાં હોય તેના અંક લેવા નહિ અને ક્ષેત્રના ત્રણ ભાગ કરવા તે ઉપરથી દિશા જણાશે તેની આકૃતીની દિશાઓ નીચે બતાવી છે.

પૂર્વ દ્વાર જેટલાં હોય તેનો એકેકો અંક લેવો એરીતે દક્ષિણ તરફના જે દ્વારે હોય તેમના બે બે અંક લેવા અને પશ્ચિમ તરફના દ્વારના આઠ આઠ અંક લેવા એમ અનુક્રમે ૧ ૨ ૪ ૮ એકથી તે આઠ સુધી દરેક દ્વારના અંક લેવા ને બધાનો એકંદર સરવાળો કરી તેમાં એક ઉમેરી સોળનો ભાગ લેવો અને તેમાં એકથી તે સોળ સુધીમાં જે અંક આવે તે પ્રુવાદિ નામ જાણુવાં. અને તેના જે અક્ષરો આવે તે ક્ષેત્રોના ઘરોના નામાક્ષર જાણુવાં.

### नामाक्षर उपजाववानी रीतनां उदाहरण.


| | | |
|---|---|---|
| | ऽ ऽ ऽ ऽ | પ્રથમના રૂપમાં ચાર ગુરૂનાં ચિન્હો કર્યાં છે. |
| ૨ | । ऽ ऽ ऽ | બીજા રૂપમાં આદ્ય લઘુ અને ત્રણ ગુરૂ કર્યાં છે. |
| ૩ | ऽ । ऽ ऽ | ત્રીજા રૂપમાં આદ્ય ગુરૂ પછી લઘુ અને બે ગુરૂ છે. |
| ૪ | । । ऽ ऽ | ચોથામાં પ્રથમ બે લઘુ અને પછી બે ગુરૂ કર્યાં છે. |
| ૫ | ऽ ऽ । ऽ | પાંચમામાં પેહેલા બે ગુરૂ પછી એક લઘુ અને એક ગુરૂ છે. |
| ૬ | । ऽ । ऽ | છઠ્ઠામાં એક લઘુ પછી ગુરૂ પછી લઘુ પછી ગુરૂ છે. |
| ૭ | ऽ । । ऽ | સાતમામાં આદ્ય ગુરૂ પછી બે લઘુ પછી એક ગુરૂ છે. |
| ૮ | । । । ऽ | આઠમામાં પ્રથમ ત્રણ લઘુ પછી એક ગુરૂ છે. |
| ૯ | ऽ ऽ ऽ । | નવમામાં પ્રથમ ત્રણ ગુરૂ અને પછી એક લઘુ છે. |
| ૧૦ | । ऽ ऽ | દશમામાં પ્રથમ લઘુ પછી બે ગુરૂ પછી લઘુ છે. |
| ૧૧ | ऽ । ऽ । | અગિયારમામાં પ્રથમ ગુરૂ પછી લઘુ પછી ગુરૂ પછી લઘુ છે |
| ૧૨ | । । ऽ । | બારમામાં પ્રથમ બે લઘુ પછી ગુરૂ પછી લઘુ છે. |
| ૧૩ | ऽ ऽ । । | તેરમામાં પ્રથમ બે ગુરૂ પછી બે લઘુ છે. |
| ૧૪ | । ऽ । । | ચઉદમામાં પ્રથમ લઘુ પછી ગુરૂ પછી બે લઘુ છે. |
| ૧૫ | ऽ । । । | પંદરમામાં પ્રથમ એક ગુરૂ પછી ત્રણ લઘુ છે. |
| ૧૬ | । । । । | સોળમામાં ચારે અંક લઘુ છે. |

अथ [illegible] नामो, [illegible] नामाक्षर [illegible] तेमां [illegible] [illegible] तेमां पधारी [illegible]




[illegible]

## जुवो नाडी चक्र.



## घर नामाक्षर विषे.

श्लोक. ध्रुवं च धान्यं जय नन्द संज्ञे । खराख्यकान्तं च मनोरमाव्हम् ॥
सुवक्त्रमस्मात्किल दुर्मुखाख्यां क्रूरं विपक्षं धनदं क्षयं च ॥४३॥
आक्रंदकं वैपुलवैजये च । फलानि नाम्नाच तथैव तेषाम् ॥
ध्रुवादितोऽष्टौ विजयांतकं हि । त्वलिंद युक्तं मुखतो विदध्यात् ॥४४॥

**અર્થ:** ॥ ધ્રુવ, ધાન્ય, જય, નંદ, ખર, કાન્ત, મનોરમ, સુવક્ર, દુર્મુખ, ક્રર, વિપક્ષ, ધનદ, ક્ષય, આક્રંદ, વૈપુલ, વિજય, એ સોળ ઘરોના જેવાં નામ છે તેવાંજ ફળ છે. એ ઘરોમાં બીજા ધાન્યથી તે વિજય ઘર સુધી એક એકના અંતરે છે આઠ ઘરો લઈ તે દરેકના મુખ આગળ એક એક અલિંદ વધારવામાં આવે તો તેથી રમ્યાદિ આઠ ઘરો થાય છે. ॥૪૩-૪૪॥

## घरनां नामाक्षर उपजाववा विषे.

श्लोक. अथैक शालं द्विगुणाब्धि शालं । प्रस्तारतो लक्षणमेव तेषाम् ॥
यथोदितं वास्तुमते तथैव । ब्रवीमि राज्ञा मथवा जनानाम् ॥ ४५॥

**અર્થ.** એક શાળાનાં, બે શાળાનાં, ત્રણ શાળાનાં અને ચાર શાળાનાં ભવન પ્રસ્તારવડે કરવામાં આવે છે પણ એવાં ઘરો રાજાઓને અથવા સાધારણ લોકોને માટે વાસ્તુ શાસ્ત્રમાં કહેલાં લક્ષણો પ્રમાણે કરવાં જોઈએ.

## प्रकारांतरेण वास्तुशास्त्रे.

श्लोक. चतुर्भि र्गुणितं क्षेत्रं फलं षोडशभि र्भजेत् ॥
शेषं ध्रुवादिकं ज्ञेयं तन्नामानि यथाक्रमम् ॥ ४६ ॥

**અર્થ.** જે ક્ષેત્રનું ફલ ઉપજ્યું હોય તેને ચારે ગુણીને સોળે ભાગવાં જે શેષ રહે તે ઘરનાં ધ્રુવાદિ નામ જાણવાં.

## भवनना नामाक्षर.

श्लोक. दीर्घ विस्तारयोः संख्या मेकी कृत्य तु सर्वदा ॥
त्रिभिर्गुण्या चैकहीना भूपै स्तांस्तु विभाजयेत् ॥४७॥
अवशिष्टं तुयच्छेषं ध्रुवादि ग्रह मिष्यते ॥
ध्रुवादि ग्रह संज्ञातु कथिता विश्वकर्मणा ॥४८॥

**અર્થ:** જે ભુવનનું ક્ષેત્રફળ કર્યું હોય તેની લંબાઈના તથા પોળાઈના આંગળ કરીને તેનો સરવાળો કરવો તે સરવાળાને ત્રણે ગુણતાં જે આંગળ થમ્યા હોય તેમાંથી એક ઓછો કરી તેને સોળે ભાગ દેવો શેષ રહે તે ધ્રુવાદી ભુવનના નામ જાણવાં. એ પ્રમાણે વિશ્વકર્માએ કહ્યું છે.

## श्री क्षेत्रना अंशक उपजाववा विषे.

**श्लोक.** मूलराशौ व्ययं क्षिप्त्वा गृहनामाक्षराणि च ।
त्रिभिरेव हरेद्भागं यच्छेषं च तदंशकम् ॥ ४९ ॥
गृहनामाक्षर क्षेत्रफल व्ययं युतिं हरेत् ।
त्रिभिः शेषांशको ज्ञेयो मध्यमेत्र मृतिर्भवेत् ॥ ५० ॥
इंद्रो यमो नृपालश्च अंशकास्तु त्रयो मताः ॥

**અર્થ,** ક્ષેત્ર ફળના અંક અને વ્યયના અંક તથા ઘરના નામાક્ષર એ ત્રણે અંકનો સરવાળો કરી તેને ત્રણે ભાગતાં જે શેષ રહે તે અંશક જાણવા. તેમાંનો જો મધ્યમ અંશક હોય તો મૃત્યુનો ભય થાય.

| અંશ | ક્રય | ક્રમ |
|---|---|---|
| ૧ | ઇંદ્ર | શુભ |
| ૧ | યમ | નેષ્ટ |
| ૩ | રાજા | નેષ્ટ |

દેવસ્થાને, વેદિકાએ, બ્રાહ્મણના આશ્રમે અને બીજા ઉત્તમ ઠેકાણે ઇંદ્ર અંશક શ્રેષ્ઠ છે, હાટને વિષે તથા ભેરવો અને નીચ જાતિના ઘર વિષે યમ અંશક શ્રેષ્ઠ છે. રાજા કે બીજા સાધારણ લોકોના ઘરો વિષે તથા બીજે ઉત્તમ ઠેકાણે રાજાંશક શ્રેષ્ઠ છે.

**વિશેષ.** અંશક દેવસ્થાન તથા ઘરો વગેરેના કામોમાં ભાગ પાડયા હોય અથવા કાષ્ટ તથા પાષાણ જેટલા ઘાલ્યા હોય તેનો જે અંક આવ્યો હોય તેને ત્રણે ભાગતાં (૧) એક આવે તો ઇન્દ્ર તે શુભ (૨) બે આવે તો યમનેષ્ટ (૩) અને ત્રણ આવે તો રાજા તે શુભ જાણવો.

| | | | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઇંદ્ર શુભ | ૧ | ઇંદ્ર | ૪ | ઇંદ્ર | ૭ | ઇંદ્ર | ૧૦ | ઇંદ્ર | ૧૩ | ઇંદ્ર | ૧૬ | ઇંદ્ર | ૧૯ | ઇંદ્ર |
| યમ નેષ્ટ | ૨ | યમ | ૫ | યમ | ૮ | યમ | ૧૧ | યમ | ૧૪ | યમ | ૧૭ | યમ | ૨૦ | યમ |
| રાજાસારો | ૩ | રાજા | ૬ | રાજા | ૯ | રાજા | ૧૨ | રાજા | ૧૫ | રાજા | ૧૮ | રાજા | ૨૧ | રાજા |
| ઇંદ્ર શુભ | ૨૨ | ઇંદ્ર | ૨૫ | ઇંદ્ર | ૨૮ | ઇંદ્ર | ૩૧ | ઇંદ્ર | ૩૪ | ઇંદ્ર | ૩૭ | ઇંદ્ર | ૪૦ | ઇંદ્ર |
| યમ નેષ્ટ | ૨૩ | યમ | ૨૬ | યમ | ૨૯ | યમ | ૩૨ | યમ | ૩૫ | યમ | ૩૮ | યમ | ૪૧ | યમ |
| રાજાસારો | ૨૪ | રાજા | ૨૭ | રાજા | ૩૦ | રાજા | ૩૩ | રાજા | ૩૬ | રાજા | ૩૯ | રાજા | ૪૨ | રાજા |

## श्री क्षेत्रना लग्नविचार विषे.

श्लोक. आय मृक्षं व्ययं तारा मंशकंतु तथैव च
तत्सर्वं भानुना भक्तं शेषं लग्न मुदीरितम् ॥ ५१ ॥

અર્થ. આય, નક્ષત્ર, વ્યય, અંશક અને તારા એ પાંચેના અંકોનો સરવાળો કરી તેને બારે ભાગતાં જે શેષ રહે તે લગ્ન જાણવું.

## श्री लग्नचक्रम्.

| લગ્ન | સ્વામી | લગ્ન | સ્વામી | લગ્ન | સ્વામી |
|---|---|---|---|---|---|
| મેષ | મંગળ | સિંહ | સૂર્ય | ધન | ગુરૂ |
| વૃષભ | શુક્ર | કન્યા | બુધ | મકર | શની |
| મિથુન | બુધ | તુળા | શુક્ર | કુંભ | શની |
| કર્ક | ચંદ્ર | વૃશ્ચિક | મંગળ | મીન | ગુરૂ |

## श्री क्षेत्रनी तिथि उपजाववा विषे.

श्लोक. आय मृक्षं व्ययं तारा मंशकं तु तथैवच
एकी कृत्यतु त्रिंशद्भि र्भक्त शेषं तिथिं भवेत् ॥ ५२ ॥
नंदाद्यास्तिथयो ज्ञेयाः स्वनामसदृशंफलम्
नंदाद्या ब्राह्मणे प्रोक्ता भद्रा चैव हि क्षत्रिये ॥ ५३ ॥
वैश्य लोके जया ज्ञेया रिक्ता शूद्रे प्रदीयते
शुभ स्थानेषु सर्वेषु पूर्णा चैव नियोजयेत् ॥ ५४ ॥

**અર્થ.** આય, નક્ષત્ર, વ્યય, તારા, અને, અંશકના અંકોનો સરવાળો લઈ તેમાં ત્રિશનો ભાગ દેવો, શેષ રહે તે તિથિ થશે. નંદા તિથિ બ્રાહ્મણોને માટે સારી કહેલી છે. ભદ્રાતિથિ ક્ષત્રીઓને સારી, વૈશ્ય લોકોને જયાતિથિ સારી, તથા શુદ્ર લોકોને રિક્તાતિથિ સારી કહેલી છે. અને સઘળા પ્રકારના શુભસ્થાનકોમાં પૂર્ણાતિથિની યોજના કરવી,

| | | | | |
|---|---|---|---|---|
| બ્રાહ્મણ | નંદા | ૧ | | ૧૧ |
| ક્ષત્રિય | ભદ્રા | ૨ | ૭ | ૧૨ |
| વૈશ્ય | જયા | ૩ | ૮ | ૧૩ |
| શુદ્ર | રિક્તા | ૪ | ૯ | ૧૪ |
| શુભસ્થાને | પૂર્ણા | ૫ | ૧૦ | ૧૫ |

## तिथि चक्रम्.

| | શુ. | શુ. | શુ. | ક્લે. | શુ. | શુ. | શુ | શો. | શો. | શુ. | શુ. | શુ. | શુ. | ક્લં. | શુ. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| શુકલપક્ષ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ |
| આંકજો. | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ |
| કૃષ્ણપક્ષ | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૩૦ |

## श्री क्षेत्रना वार उपजाववा विषे.

**श्लोक.** क्षेत्रफलं रुद्रगुणं सप्तभि र्भाग माहरेत् ॥
शेषं रव्यादयो वारा रविभौमविवर्जिताः ॥ ५५ ॥

**અર્થ.** ક્ષેત્રફળ તે મૂળ રાશિને અગીઆરે ગુણીને સાતે ભાગ લેવો, જે શેષ રહે તે સૂર્યથી વાર જાણવો. તેમાંથી રવી અને મંગળ એ બેને તજવા.

## વારચક્રમ્.

| રવિ | ચંદ્ર | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શનિ |
|---|---|---|---|---|---|---|
| નેષ્ટ | શુભ | નેષ્ટ | શુભ | શુભ | શુભ | નેષ્ટ |

## श्री क्षेत्रनां करण उपजाववा विषे.

**श्लोक.** क्षेत्र फलं नन्दगुणं रुद्रैश्च भाग माहरेत्
करणं जायते शेषं बवादिषु विलोकयेत् ॥ ५६ ॥

**અર્થ.** મૂળ રાશિને નવે ગુણવી, અને અગીઆરે ભાગવી, શેષ આવ તે બવાદિ કરણ જાણવું. ॥

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | બવ | ૬ | વણિજં | ૧૧ | કિસ્તુઘ્નં |
| ૨ | બાલવં | ૭ | વિષ્ટિ | ૧૧ | ,, |
| ૩ | કૌલવં | ૮ | શાકુનિ | ૧૧ | ,, |
| ૪ | તૈતિલં | ૯ | ચતુષ્પદં | ૧૧ | ,, |
| ૫ | ગીરં | ૧૦ | નાગ | ૧૧ | ,, |

મુખ્ય કરણ ૭ છે અને ચાર સ્થિર કરણો તે મળી અગીઆર થાય છે.

## क्षेत्रना तत्व विचार विषे.

**श्लोक.** अष्टभिस्तु हृते क्षेत्र फले षष्ट्याविवर्जयेत् ।
पंचभि र्भाजितं लब्धं शेषं भूत मुदीरितम् ॥ ५७ ॥
पृथिव्यापस्तथा तेजो वायुराकाशमेवच ।
उद्वेगः पंचमे तत्त्वे हतकाले प्रभेदने ॥ ५८ ॥
पृथ्वी जले राजवित्तं हानिरग्नौ अनिले सुखम् ।
उद्वेगो गगने चैव पंच तत्वफलाफलम् ॥ ५९ ॥

**અર્થ.** ક્ષેત્ર ફળના જે અંક આવ્યા હોય તેને આઠે ગુણતાં જે અંક આવે તેમાંથી સાત ઓછા કરવા, જો ૬૦ બાદ જતા ન હોય તો, જે અંક હોય તેને પાંચે ભાગતાં જો શેષ (૧) રહે તો પૃથ્વી, (૨) રહે તો જળ, (૩) રહે તો તેજ, (૪) રહે તો વાયુ, અને (૫) રહે તો આકાશ, એને પંચતત્વ કહેવાં, એનું ફળ અંક ઉપરથી સમજવું.

## पंचतत्व चक्रम्.

| | | | | |
|---|---|---|---|---|
| પંચ તત્વોનાં નામ. | ૧ | જળ | ૪ | વાયુ |
| પૃથ્વી | ૩ | લક્ષ્મીપ્રાપ્તિ તેજ | ૫ | શુભ આકાશ |
| રાજ્યપ્રાપ્તિ. | | નેષ્ટ | | ઉદ્વેગ |

## श्री क्षेत्रना योग उपजाववा विषे.

श्लोक. क्षेत्र फलं विश्वगुणं सप्त विंशति भाजितम्
यच्छेषं जायते योगो विष्कुंभादिर्विनिर्दिशेत् ॥ ६० ॥

અર્થ. ક્ષેત્રની મૂલ રાશિના અંકને તેરે ગુણીને સત્તાવિશે ભાગ લેવો, શેષ રહે તે વિષ્કુંભાદિ યોગ જાણુવા.

### योग चक्रम्.

| અં. | યોગનાં નામ. | અં. | નામ. | અં. | નામ. | અં. | નામ. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | વિષ્કુંભ | ૮ | ધૃતિ | ૧૫ | વજ્ર | ૨૨ | સાધ્ય |
| ૨ | પ્રીતિ | ૯ | શૂલ | ૧૬ | સિદ્ધિ | ૨૩ | શુભ |
| ૩ | આયુષ્માન્ | ૧૦ | ગંજ | ૧૭ | વ્યતિપાત | ૨૪ | શુક્લ |
| ૪ | સૌભાગ્ય | ૧૧ | વૃદ્ધિ | ૧૮ | વરિયાણુ | ૨૫ | બ્રહ્મા |
| ૫ | શોભન | ૧૨ | ધ્રુવ | ૧૯ | પરિઘ | ૨૬ | એન્દ્ર |
| ૬ | અતિગંજ | ૧૩ | વ્યાઘાત | ૨૦ | શિવ | ૨૭ | વૈધૃતિ |
| ૭ | સુકર્મા | ૧૪ | હર્ષણુ | ૨૧ | સિદ્ધ | | |

## श्री क्षेत्रनो वर्ग उपजाववा विषे.

श्लोक. दैर्घ्यं पृथुत्वेन च ताडनीयं तयोर्य दैक्यं पुनरुच्छ्रयेण ।
शेषेधिनाथो वसुभाजितेस्मिन् समः प्रशस्तो विषमस्तुनैव ॥ ६१ ॥
वर्गाष्ट कस्य पतयो गरुडो बिडालः ।
सिंहस्तथैव शुनकोरग मूषकैणाः । मेष क्रमेण गदिताः खलु पूर्वतो यः
पंचमः स रिपुरेव बुधै र्विवर्ज्यः ॥ ६२ ॥

અર્થ. ક્ષેત્રની લંબાઈના અંક સાથે પહોળાઈના અંકનો ગુણાકાર કરતાં જે અંક આવે તે અંકમાં ધરની ઉંચાઈનો અંક ઉમેરીને સરવાળો કરતાં જેટલા અંક આવે તેને આઠે ૮ ભાગતાં જે શેષ રહે તે ક્ષેત્રનો વર્ગ જાણુવો. તે વર્ગ આઠ છે તેમાંથી (૨) બીજા (૪) ચોથા (૬) છઠ્ઠા અને (૮) આઠમા એ ચાર વર્ગમાંથી જે આવે તે ઈશાનાદિ કોણુમાં

આવવાથી શ્રેષ્ટ કહેલા છે. અને ૧ પહેલા ૩ ત્રીજા ૫ પાંચમા અને ૭ સાતમા એમાંથી જે આવે તે પૂર્વાદિ દિશામાં આવવાથી નેષ્ટ કહેલા છે. આ વર્ગ ઘરના સ્વામીના વર્ગ સાથે મેળવી જોવો, તેમાં પાંચમો આવતો હોય તો તે શત્રુ છે માટે તેનો ત્યાગ કરવો.

## वर्ग चक्रम्.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| નેષ્ટ | શ્રેષ્ટ | નેષ્ટ | શ્રેષ્ટ | નેષ્ટ | શ્રેષ્ટ | નેષ્ટ | શ્રેષ્ટ |
| ગરૂડ | બિલાડો | સિંહ | શ્વાન | સર્પ | ઊંદર | મૃગ | મેંઢો |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |

## श्री राशिना स्वामी विषे.

श्लोक. मेष वृश्चिकयो र्भौमः शुक्रोवृष तुलाधिपः
बुधः कन्या मिथुनयोः कर्कः स्वामी तु चंद्रमाः ॥ ६३ ॥
जीवो धनुर्मीनकयोः शनिर्मकर कुंभयोः
सिंहस्याधिपतिः सूर्यः कथितो गणकोत्तमैः ॥ ६४ ॥

અર્થ. મેષ અને વૃશ્ચિકનો સ્વામિ મંગળ, વૃષભ અને તુળાનો સ્વામી શુક્ર, કન્યા અને મિથુનનો સ્વામી બુધ, કર્કનો સ્વામી ચંદ્રમા, ધન અને મીનનો સ્વામી ગુરૂ, મકર અને કુંભ રાશિનો સ્વામી શનિ, અને સિંહ રાશિનો અધિપતી સૂર્ય છે, એમ ઉત્તમ ગણુકોનું કહે એ છે.

## राशि स्वामी चक्रम्.

| રાશિ | સ્વામી | રાશિ | સ્વામી | રાશિ | સ્વામી |
|---|---|---|---|---|---|
| મેષ | મંગળ | સિંહ | રવી | ધન | ગુરૂ |
| વૃષભ | શુક્ર | કન્યા | બુધ | મકર | શનિ |
| મિથુન | બુધ | તુળા | શુક્ર | કુંભ | શનિ |
| કર્ક | ચંદ્ર | વૃશ્ચિક | મંગળ | મીન | ગુરૂ |

## राशि स्वामी वैर तथा मैत्री.

श्लोक. मित्राणि द्युमणेः कुजेज्य शशिनः शुक्रार्कजौ वैरिणौ
सौम्यश्चास्य समो विधोर्बुधरवी मित्रे न चास्यद्विषत्

शेषाश्चास्य समाः कुजस्य सुहृद श्चंद्रश्च सुर्योबुधः
शत्रुः शुक्र शनी समौच शशभृत्सूनोः सिताऽर्कौ प्रियौ ॥ ६५ ॥
मित्रौ चास्यरिपुः शशी गुरु शनि क्ष्माजाः समा गीष्पतेः
मित्राण्यर्क कुजेन्दवो बुधसितौ शत्रू समः सूर्यजः
मित्रो सौम्य शनी कवेः शशिरवी शत्रू कुजेज्यौ समौ
मित्रौ शुक्र बुधौ शनेः शशिरविक्ष्माजा द्विषोन्यःसमाः ॥ ६६ ॥

**અર્થ.** સૂર્યને, મંગળ, ગુરૂ અને ચંદ્ર મિત્ર છે, શુક્ર અને શની શત્રુ છે અને બુધ સમ છે. ચંદ્રને બુધ અને સૂર્ય મિત્ર છે, મંગળ, ગુરૂ, શુક્ર, અને શની સમ છે. અને શત્રુ કોઈ નથી. મંગળ ને સૂર્ય, ચંદ્ર અને ગુરૂ મિત્ર છે, શુક્ર અને શની સમ છે, અને બુધ શત્રુ છે. બુધ ને સૂર્ય અને શુક્ર મિત્ર છે, ગુરૂ, શની અને મંગળ સમ છે અને ચંદ્રમા શત્રુ છે. ગુરૂ ને સૂય, મંગળ અને ચંદ્ર મિત્ર છે, શની સમ છે અને બુધ અને શુક્ર શત્રુ છે. શુક્ર ને બુધ અને શની મિત્ર છે. મંગળ અને ગુરૂ સમ છે અને સૂર્ય, ચંદ્ર શત્રુ છે. અને શનિને શુક્ર અને બુધ મિત્ર છે, ગુરૂ સમ છે અને સૂર્ય, ચંદ્ર અને મંગળ શત્રુ છે.

## मैत्री चक्रम्.

| ગ્રહ | સૂર્ય | ચંદ્ર | મંગળ | બુધ | ગુરૂ | શુક્ર | શની |
|---|---|---|---|---|---|---|---|
| મિત્ર | ચં. મં. ગુ. | સૂ. બુ. | સૂ. ચં. ગુ. | સૂ. શુ. | સૂ. ચં. મં. | બુ. શ. | બુ. શુ. |
| સમ | બુધ | ગુ. શુ. મં. શ | શુ. શ. | મં. ગુ. શ. | શ. | મં. ગુ. | ગુ. |
| શત્રુ | શ. શુ. | ૦ | બુ. | ચં. | બુ. શુ. | સૂ. ચં. | સૂ. મં. ચં. |

## श्री नक्षत्र वैर विषे.

श्लोक. वैरं चोत्तर फाल्गु नीश्वियुगले स्वाति भरण्योर्द्वयोः
रोहिण्युत्तर षाढयोः श्रुति पुनर्वस्वोर्विरोधस्तथा
चित्रा हस्त भयोश्च पुष्य फणिनो ज्येष्ठा विशाखाद्वये
प्रासादे भवनासने च शयने नक्षत्र वैरं त्यजेत् ॥ ६७ ॥

**અર્થ.** અશ્વિની અને ઉત્તરા ફાલ્ગુની ને વૈર, સ્વાતિ અને ભરણી ને વૈર રોહિણી અને ઉત્તરાષાઢા ને વૈર, શ્રવણ અને પુનર્વસુ ને વૈર તેમજ ચિત્રા ને હસ્ત ને વૈર અને પુષ્ય અને અશ્લેષા ને વૈર તથા જ્યેષ્ટા અને વિશાખાને છે. પ્રાસાદ, ભવન, આસન, યનમાં એ નક્ષત્ર વૈર ત્યાગ કરવું.

## नक्षत्र वैर चक्रम्.

| नक्षत्र. | न. वैर | नक्षत्र | न. वैर | नक्षत्र | नक्षत्र वैर |
|---|---|---|---|---|---|
| ઉત્તરા ફા. | અશ્વિની | રોહિણી | ઉત્તરા | ચિત્રા | હસ્ત |
| સ્વાતિ | ભરણી | શ્રવણ | પુનર્વસુ | પુષ્ય | અશ્લેષા |
| જ્યેષ્ઠા | વિશાખા | ૦ | ૦ | ૦ | ૦ |

## श्री नक्षत्रोनी संज्ञा विषे.

श्लोक. अश्विनी मृग नक्षत्रं सार्पचैव करस्तथा ।
अनुराधोत्तराषाढे पूर्वाभाद्रपदं तथा ॥ १ ॥ ६८ ॥
एतानि सप्त काणानि नक्षात्राणि द्विजोत्तमे
पुनर्वसुः कत्तिकाच पूर्वाचैव तु फाल्गुनी ॥२॥ ६९ ॥
स्वाति मूल धनिष्ठाश्च रेवतिश्च प्रकीर्तिता ।
सुलोचनानि चैतानि क्षत्रिये सप्त निर्दिशेत् ॥ ३ ॥ ७० ॥
चिर्पटानीह सप्तैव भरण्यार्द्रा तथैव च
मघा चित्रा हि ज्येष्ठा च उभा श्रवण मेव च ॥ ४ ॥ ७१ ॥
चिर्पटानि हि चैतानि वैश्ये सप्त विनिर्दिशेत् ।
शूद्राणामंधकानि स्यू रोहिणी पुष्यमेवच ॥ ७२ ॥
उफा वै शुभ नक्षत्रं विशाखा च ततः परम् ।
पूषा च वारुणं चैव क्रमात् संस्थापयेत्सुधीः ॥ ७३ ॥
वर्ण क्रमेण चत्वारि काणादीमि प्रकल्पयेत् ॥ ७४ ॥

**અર્થ.** અશ્વિની, મૃગશીર્ષ, હસ્ત, અનુરાધા, ઉત્તરાષાઢા; અને પૂર્વાભાદ્રપદ એ સાત નક્ષત્ર કાણાં છે, તે બ્રાહ્મણ શ્રેષ્ઠ છે. કૃત્તિકા, પુનર્વસુ, પૂર્વાફાલ્ગુની, સ્વાતિ, મૂળ, ધનિષ્ઠા, અને રેવતી એ સાત નક્ષત્રો દેખતાં ક્ષત્રિયને શ્રેષ્ઠ છે. ભરણી, આર્દ્રા, મઘા, ચિત્રા, જ્યેષ્ઠા, શ્રવણ અને ઉત્તરા ભાદ્રપદા, એ સાત નક્ષત્રો ચીબડાં છે, તે વૈશ્યને શ્રેષ્ઠ છે. અને એમ શૂદ્રને સાત આંધળાં નક્ષત્રો, રોહિણી, પુષ્ય ઉત્તર ફાલ્ગુની, વિશાખા પૂર્વાષાઢા, અને શતતારકા શ્રેષ્ઠ છે.

## नक्षत्रोनी संज्ञानुं चक्रम्.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| બ્રાહ્મણ | કાણું | અશ્વિની | મૃગશીર્ષ | અશ્લેષા | હસ્ત | અનુરાધા | ઉત્ત. ષા. | પૂર્વાષાઢા |
| ક્ષત્રી | દેખતું | કૃતિકા | પુનર્વસુ | પૂર્વા ફા. | સ્વાતિ | મૂળ | ધનિષ્ઠા | રેવતિ |
| વૈશ્ય | ચીબડું | ભરણી | આર્દ્રા | મઘા | ચિત્રા | જ્યેષ્ઠા | શ્રવણ | ઉત્ત. ભા. |
| શૂદ્ર | આંધળું | રોહિણી | પુષ્ય | ઉત્ત. ફા | વિશાખા | પૂર્વાષાઢા | શતતા. | ૦ |

## श्री नक्षत्रोनी योनि विषे.

श्लोक. अश्वोऽश्विनी शतभयोर्यमपौष्ण हस्ती ।
छागोऽग्नि पुष्य उरगोथ विधातृ सौम्ये ॥
मूलार्द्रयोः शुनक ओतुर हावदित्ये ।
पूफा मघा सुमत उंदुर एव योनिः ॥ ७५ ॥
गौर्भाद्रोत्तर फाल्गुनीत उदिता स्वातौ तथा माहिषी ।
व्याघ्रस्त्वाद्रविशाखयोश्च हरिणो ज्येष्ठानुधाद्वयोः
पूषाढाश्रवणेकपिर्निगदितो विम्बाभिजिन्नाकुलं
पूभायां वसुभे मृगेंद्र उदितो वैरं त्यजेल्लोकतः ॥ ७६ ॥

**અર્થ.** અશ્વિની અને શતતારાની અશ્વયોની, ભરણી અને રેવતીની ગજયોની, કૃત્તિકા અને પુષ્યની અશ્વયોની, રોહિણી અને મૃગશીર્ષની સર્પયોની, આર્દ્રા અને મૂળની શ્વાન યોની, પુનર્વસુ અને આશ્લેષાની માર્જારયોની, પૂર્વાફાલ્ગુની અને મઘાની ઉંદરયોની, ઉત્તરા ફાલ્ગુની અને ઉત્તરા ભાદ્રપદાની ગૌયોની, હસ્ત અને સ્વાતીની મહીષયોની, ચિત્રા અને વિશાખાની વ્યાઘ્રયોની, અનુરાધા અને જ્યેષ્ટાની હરણની યોની, પૂર્વાષાડા અને શ્રવણની વાંદરયોની, ઉત્તરાષાડા અને અભિજિત નોળિયાની યોની, અને ધનિષ્ઠા અને પૂર્વાભાદ્રપદાની સિંહયોની જાણવી, અને એનું વૈર લોકાનુસાર જાણવું.

## योनि चक्रम्.

| નક્ષત્ર | યોની | નક્ષત્ર | યોનિ | નક્ષત્ર. | યોનિ | નક્ષત્ર. | યોનિ |
|---|---|---|---|---|---|---|---|
| અશ્વિની | ઘોડો | પુષ્ય . | બિલાડી | સ્વાતી | ભેંશ | અભિજિત | નકુળ |
| ભરણી | હસ્તિ | અશ્લેષા | બિલાડી | વિશાખા | વાઘ | શ્રવણ | વાંદર |
| કૃતિકા | બોકડો | મઘા | ઊંદર | અનુરાધા | હરણ | ધનિષ્ઠા | સિંહ |
| રોહિણી | સર્પ | પૂર્વા ફા. | ઊંદર | જ્યેષ્ઠા | હરણ | શતતારકા | ઘોડો |
| મૃગશીર્ષ | સર્પ | ઉત્તરાફા. | ગાય | મૂળ | શ્વાન | પૂ. ભા. | સિંહ |
| આર્દ્રા | શ્વાન | હસ્ત | ભેંશ | પૂર્વાષાઢા | વાંદર | ઉ. ભા. | ગાય |
| પુનર્વસુ | બિલાડી | ચિત્રા | વાઘ | ઉત્તરાષાઢા | નકુલ | રેવતી | હસ્તિ |

## શ્રી [illegible] વર્ણ વિષે.

**શ્લોક.** विप्राः कर्कट मीन तौलि रुदिताः सिंहाज चापा नृपाः ।
[illegible] मकरो वृषोश्च वृषलायुग्मं च कुंभस्तुला ।
वर्णे नोत्तम कामिनी च भवनं भोज्ञे दधो यत्नतः
श्रेष्ठा द्वादश नंद राग गुणतो विप्रक्रमा द्राशयः ॥ ७७ ॥

**અર્થ.** કર્ક મીન અને વૃશ્ચિક એ ત્રણ રાશિનો બ્રાહ્મણ વર્ણ જાણવો. સિંહ, મેષ અને ધન એ ત્રણ રાશિનો ક્ષત્રિય વર્ણ જાણવો. મિથુન, કુંભ અને તુળા એ ત્રણ રાશિનો શુદ્ર વર્ણ જાણવો. તેમ સ્વામીની રાશિના વર્ણથી સ્ત્રીની રાશિનો વર્ણ ઉત્તમ હોય તો તેવી સ્ત્રીને સ્વામીએ પરણવી નહીં તેમજ ઘરધણીની રાશિના વર્ણથી ઘરની રાશિના ઉત્તમ વર્ણવાળું ઘર કરવું નહિ પણ બ્રાહ્મણ વર્ણવાળાને મીન રાશિનું ઘર કરવું તથા ક્ષત્રિય વર્ણ વાળાને ધન રાશિનું ઘર કરવું અને વૈશ્ય વર્ણવાળાને કન્યા રાસિનું ઘર કરવું તથા શુદ્ર વર્ણવાળાને મિથુન રાશિનું ઘર કરવું.

### વર્ણ ચક્રમ્.

| | બ્રાહ્મણ | | ક્ષત્રિય | | વૈશ્ય | | શુદ્ર |
|---|---|---|---|---|---|---|---|
| રાશિ | વર્ણ | રાશિ | વર્ણ | રાશિ | વર્ણ | રાશિ | વર્ણ |
| કર્ક | વિપ્ર | સિંહ | ક્ષત્રિય | કન્યા | વૈશ્ય | મિથુન | શુદ્ર |
| મીન | વિપ્ર | મેષ | ક્ષત્રિય | મકર | વૈશ્ય | કુંભ | શુદ્ર |
| વૃશ્ચિક | વિપ્ર | ધન | ક્ષત્રિય | વૃષભ | વૈશ્ય | તુળા | શુદ્ર |

### आयुष्य प्रकरण.

**શ્લોક.** विस्तारैर्गुणितं दैर्ध्य मष्टघ्नं खार्क भाजितम् ।
शेषमायुर्गृहादीनां शिल्पशास्त्रे प्रकीर्तितम् ॥ ७८ ॥

**અર્થ.** ભવનની લંબાઇને પોહોળાઇએ ગુણવું અને આઠે ગુણીને ૧૨૦ એકસો વીશનો ભાગ દેવો જે શેષ રહે તેટલા વરસનો ગૃહાદિનો આયુષ્ય થાય છે, એમ શિલ્પ-શાસ્ત્રમાં કહેલું છે.

**વિશેષ.** જો (૧૨૦) એકસોવીશ પૂરેપૂરા આવે તો પછી બીજા મજલાનો એનીજ પેઠે આયુષ્ય લાવી તે ઉમેરવો, અને તે પણ જો ૧૨૦ આવે તો તેથી ઉપરના મજલાનો લાવવો એમ જેટલા મજલા હોય તેટલા મજલા સુધી કરવું. પણ દેવસ્થાન, કોટ, નગર,

જલાશ્રય વગેરેને માળ હોતા નથી તેથી તેને કંદોરાની પેઠે પગથિયા મૂકે છે. ત્યાંથી ઉપર પ્રમાણે ગણવું.

**શ્લોક.** बहु गुणं लघु दोष समन्वितं । भवन देवगृहादिक मिष्यते ॥
जलवेन शिखी बहुतापवान् । न शममेति गुणैरधिको यतः ॥७९॥

**અર્થ.** ॥ જેમાં ઘણા ગુણો અને થોડા દોષો રહેલા હોય છે એવું એ ભવન અને પ્રાસાદ કરવામાં કાંઈ હરકત નથી જેમકે ઘણા તાપવાળો અગ્નિ પાણીના ઝીણા બિંદુવડે કાંઈ નાશ પામે નહિ.

**શ્લોક.** अल्प दोषं गुण श्रेष्ठं दोषाय न भवेद्गृहम् ।
आयव्ययौ प्रयत्नेन विरुद्धं च विर्जयेत् ॥ ८० ॥

**અર્થ.** ગૃહ બનાવવામાં દોષ અલ્પ અને ગુણ વધારે તો તે સ્થાનક દોષકારક ગણાતું નથી. તો પણ આય, વ્યય અને દોષ નક્ષત્રનો ત્યાગ કરવો.

**શ્લોક.** सूत्रधारणयच्छुद्धं कृतं यत्स्थानसाधनं ।
तत्स्थानं सर्व जंतूनां सुखदं स्यान्न संशयः ॥ ८१ ॥

**અર્થ.** ॥ સૂત્રધારે જે સ્થાનમાં શુદ્ધ ક્ષેત્ર ફળ કર્યું હોય, તે સ્થાન પ્રાણિ માત્રને સુખ આપનારૂં છે, તેમાં સંદેહ નથી. ॥

इति श्री शिल्पशास्त्र सारसंग्रहे पूर्वार्धे मध्य भागे क्षेत्रफलादि विस्तारपूर्वक षष्ठोऽध्यायः ॥

श्री गणेशायनमः

## अथ श्री शिल्पशास्त्र संग्रहे पूर्वार्ध मध्य.भागे गजादि काष्ठनिर्माण रेखा भागादि वार विषय रेखा गर्भादि सप्तमोऽध्याय आरभ्यते ॥

**श्लोक.** चतुरशीति विज्ञान सूत्रकर्मा द्विजे कुले ।
धर्मशास्त्र गुणैर्युक्तो भोग युक्तो द्वि भूतिदः ॥ १ ॥

**અર્થ.** ચોરાશી વિજ્ઞાનવડે યુક્ત રહે છે, બ્રાહ્મણના કુળમાંથી ઉત્પન્ન થઈ, વેદ અને શાસ્ત્ર અને ધર્મખંડોમાં પણ તે ફરે છે, એવા સૂત્રધારનું પણ બધા ખંડોમાં સર્વે સેવન કરે છે; ને તે ખંડમાં સૂત્રધાર સર્વે ધર્મશાસ્ત્રનું અધ્યયન કરે છે. અને ધર્મશાસ્ત્રના અધ્યયનથી સર્વ ધર્મ પાળે છે. અને ધર્મના પ્રતાપથી અનેક પ્રકારના ભોગ ભોગવે છે. અને તેથી કરી તેની સંપત્તિઓ પોતાના ઘરમાં રહેછે. તેવા સૂત્રધાર સર્વેને જોઇએ તેવાં નગર, ભવન, પ્રાસાદ, બાગ, બગીચા, જળાશ્રય આદિ દૃષ્ટિથી ઉત્પન્ન કરી આપે છે. અને શ્રીહરિનાં મંદીર અને બીજા અનેક પ્રકારની રચનાથી શ્રીહરિને પ્રસન્ન કરે છે.

### વૃક્ષફલોનો વિચાર વિષે.

**श्लोक.** वृक्षा दुग्ध सकंटकाश्च फलिन स्त्यास्त्या गृहाद् दूरतः ।
शस्ते चंपक पाटले च कदली जाती तथा केतकी ॥
यामा दूर्ध्वं मशेष वृक्ष सुरजा छाया न शस्ता गृहे ।
पार्श्वे कस्य हरे रवीश पुरतो जैनस्य चण्ड्याः क्वचित् ॥ २ ॥

**અર્થ.** ભવન પાસે દુધવાળા, કાંટાવાળા અને મોટા ફળવાળા વૃક્ષો રોપવા નહીં. પણ ચંપો, પાટલ, કેળ, જાઈ અને કેતકીનાં વૃક્ષો રોપવાં. વળી જે ભવન ઉપર દિવસના બીજા અને ત્રિજા પહોરે વૃક્ષની તથા દેવમંદિરની છાયા આવે, તે સારી નહીં. પણ પ્રથમ અને ચોથે પહોરે એવી છાયા ભવન ઉપર આવે; તો, તેનો દોષ નથી. બ્રહ્માના દેવળ પાસે વિષ્ણુ, સૂર્ય અને મહાદેવના દેવળ સામે તથા જૈન પ્રાસાદની પાછળ ભવન કરવું નહીં. અને જ્યાં ચંડીની સ્થાપના હોય, તેની તો કોઈ પણ નજીકની બાજૂ ઉપર ભવન કરવું નહીં. તેનાથી દૂર ભવન કરવું. ચણ્ડીની મૂર્તિ અને ભવન વચ્ચે ભીંત હોય, તો દોષ નથી. એમ બીજા ગ્રંથોમાં લખે છે. ॥ ૨ ॥

**श्लोक.** सदुग्ध वृक्षा द्रविणस्य नाशं । कुर्वंति ते कंटकिनोऽरिभीतिम् ॥
प्रजा विनाशं फलिनः समीपे । गृहस्य वर्ज्याः कलधौतपुष्पाः ॥ ३ ॥

**અર્થ.** ભવન આગળ દૂધવાળાં વૃક્ષો હોય, તો, દ્રવ્યનો નાશ થાય; કાંટાવાળાં વૃક્ષો હોય, તો, શત્રુની ભીતિ કરે; અને મોટાં ફળ એટલે ફણસ તથા નાળીયેરનાં વૃક્ષો હોય, તો, બાળકનો નાશ કરે; તથા પીળા ફુલવાળાં વૃક્ષો રોપવાં નહીં. ॥ ૩ ॥

વિશેષ. જો ઘરની પાસે સારાં વૃક્ષો હોય, તો, તે સુખાકારી આપે છે. અને નઠારાં હોય, તો, ઉપદ્રવ કરે છે. એ સર્વને અનુભવ છે. તેથી ફળ લખ્યાં છે, તે રીતે કરેથી સુખની પ્રાપ્તિ થશે.

## श्री काष्ठ विचार.

श्लोक. शाकःशाल मधूक सर्जखदिरा रक्तासनाः शोभनाः।
एकोऽसौ सरलोऽर्जुन श्चपनसः श्रीपर्णिका शिंशपाः ॥
हारिद्र स्त्वपि चंदनः सुरतरुः पद्माख्य कस्तिंदुकः।
नैतेन्येन युता भवंति फलदाः शाकादयः शोभनाः ॥ ४ ॥

અર્થ. સાગ, સાલ, મહુડો, સર્જ, ખેર, અને બિઓ, એટલા વૃક્ષોના કાષ્ઠ એક ઘરમાં ભેગા હોય, (સર્જ એટલે સરસ). અથવા એટલા ઝાડોમાંથી ગમે તો એકજ વૃક્ષ જાતિના લાકડાં ઘરમાં હોય, તો, શ્રેષ્ઠ છે. તથા સરલ, અરજુન વૃક્ષ, પનસ, શ્રીપર્ણિકા, શિશમ, હલદરવો, ચંદન, સુરતરૂ, પદ્માક, ટિંબરણુ એટલા વૃક્ષોનાં કાષ્ઠો એક ઘરમાં ભેગાં વાપરવાં નહિ. માટે એવા વૃક્ષોમાંથી તો એકજ જાતિના વૃક્ષોના કાષ્ઠો વાપરવાં, એ સારૂં છે, અને જે કાષ્ઠને અગ્નિ પ્રવેશ થયો હોય, તે કાષ્ઠ વાપરવું નહિ. ॥ ૪ ॥

श्लोक॥ उल्कापातो दिशा दाहो महा वायुः प्रवर्तते।
तारा घातश्च निर्घातः परितः पांसुवृष्टयः ॥
एतेषु दृश्यमानेषु न श्रेयो भवति ध्रुवम्।
न गच्छेत्पद मेकं च यदिच्छामति वर्तते ॥ ५ ॥

અર્થ. ઉલ્કાપાત, દિશામાં અગ્નિ લાગ્યો હોય, ઘોર વાયુ વાતો હોય, તારા ઘાત થયો હોય, ઈંદ્રનું વજ્ર પડયું હોય, ચોતરફ ધુળ ઉડતી હોય, તો ગૃહારંભને માટે લાકડાં લેવા જવું નહિ. ॥ ૫ ॥

श्लोक. ओं नमो रुद्राय पिंगलाय महात्मने।
विश्वदेव विश्वरूपाय विश्वकर्मणे वै नमो नमः ॥ ६ ॥

श्लोक॥ एवं शुभैश्च शकुनै र्गतव्यं काष्ठ साधने।
वृक्षान् संपूज्य यत्नेन गृह्णीयाद्धर्म्य साधनं ॥ ७ ॥

અર્થ. એ પ્રમાણે શુભ સુકને ભુવનને માટે કાષ્ઠ લેવા જવું. ત્યાં જઈને, વૃક્ષની પુજા કરીને, કાષ્ઠ લેવાં.

## गज विषेनो प्रकार.

श्लोक. ज्येष्ठोऽष्टाभिरथो दरै स्तुमुनिभि र्मध्यस्तु षड्भिर्लघुः
माप्यं चोत्तमकेन खेटक पुरं क्रोशादिकं योजनम् ॥

प्रासाद प्रतिमे नृपस्य भवनं मध्येन हर्म्यादिकं ।
यानं षड्यव संभवेन शयनं छत्रानास्त्रादिकम् ॥ ८ ॥

**અર્થ.** આઠ આઠ જવના પ્રમાણનો એક આંગળ (તસુ). એવા ચોવીસ આંગળ (તસુ)નો એક ગજ. તેનું નામ જયેષ્ઠ ગજ. તે ગજવડે ગામ, નગર કોશ અને યોજનાદિ માપવાં. તથા સાત આડા જવનો એક આંગળ (તસુ). એવા ચોવિસ આગળ (તસુ)નો એક ગજ. તેનું નામ મધ્યમ ગજ. તે ગજવડે પ્રાસાદ, પ્રતિમા તથા રાજાનાં અને બીજા સાધારણ લોકોનાં ઘરો માપવાં. અને છ આડા જવનો એક આંગળ (તસુ). એવા ચોવિશ આંગળ (તસુ)નો એક ગજ. તેનું નામ લઘુ ગજ અથવા હસ્ત. તે ગજવડે પાલખી, ગાડાં, ગાડી, ખાટલો, પલંગ, સિંહાસન, છત્ર અને શસ્ત્રો ઈત્યાદિ માપવાં. ॥ ૫ ॥

**શ્લોક.** रुद्रो वायु विश्वकर्मा हुताशो । ब्रह्मा काल स्तोयपः सोम विष्णू॥
पुष्पे देवा मूलतोऽस्मिंश्च मध्यात् । पंचाष्टांत्यं द्व्यग्निवेदै विभज्यम् ॥९॥
ईशो मारुत विश्वदेव विधयः सूर्यश्च रुद्रो यमः ।
वैरूपो वसवोष्ट दंतिवरुणौ षड्वक्त्र इच्छा क्रिया ॥
ज्ञानं वित्तपतिर्निशापतिजयौ श्रीवासुदेवो हली ।
कामो विष्णु रिति क्रमेण मरुतो हस्ते त्रयोविंशतिः । १०॥

**અર્થ.** ગજના આદ્ય છેડાનો દેવતા રૂદ્ર, અને પહેલાં ફુલનો દેવતા વાયુ. બીજા ફુલનો દેવતા વિશ્વકર્મા, ત્રિજા ફુલનો દેવતા અગ્નિ, ચોથા ફુલનો દેવતા બ્રહ્મા, પાંચમા ફુલનો દેવતા કાળ, છઠા ફુલનો દેવતા વરૂણ, સાતમા ફુલનો દેવતા સોમ, અને છેલ્લા ફુલનો દેવતા વિષ્ણુ છે. ॥ ૭ ॥

**અર્થ.** પ્રથમ રેખા ઉપર મહાદેવનું સ્થાપન કરવું. બીજી ઉપર વાયુનું, ત્રીજી ઉપર વિશ્વદેવ, ચોથી ઉપર અગ્નિનું, પાંચમી ઉપર બ્રહ્માનું, છઠી ઉપર સૂર્યનું, સાતમી ઉપર રૂદ્રનું, આઠમી ઉપર યમનું, નવમી ઉપર વિશ્વકર્માનું, દશમી ઉપર આઠે વસુનું, અગિઆરમી ઉપર ગણપતિનું, બારમી ઉપર વરૂણનું, તેરમી ઉપર કાર્તિકસ્વામીનું, ચૌદમી ઉપર ઇચ્છાદેવીનું, પંદરમી ઉપર ક્રિયાદેવીનું, સોળમી ઉપર જ્ઞાનનું, સતરમી ઉપર કુબેરનું, અઢારમી ઉપર ચંદ્રમાનું, ઓગણીસમી ઉપર જયનું, વીશમી ઉપર વાસુદેવનું, એકવીસમી ઉપર બળભદ્રનું, બાવીસમી ઉપર કામદેવનું, અને ત્રેવીસમી ઉપર વિષ્ણુનું, સ્થાપન કરી, એ સર્વનું પૂજન કરવું. ॥ ૮ ॥

## गजथी कोश विगेरेना विस्तार विषे.

**શ્લોક.** हस्ते यत्ना त्पुष्पयो रंतराले । त्वष्टा धार्यो मंदिरादे र्निवेशे ॥
हस्तो द्रूमौ यात्यकस्मात्तदासौ । कार्ये विघ्नं दुःखमाविष्करोति ॥११॥

**અર્થ.** ક્ષેત્ર કરનાર શિલ્પીએ કામનો આરંભ કરતી વખતે ગજના બે ફુલોના મ-

ધ્ય ભાગથી યત્નવડે ગજ પકડવો જોઇએ. અગર જો ગજ ઉપાડતી વખતે કદાચ તે જમીન ઉપર પડી જાય, તો, કામમાં વિઘ્ન અને દુ:ખ કરે. ॥ ૧૦ ॥

**શ્લોક.** तालो द्वादशमात्रकापरिमितस्तालद्वयं स्यात् करः ।
पादोन द्विकरोपि किष्कुरुदितश्चापश्चतुर्भिः करैः ॥
क्रोशो दंडसहस्रयुग्म मुदितो द्वाभ्यां च गव्यूतिका ।
ताभ्यां योजनमत्र भूमि रखिला कोटीशतै र्योजनैः॥ १२ ॥

**અર્થ.** બાર માત્રાનો એક તાલ (અર્ધ ગજ); બે તાલનો એક ગજ; પોણા બે ગજનો એક કિષ્કુ; ચાર ગજનું એક ધનુષ; બે હજાર ધનુષનો એક કોશ; બે કોશે એક ગવ્યૂતિ; બે ગવ્યૂતિનો એક યોજન; એવા સો (૧૦૦) કરોડ યોજનનું આખી પૃથ્વીનું પ્રમાણ છે. ॥ ૧૧ ॥

**વિશેષ.** ॥ બીજી રીતે જ્યારે ભવન હોય, ત્યારે જે આદમી ઘણો ઉંચો તેમજ ઘણો નીચો ન હોય, તેવા મધ્યમ ઉંચાઇવાળા માણસના હાથવતી દોરી માપવી. કોણાથી વચલી આંગળી સુધીનું અંતર પોણા ગજની બરોબર થશે. તેના ત્રણ ભાગ કરવા અને તેમાંનો એક ભાગ ઉપર ચઢાવવો, એટલે મધ્યમ સાત જવનો એક આંગળવાળો ગજ થશે. તેથી વચલી આંગળીના કાપા પણ એક આંગળ પ્રમાણે મળશે. તે ઉપરથી સઘળા માપનાં સાધન થશે. દરેક માપનાં સાધન આ શિલ્પશાસ્ત્રથી નીકળી શકે છે. તે ઘણા ઉપયોગમાં આવે છે. ॥

## गजना देवता.

**શ્લોક.** ब्रह्म विष्णु शिवानां तु त्रयो हस्ताः प्रकीर्त्तिताः ।
षट् सप्ताष्टयवैर्मानांगुलैः स्युस्तत्प्रयोजयेत् ॥१३॥

**અર્થ.** ॥ બ્રહ્મા, વિષ્ણુ, અને શિવ એવા ત્રણ હસ્ત કહેલા છે. તે અનુક્રમે ૬, ૭, અને ૮, છ, સાત, અને આઠ જવનો અંગુળ કરવો જોઇએ. અને તે ૨૪ અંગુળનો એક હસ્ત થાય છે. ॥ ૮ ॥

## काटखूणा विषे.

**શ્લોક.** सूर्यांगुल मितं दैर्घ्यं वितृतौ च नवांगुलम् ।
उभयोः कोण संलग्नं तिथ्यंगुलमुदीरितम् ॥ १४ ॥
नवांगुलं च विस्तृतौ स्वत्र्यंशाधिक मायतौ ।
पुनस्त्र्यंशाधिकं तत्र कर्णमीनं प्रकल्पयेत् ॥ १५ ॥


**અર્થ.** બાર, નવ, અને પંદર ઇંચ અથવા ફુટ અથવા ગજ જે ત્રણ બાજુએ ત્રણ ખુણથી રાખ્યા હોય, એટલે કાટખુણો થાય છે. અને પ્રથમ જેટલા ઇંચ અથવા ફુટ અથવા ગજ જે રાખ્યા હોય, તેના ત્રણ ભાગ કરવા. તેમાંનો એક ભાગ તેમાં ઉમેરવો, એટલે

ચાર થશે, અને તેમાં એક ઉમેરવાથી પાંચ થશે. એક બાજુએ ત્રણ, બીજી બાજુએ ચાર, અને ત્રીજી બાજુએ પાંચ રાખવા, એટલે કાટખુણો થશે. ॥ ૧૪ ॥

**શ્લોક. छायाऽणुरेणुवालाग्र लिक्षायूकायवांगुलम् ।**

**क्रमादष्टगुणं मानं हस्तमानं जिनांगुलैः ॥१॥ रूपावतार ॥१६॥**

**અર્થ.** ૧ છાયા, ૨ અણુ, ૩ રેણુ, ૪ વાલાગ્ર, ૫ લિક્ષા, ૬ યૂકા, ૭ યવ, અને ૮ અંગુલઃ એ અનુક્રમે ઉત્તરોત્તર આઠગણાં માપ છે. અને ચોવિશ અંગુલનો (ગજ) હસ્ત થાયછે. તેને મોટો ગજ કહેછે.



એક આંગળનું નામ માત્રા, ૨ બે આં. નું નામ કળા, ૩ આ. પર્વ, ૪ આ. મુષ્ટિ, ૫ તળ, ૬ કહયાદ (પા ગજ), ૬ દષ્ટિ, ૮ તુણી, ૯ પ્રાદેસ, ૧૦ સયતાળ (પુંચાથી મધ્યમાના અંત સુધી), ૧૧ ગોળણી, ૧૨ વિતસ્તિ (વેત), ૧૪ અનાહપદ, ૨૧ રત્નિ, ૨૪ આંગળ અથવા પૂરા ગજને અરત્નિ કહે છે. તથા ૪૨ આ. કિષ્કુ, ૮૪ આ. પુરૂષ, ૯૬ ધનુષ, ૧૦૬ દંડ, ૧૦૦૦ ધનુષના કોષ, બે કોષની એક ગવ્યૂતિ, અને બે ગવ્યૂતિનો એક યોજન થાય.

## भूमि चतुरस्त्र जोवा विषे.

**શ્લોક. अवलंबन सूत्रं तु मकारः कांबिका तथा ।**

**साधन्येवं ततस्तत्र गृहे साधन पंचकम् ॥ १७ ॥**

**અર્થ.** ૧ ઓલંબો, ૨ અયન સૂત્ર, ૩ કાંબી (ગજ), ૪ પરકાર, અને ૫ સાધણી, એ રીતે પ્રાસાદ ભવન બાંધવાના કાર્યમાં પાંચ સાધન પ્રથમ હોવાં જોઇએ. ॥ ૨૫ ॥

**વિશેષ.** સાધન લાકડાની કરવી. તે બે ગજ ને એક આંગળથી તે ત્રણ ગજ અને નવ આંગળ સુધી લાંબી કરવી. અને બેથી ત્રણ ઇંચ સુધી જાડી અને પહોળી કરવી. તેમાં વચ્ચે તથા બે છેડા ઉપર બબે બંધ રાખવા, એટલે છ બંધ રહેશે. તેમાં ત્રણેમાં એકેકું બાકું રહેશે. બાકીની નિકાલી બે તરફ રહેશે. તેમાં જે જગો બાંધવી હોય, ત્યાં મુકવી, ને જળ ભરવું. એટલે બે છેડાના બાકામાં બરાબર જળ આવે. તેથી જાણવું કે, બરાબર થઇ. તેના ઉપર એક સૂત્ર લાંબુ બાંધવું. ચારે ખુણે ખુંટી ઠોકી તેને એક છેડે ખુંટીને સૂતર બાંધવું. પછી સાધન બરોબર જળ ભરીને રહી હોય તેના ઉપરથી માપ લેઇને બીજી ખુંટીએ નિશાન કરવું. એ પ્રમાણે ચારે દિશાએ કરવું. અને બધી ખુંટીએ બરોબર નિશાન આવે, એટલે સિદ્ધ થયું સમ જાણવું.


## श्री काष्ठनो विचार.

**શ્લોક. मूलं मूलेन संयुज्या दग्रेणाग्रं च दारुषु ।**

शयिते स्याद धोमूल मग्रपूर्व्वे मयोजयेत् ॥ १८ ॥
न पुराणे नवंचाथ मूलं याम्ये परे शुभम् ।
उर्ध्वे द्रव्ये ष्वधो मूलं पार्श्व द्रव्येशमध्यतः ॥ १९ ॥
चतुष्क्यां नैर्ऋते मूले कुर्या दग्रद्वयं शिवे ।
न संधि संभवो मध्ये ब्रह्मस्थानऽपि तं त्यजेत् ॥ २० ॥

**અર્થ.** લાકડાંઓનું થડ અને ટોચ ગાંઠ ઉપરથી જણાશે; અને બીજે પ્રકારે લાકડું વહેતા પાણીમાં નાંખ્યું હોય, તો, ટોચ આગળ જાય, અને થડ પછવાડે રહે. તે જોઇને, જે લાકડાં ઉભાં ઘાલવાં હોય તેનું થડ નીચે રાખવું, અને ટોચ ઊંચી રાખવી. અને આડાં લાકડાં ઘાલવાં હોય, તેનું થડ પશ્ચિમે અને ટોચ પૂર્વે, અથવા દક્ષિણે થડ અને ઉત્તરે ટોચ રાખવી

કોઇપણ કાષ્ટનું મૂળ, મૂળ સાથે જોડવું, "અગ્ર ભાગ" અગ્ર ભાગની સાથે જોડવો, અને ઉભું લાકડું મૂકીએ, તો, હેઠળ (મૂળ) અને ઉપર (ટોચ) અગ્ર ભાગ રાખવો. જૂના કાષ્ટ સાથે નવું કાષ્ટ જોડવું નહિ, અને મૂળ દક્ષિણમાં અને પશ્ચિમમાં શુભ છે. ઉર્ધ્વ દ્રવ્યમાં હેઠળ મૂળ, પાર્શ્વ દ્રવ્યમાં ઇશાન, મધ્યમાં અને ચોકીમાં નૈઋત્ય કોણમાં મૂળ, અને બે અગ્ર ઇશાન કોણમાં રાખવાં. બે લાકડાની સંધિ (સાંધ) મધ્યમાં ન રાખવી, અને બ્રહ્મસ્થાનમાં પણ ત્યાગ કરવો.





**શ્રી રેખાચક્ર.**

**શ્લોક.** नव भाग कृते क्षेत्रे भागाश्च गृह संख्यया ।
रेखा रूप प्रमाणं तु सूत्र मात्रं परित्यजेत् ॥ २१ ॥
सा रेषा लोपिता येन ब्रह्मदोषो महद्भयम् ।
शिल्पिनो निष्फलं यांति स्वामि सूत्रस्य भंगतः ॥ २२ ॥

**અર્થ.** ક્ષેત્રની લંબાઈના નવ ભાગ કરવા, એટલે વચમાં આઠ રેખા ઉપજી હોય એ રેખા મૂકીને થાંભલો અથવા બારોઠીઓ અથવા તે જે આડાં લાકડાં અથવા ઉભાં પ્રાલીએ તેને રેખા છોડવી; અને દીવાલ કરવી હોય તો તેને પણ રેખા છોડવીને કરવું તે શુભ છે અને રેખા ઉપર આવે તો અશુભ છે અને રેખા ઉપર આવે તો શિલ્પી પણ ગુણહીન જાણવો. મધ્ય રેખા છોડવી કહીછે.

**श्लोक.** अणिमा महिमा चैव गरिमा लघिमा तथा ॥
प्राप्तिः प्राकाम्यमीशित्वं वशित्वं चाष्ट सिद्धयः ॥ २३ ॥

**અર્થ.** રેખા નામો.




**श्लोक.** चतुर्द्वारं चतुर्दिक्षु चतुरं च गवाक्षकं ।
नृपाणां भवने श्रेष्ठ मन्यत्र परिवर्जयेत् ॥ २४ ॥ (इति मत्स्यीये)
दृष्टि लोपात् पदलोपाद् गर्भ लोपात् तथैव च ।
शिल्पिनो नरके यांति स्वामिनश्च धन क्षयः ॥ २५ ॥

**અર્થ.** ચાર દિશામાં ચાર દ્વાર અને ચાર ઝરૂખાઓ રાજાના ભવનને વિષે શ્રેષ્ઠ છે; બીજાઓને કહ્યું નથી. બીજાને ત્યાં એક ઓછો થયાથી દોષ નથી દૃષ્ટિલોપથી, પદલોપથી ગર્ભલોપથી શિલ્પી નરકને પ્રાપ્ત થાય, ને ઘરધણી નિર્ધન થાય.

## શ્રી પદ વિભાગ.

**શ્લોક.** शालालिन्द उदीरितो हि विबुधैर्बाणेषु युग्मांशवः ।
सप्तांशेषु गुणैश्च नंद पदतो वेदांशतुल्य स्तथा ॥ २६ ॥

**અર્થ.** જે ભવનનું ક્ષેત્રફળ કર્યું હોય, તેની પહોળાઈના પાંચ ભાગ કરવા, તેમાંથી બે બાજુએ દોઢ દોઢ ભાગ મૂકવા, અને મધ્યે બે ભાગ મૂકવા. અને દેવસ્થાનની પહોળાઈના નવ ભાગ કરવા; તેમાં બે બાજૂએ અઢી અઢી, અને મધ્યે ચાર ભાગ મૂકતાં, જે ભાગ આવે, તે પદભાગ જાણવા. ઘરની પહોળાઈના સાત ભાગ કરીને, તેમાંના બબે ભાગ બે બાજુએ મૂકવા, તે પદભાગ જાણવા; ત્યારે, વચમાં ત્રણ ભાગ રહેશે. તેના ઉપર થાંભલા વગેરે આવે, તે શ્રેષ્ઠ છે. પણ ચોકના અલંગિયા તથા પડદો ભરવો હોય, તો, તેની ફડેકાર અગર દીવાલ, પદના ભાગ ઉપર કરવી, તે શુભ છે. બીજી જગે ઉપર કરે, તો નેષ્ટ છે.

## શ્રી ઘોડાગર્ભ.

**શ્લોક.** शालाजिनांशैश्चतरेत्र मध्ये । त्रयो हयाक्ते द्वयमस्य पार्श्वे ।
द्वारोत्तमांगेन समानकर्णाः । शस्ता न शस्ता भवनाभिवक्ष्ः ॥२७॥

**અર્થ.** જેનું ક્ષેત્રફળ કર્યું હોય, તેની પહોળાઈના ૨૪ ચોવીસ ભાગ કરવા; અને બે બાજુ ઉપર બે બે ભાગ રાખવા; તે ઘોડાનો પહેલો કાન. તેમાં દોડ ભાગ ઉમેરવો, એટલે સાડાત્રણ ભાગે ઘોડાગર્ભ જાણવો. તેમાં દોઢ ભાગ ઉમેરીએ, એટલે પાંચ ભાગ થયા, એટલે ઘોડાનો બીજો કાન જાણવો. અને બે બાજૂથી પાંચપાંચ એટલે દશ ભાગ ગયા, અને વચમાં ચૌદ ભાગ રહ્યા, એ ઘોડાગર્ભ તથા કાનોની રેખાઓ આવી; તેના ઉપર દરવાજાની શાકા તથા પીડીયાં વગેરે કોઈપણ લાકડું આવવું જોઇએ નહિ. આવે તો, નેષ્ટ છે. પ્રકારાંતરેણ, જેટલું પહોળું હોય, તેના ચોવીશ ભાગ કરવા કહ્યા છે. અને ગજના ૨૪ ચોવીશ આંગળ છે, માટે ભાગ કરવાની જરૂર નથી. પણ એક ગજે બે આંગળ ઘોડાનો પહેલો પહોળો કાન, અને સાડાત્રણ આંગળે ઘોડાગર્ભ, ને પાંચ આંગળે બીજો કાન. એ ઘોડાગર્ભે તથા કાન ઉપર, બારણાની શાખ વગેરે કોઈપણ લાકડું આવવું જોઈએ નહિ.

**શ્લોક.** सिद्धि बुध्या समेतो हि द्वारे तु गणनायकः ।
अश्व गर्भे लक्ष लाभौ स्थापनीयौ सुखेप्सुभिः ॥
गर्भेतु ब्रह्मणः स्थानं कथितं मुनिसत्तमैः ।
गणेश मग्रतः कृत्वा पूजिता विश्वकर्मणा ॥ २८ ॥

**અર્થ.** દ્વારને વિષે સિદ્ધિ બુદ્ધિ સહિત ગણપતિનું સ્થાન છે. ભવનના ઘોડાગર્ભે દ્વાર મૂકવું. તેની જમણી બાજુએ લક્ષ, ને ડાબી બાજુએ લાભનાં સ્થાન છે. માટે તે સ્થાને

પૂજાવાથી સુખની પ્રાપ્તિ છે. ગર્ભમધ્યે બ્રહ્માનું સ્થાન. એ રીતે મુનિયોએ કહ્યુંછે માટે ગણપતિને આદે ઉપર કપતા દેવોની વિશ્વકર્માએ પૂજા કરીછે. માટે સૌએ પુજા કરવી.

**શ્લોક. गेहोदयं तु विभजेन्नवधाषडंश । स्तम्भोऽर्धभागसमकं भरणं शिरश्च ॥**
**कुंभिस्तुदंबर समैकविभाग तुल्या । पट्टश्च तंत्रिकयुतः सममान एव ॥२९॥**

**અર્થ.** જેતું ક્ષેત્રફળ કર્યું હોય, તેના ભૂમિતળથી પાટડાના મથાળા સુધી ઉભરણી જે હોય, તે ધ્વજાદિ આયથી તેના નવ ભાગ કરવા; તેમાં પહેલા ભાગમાં કુંચી, છ ભાગનો થાંભલો, અને અરધા ભાગનું ભરણું, અને અરધા ભાગનું શરૂ, અને એક ભાગનો પાટડો, એને ભારોઠીઓ પણ બીજું નામ કહેછે. અગર સાદું કામ હોય, તો, ધ્વજાદિ આયથી થાંભલાઓ તથા ઉભરણી રાખવી. પાટડા સાથે તત્રંક કરવું.

**શ્લોક. स्तंभोऽष्टास्रसुवृत्तभद्रसहितो रूपेण चालंकृतः ।**
**युक्तः पल्लवकैस्तथा भरणकं यत् पल्लवेनावृत्तं ॥**
**कुंभी भद्रयुता कुमारसहितं शीर्षं तथा किन्नराः ।**
**पत्रं चेति गृहे न शोभन मिदं प्रासादके शस्यते ॥ ३० ॥**

**અર્થ.** આઠ હાંસીયાવાળો સ્તંભ, ગોળ સ્તંભ, ભદ્રસહિત સ્તંભ મૂર્ત્તિથી અલંકૃત હોય એવો સ્તંભ, પલ્લવ કોતરલા હોય એવો સ્તંભ, કુંભીભદ્ર હોય તેવો, તેમજ શરામાં કીચક હોય તેવો, તેમાં કીન્નર કોતરેલા હોય તેવો, ઈત્યાદિ સવાસો સ્તંભ ઘર વિષે સારા નહિ, પણ પ્રાસાદ વિષે શ્રેષ્ઠ છે.

**શ્લોક. स्तंभोद्वयोर्मध्यगतो न शस्तः । शुभंकरौ पट्ट युगांशतो द्वौ ।**
**गृहे प्रशस्ताश्चतुरस्रकास्ते । स्तंभा न कुंभेन विना प्रशस्ताः ॥ ३१ ॥**

**અર્થ.** બે ઘરો વચ્ચે એક સ્તંભ હોય, તે સારો નહિ; પણ ચાર પાટડા અને ચાર સ્તંભાઓ, અથવા બે પાટડા અને બે સ્તંભાઓ હોય, તો, તે સારા છે પરન્તુ તે સ્તંભાઓ ચતુસ્ત્ર જોઈએ. અને કુંભી વિનાનો સ્તંભ હોય, તો, તે પણ સારો નહિ.

**શ્લોક. हानिस्तुलामध्यगता पडास्य स्तंभे भडंतालयभित्ति भूषाः ।**
**सलग्न चत्वार्यपि हानये स्युः स्तंभासनं स्तंभशिरश्चशीर्षं । ३२ ॥**

**અર્થ.** પણ વચ્ચે તુલા, એક સ્તંભો, તથા એક ગજદંત ભીંત તે અને પ્રણાલ એટલે બારૂં તે પણ મધ્યે હોય તો તે સારૂં નહિ. તેમજ કુંભી, સ્તંભો શરુ અને ભરણું એ ચારે વસ્તુઓ એક લાકડામાંથી અથવા એકજ પથારીમાંથી કોતરી કાઢેલા હોય અથવા ઘડી કહાડયા હોય એવા સ્તંભ હોય તો તે હાની કરે માટે એ ચારે વસ્તુઓ એકજ વસ્તુમાંથી કોતરી અથવા ઉપાડી કાઢવી, અને વળગાડ રાખવો નહિ.

**વિશેષ.** અસ્ત પેલ પાડવા તેના વિભાગ પ્રથમ ચતુરસ્ત કરવો, પછી તેના બે ભાગ કરવા. એટલે મધ્ય ભાગથી અડધા ભાગના (૧૫) ભાગ કરવા તેમાંથી (૪) ભાગ મધ્યેથી લેવા. પછી ૫ પાંચ ભાગ લેવા, પછી (૬) એ પ્રમાણે બીજા અડધા ભાગમાં

કરવા. એ પ્રમાણે બીજા ત્રણુ પાષાણુ (૪-૫-૬) ભાગો કરી દોરા પાડવા. પછી એક પાશી-થા પેહલા (૪) ભાગથી તે બીજે પાશે છઠા (૬) ભાગના દોરાથી હાંસ ઘડવી. પછી વચમાં આઠ ભાગની હાંસ થઈ હોય. એ પ્રમાણે° અનુક્રમ ચારે પાસે (૮) હાંસો કરવી.

## श्री उभरणोना भाग.

**श्लोक.** हर्मस्योदयकं विभज्य नवधा कुंभी भवेद्भागतः ।
पादोनं भरणं शिरश्च कथितं पट्टः सपादो भवेत् ॥
स्तंभः पंच पदेन भाग उदितोऽष्टकोणश्च वृत्तोऽपि वा ।
भागार्धेन जयंतिका निगदिता सा तंत्रकस्योपरि ॥ ३२ ॥

**અર્થ.** ॥ રાજ ઘરના ઉદયના નવ ભાગો કરવા; અને તે નવ ભાગોમાંથી એક ભાગની કુંભી કરવી; પોણા ભાગનું ભરણું કરવું, પોણા ભાગનું શરૂ કરવું; સવા ભાગનો પાટડો રાખવો; સવા પાંચ ભાગનો સ્તંભ કરવો; અને તે સ્તંભને અષ્ટાસ્ત્ર અથવા ગોળ કરવો; પાટડાનો પોણો ભાગ સાદો રાખી, ઉપરના અર્ધ ભાગમાં તંત્રક કરવું; અને તંત્રક ઉપર જયંતી એટલે ટોડી કરવી.

इति श्री शिल्पशास्त्र सारसंग्रहे पूर्वार्धे मध्यभागे गजादि काष्ठरेखा घोडा गर्भादिषु सप्तमोऽध्यायः ॥ ७ ॥

---*---

## श्रीगणेशायनमः ॥ अथ श्री शिल्पशास्त्र सारसंग्रहे पूर्वार्ध मध्यभागे द्वार विस्तार भवनप्रवेशादि विषय विचारे अष्टमोऽध्यायः प्रारभ्यते ॥ ८ ॥

### द्वार विचार.

श्लोक ॥ द्वारे सर्वग्रहाणां तु तिलमात्रं न लोपयेत् ।
अग्रतः पृष्ठतः श्चैव समसूत्रं च कारयेत् ॥ १ ॥
स्तंभतः कुंभिकाकुंभीं तिलमात्रं न लोपयेत् ।
भरं शिरः पट्ट पदं तिल मात्रं न लोपयेत् ॥ २ ॥
युग्मं गृहं प्रकर्तव्यं एक स्वामिगृहे शिवम् ॥
मध्ये भित्ति द्वयं कार्य मेकैकं परिवर्जयेत् ॥ ३ ॥

**અર્થ.** સો ભવનનાં દ્વારમાં તલમાત્ર પણ ફેરફાર ન કરવો. ઓતરંગો આગળ પાછળ દ્વારનો ઉપલો ભાગ સમસૂત્ર રાખવો. થાંભો, કુંભી, ભરણું, શરૂ તથા પાટડો તેને તલમાત્ર સમવિષમ કરવાં નહિ. એક પુરૂષને બે ઘર કરવાં હોય તો મધ્યે બે દીવાલો એકઠી કરવી એકને માટે નિષેધ છે. થાંભલા પણ વચ્ચે બે ઘાલવા.

श्लोक. कापाटं गृह दक्षिणे निगदितं वामे भवेदर्गला ।
सृष्ट्या निष्क्रमणं कृतः मुनिवरै द्वारेषु सर्वेषु यत् ॥ ४ ॥

**અર્થ.** બારણાને પાછળ ડાબી બાજુએ આગળાને રહેવાનું સ્થાન, તથા જમણી બાજુએ બારણું ઢાંકયા પછી તેનો પ્રવેશ અને સૃષ્ટિ માર્ગે તેનું નીકળવાનું એ રીતે મુનિ લોકોએ પણ કહેલું છે સર્વ દ્વારને વિષે એમજ નિયમ છે.

**વિશેષ.** દ્વાર સનમુખ ઉભા રહીને જમણે હાથ બારણું બંધ કરીએ તે બારણાને વચ્ચે વેણી જડવી નહિ ડાબી બાજુના બારણાને જડવી એમ સર્વ બારેણાઓને કરવું.

श्लोकः गर्भे द्वारं न दातव्यं मध्यं नैव परित्यजेत् ।
मध्ये द्वारं तु देवानां द्विजाना मवनीभुताम् ॥ ५ ॥
शेषाणा मपि सर्वेषां मध्यासन्नं निधीयते ।
द्वारं गृहाणां सर्वेषां पद स्थाने प्रयोजयेत् ॥ ६ ॥
तुलाऽधस्तान्न दातव्यं केप्याहुर्नृपतेः शुभम् ।
क्षेत्रांक भक्ते तूर्यांशे द्वारं वा यदि विन्यसेत् ॥ ७ ॥

**અર્થ.** ગર્ભને વિષે દ્વાર ન મૂકવું; અને મધ્યનો ત્યાગ કરવો નહિ; એટલે મધ્ય ટાળવી ડાબી તરફ દ્વાર મૂકવું; એટલે ગર્ભ એકઠા ન કરવા સહેજ ફેર રાખીએ તે શુભ છે. દેવ, રાજા અને બ્રાહ્મણના ઘરમધ્યે દ્વાર મૂકવું. અને એ વગર બાકીના લોકોનાં સૂતેને

પણ મધ્યાસન્ન એટલે મધ્યની પાસેમાં પાસે દ્વાર મૂકવું. સઘળાં ગૃહોના દ્વારની પદસ્થાન માં યોજના કરવી અને તુલા એટલે પીઢીયાં નીચે ન કરવાં કોઇ એમ પણ કહેછે કે રાજા ગૃહોને તુલા નીચે પણ દ્વાર અશુભ છે. ઘરની પોળાઇનિા નવ ભાગ કરવા, તેમાં ચોથા ભાગે ડાબી દિશા તરફ, એટલે ઘરમાંથી નીકળતાં ડાબી બાજુએ ગર્ભ ચાળવી દ્વાર મૂકવું.

## द्वारनो भाग.

**श्लोक.** द्वार व्यासादि भागेन व्यासः शाखोत्तरंगयोः ।
प्रतिशाखा त्रिभागेन निर्गमे विस्तरे समा ॥ ८ ॥
एलका पल्लवैर्युक्ता बकुला पुष्पकै रपि ।
उदम्बर स्तूत्तरंगात्सार्धः क्रमीस मोदवः ॥ ९ ॥
द्वार विस्तार पादेन विस्तारः कलशस्य च ।
तदायव्यय ऋक्षांश तारा मैत्रींदु शोधितम् ॥ १० ॥

**અર્થ.** દ્વારની પહોળાઇનિા સાતમા ભાગ બરાબર શાખાનો અને ઉત્તરંગનો વિસ્તાર કરવો અને પ્રતિશાખા (એટલે પડશાખા) શાખા જેટલી પહોળી, અને શાખાના ત્રીજા ભાગે બહાર નીકળતી કરવી. એ દ્વાર શાખાઓ એલચીના પત્રવડે તેમજ બોરશળીના ફુલ વડે યુક્ત કરવી અને ઉમરો ઉત્તરંગ કરતાં દોઢો અને કુંભી સમાન ઉદયવાળો, એટલે જેટલી કુંભી હોય તેટલો ઉંચો કરવો.

દ્વારની પહોળાઇનિા ચોથા ભાગે કળસનો વિસ્તાર કરવો. ભવનમાં અને દેવસ્થાને કળસને ઠેકાણે વચ્ચે ગણપતિ કરવા. તેની આય, વ્યય, નક્ષત્ર, અંશ, તારા, મૈત્રી અને ચંદ્ર એઓએ શોધીત કરવો.

**વિશેષ.** ઉત્તરંગમાં દ્વારની પહોળાઇનિા ચોથા ભાગે ભડું કરવું તેની મધ્યે કળસનું સ્થાન ભવનમાં કરવું અને દેવસ્થાનમાં ગણપતિ કરવા.

**श्लोक.** नागदन्तौ नु शालायां द्वौ द्वौ भागेच दक्षिणे ।
एकः शालार्क भागेन तस्मात्सार्धं परित्यजेत् ॥ ११ ॥
द्वारोर्ध्वांगाः समाः शस्ता न गृहाभिमुखाः शुभाः ।
दैवे दीपालयं वामे दक्षिणांगे नृणां गृहे ॥ १२ ॥

**અર્થ.** શાળામાં નાગદન્તો બે ડાબી બાજુએ અને બે જમણી બાજુએ કરવા. તેમાં એક શાખાના બારમા ભાગવડે કરવો, અને બીજો તેથી દોઢ ભાગને અંતરે કરવો. તે દ્વારના ઉર્ધ્વ અંગ એટલે ઉત્તરંગના, સમાન હોય, તે શ્રેષ્ઠ છે; અને ગૃહના સામા હોય, તે શુભ નથી.

દેવગૃહમાં દીપાલય, એટલે દીવાનું સ્થાન, ડાબી બાજુએ, એટલે ડાબા અંગ તરફ, અને મનુષ્યોનાં ગૃહોમાં, દક્ષિણ અંગમાં, એટલે જમણી બાજૂએ કરવું.

## द्वार विषे.

श्लोक. नव भक्ते गृहोत्सेधे कुम्भी भागेन संमिता ।
पंच भागै र्भवेच्छाखा शाखार्ध द्वार विस्तरः ॥ १३ ॥
व्यासः प्रोक्तः कनिष्ठोय मुत्तम् स्तु ततोऽधिकः ।
सम शीर्षाणि सर्वाणि द्वाराणि कथितानि हि ॥ १४ ॥

**અર્થ.** (ભવન) ઉભણીના નવ ભાગ કરવા; તેમાં એક ભાગ બરાબર કુંભી કરવી, અને પાંચ ભાગની શાખા કરવી, અને શાખાની લંબાઈના અર્ધ બરાબર દ્વારની પહોળાઈ કરવી એ વિસ્તાર કનિષ્ટ માનનો કહ્યાછે અને તેથી અધીક હોય તે ઉત્તમ છે અને એ સધળાં દ્વારો સમાન ઉત્તરંગવાળાં કરવાનાં કહ્યાંછે.

**વિશેષ.** સાદાં ઘર કરવાં હોય તો ઉભણીના ત્રણ ભાગે પણ એજ પ્રમાણે ધ્વજાદિ આયથી બે ભાગની દ્વારશાખા, અને એક ભાગ ઉપર રાખવો. દ્વાર નાનાં તથા મોટાં હોય તોયણ નીચેથી ઉંચાં નીચાં કરી ઉત્તરંગ સમાન રાખવાં. આગલા બારણાથી બીજાં બારણાં ઉંચાં કરવાં, પણ નીચાં કરવાં નહિ.

## द्वार उपर द्वार मूकवा विषे.

श्लोक. द्वारोर्ध्वे यद्वार मस्य प्रमाणं । संकीर्णं वा शोभन नाधिकं तत् ॥
ह्रस्व द्वाराण्येव यानि पृथूनि । तेषां शीर्षाण्येकसूत्राणि कुर्यात् ॥१५॥

**અર્થ.** (ભવનના દ્વાર ઉપર દ્વાર મૂકવામાં આવે તે દ્વાર ઘરના નીચેના દ્વાર પ્રમાણે કરવું નીચેના દ્વાર કરતાં ઉપરનું દ્વાર સાંકડું કરવું પણ સુશોભીત કરવું તથા નીચેના દ્વાર કરતાં ઉપરનું દ્વાર પહોળું કરવું નહિ. તેમજ ઉદયમાં વધારવું નહિ. નાનાં અને મોટાં સર્વ દ્વારોનાં મથાળાં સમસૂત્ર રાખવાં અર્થાત્ ઉત્તરંગ સમસૂત્રમાં રાખવા કહ્યુંછે.

## द्वार विषे.

श्लोक. स्वयमपि च कपाटोद् घाटनं वा पिधानं ।
भयद मधिक हीनं शाखयोर्वा विचाले ॥
पुरुष युवति नाशः स्तम्भ शाखा विहीनम् ।
भयदम खिल काष्ठा ग्रं य दाधः स्थितं स्यात् ॥ १६ ॥

**અર્થ.** ઘરનાં દ્વાર પોતાની મેળે વસાઈ જાય તેમજ પોતાની મેળે ઉઘડી જાય તો તે ભય ઉત્પન્ન કરે. દ્વારની શાખાઓ એક તરફથી પહોળી અને બીજી તરફથી સાંકડી હોય, તોપણ ભય પેદા કરે. તથા સ્તંભને શાખા વિનાનું ઘર હોય તો તેથી સ્ત્રી અથવા પુરૂષનો નાશ થાય અને દ્વારના સ્તંભોને શાખા વગેરે લાકડાઓના મૂળનો ભાગ નીચે

અને ટોચનો ભાગ ઉંચો રાખવો જોઈએ એથી ઉલટી રીતે રાખવામાં આવે તો તે પણ ભય પેદા કરનાર છે ॥ ૧૭ ॥

श्लोक. एवुं द्वारं माङ्मुखं शोभनं स्या। चातुर्वक्त्र धातृ भूतेश जैन ॥
युग्मं प्राच्यां पश्चिमेऽथ त्रिकेषु। मूलद्वारं दक्षिणे वर्जनीयम्॥१७॥

અર્થ. જે ભવનને એક દ્વાર કરવું હોય, તે ઘરને પૂર્વદિશાએ દ્વાર કરવું. પણ બ્રાહ્મણ, મહાદેવ અને જૈનના પ્રાસાદને ચારે દિશાએ ચાર દ્વાર કરવાં તથા જે ભવનને બે દ્વાર કરવાં હોય તે ભવનને પૂર્વ અને પશ્ચિમ એ બે દિશામાં બે દ્વારો કરવાં અને જે ભવનને ત્રણ દ્વારો કરવાં હોય તે ભવનનું મૂળ દ્વાર દક્ષિણ દિશાએ કરવું નહિ.

## द्वारना उदय विषे.

श्लोक. षष्ट्या वाथ शतार्ध सप्तति युतै र्व्यासस्य हस्तांगुलै।
द्वारस्योदयको भवेच्च भवने मध्यः कनिष्ठोत्तमौ ॥
दैर्घ्यार्धेन च विस्तरः शशिकलाभागोऽधिकः शस्यते।
दैर्घ्यात्त्र्यंश विहीन मर्धरहितं मध्यं कनिष्ठं क्रमात् । १८ ॥

અર્થ. ઘરની જમીન જેટલા હાથ પહોળી હોય તેટલી અંગુલો લેઈ તેમાં ૫૦—૬૦–૭૦ અંગુલો ઉમેરવાં. એ રીતે ભવનના દ્વારના ઉદય (લંબાઈ) ત્રણ પ્રકારના કહ્યા છે. કનિષ્ટ, મધ્યમ અને શ્રેષ્ટ હવે ભવનના દ્વારના વિસ્તાર (પહોળાઈ) માટે એવી રીત છે કે દ્વારનો જે ઉદય, તેનો અરધ ભાગ લેઈને, આખા ઉદયનો સોળમો અંશ તે અરધ ભાગમાં મેળવતાં, જેટલા અંગુલો થાય, તે પ્રમાણે દ્વારની પહોળાઈ કરવામાં આવે તો તે શ્રેષ્ઠ છે અને દ્વારના ઉદયમાંથી સોળમા ભાગમાંના એક ભાગના પાંચ ભાગ કરવા તેમાંનો ત્રીજો ભાગ બાદ કરી, રહેલા બે ભાગ અરધા ભાગમાં ઉમેરવા તેટલી પહોળાઈ કરવામાં આવે તો તે કનિષ્ટ પ્રકારનું દ્વાર જાણવું

## श्री पाषाण विषे प्रकार

श्लोक. भूम्या रोहण मूर्ध्व तस्तदुपरि प्राग् दक्षिणं शस्यते।
द्वारं तूर्ध्वे भवं च भूमिरपरा ह्रस्वार्क भागैः क्रमात् ॥ १९ ॥
प्रासादे च मठे नरेन्द्र भवने शैलः शुभो नो गृहे ॥
तस्मिन्भित्तिषु बाह्यकासु शुभदः प्राग्भूमिकुम्भ्यां तथा ॥ २० ॥

અર્થ. પ્રથમ ભૂમિથી બીજા માળ ઉપર ચઢતાં પહેલા દ્વારમાં પ્રવેશ કર્યા પછી, જમણા હાથ તરફ છજો અથવા દાદર હોય, તે શ્રેષ્ટ છે અને નીચેના દ્વાર કરતાં મેડી ઉપરનું દ્વાર બારમા અંશે ઓછું કરવું. તેજ રીતે નીચેના ઉદકથી (ભૂમિતળથી મેડીના મથાળા સુધીના ઉદયથી) મેડીનો ઉદય પણ બારમા અંશે ઓછો કરવો. વળી દેવપ્રાસાદ તથા રાજમહેલ અને મઠની એક બાજુએ અથવા બંને બાજુએ, પર્વતની ભીત આવે, તો, તે સારી છે.

વિશેષ. પણ સાધારણ લોકોના ઘરમાં પર્વતની ભીંત આવે, તો સારી નહીં. પ- રંતુ તેવા લોકોના ભવનની ભીંતના બહારના ભાગે (તે જગોની કુંભી નીચે) પર્વતનો ગમે તે ભાગ આવે, અથવા પર્વતનો ભાગ હોય, તો, તેની ફિકર નથી. તથા લોકોના ભવનની પ્રથમ ભૂમિની ગમે તે જગોની કુંભીના નીચે પર્વતનો ગમે તે ભાગ આવે, અથવા તેજ પર્વતના કોઈ પણ ભાગની કુંભી હોય, તો, તેની ચિન્તા નથી. તેમજ ભવન આગળના ઓટલા સુધી પર્વતનો પથ્થર આવે, અથવા પર્વતનો ઓટલો હોય, તો પણ, ફિકર નથી.

## श्री पाषाण विषे.

श्लोक. उत्तान पट्टो नृप मंदिरेऽसौ । हस्ते च हस्ते द्वियवोन्नतः स्यात् ॥
पाषाणतः सौख्यकरो नृपाणां । धनक्षयं सोऽपि करोति गेहे ॥२१

અર્થ. રાજાના પ્રાસાદ વિષેના પાટડા ઉપરની છાટ રાખવાની રીત એવી છે કે, દરેક હાથે બે જવ પ્રમાણે છાટની જાડાઇ રાખવી. એવી જે પાષાણની છાટ હોય, તે રાજાને સુખકારી છે પણ એવી છાટ સાધારણ લોકોના ઘરમાં રાખે, તો, તેથી ધનનો નાશ થાય.

વિશેષ. પાષાણ, પ્રાસાદ, કિલ્લા, નગર, દેવસ્થાન, જળાશય, વગેરેમાં વાપરવાનું કા- રણ કે, એ સ્થાનકો ઘણાં મજબુત જોઇએ. અને બીજાં ઘરોમાં ના કહેલી છે, તેનું કારણ એ છે જે, તે એટલાં બધાં મજબુત બંધાઇ શકતાં નથી; તેથી વાપરવા નહિ. અને તે ણ દેશને અનુસરીને પૃથ્વીના ભાગમાં વપરાયછે.

## गृह प्रवेश.

श्लोक. उत्संग नामाभिमुखः प्रवेशः । स्यात् पृष्ठभागे भवनस्य पश्चात् ॥
विनाशहेतुः कथितोऽपसव्यः । सव्यः प्रशस्तो भवनेऽखिलेऽसौ ॥२२

અર્થ. ભવનના સંમુખે પ્રવેશ થાય, તેનું નામ ઉશંગ નામનો પહેલો પ્રવેશ, તે શ્રેષ્ઠ છે. અને ઘરની પછીત ફરી, ઘરમાં પ્રવેશ થાય, તે પૃષ્ટભંગ; એ બીજો પ્રવેશ વિ- નાશકરતા છે. પ્રથમ દ્વારમાં પ્રવેશ કર્યા પછી, જમણી તરફ થઇને, વાસ્તુ ઘરમાં પ્રવેશ થાય; તે ત્રીજો અપસવ્ય પ્રવેશ કહેવાય. અને પ્રથમના દ્વારમાં પ્રવેશ કર્યા પછી, ડાબી તરફ થઇને, વાસ્તુ ઘરમાં પ્રવેશ થાય. એ રીતે ચાર પ્રવેશ કહ્યા છે.

વિશેષ. પછીત જોઇને, ઘરમાં પેસવું, નેષ્ટ છે. તેનું કારણ એ છે કે દેખાવ સારે દેખાતો નથી અને હવા રોકાય.

## घरोंनी पहोळाई विषे.

श्लोक. गृहस्य भूमिर्यदि पृष्ठभागे । स्वल्पा तदा हीनगुणा प्रदिष्टा ॥
अग्रेऽल्पिका मध्यगुणा ततः सा । समाविधेया चतुरस्त्रिका च ॥२३॥

અર્થ. ક્ષેત્રફળ કરવું હોય, તે જમીન આગળથી પહોળી અને પાછળથી સાંકડી હોય

હોય, તે (વ્યાઘ્રમુખ) નેષ્ટ છે. અથવા આગળથી સાંકડી અને પાછળથી પહોળી હોય તે મધ્યમ છે. માટે જેવી હોય, તેનું ક્ષેત્રફળ જે બાજૂએ સાંકડી હોય, તે પ્રમાણે, સમચોરસ થશે. એટલે પહોળા સાંકડાનો દોષ રહેશે નહિ. બાકીની રહી તે, ગોઝાર જાણવી, તે જરૂર હોય, તો બાંધવામાં લેવી. પણ સ્તંભ, દ્વાર આદિ મૂકવાં, તે ક્ષેત્રફળ કર્યું હોય, તેના વિભાગે મુકવાં.

## घरोंनी उंचाई विषे.

**श्लोक. अग्रे निम्नं पृष्ठभागे समुच्च । मग्रे पृष्ठे साम्यतां संमपन्नम् ॥**
**शस्ते द्वे ते सद्मनी संप्रदिष्टे । नेष्टं गेहं पृष्ठभागेऽति नीचम् ॥ २४ ॥**

**અર્થ.** ગૌમુખું ભવન (ઘર) તેને કહેવું કે, જે આગળથી નીચું અને પાછળથી ઉંચું બાંધેલું હોય, તે શુભ. અને આગળ અને પાછળ બન્નેથી સમાન બાંધેલું હોય, તે મધ્યમ, તે સારૂં છે. પણ આગળ ઉંચું અને પાછળથી નીચું બાંધે, તો, વ્યાઘ્રમુખ કહેવાય; તે નેષ્ટ છે. પણ વચ્ચે આકાશ દેખાતું હોય, અને બન્ને ઘરનાં જૂદાં ક્ષેત્રફળ કર્યાં હોય, તો તેનો દોષ નથી.

**श्लोक. मध्ये निम्नं त्वंगणाग्रं तथोच्चैः । शश्वच्चैवं पुत्रनाशाय गेहम् ॥**
**स्तंभश्रेणी मध्यमानेन कार्या। न्यूनाधिक्ये नैव पूजा न च श्रीः ॥२५॥**

**અર્થ.** જે ભવનની મધ્ય ભાગ જમીન નીચી હોય, અને આંગણા આગળ (આગલા દ્વાર આગલું દ્વાર) ઉંચું હોય, તો તેવું ભવન નિરંતર પુત્રનો નાશ કરનાર છે. વળી ઘરને સ્તંભાની ઓળ મધ્યમ માનની કરવી; પણ માન કરતાં ઓછી કે વધારે કરવી નહિ. જો પંક્તિભેદ કરે, તો, તેવા ઘરધણીને જગતમાં માન્ય અને લક્ષ્મીની પ્રાપ્ત થાય નહિ.

**વિશેષ.** જે ઘર આગળથી ઊંચું અને પાછળથી નીચું તે વ્યાઘ્રમુખ કહ્યુંછે; તે નેષ્ટ છે, તેનું કારણ એ કે, વાઘનું મુખ ઊંચું છે. અને જે ઘર આગળથી નીચું અને પાછળથી ઊંચું હોય તે શુભ કહ્યુંછે, શાથી કે, ગાયનું મુખ નીચું છે.

## घरोंना नेव विषे.

**श्लोक. गृहभूमे र्बहिश्च्छाद्य धाराः पात्या सदा बुधैः ।**
**पतेयुश्चन्द्रशालायां तदा दोषो न विद्यते ॥ २६ ॥**

**અર્થ.** ક્ષેત્રફળ કરી (ઘર) ભવન બાંધ્યું હોય, તેના છાપરાનાં નેવ ક્ષેત્રફળની બહાર પાડવાં. અગર કોઈ ભવનને અગાડી અગાશી કરવી હોય, તો એટલાની જમીન ક્ષેત્રફળની બહાર રહેછે, તેટલામાં અગાશી કરવી. તે અગાશીમાં નેવ પડે, તેનો દોષ નથી. પણ ચોકમાં નેવ પડવા દેવાં નહિ. અગાશીમાં પડવા દેવાં, શા કારણથી કે, વચમાં ક્ષેત્રની પૃથ્વી આવેછે. કેટલાક દેશોમાં ક્ષેત્રફળ કરવાની એવી રીત છે કે આગલો પરસાળનો ભાગ તથા ચોકનો ભાગ મૂકી દેઈને, ફકત ઓરડાનું ક્ષેત્રફળ કરેછે; તેથી તે ઘરોને ચોકમાં નેવ પડે તો, બાધ નથી. એટલે તે ક્ષેત્રફળની બહાર પડ્યાં, એમ સમજવું.

## आकाशु विषे.

श्लोक॥ स्तंभ कूपादि सामीप्ये गृही दुःखमवाप्नुयात् ।
तद्दोषविनिवृत्त्यर्थं यत्नवान् पुरुषो भवेत् ॥२७॥
तन्मध्ये राजमार्ग श्चेत् तदा निर्दोषता मियात् ।
आकाश दर्शनाद् दोषास्तूर्णं नश्यंति दुखदाः ॥ २८ ॥

**અર્થ.** ભવનને સામે કુવો, દેવસ્થાન, સ્તંભ, ભીંત, ધારાવેધ (નેવ) આગળ ઉંચું ને પાછળ નીચું, વા નેષ્ટ મુખ સામે આવે, તો, ઘરધણીને દુઃખ થાય. માટે તેના નિવારણને સારૂ યુક્તિ કરવી. ભવન અને કુપ આદિના મધ્યમાં રાજમાર્ગ હોય, તો, ગૃહીને દુઃખ થતું નથી. મધ્યે આકાશદર્શનથી તુરત દુઃખદાયક દોષ મટી જાયછે.

श्लोक. एकभूमं द्विभूमं वा क्षुद्राणां भवनं नृणाम् ।
शूद्राणां त्रितलं कुर्याद्वैश्यानां तु चतुस्तलम् ॥२९॥
क्षत्रियादेः पंचभूमिर्द्विजानां रागभूमिकम् ।
सप्ताढ्यं माण्डलीकानां भूभुजां नवभूमिकम् ॥३०॥
एकादशतलं गेहं विदध्याच्चक्रवर्तिनाम् ।
उदयार्कार्क भ गेन हीना उर्ध्वोर्ध्वे भूमिकाः ॥ ३१ ॥

**અર્થ.** સાધારણ યોગ્યતાવાળા હલકા લોકોનાં ઘર એક અથવા બે મજલાનાં કરવાં. શૂદ્ર લોકોનાં ત્રણ મજલાનાં ઘર કરવાં. વૈશ્યલોકોનાં ભવન ચાર મજલાનાં કરવાં. ક્ષત્રિયો અને અધીકારીઓનાં પાંચ મજલાનાં ભવન કરવાં. બ્રાહ્મણ લોકોના આશ્રમો છ મજલા સુધીનાં કરવાં. માણ્ડળિક રાજાઓના સાત માળના મહેલો કરવા અને ચક્રવર્તિ રાજાઓને અગીઆર માળ સુધીનો પ્રસાદ કરવાનું કહેલું છે. આ સ્થળે બીજી બાબત જાણવાની એ છે કે, પ્રથમના મજલાની ઉંચાઈ કરતાં ઉપર ઉપરના મજલાની ઉંચાઇ બારમા અંશે ઓછી કરવી.

## प्रासाद वगेरे उपर कळश विषे.

श्लोक. प्राड मर्धोदयं कुर्यात् कलश ध्वज भूषितम् ।
प्रासादे देवराज्ञोः स्यात् त्यजेदन्यगृहादिषु ॥ ३२ ॥

**અર્થ.** ભૂમિના છેલ્લે માડે તે અર્ધોદયે (બે પાસ) છાઇએ, અને ઉપર કળશ ધ્વજા ચડાવીએ, ત્યારે તેને પ્રાસાદ કહીએ. અને સાધારણ લોકોનાં ઘરો વિષે કળશ, ધ્વજા ધાલવાં નહિ. શાથી કે ગર્ભ દબાય; તેનો દોષ પડે. પણ ધ્વજા તો ધલાય નહિ. પણ ચારે

તરફ નેવ પાડવાં હોય, તો, ગર્ભ છોડવીને બે કળશ ઘાલવા અને વચમાં નાનો મોભનો કકડો ઘાલવો એટલે દોષ નથી એવું સૂત્રધાર કહેછે.

## હાંસોનો વિસ્તાર.

**શ્લોક ॥ अष्टास्रकस्य पृथुत्वेन दैर्घ्यं।गुण्यं हि तद्भागविभागहीनं ॥**
**षड्भागकस्या युगांश भागं। कुर्याद् विहीनं पुनरेव शेषात्। १३॥**

**અર્થ.** અષ્ટાસ્ર અથવા આઠ હાંશ ભૂમિની પહોળાઈ સાથે લંબાઇને ગુણતાં જે આવે, તેમાંથી છઠ્ઠો ભાગ ઓછો કરી, ઓછા કરેલા ભાગમાંથી બાકી રહેલામાંથી (શેષ પાંચ ભાગ રહ્યા, તેમાંથી) વળી છઠ્ઠો ભાગ કહાડી, તે છઠ્ઠા ભાગને અડતાળીશે ભાગતાં, જે આવે, તે બાકીના ભાગોમાંથી કહાડતાં (પાંચ ભાગોમાંથી કહાડતાં) જે રહે, તે અષ્ટાસ્રનું ક્ષેત્રફળ સમજવું.

**શ્લોક॥ यत् षोडशास्रं रसभागहीनं । तद्वर्ग मूलस्य षडंशकस्य ॥**
**शक्रांशहीनं कथितं पुनश्चे । च्छेषं बुधैर्वास्तुमतानुसारि । १४ ॥**

**અર્થ.** ષોડશાસ્રની જેટલી લંબાઈ હોય, તેટલી લંબાઈનો છઠ્ઠો ભાગ કહાડીને તે છઠ્ઠા ભાગનું મૂળ કહાડવું અને તે મૂળનો જે અંક હોય, તે અંકને ષોડશાસ્રની લંબાઇના કહાડેલા છઠ્ઠા ભાગમાં મેળવતાં, જેટલો અંક થાય, તે અંકનો ચઉદમો અંશ ($\frac{૧}{૧૪}$) કહાડતાં શેષ જે રહે, તે, ષોડશાસ્રનો એક બાહુ થયો એમ બુદ્ધિવાન પુરૂષે વાસ્તુમતાનુસારે જાણવું.

### દાખલા.

(૧) કોઇ સમબાજુ અષ્ટકોણની લંબાઈ તથા પહોળાઇ ૨૧ હાથ હોય, તો તેનું ક્ષેત્રફળ કેટલું?

$૨૧\times૨૧=૪૪૧,\ ૪૪૧\div૬=\frac{૪૪૧}{૬}=\frac{૧૪૭}{૨}=૭૩\frac{૧}{૨}$

$\frac{૧૪૭}{૨}\div૪૮=\frac{૧૪૭}{૨}\times\frac{૧}{૪૮}=\frac{૪૯}{૩૨}=૧\frac{૧૭}{૩૨}.$

| | |
|---|---|
| $૭૩\frac{૧}{૨}$ | $૪૪૧$ |
| $૧\frac{૧૭}{૩૨}$ | $૭૫\frac{૧}{૩૨}$ |
| $૭૫\frac{૧}{૩૨}$ | $૩૬૫\frac{૩૧}{૩૨}$ |

જવાબ. $૩૬૫\frac{૩૧}{૩૨}$ ચો. હાથ.

(૨) એક સમબાજુ અષ્ટકોણની લંબાઇ તથા પહોળાઈ ૨૪ હાથ હોય, તેનું ક્ષેત્રફળ કેટલું?

$૨૪\times૨૪=૫૭૬$ $\quad ૫૭૬\div૬=૯૬ \quad ૯૬\div૪૮=૨$

$૯૬ + ૨ = ૯૮$

$૫૭૬-૯૮=૪૭૮.$ જવાબ ૪૭૮.

ચોવીશને ચોવીશે ગુણ્યા, તો ૫૭૬ આવ્યા. તેનો છઠ્ઠો ભાગ ૯૬. તથા છઠ્ઠા ભાગ-

નો, એટલે ૫૬ નો, અડતાળીસમો ભાગ ૨ (બે). મળી, ૫૮ કર્યા. તો બાકી ૪૭૮ ચોરસ હાથ રહ્યા, તે જવાબ સમજવો.

એક સમબાજુ અષ્ટકોણુની લંબાઈ તથા પહોળાઈ ૧૮ હાથ હોય, તો, તેનું ક્ષેત્રફળ કેટલું?

$૧૮ \times ૧૮ = ૩૨૪$. $૩૨૪ \div ૬ = \frac{૩૨૪}{૬} = ૫૪$. $\frac{૫૪}{૪૮} = \frac{૯}{૮}$. $૩૨૪ - ૫૪ = ૨૭૦$.

$\frac{૨૭૦}{૧} - \frac{૯}{૮} = \frac{૨૧૬૦-૯}{૮} = \frac{૨૧૫૧}{૮} = ૨૬૮\frac{૭}{૮}$.

જવાબ. $૨૬૮\frac{૭}{૮}$ ચો. હાથ.

**શ્લોકઃ॥ वृत्तव्यासात् त्रिगुणपरिधि व्य[illegible]गयुक्तौ ।**
**विस्तारार्धं पारिधिदल मन्योन्यनिघ्ने यदैक्यं ॥**
**पिण्डे नैवं पुनरापि ततस्ताडयेत् खातसिद्ध्यै ।**
**चित्यादेर्वा स्फुटफलमिति क्षेत्रवृत्तस्वरूपम् ॥ १५ ॥**

**અર્થ.** વૃત્તના વ્યાસને (ગોળની પહોળાઇને) ત્રણગણો કરી, તે પછી તેમાં વૃત્તના વ્યાસનો ષષ્ટાંશ ઉમેરીએ, તો, તેથી ભૂમિ અથવા ક્ષેત્રની પરિધિ અથવા પરિધિનું નામ આવે (ક્ષેત્રની આખી ગોળાઈનું માન આવે). અને વૃત્તના વિસ્તારનું અર્ધ, અને પરિધિનું અર્ધ એ બન્ને અર્ધને એક બીજા સાથે ગુણતાં, જે અંક આવે, તે અંકને પિંડ કહેવો. અને તે પિંડને ખાતની ઉંડાઈ સાથે ગુણતાં, *લબ્ધાંક જે આવે, તે અંક ખાતના ક્ષેત્રની સિદ્ધિ જાણવી. અને તેજ રીતે ચણતર માટે ગણવેથી, ચણતરની સિધ્ધિ આવે, એમ જાણવું. એ પ્રમાણે વૃત્તના ક્ષેત્રફળનું રૂપ જાણવું.

**શ્લોકઃ व्यासेन दैर्घ्येगुणिते यदैक्यं । तत् कोणक्षेत्रस्यफलं प्रदिष्टम् ॥**
**पिंडे तदैक्यं पुनरेवताड्यं। खातस्य भित्तेश्चयनादिसिद्धिः ॥१६॥**

**અર્થ.** જે ભૂમિનો વ્યાસ અને લંબાઈ, એ બે સરખાં હોય, એવી ચતુરસ્ત્ર ભૂમિના વ્યાસ સાથે લંબાઇનો ગુણાકાર કરતાં, જે આવે, તે ભૂમિનું ક્ષેત્રફળ સમજવું. અને તે ક્ષેત્રફળને તે ભૂમિના ખાત એટલે ખોદાણની ઉંચાઈસાથે ગુણતાં, જે આવે, તે ચતુરસ્ત્ર લંબાઈ. તથા વ્યાસ અને ઉંડાઈનું એ સમગ્રનું ઘનક્ષેત્રફળ સમજવું. એ ક્ષેત્રફળનું નામ ખાતસિદ્ધિ. અને તેજ રીતે ભીંતના ચણતર માટેનું ગણિત કરવે, ચણતરની સિદ્ધિ થશે. અર્થાત્ ઈંટની ઉંચાઈ એટલે જાડાઇ તથા પહોળાઈ અને લંબાઈ ગણવેથી, ચણતરમાં ગએલી ઈંટોની, અથવા ચણવાનું હોય તે કામની ઈંટોની, સંખ્યા આવશે.

**વિશેષ.** ઈંટો ઉપરથી ચૂનો આદિની ગણતરી કરી શકાશે.

---

*લબ્ધાંક, એટલે મૂળ રકમને જેટલે ગુણવી હોય, તે અને સરવાળાના, એ ત્રણે રકમમાં મધ્યની રકમ લબ્ધાંક છે, એમ સમજવું. જેમ કે, ૫×૩=૧૫ પાંચ તરી પંદર આમાં પાંચ અને પંદર એ બેની વચ્ચે ત્રણ છે, તે લબ્ધાંક સમજવો. ૧૩૩ ગજ પરિધ ૪૨ ગજ વ્યાસ.

श्लोक॥ षड्वृत्तिं परिलखकन लिखितं षण्मत्स्य पाता स्ततः।
षट् कोणं रसबाहुकं तदुदितं बाहुं भजेत् सप्तभिः॥
सप्तास्रे रसभागबाहुरुदीतः सप्तास्रतोऽष्टास्रकं।
त्वेवं नंददशादि बाहुबहुशोः ज्ञेयाः स्वबुद्ध्याऽखिलाः॥ ३७॥

**અર્થ.** પરકારવડે વૃત્ત રચીને, તે વૃત્તમાં છ મત્સ્ય પાડવા. એટલે તેથી છ બાહુનું ષટકોણ થાય. એ છ બાહુમાંથી એક બાહુના સાત ભાગો કરવા. અને એ સાત ભાગોમાંથી એક ભાગ ઓછો કરવો. એટલે છ ભાગો બાકી રહ્યા એજ છ ભાગ છે તે સપ્તાસ્ત્રનો એક બાહુ થાય. એ રીતે આખા ષટકોણના છ બાહુના બેતાળીશ ભાગો કરી, ષટકોણના દરેક બાહુમાંથી એક એક ભાગ ઓછો કરવાથી, જેટલા ભાગમાં ષડસ્ત્ર હોય, એટલાજ ભાગમાં સપ્તાસ્ત્ર થઈ જાય. અને તેજ પ્રમાણે સપ્તાસ્ત્રથી અષ્ટાસ્ત્ર થાયછે અને તેજ રીતે અષ્ટાસ્ત્રમાંથી નવાસ્ત્ર થાયછે. અને નવાસ્ત્રમાંથી દશાસ્ત્ર થાય. માટે બુદ્ધિવાને પોતાની બુદ્ધિથી એ રીતે, મરજીમાં આવે, તેટલા બાહુ અથવા અસ્ત્ર કરવા.

श्लोक. सर्वं मानं ज्ञायतेऽभ्यासयोगाद्। हीनाधिक्यं स्थानयोगे गतेऽपि॥
अन्यक्षेत्रं वैषमं वा समं वा। ज्ञेयं लोकाल्लक्ष्यतः सूत्रधारैः॥ ३८॥

**અર્થ.** સર્વ પ્રકારના ગણિતનું માન અભ્યાસના યોગે કરી સમજાયછે, તેમાં હીનપણું અને અધિકપણું તો સ્થાનના યોગે સમજવાનું છે. (જેટલા ખુણાનું હોય, તેના અનુક્રમે કરવું). પણ વિષમકોણનું ક્ષેત્ર હોય, તો, તેને સૂત્રધારોએ વિચારશક્તિવડે અને લોકમાં ચાલતી રીતભાતથી સમજવું.

## आशोना भागो.

श्लोक. षड्बाहोर्यो बाहुरस्येषु भागे। युक्ते बाहुः पंचकोणस्य स स्यात्॥
यावान् बाहुः स्वेन मानेन गुण्यो। बाह्वोर्योगस्तस्य मूलं विकर्णं॥३९॥

**અર્થ.** ષટ્કોણના એક બાહુનો પાંચમો ભાગ (એક બાહુના પાંચ ભાગ કરવા), એજ બાહુમાં મેળવીએ, એટલે તે ષટ્કોણનો બાહુ મટી પંચકોણનો અથવા પંચાસ્ત્રનો એક બાહુ થાય, એજ અનુક્રમે, એટલે, જેટલા ખુણાનું ક્ષેત્ર કરવું હોય, તેટલામો ભાગ એક ભુજામાં અથવા બાહુમાં અથવા અસ્ત્રમાં ઉમેરીએ તો, ચતુરસ્ત્ર તથા ત્રિકોણ ક્ષેત્ર થાય; એટલુંજ નહિ પણ, બે બાહુને ભેગા કરીએ, એટલે તે બન્ને બાહુનું જે મૂળ (મધ્ય ભાગ), તે વિકર્ણ અથવા ખુણો કહેવાય.

श्लोक. दैर्घ्यात् पृथुत्वं जिनभाग हीनं। तिथि प्रमाणाः कथिता भुजाश्च।
पंचास्रे मेतत् परिलेखनीयं। पुष्पेषुकेष्वेव हि तस्य रूपं॥ ४०॥

**અર્થ.** ચતુરસ્ત્ર ભૂમિને પંચાસ્ત્ર, અથવા ચોખંડી ભૂમિને પાંચકોણુવાળી, કરવી હોય; તો, તેની લંબાઈ અથવા પહોળાઈમાંથી તેનો ચોવીશમો ભાગ ($\frac{1}{24}$) ઓછો કરવો. અને તે ઓછો અથવા કમી કરેલા ભાગમાંથી એક પંદરાંશ ($\frac{1}{15}$) લેવામાં આવે, તો, તે એક પંચાસ્ત્રનો એક બાહુ થયો, એમ સમજવું. એ પંચકોણનું રૂપ કેટલાંક પુષ્પોમાં થાયછે.

**શ્લોક. अ यामतो विस्तरमष्टमांश। हीनं प्रकुर्यात् रथकार ज्ञः।**

**दैर्घ्यार्धदैर्घ्येण समास्तदस्रा। यंत्रादि षट्कोणकमेत्तदुक्तं ॥ ४१ ॥**

**અર્થ.** સારૂં જ્ઞાન ધરાવનારાએ જ્યારે ષટ્કોણ કરવું હોય, ત્યારે, ચતુરસ્ત્ર ક્ષેત્રની જેટલી લંબાઈ હોય, તેટલી લંબાઈનો અષ્ટમાંશ ($\frac{1}{8}$) ઓછો કરતાં, શેષ રહે, તે પહોળાઈ જાણવી; અને તે ષટ્કોણના ખુણા વિસ્તારના અર્ધ ભાગમાં (મધ્યમાં) આવે, પણ લંબાઈના ખુણા તો, સમ (બરાબર) આવે, એ રીતે યંત્રાદિ ષટ્કોણ કહ્યું છે.

**વિશેષ.** વાહનાદિનાં શુભ ફળો આ રીતે ઉપજાવવાં; તેથી સુખની પ્રાપ્તિ થશે.

**मनुष्याय प्रकारः (वास्तुमण्डनमांथी.)**

**શ્લોક. नामाक्षराङ्क संघातं वसुभिर्भाजयेत्सुधीः।**

**शेषमायो मनुष्यस्य ध्वजाद्यो देहगो भवेत् ॥**

**नक्षत्रं तारकां शौच व्ययाद्यं चापि देहगम्।**

**ध्वजादीनां चतुर्णां तु चत्वारो वृषभादयः ॥**

**भक्षका भवने वर्ज्या गृह स्वाम्यायभक्षकाः ॥**

**અર્થ.** ॥ ઘરધણીના નામના જેટલા અક્ષરો હોય, તેટલા અંકે તેના નામના આદ્ય અક્ષર પ્રમાણે કોષ્ટકમાં ઉપર લખેલા અંકો છે. તેમાંથી જે અંક આવ્યો હોય, તેને ગુણવો, અને આઠે ભાગ દેવો. જે શેષ રહે; તે મનુષ્યના દેહનો આય જાણવો.

નક્ષત્ર, તારા, અંશક અને વ્યયાદિ પણ દેહનું કરવું. ધ્વજાદિ ચાર આયોના વૃષભાદિ ચાર આયો ભક્ષ્ય અને ભક્ષક છે. તેમાંથી ઘરનો આય જો સ્વામીના આયનો ભક્ષક હોય, અને સ્વામીનો આય ભક્ષ્ય હોય, તો, તે વર્જિત કરવું. વર્જિત ન કરે, તો, સ્વામીનું મૃત્યુ થાય.

**मनुष्यना आय लाववानुं कोष्टक.**

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૯ | ૨૭ | ૨ | ૧૨ | ૧૫ | ૮ | ૪ | ૩ | ૫ | ૬ | ૯ |
| અ. | આ. | ઇ. | ઈ. | ઉ. | ઊ. | એ. | ઐ. | ઓ. | ઔ. | ક. |
| ખ. | ગ. | ઘ. | ઙ. | ચ. | છ. | જ. | ઝ. | ञ. | ટ. | ઠ. |
| ડ. | ઢ. | ણ. | ત. | થ. | દ. | ધ. | ન. | પ. | ફ. | બ. |
| ભ. | મ. | ય. | ર. | લ. | વ. | શ. | ષ. | સ. | હ. | ક્ષ. |

**વિશેષ.** મનુષ્યનું જન્મ નક્ષત્ર જે હોય, તેજ નક્ષત્ર જાણવું, અને રાશિ પણ તેજ જાણવી.

અશ્વિની નક્ષત્રથી જન્મ નક્ષત્ર સુધી ગણતાં, જે અંક આવ્યો હોય, તેને આઠે ભાગીએ, એટલે વ્યય થાય, નવે ભાગીએ એટલે તારા થાય અને નક્ષત્રના અંકમાં વ્યય, તથા નામાક્ષર મેળવીને ત્રણે ભાગીએ, એટલે અંશક થાય.

પછી ઘરના જે અંગો ઉપજ્યાં હોય, તેની સાથે આ અંગો વરકન્યાના મેળાપની પેઠે મેળવવાં; તે શુભ છે.

**इति श्री शिल्पशास्त्र [illegible] पूर्वार्धे मध्यभागे द्वारादि विस्तारपूर्वकः अष्टमोऽध्यायः ॥**

આ પૂર્વ ભાગ પ્રજા સારૂ લખનારે પોતાની યથાશક્તિએ શોધ કરી, શીલ્પશાસ્ત્ર પ્રમાણે કામ કરનારાઓને બોધ કરવા માટે, પ્રગટ કર્યો છે. તેમાં જે સુગ્ન ગ્રહસ્થોને કાંઈ ખોડખાપણ જણાય, તે સુધારીને વાંચવા વિનંતિ કરવામાં આવે છે. આ પુસ્તક પ્રાણી માત્રને શાંતિ આપવા સારૂ છે.

સમાપ્ત.

# उत्तरकांड.

श्रीगणेशायनमः ॥ अथश्री शिल्पशास्त्र सारसंग्रहे उत्तरार्धे अन्तभागे नगर, दुंग, जलाशय, प्रासादादि विभागे नवमोऽध्यायः प्रारभ्यते ॥

श्लोक. गणेशाय नमस्तस्मै निर्विघ्नसिद्धि हेतवे ।
आद्य गौरी समुद्भूत तेजसां संभवायवै ॥ १ ॥
महामायेति [illegible] चिन्मया मुनि सत्तमैः ।
त[illegible] मे जिह्वायां सा सरस्वती ॥ २ ॥

અર્થ. ॥ નિર્વિઘ્નેકરી ગ્રંથ સંપૂર્ણ થવાની સિદ્ધિને માટે આદ્ય ગૌરીથકી ઉત્પન્ન થએલા તેજના સંભવરૂપ એવા ગણપતીને નમસ્કાર હો.

શ્રેષ્ટ મુનિયોએ જે આનંદરૂપ મહામાયાનું વર્ણન—ગાન કરેલ છે તે સરસ્વતી માહારી જિવ્હાને વિષે વાણીના વિલાસને વિસ્તાર કરો.

જેમ વિશ્વકર્તાએ આ જગતમાં જળ સમુદ્રને તરવા નાવ કરેલાં છે અને ભવવારિધી તરવા માટે નવધા ભક્તિ કરી છે, તેમજ વિશ્વકર્માદિ પંડિતોએ રચેલ આ શિલ્પશાસ્ત્રરૂપી સમુદ્રને તરવા સર્વ કૃપાથી અલ્પમતિએ આ શિલ્પશાસ્ત્રસાર સંગ્રહ નામના ગ્રંથનો ક્રિયારૂપ ઉત્તરકાંડ રચવામાં આવે છે.

आयादि नव अंग (विश्वकर्मा प्रकाशमांथी.)

श्लोक. पिण्डे नवाङ्काङ्क गज वन्हि नागाष्ट सागरैः ।
नागैश्च गुणिते भक्ते क्रमादेते पदार्थकाः ॥
नागाद्रि नव सूर्याष्ट भतिथ्यर्क्ष खभाङ्कभि ।
आयो वारोंशको द्रव्य मृणमृक्षं तिथिर्युतिः ॥
आयुश्चाथ गृहेशर्क्ष गृह भैक्यं मृति प्रदम् ।
संपूर्णाः शुभदाह्येते ह्य संपूर्णास्त्व निष्टदाः ॥ ३ ॥

અર્થ. ॥ ક્ષેત્ર ફળને નવ ૯, નવ ૯, છ ૬, આઠ ૮, ત્રણ ૩, આઠ ૮, આઠ ૮, સાત ૭, અને આઠ ૮ એ અંકોવડે ગુણવા અને તેઓને અનુક્રમે આઠ ૮, સાત ૭, નવ ૯, બાર ૧૨, આઠ ૮, સત્તાવીશ ૨૭, પંદર ૧૫, સત્તાવીશ ૨૭, અને એકસોને વીશ

૧૨૦, એ અંકોએ ભાગવા એટલે આય, વાર, અંશક, દ્રવ્ય, ઋણ, નક્ષત્ર, તિથી, યોગ, અને આયુષ્ય થાય છે.

ગૃહના અધિપતીનું નક્ષત્ર, અને ગૃહનું નક્ષત્ર, એક હોય તો મૃત્યુ થાય.

આ બધા ગુણો સંપૂર્ણ હોય તો શુભ છે, અને અપૂર્ણ હોય તો અશુભ છે.

## आयादि नव अंग लाववानुं कोष्टक.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ગુણક. | ૯ | ૯ | ૬ | ૮ | ૩ | ૮ | ૮ | ૭ | ૮ |
| ભાજક | ૮ | ૭ | ૯ | ૧૨ | ૮ | ૨૭ | ૧૫ | ૨૭ | ૧૨૦ |
| નામ. | આય. | વાર. | અંશક | દ્રવ્ય. | ઋણ. | નક્ષત્ર. | તિથિ. | યોગ. | આયુષ્ય. |

## दुर्गकारणम् ॥

श्लोक. सिंहो वैरि पराभवं प्रकुरुते तिष्ठन् गिरेर्गह्वरे ।
दुर्गस्थो नृपतिः प्रभूत कटकं शत्रुं जयेत् संगरे ॥
कैलासे नगरं शिवेन रचितं गौर्यादि संरक्षकम् ।
दुर्गं पश्चिम सागरे च हरिणान्येषां किमत्रोच्यते ॥ १ ॥

અર્થ. પર્વતની ગુફામાં રહેનાર સિંહ જેમ પોતાના શત્રુનો નાશ કરે છે, તેમ કિલ્લામાં રહેનાર રાજા સંગ્રામમાં અત્યંત સમર્થ સૈન્યવાળા શત્રુને જીતે છે. વળી, જેમ પાર્વતીના રક્ષણ માટે કૈલાસ પર્વત ઉપર મહાદેવે નગર રચ્યું, તેમજ પશ્ચિમ સાગરમાં શ્રીકૃષ્ણે દ્વારકા નગરી રચી તો, બીજાઓનું શું કહીએ? માટે રાજાઓએ તો અવશ્ય એમજ કરવું જોઇયે.

श्लोक. वापी कूप तडाग देव भवनान्या [illegible]म यागादिकम् ।
तीर्थानामवगा[illegible]नं च विधिवत् कन्याप्रदानादिकम् ॥
सर्वं पुण्यमिदं नृपः स लभते यः कारयेत् पर्वते ।
दुर्गं सर्वजनाय [illegible] विश्राममेकं परम् ॥ २ ॥

અર્થ. સર્વ લોકોને સુખાકારી અને શત્રુના ભયથી બચાવનાર, એવો કિલ્લો જે રાજાઓ પર્વત ઉપર પાષાણનો રચાવેછે, તે રાજાઓને દેવસ્થાન, વાવ, તલાવ, કન્યાદાન, વગેરેના પુણ્યનું ફલ મળે છે.

श्लोकः दुर्गोदयं नंद कर प्रमाणम् । तिथ्या समं सप्त दशैव केचित् ॥
एकोनविंशत् पृथुता त्रयाणाम् दिक्पालमूर्धाष्टकरं वदंति ॥ ३ ॥

અર્થ. કિલ્લાનો ઉદય (ઉંચાઈ) નવ હાથ અથવા નવ ગજ કરવો. પણ કેટલાક

આચાર્યો કહેછે કે, કનિષ્ઠ પક્ષે ૧૫ પંદર હાથ ઉદયવાળો દુર્ગ (કિલ્લો) થાય; તથા મધ્યમ પક્ષે ૧૭ સત્તર હાથવાળો; અને, શ્રેષ્ઠ પક્ષે ૧૯ ઓગણીશ હાથના ઉદયવાળો કિલ્લો થાય. એ ત્રણે પ્રકારના દુર્ગની (કોટની) પોહોળાઈની એવી રીતિ છે કે, કનિષ્ઠ પક્ષના કિલ્લાની પોહોળાઈ ૮ આઠ હાથની જોઇયે; અને મધ્યમ પક્ષના કિલ્લાની પોહોળાઈ ૧૦ દશ હાથની; અને શ્રેષ્ઠ પક્ષના કિલ્લાની પોહોળાઈ ૧૨ બાર હાથની જોઇયે.

**વિશેષ.** કિલ્લાના કોટની પોહોળાઈ હોય, તેની અડધ ભાગે અગાડી પત્થરની દિવાલ કરવી. ને બાકીના અડધ ભાગના અડધા ભાગમાં માટીથી દિવાલ કરવી. વચમાં મરોડી પુરવી, કેમકે બંદુકના ગોળા માટીમાં ભેદી શકે નહીં.

**શ્લોક.** भूदुर्गं जल [illegible] गिरिदुर्गं दुर्गं भवेद्गह्वरे ।
तेषा मुत्तम माद्रि मूर्ध्नि रचितं [illegible] दुर्गमम् ॥
अन्नाद्यैर्घृत तोय तैल लवणैः काष्ठै स्तृणाद्यैस्तथा ।
यंत्रोपस्कर बाण शस्त्र सुभटैः संपूरयेद्भूपतिः ॥ ४ ॥

**અર્થ.** એવા કિલ્લાઓ ચાર પ્રકારના છે: તેમાં પ્રથમ ભૂમિદુર્ગ, બીજો જલદુર્ગ, ત્રીજો ગિરિદુર્ગ, અને ચોથો ગહ્વરદુર્ગ છે. એ ચાર કિલ્લાઓમાં ત્રીજો જે પર્વતના મસ્તક ઉપર હોય, તે સર્વ કિલ્લાઓથી શ્રેષ્ઠ છે; કેમકે તેવા દુર્ગમાં શત્રુ સહેલાઇથી પ્રવેશ કરી શકે નહીં. ઉપર બતાવેલા કિલ્લાઓમાં અન્ન, ઘી, પાણી, તેલ, લવણ, બળતણ, ઘાસ, સંગ્રામની સામગ્રી, યંત્રો, ઉપસ્કર, બાણ, શસ્ત્રો, અને યુદ્ધ પ્રસંગે ઉત્તમ પ્રકારે શત્રુ સામે લઢી જાણનાર યોદ્ધાઓ, ઇત્યાદિ પૂર્ણ રીતે રાજાઓએ કિલ્લામાં રાખવાની તજવીજ રાખવી જોઈએ.

## नगरो विषे.

**શ્લોક.** माहेन्द्रं च [illegible] रस्रमायतपुर तत् सर्वतोभद्रकम् ।
वृत्तं सिंहविलोकनं निगदितं वृत्तायतं वारुणम् ॥
नंदाख्यं च वि[illegible]क्तकोण मथ नंदावर्त्तकं स्वस्तिका ।
कारं स्याद्यव वज्जयंत मपि त[illegible]दिव्यं गिरेर्मस्तके ॥ ५ ॥

**અર્થ.** ચતુરસ્ત્ર નગર હોય, તો તેનું નામ માહેંદ્ર નગર કહેવાય. પોહોળાણ કરતાં લંબાણ વધારે હોય એવું જે ચતુરસ્ત્ર નગર તેનું નામ સર્વતોભદ્ર. જે નગર ગોળ હોય તેનું નામ સિંહ, જે નગર લંબગોળ હોય, તેનું નામ વારૂણ. જે નગર ખાલી ખૂણાનું હોય તેનું નામ નંદ. જે નગર સાથિયાના આકારે હોય તેનું નામ નંદાવર્તક. જે નગર જવને આકારે હોય, તેનું નામ જયંત. અને પર્વતના મસ્તક ઉપર જે નગર હોય તેનું નામ દિવ્ય એ આઠ પ્રકારનાં નગરો છે.

## जलाशय विषे.

**શ્લોક.** नीराश्रयः पुण्यवता विधेयः । मध्येपुरस्यापि तथैव बाह्ये ॥

वाप्यश्चतस्रापि दशैव कूपाः । चत्वारि कुंडानि च षट् तडागाः ॥ ६ ॥

**અર્થ.** નગરમાં અને તેના બહારના ભાગે પુણ્યવંત પુરૂષે જલાશયો કરવાં. તે એવી રીતે કે, ચાર પ્રકારની વાવડીઓ, દશ પ્રકારના કૂવા, ચાર પ્રકારના કુંડો, અને ૭ પ્રકારનાં તલાવો કરવાં.

**શ્લોક.** भद्राख्य कुडं चतुरस्र कंच । सुभद्रकं भद्रयुतं द्वितीयम् ।
नंदाख्यकं स्यात् माति भद्रयुक्तं । मध्येसभिट्टं परिघं चतुर्थं ॥ ७ ॥

**અર્થ.** જે કુંડ ચતુરસ્ર હોય તે કુંડનું નામ ભદ્ર કહેવાય. જે કુંડ ભદ્ર સહિત તેનું નામ સુભદ્ર. અને પ્રતિભદ્ર સહિત હોયછે તેનું નામ નંદ. અને જે કુંડના મધ્ય ભાગમાં બિટ્ટ હોય તેને પરિઘા કહેવાયછે.

**શ્લોક.** गंगाद्या रवयो हरेश्च दशकं रुद्रा दशैकाधिकाः ।
दुर्गाभैरव मातृका गणपति र्वन्हेस्त्रिकं चंडिका ॥
दुर्वासामुनि नारदस्तु सकला द्वारावती लीलिका ।
लोकाः पंचपिता महादि विबुधाः स्युर्मध्य भिट्टेसदा ॥ ८ ॥

**અર્થ.** કુંડમાં રહેલ બિટ્ટ વિષે ગંગા આદિ નદીઓની પ્રતિમાઓ કરવી; તથા બાર સૂર્યની બાર પ્રતિમાઓ તથા વિષ્ણુના દશ અવતારોની દશ પ્રતિમાઓ; તથા અગિયાર રૂદ્રની; તથા દુર્ગાની, તથા ભૈરવની, સોળ માતૃકાઓની, ગણુપતિની, ત્રણ અગ્નિની, ચંડિકાની, દુર્વાસાની, નારદની, દ્વારકાના, લીલી, અને બ્રહ્માદિ પાંચ લોક પાલની પ્રતિમાઓનું સ્થાપન કરવું.

**શ્લોક.** कूपाः श्रीमुखवैजयौ च तदनु प्रांतस्तथा दुंदुभिः ।
तस्मा देव मनोहरश्च परतः प्रोक्तश्च चूडामणिः ॥
दिग्भद्रो जयनंद शंकरमतो वेदादि हस्तैर्मितैः ।
विश्रांतैः क्रम वर्द्धितेश्च कथिता वेदादधः कूपिका ॥ ९ ॥

**અર્થ.** ચાર હાથથી માંડીને તેર હાથ સુધીના વિસ્તારવાળા કૂવા કરવા. તેમાં જે કૂવો ચાર હાથનો તે શ્રીમુખ; પાંચ હાથનો તે વૈજય; ૭ હાથનો તે પ્રાંત; સાત હાથનો તે દુંદુભ; આઠ હાથનો તે મનોહર; નવ હાથનો ચૂડામણિ, દશ હાથનો તે દિગ્ભદ્ર, અગિયાર હાથનો તે જય, બાર હાથનો તે નંદ, તેર હાથનો શંકર અને ચાર હાથથી ઓછો તે કુંડ કેહેવાય.

## જળાશયો.

**શ્લોક.** वापी च नंदैक मुखा त्रिकूट । षट् कुटिकायुग्म मुखा च भद्रा ।
जयात्रि वक्रा नव कूट युक्ता । त्वकैस्तु कूटैर्विजयामतासा ॥१०॥

**અર્થ.** જે વાવડીને એક મુખ હોય, અને તેમાં ત્રણ કૂટ હોય, તો, તે વાવડીનું

નામ નંદા કહેવાય. તથા જેને ૭ ફૂટ હોય અને બે મુખ હોય તે ભદ્રા નામની વાવ કહેવાય. તથા જેને ત્રણ મુખ, અને નવ ફૂટ હોય તે જયા નામા વાવ કહેવાય. અને જે વાવીને ચાર મુખ, અને બાર ફૂટ હોય તેનું નામ વિજયા વાવ કહેવાય.

**શ્લોક. सरोर्ध चंद्रंतु महासरश्च । वृत्तंच ष्कोण कमेवभद्रं ॥**
**भद्रैः सुभद्रं परिधैकयुग्मं । बकस्थलैकद्वय मेव यस्मिन् ॥ ११ ॥**

**અર્થ.** જે તલાવ અર્ધ ચંદ્રાકારે હોય, તેનું નામ અર્ધ ચંદ્ર કહેવાય. તથા ચારે તરફ બાંધેલું હોય, તો, તેનું નામ માહાસર કહેવાયછે. તથા જે ગોળ હોય તેનું નામ વૃત્ત તલાવ કહેવાય. તથા જે ચાર ખૂણાવાળુ હોય તે (ચોખંડું) ચતુષ્કોણ તલાવ કહેવાય. તથા જે તલાવને એક ભદ્ર હોય, તે ભદ્ર તલાવ કહેવાય. અને જે તલાવને ચારે તરફ ભદ્રો હોય, તે સુભદ્ર તલાવ કહેવાય એવાં તલાવોને એક અથવા બે પરિધ કરવાં. તેમજ એવાં તલાવોની વચે એક અથવા બે બકસ્થળો પણ કરવાં.

**શ્લોક. ज्येष्ठं मित्तं दंड सहस्त्रकेर्ण । मध्यंतदर्धेन ततःकनिष्ठं ॥**
**ज्येष्ठं करैः पंच शतानि दैध्यै । तदर्धमध्यंतु पुनः कनिष्ठं ॥ १२ ॥**

**અર્થ.** જે તલાવ એક હજાર દંડ, અથવા ધનુષનું, હોય તે જ્યેષ્ટ; પાંચસે ધનુષ્યનું હોય તે મધ્ય, અને અઢીશે દંડનું જે તલાવ હોય તે કનિષ્ઠ કહેવાય. એ રીતેના અનુક્રમે જે તલાવને પાંચશે હાથ ઊંચી પાળ હોય (હજાર ધનુંષના જેષ્ટ માનના તલાવને) જેષ્ટ માનની તથા અઢીશે હાથ ઉંચી હોય, તે મધ્ય માનની; અને સવાસો હાથ ઊંચી હોય તે કનિષ્ટ માનની પાળ કહેવાય.

**શ્લોક कराष्टतो हस्त शत प्रमाणं द्वारे चतुर्भिः सहितानि कुर्यात् ॥**
**मध्ये गवाक्षाश्चदिशो विभागे। कोणे चतुष्कच स्त्वपि पट्टशालाः १३**

**અર્થ.** આઠ હાથથી સો (૧૦૦) હાથ સુધીનો કુંડ કરવો, અને તેને ચાર દ્વારો કરવાં તેમાં ચોતરફથી ઉતરવા માટે પગથીયાં કરવાં તે દ્વારોમાં દિશાઓના ભાગમાં ગોખલા કરવા. તેમજ કુંડના ખૂણાઓમાં ચોકીઓ તથા પટ્ટશાળાઓ કરવી.

## राजाओ वगेरेना स्थानको विषे.

**શ્લોક. भूपाल यार्धेनच मंत्रिगेहं । यथाधिकारेण भवंति हीनम् ॥**
**व्यासाद्दशांशाधिकमेव दैर्घ्यां कुर्यादथो पंचम भाग मिष्टं ॥ १४ ॥**

**અર્થ.** રાજાના ભવન કરતાં અર્ધ ભાગનું તેના મંત્રીનું ભવન કરવું; તથા મંત્રીથી ઉતરતા અધિકારીઓનાં ભવન અનુક્રમે અર્ધ અર્ધ ભાગનાં કરવાં; તેમજ ભવનનો જેટલો વિસ્તાર કરવો કહ્યો છે, તે ભવનની પહોળાઇ હોય, તેનો દશાંશ લંબાઈમાં ઉમેરવો; અથવા પહોળાઇનો પંચમાંશ લંબાઇમાં ઉમેરવો.

श्लोक. गृहं चतुर्हस्तमितं करादि । द्व्यादिद्विरामांत मिते प्रमाणं ॥
ततः परं भूपति मंदिराणि । यच्छत चाष्ट कराभि युक्तं ॥ १५ ॥

अर्थ. ચાર હાથથી માંડી બત્રીશ હાથ સુધીના વિસ્તારવાળું ભવન સાધારણ મનુષ્યોને હોય; અને તેથી ઉપરાંત એકસોને આઠ હાથ સુધીના વિસ્તારવાળાં ભવન રાજાઓનાં કરવાં જોઇયે.

श्लोके. स्याद्भूमिरेका वसु हस्त गेहे । दशाभि वृध्दयाच पुनर्द्वितीया ॥
प्रासाद एवामर भूपयोश्च । हर्म्याणि लोके मुनिनो दितानां ॥१६॥

अर्थ. આઠ હાથનું ભવન હોય તો તેને એક ભૂમિ કરવી; અને અરાડ હાથનું ભવન હોય તો તેને બે ભૂમિ કરવી. પણ દેવનું અથવા રાજાનું ભવન હોય, તો તે પ્રાસાદ કહેવાય; અને બીજા સાધારણ લોકોનાં ભવનને હર્મ્ય કહેવાય એમ મુનિઓએ કહ્યુંછે.

श्लोक. पुरादे स्त्रि चतुर्थां शैःकारये द्राज मान्दिरम् ।
पश्चिमे सौम्यतो वापि तत्तु दुर्गेषु भूवशात् ॥ १७ ॥

अर्थ. નગરના ત્રિજા અથવા ચોથા ભાગના પ્રમાણમાં રાજાનું મંદિર કરવું. તે કોટની અંદર પશ્ચિમ તરફ અગવા ઉત્તર તરફ, જેવી જમીનની સવડ હોય, તે પ્રમાણે કરવું.

श्लोक. वामांगे धन वस्त्र देव भवनं धातु श्रियोर्वा जिनः ।
नार्या स्त्वौषध भोजनस्य भवनं स्याद्वारिका वामतः ।
वन्हेर्गो जलदांति शस्त्र सदनं स्त्रीणां तथा दक्षिणो ॥
स्थानं माहिष माज मौर्णिक मिदं याम्याग्नि मध्येशुभं ॥ १८ ॥

अर्थ. ધનનું, વસ્ત્રનું તથા દેવનું ભવન ડાબી બાજુએ કરવું; ધાતુના પદાર્થોનું, ઘોડાનું, ઓષધનું અને ભોજનનું સ્થાનક રાણીઓનું, દ્વારની ડાબી તરફ કરવું; અગ્નિનું, ગાયનું, જલનું, હાથીનું, શસ્ત્રનું, અને સ્ત્રિઓનાં સ્થાનકો જમણી બાજુએ કરવાં; અને ભેંશાનું, બકરાઓનું, અને ઘેટાંઓનાં સ્થાનકો ભવનથી દક્ષિણ અને અગ્નિ કોણ વચ્ચે કરવાં.

श्लोक. प्राक्शोभा नृप मंदिरेच पुरतःस्थानं तथा पौत्रकं ।
वामांगे नृपते स्तथा युध धराः कुंष्णा तनु त्राणिच ॥
छत्रं चामर तापसाः स्वगुरव स्तांबूल धृक् दक्षिणे ।
गेहाधीश यदृच्छयाच शयनं सर्वासु भूमीषुच ॥ १९ ॥

अर्थ. રાજમહેલ આગળ શોભાયમાન મંડપ કરવો; અને તે મંડપ આગળ પુત્ર પૌત્રાદિકોનો મહેલ કરવો. રાજાના સ્થાનકથી ડાબી બાજુએ શસ્ત્રધારકનું તથા લોખંડના બખ્તરનું સ્થાન કરવું. રાજાના સ્થાનથી જમણી બાજુએ છત્ર, ચામર, રાજગુરૂ અને તાંબુલ ધારણ કરનારનું સ્થાન કરવું. અને રાજાનું શયન સ્થાન તેની રૂચિ પ્રમાણે ગમે તે ઠેકાણે કરવું.

श्लोक. अष्टोत्तरं हस्त शतं पृथुत्वे नृप गृहंचोत्तममेवत स्यात् ॥
अष्टाभि रष्टाभिरतो वि ीनान् । पंचैव भागाधिकतोऽपिदैर्घ्ये ॥२०॥

અર્થ. એકસોને આઠ હાથ પહોળાઈ રાખીને, બાંધેલું રાજાનું ભવન શ્રેષ્ઠ કહેલું છે. અને એથી ઉતરતી પંક્તિનાં પાંચ પ્રકારનાં ભવન આઠ આઠ હાથ ઓછી પોળાઇનાં કરવાં. સઘળા પ્રકારોમાં, લંબાઈ, પોળાઈ, કરતાં, સવા પટ રાખવાની કહેલી છે.

ऊंचाई विषे.

श्लोक. वेश्मव्या सकलांशके युग गुणैर्ह्स्तै स्त्रिसार्धैर्युते ।
हर्म्यस्य त्रिविधोदयः क्षितितलाद्या वद्य पट्टोर्ध्वकम् ॥ २१ ॥

અર્થ. ભવનની પોળાઇના સોળમા ભાગમાં ચાર હાથ ઉમેરવાથી ઉત્તમ પ્રકારની, સાડાત્રણ હાથ ઉમેરવાથી મધ્યમ પ્રકારની, અને ત્રણ હાથ ઉમેરવાથી કનિષ્ઠ પ્રકારની ઉંચાઇ આવે છે. એ ઉંચાઈ ભૂમિતળથી મેડાના પાટડાની ઉપલી બાજુ સુધીની સમજવી.

शालाओनो विचार.

श्लोक. शालाया नवधाच पंच करतो मानंच विश्रांतकम् ।
भित्तेरेव चतुर्दशांगुलमितंया वत्स पादं करम् ॥
आगारस्यच षोडशांश रहितोप्यर्धेनहीनोथवा ।
भित्तेर्मान मिदं त्रिधा विरचितं कल्प्यं यथा योग्यतः ॥ २२ ॥

અર્થ. શાલાઓ નવ પ્રકારની થાય છે. તે એવી રીતે કે, પાંચ હાથથી માંડીને તેર હાથ સુધીની કરવી. તેની ભીંતનું પ્રમાણ ચૌદ અંગુલથી સવા હાથ સુધીનું કહ્યું છે. અને ઘરના ષોડશાંશવડે રહિત, અથવા તો અર્ધ અંશ વડે હીન, એ રીતે ભીંતનું માન (ઓસાર) ત્રણ પ્રકારે છે. તે જેમ જેને ઘટે તેમ કરવું.

राजप्रासाद.

श्लोक.. एक भाग श्चतु स्तम्भ श्चतुर्द्वारः स जालकः ॥
छाद्य घण्टा युतो माड शोभितः श्री धरो मतः ॥ २३ ॥

અર્થ. એક ભાગનો, ચાર સ્તંભવાળો, ચાર દ્વારનો, જાળીયો છાજલી ઘંટાવડે યુક્ત, અને સુશોભિત માડવાળો, શ્રીધર નામનો પ્રાસાદ કહેવાય. એ રીતે શ્રીધરાદિ પ્રસાદો શિલ્પ શાસ્ત્રમાં છે. તે અહીંઆ એક ઉપરથી સઘળાં સમજી લેવાં.

श्लोक. शान्यां देवता गेहं पूर्वेस्यां स्नान मंदिरम् ।
अ ग्नेय्यां पाक सदनं द्रव्यागारं तथो उत्तरे ॥ २४ ॥
आग्नेय पूर्वयोर्मध्ये दधि मंथन मंदिरम् ।
अग्नि प्रेते शयोर्मध्ये आज्य गेहं प्रशस्यते ॥ २५ ॥

याम्य नैर्ऋत्ययोमध्ये पुरीष त्याग मंदिरम् ॥
नैऋत्यांबु पयोर्मध्ये विद्याभ्यासस्य मंदिरम् ॥ २६ ॥
पश्चिमा निलयोर्मध्ये रोदनार्थं गृहं स्मृतम् ॥
वायव्योत्तरयो मध्ये रतिगेहं प्रशस्यते ॥ २७ ॥
उत्त शानयोर्मध्य औषधार्थंतु कारयेत् ।
नैर्ऋत्यां सूतिकागेहं नृपाणां भूति मिच्छताम् ॥ २८ ॥

**અર્થ.** ઇશાન કોણમાં દેવનું ઘર કરવું; પૂર્વમાં સ્નાનનું ઘર, અગ્નિ કોણમાં રસોડું ઉત્તરમાં ભંડારનું સ્થાન; અગ્નિ કોણ અને પૂર્વની વચ્ચે દધિમન્થન ઘર; અગ્નિ કોણ અને દક્ષિણની વચ્ચે ઘીનું ઘર; દક્ષિણ અને નૈઋત્યની વચ્ચે શૌચ કૂપ કરવું, નૈઋત્ય અને પશ્ચિમની વચ્ચે વિદ્યાભ્યાસનું ઘર; પશ્ચિમ અને વાયુની વચ્ચે રોદન ગૃહ; વાયુ અને ઉત્તરની વચ્ચે રતિગૃહ; ઉત્તર અને ઇશાનના મધ્યે ઔષધનું ઘર; અને નૈઋત કોણમાં સૂતિકા ગૃહ; એ રીતે કરવાથી ઐશ્વર્યની પ્રાપ્તિ થાય છે.

**શ્રીધરાદિ પ્રાસાદનાં નામ.**

| | | |
|---|---|---|
| ૧ શ્રીધરપ્રાસાદ. | ૨ પ્રતાપ વર્ધનપ્રાસાદ. | ૩ લક્ષ્મી વિલાસપ્રાસાદ. |
| ૪ લક્ષ્મી નર્મપ્રાસાદ. | ૫ શ્રી નિવાસપ્રાસાદ. | ૬ કમલોદ્ભવપ્રાસાદ. |
| ૭ ગૃહ રાજપ્રાશાદ. | ૮ ક્ષોણી ભૂષણપ્રાસાદ. | ૯ પૃથ્વી જયપ્રાસાદ. |

**अन्तरगृहाणी.**

ઇશાન. — પૂર્વ. — અગ્નિ.

| | | | | | |
|---|---|---|---|---|---|
| | દેવગૃહ. | સર્પગૃહ. | સ્નાનગૃહ. | દધિમન્થન ગૃહ. | પાકગૃહ. | |
| | ઔષધગૃહ. | | | | ધૃતગૃહ. | |
| ઉત્તર. | દ્રવ્ય. | | બ્રહ્મા. | | શયનસ્થાન. | દક્ષિણ. |
| | રતિગૃહ. | | | | નર્ચાગૃહ. | |
| | ધાન્યગૃહ | રોદનગૃહ. | ભોજનગૃહ. | વિદ્યાભ્યાસ મંદિર. | સૂતિકાગૃહ. | |

વાયવ્ય. — પશ્ચિમ. — નૈઋત્ય.

## क्रिडास्थान.

**श्लोक.** वामे भागे दक्षिणे वा नृपाणां । त्रेधा कार्या वाटिका क्रीडनार्थम्।
एक द्वि त्रिर्दंड संख्या शतं स्थान् । मध्ये धारा मंडपं जोययंत्रैः ॥ २९ ॥

**અર્થ.** રાજાના પ્રાસાદથી ડાબી તરફ અથવા જમણી તરફ ક્રીડા કરવા માટે બાગ કરવા. તે ત્રણ પ્રકારના છે. સો દંડનો બાગ કનિષ્ટ પ્રકારનો; બસો દંડનો મધ્યમ પ્રકારનો; અને ત્રણસો દંડનો ઉત્તમ પ્રકારનો કહેવાય. એ બગીચાના મધ્ય ભાગમાં મંડપ જળયંત્ર (ફુવારો) સહિત કરવો.

**श्लोक.** गर्भमध्ये यदा रेखा महा मर्म क्षया वहा ।
गर्भेतु ब्रह्मणः स्थानं भुवनेतां परित्यजेत् ॥ ३० ॥
एकैकं युक्ति सूत्रेण कर्तव्यं सर्व कामदं ॥
सूत्र यित्वा क्रमं योगं मूल सूत्रानु सारतः ॥ ३१ ॥
छंद भेदो न कर्तव्यो जाति भेदोनवायुनः ॥
उत्पद्यते माहा मर्म जाति भेदे कृते सति ॥ ३२ ॥

**અર્થ.** ગર્ભના મધ્યની જે રેખા, તે ગર્ભનો નાશ કરનારી છે; કારણ કે મધ્યે બ્રહ્માનું સ્થાન છે. માટે દબાય તો દોષ છે. પ્રાસાદમાં રેખા મધ્યે દેવસ્થાન, વા કલશ આવે, તો દોષ નથી. મૂળ સૂત્રને અનુસરી, જમીન ચોકિને, તજવીજે એક એક સ્થાન કરવું. તો સર્વ મનોરથ પૂર્ણ કરે છે. તેમાં છંદભેદ, વા જાતિભેદ, કરવો નહિ. જાતિભેદથી ગર્ભ ઉત્પન્ન થાય તેથી દોષ છે.

## श्री राजाना सिंहासन विषे.

**श्लोक.** मुनिभि रथ शरैर्वा भद्र भाग त्रयं स्यात् ।
उदय इह विभागै र्भाजिते पीठ मष्टौ ॥
कणक मपि शरांशं सप्तधा ग्रास पट्टी ।
शिवनव मुनि रत्नैर्दंति वाहौ नृवेद्यौ ॥ ३३ ॥

**અર્થ.** સિંહાસનની પહોળાઈના સાત ભાગો કરવા. તે સાત ભાગોમાંથી ત્રણ ભાગોનું ભદ્ર કરવું. બે બે ભાગોના કોણ કરવા. અથવા સિંહાસનની પહોળાઇના પાંચ ભાગો કરવા. તે પાંચ ભાગોમાંથી બે ભાગોનું ભદ્ર કરવું. અને દોડ દોડ ભાગના કોણ રાખવા. એવા સિંહાસનના ઉદયના ૪૬ છાશિ ભાગો કરવા. અને તે છાશિમાંથી ૮ ભાગોનું પીઠ કરી, ૫ ભાગોની કણી કરવી. તથા ૭ ભાગોની ગ્રાસપટ્ટી, ૧૧ ભાગોનો ગજરથ, ૯ ભાગનો અશ્વરથ, ૭ ભાગોનો નરરથ; અને ૧૪ ભાગોની વેદી કરવી.

## જમીન વધારે રાખવા વિષે.

શ્લોક. हर्म्यं स्यापि समृद्धितो गृह् पति वृद्धि यदा पीहते ।
सर्वांशा सुविवर्धनंच फलदं दुष्ठं तदेक त्रच ॥ ३४ ॥


અર્થ. ભવનના માલિકને પોતાની સંપત્તિને અનુસરીને જમીન વધારવાની ઇચ્છા હોય તો તે કોઈ પણ એક દિશામાં ન વધારતાં સધળી દિશાઓમાં વધારવી; કારણ કે, તેથી સારૂ ફળ થાય છે. અને એક દિશામાં વધારવાથી દોષ બતાવેલા છે.


**इति श्री शिल्पशास्त्र सारसंग्रहे उत्तरार्धे अंत्य भागे नगर दुर्ग जलाशय प्रासादादि विभागे नवमोऽध्यायः ॥ ९ ॥**


---*---

આ કોષ્ટક દેવસ્થાનનું છે તેનું નક્ષેત્ર દેવગણ, ધ્વજ અને આય છે તેથી વય જોવાની જરૂર નથી ને મનુષ્યગણ નક્ષેત્ર મંડપને સારૂં છે.

| આ કોષ્ટક દેવસ્થાનનું છે. | | | ગજ | ૮)૨૩ | ૯) ૭ | ૯)૧૫ | ૯)૨૩ | ૧) ૭ | ૧)૧૫ | ૧)૨૩ | ૨) ૭ | ૨)૧૫ | ૨)૨૩ | ૩) ૭ | ૩)૧૫ | ૩)૨૩ | ૪) ૭ | ૪)૧૫ | ૪)૨૩ | ૫) ૭ | ૫)૧૫ | ૫)૨૩ | ૬) ૭ | ૬)૧૫ | ૬)૨૩ | ૭) ૭ | ૭)૧૫ | ૭)૨૩ | ૮) ૭ | ૮)૧૫ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | વૃષભ | ૨) ૫ | ૨)૧૩ | ૨)૨૧ | ૩) ૫ | ૩)૧૩ | ૩)૨૧ | ૪) ૫ | ૪)૧૩ | ૪)૨૧ | ૫) ૫ | ૫)૧૩ | ૫)૨૧ | ૬) ૫ | ૬)૧૩ | ૬)૨૧ | ૭) ૫ | ૭)૧૩ | ૭)૨૧ | ૮) ૫ | ૮)૧૩ | ૮)૨૧ | ૯) ૫ | ૯)૧૩ | ૯)૨૧ | ૧) ૫ | ૧)૧૩ | ૧)૨૧ |
| | | | સિંહ | ૪)૧૧ | ૪)૧૯ | ૫) ૩ | ૫)૧૧ | ૫)૧૯ | ૬) ૩ | ૬)૧૧ | ૬)૧૯ | ૭) ૩ | ૭)૧૧ | ૭)૧૯ | ૮) ૩ | ૮)૧૧ | ૮)૧૯ | ૯) ૩ | ૯)૧૧ | ૯)૧૯ | ૧) ૩ | ૧)૧૧ | ૧)૧૯ | ૨) ૩ | ૨)૧૧ | ૨)૧૯ | ૩) ૩ | ૩)૧૧ | ૩)૧૯ | ૪) ૩ |
| ગજ | વૃષભ. | સિંહ. | ધ્વજ | ૬)૧૭ | ૭) ૧ | ૭) ૯ | ૭)૧૭ | ૮) ૧ | ૮) ૯ | ૮)૧૭ | ૯) ૧ | ૯) ૯ | ૯)૧૭ | ૧) ૧ | ૧) ૯ | ૧)૧૭ | ૨) ૧ | ૨) ૯ | ૨)૧૭ | ૩) ૧ | ૩) ૯ | ૩)૧૭ | ૪) ૧ | ૪) ૯ | ૪)૧૭ | ૫) ૧ | ૫) ૯ | ૫)૧૭ | ૬) ૧ | ૬) ૯ |
| ૮)૨૩ | ૨) ૫ | ૪)૧૧ | ૬)૧૭ | ૮ પુષ્ય | દેવગણ | કર્ | કરાશી | મધ્ય | નાડી | પુરવે | દ્વારનું. | | | | | | | | | | | | | | | | | | | |
| ૯) ૭ | ૨)૧૩ | ૪)૧૯ | ૭) ૧ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| ૯)૧૫ | ૨)૨૧ | ૫) ૩ | ૭) ૯ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| ૯)૨૩ | ૩) ૫ | ૫)૧૧ | ૭)૧૭ | | | | ૨૦ પુ | ર્વાષાડા | મનુષ્ય | ગણ ધ | નરાશી | મધ્ય | નાડી | પશ્ચિમ | દ્વાર. | | | | | | | | | | | | | | | |
| ૧) ૭ | ૩)૧૩ | ૫)૧૯ | ૮) ૧ | | | | | ૨૦ પુ | ર્વાષાડા | મનુષ્ય | ગણ ધ | નરાશી | મધ્ય | નાડી | પશ્ચિમ | દ્વાર. | | | | | | | | | | | | | | |
| ૧)૧૫ | ૩)૨૧ | ૬) ૩ | ૮) ૯ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| ૧)૨૩ | ૪) ૫ | ૬)૧૧ | ૮)૧૭ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| ૨) ૭ | ૪)૧૩ | ૬)૧૯ | ૯) ૧ | | | | | | | | ૮ પુ | ષ્ય દે | વગણ ક | ર્ક રા | શી મ | ધ્ય ન | ડી પૂર્વ | દ્વાર. | | | | | | | | | | | | |
| ૨)૧૫ | ૪)૨૧ | ૭) ૩ | ૯) ૯ | | | | | | | | | ૨૭ રે | વતી દે | વગણ | મીનરા | શી અં | તનાડી | ઉત્તર | દ્વાર. | | | | | | | | | | | |
| ૨)૨૩ | ૫) ૫ | ૭)૧૧ | ૯)૧૭ | | | | | | | | | | ૧૭ અ | નુરાધા | દેવગ | ણવૃશ્ચિ | કરાશી | મધ્ય | નાડી પ | શ્ચિમ | દ્વાર. | | | | | | | | | |
| ૩) ૭ | ૫)૧૩ | ૭)૧૯ | ૧) ૧ | | | | | | | | | | | ૫ મૃગ | શીર્ષ | દેવગણ | વરખ | રાશી | મધ્ય | નાડી પુ | ર્વ દ્વાર | | | | | | | | | |
| ૩)૧૫ | ૫)૨૧ | ૮) ૩ | ૧) ૯ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| ૩)૨૩ | ૬) ૫ | ૮)૧૧ | ૧)૧૭ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| ૪) ૭ | ૬)૧૩ | ૮)૧૯ | ૨) ૧ | | | | | | | | | | | | | | ૧૧ પૂ. | ફા. મ | નુષ્યગ | ણ સિં | હરાશી | મધ્ય | નાડી દ | ક્ષિણ | દ્વાર. | | | | | |
| ૪)૧૫ | ૬)૨૧ | ૯) ૩ | ૨) ૯ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| ૪)૨૩ | ૭) ૫ | ૯)૧૧ | ૨)૧૭ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| ૫) ૭ | ૭)૧૩ | ૯)૧૯ | ૩) ૧ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| ૫)૧૫ | ૭)૨૧ | ૧) ૩ | ૩) ૯ | | | | | | | | | | | રેવતી | દેવગણ | મીનરા | શી અં | તનાડી | ઉત્તર | દ્વાર | ૨૭ | | | | | | | | | |
| ૫)૨૩ | ૮) ૫ | ૧)૧૧ | ૩)૧૭ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| ૬) ૭ | ૮)૧૩ | ૧)૧૯ | ૪) ૧ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| ૬)૧૫ | ૮)૨૧ | ૨) ૩ | ૪) ૯ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| ૬)૨૩ | ૯) ૫ | ૨)૧૧ | ૪)૧૭ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| ૭) ૭ | ૯)૧૩ | ૨)૧૯ | ૫) ૧ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| ૭)૧૫ | ૯)૨૧ | ૩) ૩ | ૫) ૯ | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | | |
| ૭)૨૩ | ૧) ૫ | ૩)૧૧ | ૫)૧૭ | | | | | | | | | | | | | | | | | મૃગશી | ર્ષ દેવ | ગણ મ | ધ્ય | વર | ખરા | શી પુર | વ દ્વાર | ૫ | | |
| ૮) ૭ | ૧)૧૩ | ૩)૧૯ | ૬) ૧ | | | | | | | | | | | | | | | | | અનુરા | ધા દેવ | ગણ વૃ | | મ | ધ્યના | ડી પ | શ્ચિમ | દ્વાર | ૧૭ | |
| ૮)૧૫ | ૧)૨૧ | ૪) ૩ | ૬) ૯ | | | | | | | | | | | | | | | | | | | | રે | ગણ | મીનરા | શી અ | તનાડી | ઉત્તર | દ્વાર. | ૨૭ |




कुंडो रीतना प्रमाणे करवा, तेनो वि-
स्तार अगियारमा अध्यायमां

# प्रासाद निरूपण.

॥ श्री गणेशायनमः ॥ श्री विश्वकर्मार्ये नमः ॥ अथश्री शिल्पशास्त्रसंग्रहे उत्तरार्धे मध्य भागे प्रासाद निरूपग दशमोऽध्याय प्रारभ्यः ॥

श्लोक. श्रीसृष्टी सूत्रधारस्य प्रासादा विश्वकर्मणा ॥
प्रासाद मंडनं ब्रूते सूत्रधारेषु मंडनम् ॥ १ ॥
गृहेषुयो विधिः प्रोक्तो विनि वेश प्रवेशने ॥
सएव विदुषा कार्यों देवता यतनेश्वपि ॥ २ ॥

અર્થ. વિશ્વકર્માએ સૂત્રધારના પ્રાસાદો સર્જ્યા છે મંડન સૂત્રધાર સૂત્રધારોમાં મંડન રૂપ એવા પ્રાસાદ મંડન નામના ગ્રન્થને ભૂષણ કહે છે ॥ ૧ ॥ ગૃહોને વિષે જે સ્થાપન અને પ્રવેષમાં જે વિધિ કહેલ છે તેજ વિધિ પંડિતોએ દેવસ્થાનને વિષે પણ કરવી. ॥ ૨ ॥

श्लोक. शुभलग्ने शुभनक्षत्रे पंचग्रह बलान्विते ॥
मास संक्रांति वत्सादि निषिद्धे काल वर्जिते ॥ ३ ॥

અર્થ. શુભ લગ્ન, શુભ નક્ષત્ર, બલવાન્ પાંચ ગ્રહ લગ્નને વિષે યુક્ત કરવા; ને, માસ, સંક્રાંતિ, વત્સાદિ, નિદ્કાલ ત્યાગ કરવો.

श्लोक. आयो व्ययक्ष मेशस्य भिति बाह्ये सुरालये ॥
ध्वजायो देव नक्षत्रं व्ययांशः प्रथमे शुभं ॥ ४ ॥

અર્થ ॥ જે પૃથ્વીપર પ્રાસાદ કરવો હોય તેનું ક્ષેત્રફળ ભીંતની બાહાર, ને અંદર, બે બાજુથી ઉપજાવવું તેમાં આય ધ્વજ, વ્યય હંસક, દેવગણનું નક્ષત્ર લાવવું તે શુભ છે.

श्लोक. ब्रह्मा विष्णुरेक नाभिर्द्वाभ्यां दोषोन विद्यते ।
शिवस्याग्रेन्य देवस्य दृष्टि वेधे महद्भयं ॥ ५ ॥

અર્થ. બ્રહ્મા અને વિષ્નુ એક રૂપ છે. તેમાંથી એક એકનાપર દૃષ્ટિ આવે, તો, દોષ નથી એ વિના બીજાની દૃષ્ટિ આવે, તો, દોષ છે, ને મોટો ભય ઉત્પન્ન થાય.

श्लोक. प्रसिद्ध राजमार्गस्य प्राकार स्वांतरोपिवा ॥
स्थापये दन्य देवश्च तत्र दोषोन विद्यते ॥ ६ ॥

અર્થ. મધ્યે રાજમાર્ગ આવ્યો હોય, ને સામે પ્રાકારકે અન્ય દેવ આવે તો, દોષ નથી.

**શ્લોક:** मध्ये युगास्रभद्राप्यं सुभद्रं प्रतिभद्रकं ॥
फलनीयं गर्भगृहं दोषदं गर्भमायतं ॥ ७ ॥

**અર્થ.** પંચાયતનના પાંચ સ્થાન મધ્યે યુગાસ્ર, સુદ્રાપ્ય, સુભદ્ર, પ્રતિ ભદ્રક, ગર્ભગૃહ, તેમાં યુગાસ્ર વિનાચાર સ્થાનમાં ગર્ભ દબાવવો જોઇયે નહીં.

**શ્લોક.** हिमालये दारु वने सुरासुर नरादिभिः ॥
प्रासादाकार पूजाभिः पुरा देव शिवो व्रतः ॥ ८ ॥
प्रासाद तत्र जातानां जातयस्तु चतुर्दशा ॥
नागरा द्राविडाश्चैव लतिनाख्या विमानका ॥ ९ ॥
मिश्रकाख्या विराटश्च सान्धाराभूमिजास्तथा ॥
विमान नागरास्तद्व द्विमानाः पुष्पका अपि ॥ १० ॥
वलभीफासनाकाराः सिंहालोक रथारुहा ॥
मृदाकाष्टेष्ठ काशैल धातुरत्नादिभिः सुधीः ।
कुष्टात्स्वशक्त्या प्रासादं चतुर्वर्ग फल प्रदम् । ११ ॥

**અર્થ.** પૂર્વે હિમાલયમાં કાષ્ટના વનમાં દેવ, દૈત્ય, મનુષ્યોએ, મહાદેવની પૂજા કરી એ પ્રાસાદના આકારની પૂજાએ દેવતાઓથી શિવ વિંટાયા તેનાથી પ્રાસાદની ચઉદ જાતી ઉત્પન્ન થઈ. નાગર, દ્રાવિડ, લતિન, વિમાન, મિશ્રક, વિરાટ, સાંધાર, ભૂમિજ, વિમાન નાગર, તેમજ વિમાન પુષ્પક, વલભી, ફાસનાકાર, સિંહાલોક, અને રથારૂહ એ રીતે ચઉદ છે. એ રીતે મૃત્તિકા, કાષ્ટ, ઈંટ, પથ્થર, ધાતુ, અને રત્ન ઇત્યાદિવડે ડાહ્યા માણસે પોતાની શક્તીએ ચતુર્વર્ગ સાધન રૂપ એવા પ્રાસાદ કરવા.

**શ્લોક.** नद्यां सिद्धाश्रमेतीर्थे पुरे ग्रामे च गह्वरे ॥
वाटी वापी तडागादि स्थाने कुर्यात् सुरालयम् ॥ १२ ॥
देवानां स्थापनं पूजा पापहृद्दर्शनादिकम् ॥
धर्मे वृद्धे भवेदर्थः काम मोक्षौ ततो नृणाम् ॥ १३ ॥

**અર્થ.** નદીના તટ ઉપર, સિદ્ધના આશ્રમમાં, તીર્થમાં, પુરમાં, ગ્રામમાં, ગુફામાં, વાડીમાં, વાવમાં, તલાવ ઈત્યાદિ સ્થાનકે દેવાલય કરવું. દેવોનું સ્થાપન, પૂજા, દર્શનાદિક, પાપ નાશકારક છે. અને ધર્મવૃદ્ધિથી મનુષ્યોને અર્થ, કામ, અને મોક્ષની પ્રાપ્તિ થાય છે.

## प्रासादमां कूर्मनो विचार.

**શ્લોક.** अर्द्धांगुलो भवेत् कूर्मे एक हस्ते सुरालये ॥
अर्द्धांगुलो ततो वृद्धिः कार्यातिथि करावधि ॥ १४ ॥

एक त्रिंशत् करांतं च तदूर्द्धा वृद्धि रिष्यते ॥
ततोर्द्धा पिशताद्धांतं कूर्मो मन्वंगुलोमितः ॥ १८ ॥
चतुर्थांशाधिको ज्येष्ठः कनिष्ठो हीन योगतः ॥
सौवर्णो रौप्यजोवापि स्थाप्ये; पंचामृते नसः ॥ १९ ॥

**અર્થ.** એક હાથના પ્રાસાદમાં અર્ધા આંગુળનો કૂર્મ થાય. અને પછી અર્ધા આંગુળ વધારતાં જવું, તે પંદર હાથ સુધી અને પછીથી તેના અર્ધની વૃદ્ધિ કરવી, એકત્રીશ હાથ સુધી અને એકત્રીશથી પચાસ સુધી પાછી તેના અર્ધની વૃદ્ધિ કરવી. અને પચાસ હાથે ૧૪ ચઉદ આંગળનો કૂર્મ છેલ્લો કરવો. એ મધ્યમ માનનો છે. તથા તેમાં ચોથો ભાગ વધારીએ તો, ઉત્તમ માનનો થાય. અને ચોથો ભાગ બાદ કરીએ તો, કનિષ્ઠ માનનો થાય. એ કૂર્મ સોનાનો, અથવા રૂપાનો, પચામૃતવડે પૂજા કરી, સ્થાપન કરવો.

**પ્રાસાદ જેટલા ગજનો હોય તેના પ્રમાણમાં કૂર્મો કરવા.**

| પ્રાસાદ ગજ. | કૂર્મ. આંગુલ. | પ્રાસા. ગજ. | કૂર્મ. આંગુલ. | પ્રાસાદ ગજ. | કૂર્મ. આંગુલ. | પ્રાસાદ ગજ. | કૂર્મ. આંગુલ. | પ્રાસાદ ગજ. | કૂર્મ. આંગુલ. | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૦ાા | ૧૧ | ૫ાા | ૨૧ | ૯ | ૩૧ | ૧૧ાા | ૪૧ | ૧૨ાાા | |
| ૨ | ૧ | ૧૨ | ૬ | ૨૨ | ૯ા | ૩૨ | ૧૧ાા≈ | ૪૨ | ૧૨ાાા≈ | |
| ૩ | ૧ાા | ૧૩ | ૬ાા | ૨૩ | ૯ાા | ૩૩ | ૧૧ાાા | ૪૩ | ૧૩) | |
| ૪ | ૨ | ૧૪ | ૭ | ૨૪ | ૯ાાા | ૩૪ | ૧૧ાાા≈ | ૪૪ | ૧૩)≈ | |
| ૫ | ૨ાા | ૧૫ | ૭ાા | ૨૫ | ૧૦ | ૩૫ | ૧૨ | ૪૫ | ૧૩ા | |
| ૬ | ૩ | ૧૬ | ૭ાાા | ૨૬ | ૧૦ા | ૩૬ | ૧૨)≈ | ૪૬ | ૧૩ા≈ | |
| ૭ | ૩ાા | ૧૭ | ૮ | ૨૭ | ૧૦ાા | ૩૭ | ૧૨ા | ૪૭ | ૧૩ાા | |
| ૮ | ૪ | ૧૮ | ૮ા | ૨૮ | ૧૦ાાા | ૩૮ | ૧૨ા≈ | ૪૮ | ૧૩ાા≈ | |
| ૯ | ૪ાા | ૧૯ | ૮ાા | ૨૯ | ૧૧ | ૩૯ | ૧૨ાા | ૪૯ | ૧૩ાાા | |
| ૧૦ | ૫ | ૨૦ | ૮ાાા | ૩૦ | ૧૧ા | ૪૦ | ૧૨ાા≈ | ૫૦ | ૧૩ાાા≈ ૧૪) | વધારેમાં વધારે ૧૪ આંગુલ |

**વિશેષ.** પ્રાસાદ જેટલો કરવો હોય, તેટલી ચતુરસ્ત્ર જમીન પાયા સાથે જળ નીકળતાં સુધી, અથવા પાષાણ નીકળતાં સુધી, અથવા તો કઠિણ અને શુદ્ધ માટી આવે ત્યાં સુધી ખોદવી પછી શુભ મુહૂર્તમાં મધ્ય કૂર્મનું સ્થાપન કરવું.

श्लोक. अति स्थूला सुविस्तीर्णा प्रासाद धारिणी शिला ।
अतिव सुदृढाकार्या इष्टिका चूर्ण वारिभिः ॥ १७ ॥
शिलोपरिभवेद्भिट्ट मेक हस्ते युगाङ्गुलम् ।
अर्धाङ्गुलाभवद्धिर्या वद्धस्त शतार्धकम् ॥ १८ ॥
अङ्गुलोनांशहीनेन अर्धेनार्धेन च क्रमात् ॥
पंचदिग्विंशतिर्यावत्समार्ध च विवर्धयत्। १९ ॥
एकद्वि त्रीणिभिट्टानि हीन हीनानि कारयत् ॥
स्वस्वोदय प्रमाणस्याचतुर्थांशेन निर्गमम् ॥ २० ॥

**અર્થ.** અતિ સ્થૂળ (અતિશે જાડી.) સારા વિસ્તારવાળી પ્રાસાદને ધારણ કરનારી શિલા કરવી. તે ઇંટ, ચૂનો અને પાણીથી અતિશય દૃઢ (મજબૂત) કરવી.

શિલાના ઉપર ભીંત (સમચોરસ થર) કરવી એક હાથમાં ચાર આંગળ પછી અર્ધા આંગુળની વૃદ્ધિ કરવી પચાસ હાથ સુધી અંગુલ કરીને હીન એક અંશે તેના અર્ધ તેના અર્ધ કરી અનુક્રમે પાંચ, દશ અને વીશ સુધી સમાધ વધારવું.

એક, બે અને ત્રણ ભીટ એક એકના કરતાં હીન કરવાં અને પોતપોતાના ઉદય પ્રમાણે ચતુર્થાંશ નીકળતાં કરવાં.

श्लोक. तिथिस्तु पंचगुणिती कृत्तिका धसंयुता ॥
तथा द्वादशमिश्रा च नव भागेन भाजितम् ॥ २१ ॥

फल. जल वेदा मुनिश्चंद्र स्थले पंचद्रु मेत्रसुः ॥
त्रिषट्कनवचाकाशे त्रिविधं कूर्म लक्षणं ॥ २२ ॥
जले लाभः स्तथा प्रोक्ता स्थले हानि तथै वच ।
आकाशे मरणं प्रोक्तं मिहं कुर्मस्य चक्रम ॥ २३ ॥

**અર્થ.** જે તિથિમાં ગૃહારંભ કરવો હોય, તેમાં કૂર્મ ચક્ર જોવું તેમાં જે તિથિ હોય, તેને ૫ થી ગુણવી તથા કૃતિકા વિષે જે નક્ષત્ર હોય, તે યુક્ત કરીને, ૧૨ મિલાવવા, અને ૯ થી ભાગવા. શેષ ૪-૭-૧ રહે, તો, કાચબોજલ સ્થાનમાં છે, તેનું ફલ લાભ તથા ૫ ૨-૮ વધે, તો, કૂર્મ ભૂમિ ઉપર છે, તેનું ફલ હાનિ અને ૩-૬-૯ શેષ વધે, તો, આકાશમાં કાચબો છે, તેનું ફળ મૃત્યુ એમ ત્રણ પ્રકારે કૂર્મ ચક્ર જોવાય છે.

श्लोक. ईशानादग्नि कोणाद्वा शिला स्थाप्या प्रदक्षिणात् ॥
मध्ये कूर्म शिला पश्चात् गीत वादित्र मंगलैः ॥ २४ ॥
बलिदानं च नैवेद्यं विविधान्नं घृतप्लुतम् ॥

देवताभ्यः सुधीर्दद्यात् कूर्मन्यासे शिलासुच ॥ २५ ॥

**અર્થ.** ઈશાન કોણથી વા અગ્નિ કોણથી પ્રદક્ષિણાના અનુક્રમે શિલાસ્થાપન કરવી; અને મધ્યમાં કૂર્મ સ્થાપન કરવો. પછી ગીત વાદિત્ર અને મંગળથી શિલા સ્થાપન કરવી. ડાહ્યા માણસોએ અનેક પ્રકારનાં ઘીમાં બોળેલાં અન્નનું નૈવેદ્ય, અને બળિદાન, દેવતાઓને કૂર્મન્યાસ અને શિળાસ્થાપન વખતે આપવું.

**શ્લોક.** एक हस्ता दि प्रासादात् यावद्धस्त शतार्द्धकम् ॥
प्रमाणं कुंभके मूल नासिके भित्ति बाह्यतः ॥ २६ ॥

दश हस्ता दधोनस्यात् प्रासादो भ्रम संयुतः ।
स्यादेकादिरसाग्रंतं निराधारो भ्रमं विना ॥ २७ ॥

पंचहस्तादितो मेरुः स्यात् पंचाशत् करावधिः ॥
कुंभकादिस्तराणांतु निर्गमः समसूत्रतः ॥२८॥

पीठस्य निर्गमो बाह्ये कर्तव्य छाद कस्य च ॥
त्रि पंच सप्त नव भिः फालनाभिर्विभाजयेत् ॥ २९ ॥
प्रासाद भंग संख्याश्च वारि मार्गांतर स्थिताः ॥
फालना कर्ण तुल्या स्यात् भद्रंतु द्विगुणं मतम् ॥ ३० ॥

सामान्योयं विधिस्तत्र द्विविधोंग विनिर्गमः ॥
अंग व्यास समो यद्वा वाम हस्त मितांगुले ॥ ३१ ॥

प्रासादेसा चतुर्भागा यावत्सूर्योत्तरं शतम् ॥
एक स्यापि तलस्योर्द्धे शिखराणि बहूनिहि ॥ ३२ ॥
नामानि जातयस्तेषां मूर्ध्वाकारानु सारतः ॥

**અર્થ** ॥ એક હસ્તથી પચાસ હાથ સુધી પ્રાસાદ કરવો. કુંભકનાથી નાસિકા ભીંતના બહાર કરવી. ભ્રમ (શિખર)વાળો પ્રાસાદ દશ હાથ કરતાં ઓછો ન કરવો. એકથી સો સુધી ભ્રમ (શિખર) વગરનો, નિરાધાર પ્રાસાદ કરવો. પાંચ હાથથી પચાસ હાથ સુધી મેરૂ પ્રાસાદ કરવો. કુંભાદિ વિસ્તારોનો નિર્ગમ સમ સૂત્રે કરવો. પીઠ અને છાદ્યનો નિર્ગમ બહાર કરવો. ત્રણ, પાંચ, સાત, અને નવ ફાલનાઓ એ (ભાગોએ) ભાગવા; પ્રાસાદના અંગની વારિ માર્ગના અંતરે રહેલાં છે. ફાલના, ખૂણા જેટલી, કરવી. અને ભદ્ર એનાથી બમણું કરવું. એ સામાન્ય વિધી છે. અને બે પ્રકારનો અંગનો નિર્ગમ છે, અંગના વ્યાસ જેટલો અથવા વામ હસ્તાંગુલ જેટલો કરવો. પ્રાસાદમાં તે ફાલના ચાર ભાગથી એકસોને બાર ભાગ સુધી છે. એક તળના ઉપર બહુ શિખરો છે. તેની ઉપરના આકારના અનુસારે નામ અને જાતિ ઉત્પન્ન થઈ છે.

**વિશેષ.** પાંચ હાથથી ઓછો શિખરવાળો પ્રાસાદ ન કરવો. અને તેથી વધારે

પચાસ સુધી થાય છે. અને શિખર સાથે, ભ્રમવાળો પ્રાસાદ, દશ હાથથી ઓછો ન કરવો. તે ઉપરાંત પચાસ સુધી કરવો.

આ જે ઉપર ફાલના લખી છે, તે જેટલા ભદ્ર તથા તેની બાજુની ખૂણીયો જેટલી પડે, તેની સંજ્ઞા લખી છે તે ત્રણ, પાંચ, સાત, નવ ઇત્યાદિ છે.

શ્લોક. वेदास्र मायतं वृत्त मष्टास्रं वर्तुलायतं ।
प्रासादं कारयेत् तस्यानुरूपां जगतीमपि ॥ ३३ ॥
प्रासाद त्रिचतुः पंच गुणेति जगती त्रिधा ।
ज्येष्ठादिषु क्रमाद्योज्यात्रिद्व्येयक भ्रमसंयुतः ॥ ३४ ॥
रस सप्तगुणाख्याताजिने पर्याय संस्थिता ।
द्वारिकायां च कर्तव्या तथैव पुरुषत्रये ॥ ३५ ॥
मंडपानुक्रमेणैव सपादांशे च सार्धतः ।
द्विगुणावायता कार्या सहस्रायतनं विधिः ॥ ३६ ॥
त्रिद्वेक भ्रमसंयुक्ता ज्येष्ठा मध्या कनिष्ठिका ।
उच्छ्रायस्य त्रिभागेण भ्रमणीनां समुच्छ्रयः ॥ ३७ ॥
चतुः कोणैस्तथा सूर्यकोणै विंशति कोणकैः ।
अष्टाविंशतिषट् त्रिंशत् कोणैस्तस्य प्रमाणतः ॥ ३८ ॥
प्रासादा द्वार्क हस्ताच्च त्रिंशद्वाविंशतिः कराः ।
द्वात्रिंशति चतुर्थांशो भूतांशोच्चाश त्सार्धके ॥ ३९ ॥
एक हस्ते करेणैवसार्द्धार्द्धं स्याचतुः करे ।
सूर्ये जैने शतार्धान्तं क्रमाद्वित्रि युगांशकैः ॥ ४० ॥

અર્થ. ચતુરસ્ર, લંબચોરસ, અષ્ટાસ્ર વર્તુલ અને દીર્ઘ વ લ પ્રાસાદ કરવો. તેના જ જેવા આકારની જગતી પણ કરવી. તે પ્રાસાદ કરતાં ત્રણ, ચાર, અને પાંચગણી, એમ ત્રણ પ્રકારની જ્યેષ્ઠ, મધ્ય અને કનિષ્ઠ જગતી, અનુક્રમે ત્રણ, બે અને એકભ્રમ-વડે સંયુક્ત કરવી. છ સાતગણી જૈન પ્રાસાદમાં પર્યાયમાં રહેલી કરવી. દ્વારિકામાં (દ્વારમાં) અને તેમજ ત્રિપુરૂષમાં મંડપના અનુક્રમે સવાઈ, દોઢી અને બમણી લાંબી કરવી. સહસ્રાયતનમાં વિધિ છે. ત્રણ, બે, એક ભ્રમવડે યુક્ત, જ્યેષ્ઠા, મધ્યા અને કનિષ્ઠ જાણવી. ઉંચાઈના તૃતીયાંશે ભરણાની ઉંચાઈ કરવી. ૪ કોણ, ૧૨ કોણ, ૨૦ કોણ, ૨૮ કોણના આકારે પ્રાસાદના પ્રમાણમાં ઊંચાઈ કરવી. ૧૨ હાથના પ્રાસાદથી ૨૦, ૩૦ અથવા ૩૨ હાથ ઊંચાઈ કરવી. અને પચાસ હાથમાં ચતુર્થાંશ, પંચમાંશ ઉંચી કરવી. ૧ હાથમાં ૧ હાથનીજ કરવી. ચાર હાથમાં દોઢ ભાગની થાય. સૂર્યના પ્રાસાદમાં અને જિન પ્રાસાદમાં પચાસ હાથ સુધી બે, ત્રણ અને ચાર અંશે કરવી.

## प्रासादमां जगतीनो विस्तार.

श्लोक. प्रसादाना मधिष्टानं जगति सा निगद्यते ॥
यथा सिंहासनं रास प्रासादस्य तथैवच ॥ ४१ ॥
चतुरस्रायतीष्टांस्या वृत्ता वृत्ता प्रता तथा ॥
जगती पञ्चधा प्रोक्ता प्रासादस्यानु रूपत ॥ ४२ ॥
प्रासाद पृथुमानच्च त्रिगुणा च चतुर्गुणा ॥
क्रमात्पञ्च गुणा प्रोक्त ज्येष्टा मध्याकनीयसी ॥ ४३ ॥
कन्यसे कन्यसा ज्येष्टे ज्येष्टा मध्ये च मध्यमा ॥
प्रासादे जगती कार्या स्वरूपा लक्षणान्विता ॥ ४४ ॥

અર્થ. પ્રાસાદ કરવાનું જે સ્થાન તેને જગતી કહી છે. તેમ રાજાનું સ્થાન સિંહાસન છે તે રીતે પ્રાસાદનું સ્થાન છે. એ જગતી પ્રાસાદના રૂપે પાંચ પ્રકારની કહી છે. તે ૧ લી ચતુરસ્ત્ર, બીજી લંબ ચોરસ. ત્રીજી અષ્ટાસ્ત્ર. ચોથી પ્રવૃત્ત, અને પાંચમી પ્રલંબ ગોળ છે. પ્રાસાદની પોહળાઇથી ત્રણ ગણી; ચાર ગણી; અને પાંચ ગણી; એ અનુક્રમે જ્યેષ્ટ; મધ્યમ; અને કનિષ્ટા કહી છે.

જે જગતિ કનિષ્ટ પ્રાસાદમાં કનિષ્ટા, મધ્યમમાં મધ્યમા, અને જ્યેષ્ટ પ્રાસાદમાં જ્યેષ્ટા લેવી. અને, સ્વરૂપ અને લક્ષણો સહીત કરવી. ૪૧—૪૪.

श्लोक. रस सप्त गुणा खाता जिने पर्याय संस्थिता ॥
द्वारिकायांच कर्तव्या तथैव पुरुषत्रये ॥ ४५ ॥
मंडपानुक्रमेणैव सपादांशेन सार्धतः ॥
द्विगुणा पायता कार्या सहस्त्रा वतनं विधिः ॥ ४६ ॥

અર્થ. છ, સાત ગણી અનુક્રમે કહેલી જિન પ્રાસાદમાં અને દ્વારિકામાં જગતિ કરવી તેમજ પુરૂષત્રયમાં એટલે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વરાદિકોના પ્રાસાદમાં પણ કરવી. અથવા તો મંડપના અનુક્રમેજ ૧૧ અંશ ૧॥ દોઢ. અને બમણે ભાગે દીર્ઘ કરવા એ રીતે હજારો સ્થાનની વિધિ છે. ૪૫—૪૬.

श्लोक. त्रिद्यक भ्रम संयुक्ता ज्येष्टा मध्या कनिष्टिका ॥
उछ्रायस्य त्रिभागेण भ्रमणीमां समुच्छ्रय ॥ ४७ ॥
चतुःकोणै स्तथा सूर्य कोणैर्विंशति कोणकै ॥
अष्टाविंशति षट् त्रिंशत्कोणै स्तस्य प्रमाणत ॥ ४८ ॥
प्रसादा द्वार्क हस्ताच्च त्रिंशो द्वाविंशातिः कराः ॥

द्वात्रिंशति चतुर्थांशो भूतांशो चाशतार्धके ॥ ४९ ॥
एक हस्ते करे तेव सार्धार्धवा चतुःकरे ॥
सूर्ये जैने शतार्धान्तं क्रमादि त्रियुगांशकै ॥ ५० ॥

**અર્થ.** ૩-૨-૧ ભ્રમવડે યુક્ત. જ્યેષ્ટ-મધ્ય-કનિષ્ટ હોય. ઉંચાઈના તૃતીયાંશનો ભ્રમણીનો ઉચ્છ્રય કરવો. પાંચ પ્રકારની ફલંના કહી છે. ચતુરસ્ત્ર. દ્વાદશકોણ. ૧૨. વિશંકોણ ૨૦ અઠાવિશ કોણ. ૨૮ છત્રીશ કોણ. ૩૬ તેના પ્રમાણથી બાર ૧૨ હાથથી ત્રીશ હાથ ૩૦ વીશ હાથ. ૨૦ બત્રીશ હાથ પચાશ હાથ ૫૦ પર્યંત. ચતુર્થાંશ. પંચમાંશ ઉંચાઈ કરવી. એક હાથમાં હાથે કરીને. ૧॥ દોઢ હાથે કરીને અર્ધ હાથે કરીને અને ચાર હાથે સૂર્યપ્રાસાદમાં અને જિન પ્રાસાદમા અનુક્રમથી ૨-૩-૪ અંશોએ કરી ૫૦ સુધી કરવી.

**શ્લોક.** इष्टकाभिः कृते गेहे भित्तिः पादेन कारयेत् ।
पंचमांशे थवा सार्द्धैः षडंशै र्वापि शैलजे ॥ ५१ ॥
दारुजो सप्तमांशैःस्यात् सांधारे च षडंशतः ।
दशांशैर्धातु रत्नोत्थे साकुंभे मूळनासिके ॥ ५२ ॥

**અર્થ.** ઈટોથી કરેલા પ્રાસાદમાં ભીંત ૪ થા ભાગે કરવી. પથ્થરથી બાંધેલા ગૃહમાં ૫ મા અંશે, અથવા, તેના ૧॥ ભાગની વા ૬ ઠ્ઠા ભાગની ભિત્ત કરવી, કાષ્ઠકૃત ગૃહમાં ૭ મા ભાગે, સાંધારમાં ૬ અંશથી, ધાતુ તથા રત્નથી કરેલામાં કુંભકમાં અને મૂળનાસિકમાં તે ભિંત્ત ૧૦ મા ભાગે કરવી. ૫૧—૫૨.

| | |
|---|---|
| ઈંટની ભીત.... ૪ થા ભાગની. | સાધારણ કરે તો ૬ ઠા ભાગની. |
| પથ્થરની ભીત... ૫ મા ભાગની. | ધાતુ રત્નની ભીંત ૧૦ મા ભાગની. |
| કાષ્ટનો કરે તો... ૭ મા ભાગની. | |

## प्रासादनी जाती.

**શ્લોક.** केसरी सर्वतो भद्रो नन्दनो नवशालिकः ।
नन्दीशो मंदरश्चैव श्रीवृक्षश्चामृतोद्भवः ॥ ५३ ॥
हिमवान् हेमकूटश्च कैलासः पृथिवीजयः ।
ईन्द्रनीळो महानीळो भूधरो रत्नकूटकः ॥ ५४ ॥
वैडूर्यः पद्मरागश्च वज्रको मुकुटो ज्ज्वलः ।
ऐरावतो राजहंसो गरुडो वृषभध्वजः ॥ ५५ ॥
मेरुः प्रासाद राजश्च देवाना माळयोहिसः ॥
ब्रह्म विष्णु शिवार्काणां नान्येषां च कदाचन ॥ ५६ ॥
आद्यः पंचांडको ज्ञेयः केसरी नामना मतः ।
चतुर्णां क्रमतो वृद्धि र्यावदेकोत्तरं शतम् ॥ ५७ ॥

અર્થ. ૧ કેસરી, ૨ સર્વતોભદ્ર, ૩ નંદન, ૪ નંદશાલિક, ૫ નંદીશ, ૬ મંદર, ૭ શ્રી વૃક્ષ, ૮ અમૃતોદ્દ્ભવ, ૯ હિમવાન્, ૧૦ હેમકૂટ, ૧૧ કૈલાસ, ૧૨ પૃથ્વીજય, ૧૩ ઇન્દ્રનીલ, ૧૪ મહાનીલ, ૧૫ ભૂધર, ૧૬ રત્નકૂટક, ૧૭ વૈડુર્ય, ૧૮ પદ્મરાગ, ૧૯ વજ્રક, ૨૦ મુકુટોજ્વલ, ૨૧ ઐરાવત, ૨૨ રાજહંસ, ૨૩ ગરૂડ, ૨૪ વૃષભધ્વજ અને મેરૂપ્રાસાદ ૨૫ સર્વ પ્રાસાદનો રાજા છે. એમ આ પચીશ પ્રાસાદો દેવલોકોનાં સ્થાન છે. એ પ્રાસાદો, બ્રહ્મા, વિષ્ણુ, શિવ અને સૂર્ય એઓનાં છે. અને કોઈ સ્થળે બીજા દેવોનાં પણ છે તેમાં પહેલો પાંચ ઇંડાનો કેસરી નામનો થાય છે. પછી અનુક્રમે ચાર ચાર અંડકની વૃદ્ધિથી છેલ્લો ૧૭૧ ઇંડાનો કરવો. ૫૩—૫૭.

શ્લોક. क्षेत्रेष्टांशे विभक्तेतु कर्णो भाग द्वयं भवेत् ॥

भद्रार्धं कर्ण तुल्यंतु भागे नेकेन निर्गमः ॥ ५८ ॥

दशांशे सार्ध भागं च भद्रार्धं च प्रतीरथे ।

कर्णो द्वि भाग सूर्यांशे भद्रार्धं च प्रतीरथे ॥ ५९ ॥

चतुर्दश विभक्तेतु कर्णं तद्द्वादशांशवत् ।

भद्रपार्श्वद्वये कार्या भाग भागेन नंदिका ॥ ६० ॥

षोडशांशे प्रकर्तव्या कर्णः प्रतिरथांतरे ।

कोणिका भाग तुल्या च शेषं चतुर्दशांशवत् ॥ ६१ ॥

अष्टादशांशे भद्रस्य पार्श्वे द्वे द्वे च नंदिके ।

कर्तव्या भाग भागैश्च शेषंस्यात्षोडशांशवत् ॥ ६२ ॥

चतुरस्री कृते क्षेत्रे विंशत्यंश विभाजिते ।

कर्णो द्विभाग कोणी च सार्धांशः कर्णक स्तथा ॥ ६३ ॥

અર્થ. ક્ષેત્રના આઠ ભાગ કરવા, તેમાં બે ભાગનો કર્ણ થાય, અને કર્ણ જેવડું ભદ્રાર્ધ થાય, અને એનો નિર્ગમ એક ભાગનો છે.

૧૦ ભાગમાં ૧॥ ૧॥ ભાગનાં ભદ્રાર્ધ, અને પ્રતિરથ કરવાં; કર્ણ ૨ ભાગનો, ૧૨ ભાગમાં ભદ્રાર્ધ, અને પ્રતિરથ સમાન ભાગે કરવા. ૧૪ ભાગમાં દ્વાદશાંશની પેઠે (બે ભાગ કોણા, બે ભાગ ભદ્રાર્ધ, બે ભાગ પ્રતિરથ) કરવા. અને એ ભદ્રોને બન્ને બાજૂએ એકેક ભાગે નંદિકા કરવી, ૧૬ ભાગમાં પ્રતિરથના અંતરમાં કર્ણ કરવો. અને કોણિકા ૧ ભાગ તુલ્ય કરવી. અને શેષ ભાગ ૧૪ ભાગની પેઠે કરવો. ૧૮ ભાગમાં ભદ્રના પાસાંએ બે બે નંદિકા એકેક ભાગની કરવી. અને શેષ ષોડશાંશની પેઠે કરવું. ચતુરસ્ત્ર કરેલા ક્ષેત્રમાં ૨૦ અંશે ભાગેલામાં, બે ભાગની કોણી, દોઢ ભાગનો કર્ણક કરવો. ૫૮—૬૩.

## ॥ श्री ॥

## ભદ્રભાગનું કોષ્ટક.

| ભાગ. | | | | | | | | | | | | | | ભાગો |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | કર્ણ | ભદ્ર | કર્ણ | | | | | | |
| અષ્ટ | | | | | | ૨ | ૪ | ૨ | | | | | | ૮ |
| | | | | | કર્ણ | પ્ર. રથ | ભદ્ર | પ્ર. રથ | કર્ણ | | | | | |
| દશ | | | | | ૨ | ૧॥ | ૩ | ૧॥ | ૨ | | | | | ૧૦ |
| | | | | | કર્ણ | પ્ર. રથ | ભદ્ર | પ્ર. રથ | કર્ણ | | | | | |
| દ્વાદશ | | | | | ૨ | ૨ | ૪ | ૨ | ૨ | | | | | ૧૨ |
| | | | | કર્ણ | પ્ર. રથ | નંદી | ભદ્ર | નંદી | પ્ર. રથ | કર્ણ | | | | |
| ચતુર્દશ | | | | ૨ | ૨ | ૧ | ૪ | ૧ | ૨ | ૨ | | | | ૧૪ |
| | | | કર્ણ | કોણી | પ્ર. રથ | નંદી | ભદ્ર | નંદી | પ્ર. રથ | કોણી | કર્ણ | | | |
| ષોડશ | | | ૨ | ૧ | ૨ | ૧ | ૪ | ૧ | ૨ | ૧ | ૨ | | | ૧૬ |
| | | કર્ણ | કોણી | પ્ર. રથ | નંદી | નંદી | ભદ્ર | નંદી | નંદી | પ્ર. રથ | કોણી | કર્ણ | | |
| અષ્ટાદશ | | ૨ | ૧ | ૨ | ૧॥ | ૧ | ૪ | ૧ | ૧ | ૨ | ૧ | ૨ | | ૧૮ |
| | | કર્ણ | કોણી | પ્ર. રથ | નંદી | નંદી | ભદ્ર | નંદી | નંદી | પ્ર. રથ | કોણી | કર્ણ | | |
| વિંશતિ | | ૨ | ૧॥ | ૨ | ૧॥ | ૧ | ૪ | ૧ | ૧॥ | ૨ | ૧॥ | ૨ | | ૨૦ |
| | કર્ણ | કોણી | પ્ર રથ | નંદી | પ્ર. રથ | નંદી | ભદ્ર | નંદી | પ્રતી રથ | નંદી | પ્ર. રથ | કોણી | કર્ણ | |
| દ્વાવિંશતી | ૨ | ૧ | ૨ | ૧ | ૨ | ૧ | ૪ | ૧ | ૨ | ૧ | ૨ | ૧ | ૨ | ૨૨ |

श्लोक. द्विभागै स्तुप्रतिरथे नंदिका सार्ध भागिका ।
भद्रेनंदी भवेद्भाग भद्रार्धं युग्म भागिकम् ॥ ६४ ॥
द्वाविंशत्यंशके नन्दी भागैका भद्रपार्श्वयोः ।
त्रयः प्रतिरथे कर्णे भद्रार्धं च द्विभागिकम् ॥ ६५ ॥

एक द्वित्रि त्रिकं त्रीणि वेदाश्वत्वारि पंच च ॥
तलेषु क्रमतोष्टासु कोप्याहुः शिखराणिच ॥ ६६ ॥
शिखरंत्वेक वेदैक षट् त्रिवेद युग द्वयम् ॥
तलेषु क्रमतः प्रोक्तं मूल सूत्रे पराजिते ॥ ६७ ॥
तलेष्वष्टासु विहिताः प्रासादाः पंचविंशाति ॥
त्रयस्त्रयः क्रमेणैव चत्वारस्त्वष्टमे तले ॥ ६९ ॥

**અર્થ.** ૨ ભાગે પ્રતિરથ કરવો, ૧॥ ભાગની નંદિકા કરવી, ભદ્રમાં ૧ ભાગની નંદી થાય, અને ૨ ભાગનું ભદ્રાર્ધ કરવું.

અને ૨૨ અંશમાં ભદ્રના પાસાંઓમાં ૧ ભાગની નંદી કરવી, ૩ ભાગના પ્રતિરથ અને કર્ણ કરવા, અને ૨ ભાગનું ભદ્રાર્ધ કરવું. એક, બે, ત્રણ, ત્રણ, ત્રણ, ચાર, ચાર, અને પાંચ, અનુક્રમે આઠ તળમાં શિખરો કરવાં. કોઈ એમ કહે છે કે, અનુક્રમે એક, ચાર, એક, છ, ત્રણ, ચાર, ચાર, અને બે એમ આઠે તળમાં શિખર કરવાં. એમ અપરાજિતમાં મૂળ સૂત્રમાં કહેલું છે. અનુક્રમે ત્રણ ત્રણજ કરવાં, અને આઠમા તળમાં ચાર કરવાં. ૬૪—૬૯.

**શ્લોક.** त्रीणि त्रीणि स्वकीयानि द्वे द्वे च परमस्य च ॥
शिखराणि विधेयानि विश्वकर्मा वचो यथा ॥ ७० ॥
द्विव्येक षट् त्रयोष्टादि तलेषु पंच सुक्रमात् ॥
सप्तैव सप्तमेषष्ठे सरांशि त्रीणि चाष्टमे ॥ ७१ ॥
भेदाः पंचाश देकैक प्रोक्ताः श्री विश्वकर्मणा ॥
तनैकस्मिंस्तलेपिस्युः शिखराणि बहून्यपि ॥ ७२ ॥
रथिका सिंह कर्णश्च भद्रे कुर्यात् गवाक्षिकाः ॥
प्रत्यंगै स्तिलकाद्यैश्च शोभितं सुरमंदिरम् ॥ ७३ ॥
प्रासादा केसरि मुख्याः सर्व देवेषु पूजिताः ॥
सुरराज्ञो प्रजादीनां कर्तु कल्याण कारकाः ॥ ७४ ॥

**અર્થ.** ત્રણ, ત્રણ મુખ્ય દેવનાં, અને બબે બીજા દેવોનાં, શિખરો કરવાં. જેમ વિશ્વકર્માનું વચન હોય, તેમ શિખરો કરવાં.

બે, ત્રણ, એક છ, અને ત્રણ, અનુક્રમે આઠ ભાગવાળા તળથી પાંચ તળને વિષે શિખરો કરવાં. સાતમામાં સાત, છઠ્ઠામાં તેજ રાશિ એટલે છ, અને આઠમા તળમાં ત્રણ

શિખરો કરવાં. એમ વિશ્વકર્માએ ૧૧૫૦ એક હજાર એકસોને પચાસ ભેદ કહ્યા છે, તેજ કારણથી એક તળમાં ઘણાં પણ શિખરો થાય છે. રથિકા અને સિંહ કર્ણ કરવા. ભદ્રમાં ગવાક્ષિકા કરવી, પ્રત્યંગોએ અને તિલકાદિ અંગોએ દેવમંદિર સુશોભિત કરવું, કે-સૂર્યાદિ પ્રાસાદો સર્વ દેવોમાં પૂજિત છે. અને એ દેવ, રાજા, અને પ્રજાદિમાં કર્તાને કલ્યાણ કર્તા છે. ૭૦—૭૪.

વિશેષ. મંત્ર દેવળનાં ત્રણ શિખર, ને બાજુના મંદિરને બે કરવાં.

## अथ मेरु प्रासाद.

पंचहस्तो भवेन्मेरु रेकोत्तर शतांडकः ॥
एक सप्तत्युत्तरं स्यात्तु शृंगाणांच सहस्रकम् ॥
नख वृद्धया शतार्धंवै योजये दंड कान् शुभान् ॥ ७५ ॥
पूर्वं कुर्या नृपो मेरु हीन वर्ण स्ततः परम् ॥
मेरुःस्यात् ब्रह्म विष्णवेश कांणां नान्यस्य कस्यचित् ॥ ७६ ॥

અર્થ. મેરૂપ્રાસાદ પાંચ હાથનો, અને એકસો ઇકોતેર ૧૭૧ ઈંડાંવાળો થાયછે. અને પછી દરેક હાથે વીશ વીશ અંડકની વૃદ્ધિએ પચાસ હાથના પ્રાસાદમાં એક હજાર એકોતેર ઈંડક થાય છે. મેરૂપ્રાસાદ પ્રથમ રાજાએ કરવો, ત્યાર પછી હીનવર્ણે ન કરવો, મેરૂપ્રાસાદ બ્રહ્મા, વિષ્ણુ, શિવ, સૂર્ય અને બીજા કેટલાએક દેવોને પણ કરવા. ૭૫—૭૬

| ગજ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઈંડક | ૧૭૧ | ૧૯૧ | ૨૧૧ | ૨૩૧ | ૨૫૧ | ૨૭૧ | ૨૯૧ | ૩૧૧ | ૩૩૧ | ૩૫૧ | ૩૭૧ |
| ગજ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ |
| ઈંડક | ૩૯૧ | ૪૧૧ | ૪૩૧ | ૪૫૧ | ૪૭૧ | ૪૯૧ | ૫૧૧ | ૫૩૧ | ૫૫૧ | ૫૭૧ | ૫૯૧ |
| ૨૭ | ૨૮ | ૨૯ | ૩૦ | ૩૧ | ૩૨ | ૩૩ | ૩૪ | ૩૫ | ૩૬ | ૩૭ | ૩૮ |
| ૬૧૧ | ૬૩૧ | ૬૫૧ | ૬૭૧ | ૬૯૧ | ૭૧૧ | ૭૩૧ | ૭૫૧ | ૭૭૧ | ૭૯૧ | ૮૧૧ | ૮૩૧ |
| ૩૯ | ૪૦ | ૪૧ | ૪૨ | ૪૩ | ૪૪ | ૪૫ | ૪૬ | ૪૭ | ૪૮ | ૪૯ | ૫૦ |
| ૮૫૧ | ૮૭૧ | ૮૯૧ | ૯૧૧ | ૯૩૧ | ૯૫૧ | ૯૭૧ | ૯૯૧ | ૧૦૧૧ | ૧૦૩૧ | ૧૦૫૧ | ૧૦૭૧ |

શ્લોક. तदुछ्रयं भजेत् प्राज्ञ स्त्वष्टा विंशतिभिः पदैः ।
निष्कर्जाड्य कुंभश्चद्विपदैः कणकस्तथा ॥ ७७ ॥
पद्मपत्र समायुक्ता त्रिपदा शर पत्रिका ।
द्विपदं खुरकं कुर्यात् सप्त भागं च कुंभकम् ॥ ७८ ॥
कळशास्त्रिपदः प्रोक्तो भागेनान्तर पत्रकम् ।
कपोतालि स्त्रिभागा च पुष्पकंठो युगांशकः ॥ ७९ ॥
पुष्पका ज्जाडय कुंभश्च निर्गम श्चाष्टभिः पदैः ।
कर्णेषु दिशिपालाश्च प्राच्यादिषु प्रदक्षिणात् ॥ ८० ॥

**અર્થ.** તે પ્રાસાદના ઉદયને (ઉંચાઇને) ૨૮થી ભાગ દેવો. દરેક ભાગને પંડિતો પદ કહે છે. તેમાં ૩ પદનો જાડયકુંભ કરવો, ૨ પદનો કણુક કરવો, ૩ પદની પદ્મપત્ર સુધાશર પત્રિકા કરવી. ૨ પદનો ખુરક કરવો. ૭ ભાગનો કુંભક કરવો. ૩ પદનો કળશ કરવો, ૧ ભાગનું અંતરપત્ર કરવું, ૩ ભાગની કપોતાલી કરવી; ૪ અંશનો પુષ્પકંઠ કરવો અને પુષ્પકંઠથી જાડય કુંભ, ૮ પદે કરી નિર્ગમ કરવો કર્ણુમાં દેશી પાસોપ્રદક્ષિણા ક્રમથી પૂર્વાદિ દિશાઓમાં કરવા. ૬૪—૮૦.

| ભાગ ૨૮ | નામ. | |
|---|---|---|
| ૩ | જાડયકુમ્ભ | જાડિમ્બો |
| ૨ | કણુક | કણી |
| ૩ | પદ્મપત્ર | પદ્મપત્ર |
| ૨ | ખુરક | ખરો |
| ૭ | કુમ્ભક | કુમ્ભો |
| ૩ | કળશ | કળશો |
| ૧ | અંતરપત્ર | અન્ધારી |
| ૩ | કપોતાલી | કેવાળ |
| ૪ | પુષ્પકંઠ | પુષ્પકંઠ |
| ૨૮ | | |

મંડોરના ભાગ પાઠ (તળ તથા ચોતરો) થી છાજી સુધી ૩૧-૩૨-૩૩ થી ૩૪ સુધી.

| ભાગ ૧૪૪ | નામ | | ભાગ. | નામ | |
|---|---|---|---|---|---|
| ૫ | ખુરક | ખરો | ૧૫ | ઉદ્દગમ | ટોડીઓ |
| ૨૦ | કુમ્ભક | કુમ્ભો | ૮ | ભરણી | ભરણી |
| ૮ | કળશા | કળશો | ૧૦ | શિરપટી | શિરપટી |
| ૨॥ | અન્તરાલક | કન્દો | ૮ | અર્ધકપાતલી | માળ કેવાળ |
| ૮ | કપોતાલી | કેળાવ | ૨॥ | અન્તરાળક | કન્દો |
| ૯ | મંચી | મન્ચી | ૧૩ | છાદ્ય | છાજી |
| ૩૫ | જંઘા | જંઘા | ૧૪૪ | નિકળતુ | છજું ૧૦ ભાગ |

## अथ मंडोवर.

श्लोक. वेदवेदेंदु संभक्त छाद्यांतंपीठ मस्तकात् ।
खुरकः पंचभागः स्याद्विंशतिः कुंभक स्तथा ॥ ८१ ॥
कलशोष्टौ द्विसार्धंतु कर्तव्य मंतराळकम् ।
कपोतिकाष्टौ मंची च कर्तव्या नव भागिका ॥ ८२ ॥
पंच त्रिंशत् पदै जंघा तिथ्यं शैरुद्गमो भवेत् ॥
वसुभि भरणी कार्या शिरः पट्टी दशांशकैः ॥ ८३ ॥
अष्टांशोर्द्ध्वा कपोताली द्वि सार्ध मंतरालकं ॥
छाद्यं त्रयोदशांशेन दशभागं विनिर्गमम् ॥ ८४ ॥

અર્થ. ॥ પીઠના માથાથી છજી સુધીને ૧૪૪થી ભાગવા. તેમાં ૫ ભાગનો ખુરક, ૨૦ ભાગનો કુંભક, ૮ ભાગનો કળશ, ૨॥ ભાગનું અંતરાલ, ૮ ભાગની કપોતાળી, ૯ ભાગની મંચી, ૩૫ ભાગની જંઘા, ૧૫ અંશનો ઉદ્દગમ, ૮ ભાગની ભરણી, ૧૦ અંશની શિરાવટી, ૮ અંશની અર્ધકપોતાળી, ૨॥ ભાગનું અંતરાલ, ૧૩ ભાગનું છાદ્ય, ૧૦ ભાગનું બહાર નીકળતું કરવું. ૮૧—૮૪.

## गर्भगृह प्रमाणम्.

श्लोक. कुंभकेन समाकुंभी स्तंभ प्रांतने तूद्गमः ॥
भरण्या भरणी शीर्षं कपोताल्यासमं भवेत् ॥ ॥ ८५ ॥

पट्टके कूट च्छाद्यस्य कुर्यात् पट्टस्यपेटकम् ॥
सषडंशः सपादः स्यात् सार्धो गर्भस्य विस्तरात् ॥ ८६ ॥
बृहद्देवालये पट्ट पट्टान्तं हि त्रिधोदयम् ॥
भजेदष्टतिरेकांश कुंभी स्तंभोर्ध पंचभिः ॥ ८७ ॥
अर्धेन भरणं शीर्षमेकपट्टस्तु सार्धकम् ॥
व्यासार्धेन करोटंस्याद्द र्दर्यो त्रिषमाः शुभाः ॥ ८८ ॥

**અર્થ.** ॥ કુંભના સમાન કુંભી કરવી. અને એનો ઉદય સ્તંભના ૬ છેડા સમાન કરવો. ભરણીના સમાન ભરણી કરવી. અને કપોતાલી સમાન શરૂ કરવું, કૂટ છાદ્યના પાટડામાં પાટડાનું પેટું કરવું. તે છઠા ભાગનું કરવું. સવાયો અથવા દોઢો ગર્ભના વિસ્તારથી કરવો. મોટા દેવાલયમાં પાટડો કરવો. પાટડાના છેડા સુધી ૩ પ્રકારનો ઉદય કરવો. ૩ ઉદયને ૮ થી ભાગવો, અને ૧ અંશની કુંભી, પાા અંશે સ્તંભ કરવો, ૦ાા અંશનું ભરણું કરવું, ૧ અંશનું શરૂ કરવું, ૧ાા અંશનો પાટડો કરવો, અને વ્યાસના અર્ધવડે કરોટ (ઉપરનો ઘુમટ) કરવો, અને દર્દરિયો (ઘુમની અંદર ચડતાં ઉતરતાં વૃતો કરવામાં આવે છે તે) વિષમ (એકી) હોય, તે શ્રેષ્ટ છે. ૮૫—૮૮.

## उदुंबर प्रमाणम्.

श्लोक. मूलकर्णस्य सूत्रेण कुंभेनोदुंबरः समः ॥
तदधः पंचरत्नानि स्थापयेच्छिल्प पूजया ॥ ८९ ॥
द्वार व्यास त्रिभागेण मध्ये मंदारको भवेत् ॥
वृत्त मंदारकं कुर्यात् मृणाळ पद्म संयुतम् ॥ ९० ॥
जाडंय कुंभः कणालीच कीर्ति वक्त्रद्वयं तथा ॥
उदंबरस्य पार्श्वे च शाखाया स्तलरूपकम् ॥ ९१ ॥
कुंभस्यार्धे त्रिभागे वा पादहीनोप्युदुंबरः ॥
तदर्धं कर्णकं मध्ये पीठान्ते बाह्य भूमिका ॥ ९२ ॥

**અર્થ.** ॥ મૂલકર્ણના સૂત્રના સમાન, અને કુંભના સમાન ઉમરો કરવો. તેના હેઠળ શિલ્પની (ગજ સુતરની) પૂજાએ કરી, પંચરત્ન સ્થાપન કરવાં. દ્વારના વ્યાસના તૃતીયાંશે મધ્યમાં મંદારક થાય, તે કમળના પત્રવડે યુક્ત ગોળ કરવો. જાડયકુંભ, કણાળી. અને ઉમરાના બે પાસાએ બાર સાખની નીચે, બાર સાખના તળરૂપ બે કીર્તિ વક્ત્ર કરવા. કુંભકના અર્ધે વા તૃતીયાંશે ઉમરો પોણા ભાગનો કરવો. અને મધ્યમાં એના અર્ધનું કણક કરવું. અને પીઠના અંતે બાહ્ય ભૂમિ કરવી. ૮૯—૯૨.

## अथार्ध चन्द्रम्.

श्लोक. खुरकेन समाकुर्या दर्धे चन्द्रस्य चोच्छ्रति ॥
द्वार व्यास समंदैर्घ्यं निर्गमंच तदर्धतः ॥ ९४ ॥
द्वि भागमर्ध चंद्रं च भागेन द्वौं गगारकौ ॥
शंख पत्र समा युक्तं पद्माकारैरलंकृतम् ॥ ९५ ॥

**અર્થ** ॥ અર્ધ ચંદ્રની ઉંચાઈ ખુરકનાસમાન કરવી. દ્વારના વ્યાસ જેટલું લાંબું અને તેનું અર્ધ ચંદ્ર બહાર નીકળતું કરવું અને બે ભાગનું અર્ધ ચંદ્ર, અને એક એક ભાગના બે ગગારક કરવાં. એ અર્ધ ચંદ્ર શંખ પત્રવડે યુકત, અને કમળના આકારે, સુશોભિત કરવું. ૯૪—૯૫.

## શાખાનો વિસ્તાર.

श्लोक. नव शाखं महेशस्य देवानां सप्त शाखिकम् ॥
पंच शाखं सार्वभौमे त्रिशाखं मंडलेश्वरं ॥ ९६ ॥
एक शाखं भवे द्वारं शूद्रे वैश्ये द्विजे सदा ॥
सप्त शाखं च धूमाये श्वान वायस रासभे ॥ ९७ ॥
त्रिपंच सप्त नंदांगे शाखास्तु रंग तुल्यकाः ॥
हीन शाखं न कर्त्तव्य माधिक्यंच सुखा वहम् ॥ ९८ ॥
अंगुलं सार्धे मर्धंवा कुर्याद्धीनं तथाधिकम् ॥
आय दोष विशुध्यर्थ ह्रस्व वृद्धिर्न दुष्यति । ९९ ॥
चतुर्भागांकितं कुर्याच्छाखा विस्तार मानकम् ॥
मध्ये द्वि भागिकां कुर्यात्स्तंभ पुरुष संज्ञिका ॥ १०० ॥

**અર્થ.** ॥ શંકરના મંદિરમાં નવ શાખાનું દ્વાર કરવું દેવોને સપ્ત શાખાવાળું દ્વાર કરવું. સાર્વભૌમને પંચ શાખ દ્વાર કરવું. મંડલશ્વરને ત્રિશાખા દ્વાર કરવું અને નિરંતર એક શાખ દ્વાર શુદ્ર, વૈશ્ય, અને બ્રાહ્મણને કરવું. ધૂમ આય હોય તો સમ શાખા દ્વાર કરવું અને શ્વાન આય, ધ્વાંક્ષ આય, ખર આયમાં અનુક્રમે ત્રિશાખા, પંચશાખા, અને સપ્તશાખા દ્વાર કરવું. એમ સાત પ્રકારે શાખાઓ કહી છે તેમાં હીન શાખા દ્વાર ન કરવું. અને અધિક હોય તે શુભ છે. એક અંગુળ, દોઢ અંગુળ અર્ધાંગુળ ઓછું અથવા વત્તું દ્વાર કરવું. આય દોષ મટાડવા માટે એ હ્રાસ વૃદ્ધિ દોષ કરતી નથી શાખા વિસ્તારના માનને ચાર ભાગે આંકવું. અને મધ્ય ભાગમાં બે ભાગની સ્તંભ પુરૂષના આકારવાળી પૂતળીઓ કરવી. ૯૬—૧૦૦.

## त्रिशाखा प्रकरण.

श्लोक. स्त्रीसंज्ञका भवेच्छाखा पार्श्वतो भाग भागिका ॥
निर्गमं भाग भागेन रूपस्तंभः प्रशस्यते ॥ १०१ ॥
एकांशं सार्ध भागं च पादोनः द्वय मेवच ॥
द्विभागं निर्गमे कुर्यात् स्तंभ व्यासानुसारतः ॥ १०२ ॥
पट्टके विस्तरं कार्यं प्रवेशस्य युगांतकम् ॥
कोणिका स्तंभ मध्येतु भूषणार्थं हि पार्श्वतः ॥ १०३ ॥
द्वार दैर्घ्ये चतुर्थांशो द्वारपालो विधीयते ॥
स्तंभ शाखादिकं शेषं त्रिशाखां च द्वि भाजयेत् ॥ १०४ ॥

**અર્થ.** ॥ પાસાંએ એકેક ભાગની પુતળી કરવી. એ સ્ત્રી સંજ્ઞકા શાખા થાય. એનો નિર્ગમ એક એક ભાગનો કરવો. એ રૂપ સ્તંભ પ્રશસ્ત છે. સ્તંભના વ્યાસના અનુસારે, ૧, ૧॥, ૧॥। અને ૨ અંશનો નિર્ગમ કરવો. પાટડામાં પ્રવેશના ૪ અંશ સુધી વિસ્તાર કરવો. સ્તંભના મધ્યમાં કોણિકા શણગાર માટે કરવી અને પાસાઓએ દ્વારની લંબાઈના ચોથા ભાગે દ્વારપાળ કરવો. સ્તંભ શાખાદિક શેષે ત્રિશાખોને ૨ થી ભાગ દેવો.

## अथ शिखरम्.

श्लोकः छाद्योर्ध्वं प्रहरस्यांते ततःश्रृंगाणि कारयेत् ॥
श्रृंगे श्रृंगे त्वधिच्छाद्य मूर्ध्वं श्रृंगार्धमुद्गमं ॥ १०५ ॥
स्वपादांग प्रमाणंतु सपादं श्रृंग मुच्छ्रये ॥
स्कंध सार्धोदये घंटा श्रृंगे लघ्वी महीयसी ॥ १०६ ॥
मूलकर्णे रथादौ वा प्येक द्वित्रिक्रमान्न्यसेत् ॥
निरंधारे मूळभित्तौ सांधारे भ्रम भित्तिषु ॥ १०७ ॥
रेखागर्भे समा शस्ता विस्तीर्णा वान संकटा ॥
उरःश्रृंगाणि भद्रेस्यु रेकादितो नवांतकम् ॥ १०८ ॥
लुब्धाधो सप्त सप्तास्तां तूद्धस्यांशा त्रयोदश ॥
रेखा मूलेदशं भागे कुर्यादग्रं षडंशकम् ॥ १०९ ॥
रेखा मूळाशयात् कर्णयाने वा शिखरोदये ॥

**અર્થ.** ॥ છાદ્યના ઉપરાંત અને પ્રહારના અંતે શૃંગ કરવાં. અને દરેક શૃંગે અધિછાદ્ય કરવું. અને ઊર્ધ્વ શૃંગના અર્ધનો ઉદ્‌ગમ કરવો સવાયા પ્રમાણના અંગોમાં શૃંગનો

ઉદય સવાયો કરવો સ્કંધના દોઢા શૃંગમાં મોડેટી અથવા નાહની ઘંટા કરવી. મૂળ કર્ણુમાં અને રથાદિકમાં પણ ૧, ૨, અને ૩ અનુક્રમે સ્થાપવી, નિરંધારમાં મૂળ ભિત્તિમાં અને સાંધારેમાં ભ્રમ ભિત્તિમાં કરવી. રેખા ગર્ભમાં સમાન શ્રેષ્ટ છે. એથી પોહોળી સાંકડી શ્રેષ્ટ નથી. અને ભદ્રમાં ૧ થી ૯ સુધી ઉર શૃંગ હોય લુમ્બના નીચે ૭—૭ કરવી. અને ઉપરાંતના અંશ ૧૩ કરવા, રેખા મૂળમાં ૧૦ ભાગે અને અગ્રમાં ૬ ભાગે રેખા મૂળથી કર્ણુમાં, યાનમાં વા શિખરના ઉદયમાં કરવી. ૧૦૫—૧૦૯.

## अथ आमलसारक कलशश्च.

श्लोक. द्वयोः प्ररथयो र्मध्ये वृत्तमामलसारकम् ॥
व्यासार्द्धेन तदुत्सेधं घृत पात्रं तदंतरे । ११० ।
प्रासाद पुरुषं तत्र हेम पर्यंक शायिनम् ॥
प्रासाद पृष्ठे नैर्ऋत्ये रथे कुर्यात् ध्वजा धरम् ॥ १११ ॥
प्रास द स्याष्ट मांशेन कलशो दंड विस्तरम् ॥
पूर्वोक्त मानतो ज्येष्ठः षोडशांशादिको भवेत् ॥ ११२ ॥
दंतांशेनतु मध्योथ नवांशै रुदयो भवेत् ॥
ग्रीवा पीठं भवेद्भागं त्रिभागे नांडकं तथा ॥ ११३ ॥
कर्णिके भाग तुल्ये च त्रिभागं बीजपूरकम् ॥
एकांशो भूरथो मूले वान्हि वेदांश कर्णिके ॥
ग्रीवाच पीठमर्द्धा र्द्धे षड् भागो विस्तरोंडके ॥ ११४॥

**અર્થ.** ૨-૨ પ્રતિરથના મધ્યે ગોળ આમળ સારક કરવો એની ઉંચાઈ વ્યાસાર્ધ જેટલી, અને એના મધ્યમાં, ઘૃતપાત્ર મૂકવું. તેમાં સોનાના પલંગ ઉપર સૂતેલા પ્રાસાદ પુરૂષને સ્થાપન કરવો. પ્રાસાદના પૃષ્ઠ ઉપર નૈરૂત કોણુમાં રથમાં ધ્વજા ધર કરવો. કળશ અને દંડકનો વિસ્તાર પ્રાસાદના ૮ મા અંશે કરવો. પૂર્વે કહેલા માનથી ૧૬ મો અંશ અધિક કરીએ, તે જ્યેષ્ઠ માનનો કહેવાય. અને ૩૨ મા અંશે અધિક કરીએ, તે મધ્યમ જાણુવો. એનો ઉદય ૯ અંશનો થાય છે. ૧ ભાગના ગ્રીવા પીઠ થાય અને ૩ ભાગનું અંડક થાય, ૧ ભાગની કર્ણિકા ૩ ભાગનું બીજ પૂરક, ૧ ભાગ પૃથ્વીના હેઠળ મૂળમાં ૩; ૪ અંશની કર્ણિકા કરવી. પીઠના અર્ધાર્ધે ગ્રીવા કરવી; અને અંડકમાં ૬ ભાગનો વિસ્તાર કરવો.

## अथ ध्वजदंड.

श्लोक. सार्द्ध स्दुच्छ्रयो दंडःप्रासाद व्यास संमितः
दिग्शरांशो नतो वास्याद्ध स्तोनाः सांगुलाः पृथक् ॥ ११५ ॥

प्रति हस्ते शतार्द्धांते त्वर्द्धांर्द्धगुल वृद्धितः ॥
वृत्तः सारः सम ग्रंथी पर्वभिर्विषमैर्युतः ॥ ११६ ॥
प्रासाद व्यास मानेन दंडो ज्येष्टः प्रकीर्तितः ॥
मध्योहीनो दशांशे न पंचमांशे न कन्यसः ॥ ११७ ॥
एक हस्ते तु प्रासादे दंडः पादो न मंगुलम् ॥
कुर्यादर्धां गुला वृद्धिर्यावत् पंच दशांतकम् ॥ ११८ ॥
शिंशपा वंश खदिर मधु कारुण चंदने ॥
अगरू कगरो भूर्ज दंडः कार्यः शुभोमतः ॥ ११९ ॥
मर्कटी दंड षष्ठांशे दैर्घ्याद्धे न तु विस्तृता ।
ध्वज दंड मितादैर्घ्ये साष्टम्यंशेन विस्तृता ॥ १२० ॥
निष्पन्नं शिखरं दृष्ट्वा ध्वजहीनं न कारयेत् ॥
असुरावास मिच्छंति ध्वजहीने सुरालये ॥ १२१ ॥

**અર્થ.** તેના ઉચ્છ્રાયને દોઢો કરવો. પ્રાસાદના વ્યાસ તુલ્ય દંડ કરવો. દશાંશ વા પંચમાંશ ઉણો કરવો. હસ્તવડે ઉન વા અંગુલ સહ વર્તમાન ભિન્ન ભિન્ન કરવો.

**વિશેષ.** હાથે માપી ઉપર આંગળ ૧-૯-૧૭ ૫૦ હાથ સુધી દરેક હાથે અર્ધ અર્ધા અંગુલની વૃદ્ધિ કરીને કરવો. ગોળ, સારો, સમ (બેકી), ગાંઠીવાળો, વિષમ (એકી), પર્વવડે યુક્ત કરવો. પ્રાસાદના વ્યાસના પ્રમાણે કરેલો દંડ કહેલો છે. ૧૦ અંશ હીનુ કરેલો દંડ મધ્યમ કહેલો છે. અને ૫ મા અંશે ઉન કરેલો કનિષ્ઠ કહેલો છે. ૧ હાથના પ્રાસાદમાં ૦ાાા અંગુલનો દંડ કરવો. પછી દરેક હાથે ૦ાા આંગળ વૃદ્ધિ કરવી. તે ૫૦ હાથ સુધી વૃદ્ધિ કરતા જવું. શીશમ, વાંસ, ખેર, મહુડો, રતાંજલી, અગરૂ, તગર અને ભૂર્જનો દંડ કરવો; એ શુભ માનેલો છે. દંડના ૬ ઠ્ઠા અંશની લંબાઇની મર્કટી (પાટલી કરવી.) અને એની પહોળાઈ લંબાઈના ૦ાા જેટલી કરવી.

દંડ જેટલી લાંબી, અને એને ૮મા અંશ જેટલી પહોળી, ધ્વજા (વસ્ત્ર) કરવી. ત્યાર થયેલું શિખર જોઇને, ધ્વજ વગરનું ના કરવું, કારણ કે ધ્વજ વગરના દેવાલયમાં અસુર લોકો વાસ કરવાને ઇચ્છે છે. ૧૧૫—૧૨૧.

**વિશેષ.** ધ્વજ દંડ જેટલા હાથ લાંબો હોય, તેટલા આંગળ તે દંડની જાડાઈ રાખવી.

## પ્રાસાદના ગજ ઉપરથી ધ્વજ દંડના આંગળ.

| ગજ. | દંડ અંગુ | ગજ | દંડ અંગુ. | ગજ | દંડ અંગુ | ગજ. | દંડ અંગુ. | ગજ. | દંડ અંગુ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૦।।। | ૧૧ | ૫।।। | ૨૧ | ૧૦।।। | ૩૧ | ૧૫।।। | ૪૧ | ૨૦।।। |
| ૨ | ૧। | ૧૨ | ૬। | ૨૨ | ૧૧। | ૩૨ | ૧૬। | ૪૨ | ૨૧। |
| ૩ | ૧।।। | ૧૩ | ૬।।। | ૨૩ | ૧૧।।। | ૩૩ | ૧૬।।। | ૪૩ | ૨૧।।। |
| ૪ | ૨। | ૧૪ | ૭। | ૨૪ | ૧૨। | ૩૪ | ૧૭। | ૪૪ | ૨૨। |
| ૫ | ૨।।। | ૧૫ | ૭।।। | ૨૫ | ૧૨।।। | ૩૫ | ૧૭।।। | ૪૫ | ૨૨।।। |
| ૬ | ૩। | ૧૬ | ૮। | ૨૬ | ૧૩। | ૩૬ | ૧૮। | ૪૬ | ૨૩। |
| ૭ | ૩।।। | ૧૭ | ૮।।। | ૨૭ | ૧૩।।। | ૩૭ | ૧૮।।। | ૪૭ | ૨૩।।। |
| ૮ | ૪। | ૧૮ | ૯। | ૨૮ | ૧૪। | ૩૮ | ૧૯। | ૪૮ | ૨ । |
| ૯ | ૪।।। | ૧૯ | ૯।।। | ૨૯ | ૧૪।।। | ૩૯ | ૧૯।।। | ૪૯ | ૨૪।।। |
| ૧૦ | ૫। | ૨૦ | ૧૦। | ૩૦ | ૧૫। | ૪૦ | ૨૦। | ૫૦ | ૨૫। |

### अथ मंडपाः ॥

श्लोक. प्रासादाग्रे मंडपः स्यादेक त्रिद्वार संयुतः ॥
प्रासादस्य प्रमाणेन मंडपं कारयेत् समम् ॥
सपादं सार्ध मंशेन द्विगुणं द्विगुणाधिकम् ॥ १२२ ।
मंडपे स्तंभ पट्टाग्रं मध्य पट्टानुसारतः ॥
शुकनास समा घंटा न्यूना श्रेष्ठानतूच्छ्रिता ॥ १२३ ॥
विश्वांश भक्त उत्सेधे सपादं राजसेन कम् ।
सपादं त्र्यंशकावेदी भागे नासन पट्टकम् ॥ १२४ ॥
स्तंभः शार्धे शरांशोथ पादोनं भरणं मतम् ॥
शीर्षं सपादं तस्योर्द्ध्वे कार्यः पट्टोद्रि भागिकः ॥ १२५ ॥
तदुर्ध्वे त्र्यंश कंठाद्यं तत्पेटं पट्ट पेटके ।
हस्ते च त्र्यं गुलोनं वा स्तार्द्धे मत्तवारणम् ॥ १२६ ॥

**અર્થ.** પ્રાસાદની આગળ એક મંડપ ત્રણ દ્વારે યુક્ત કરવો. પ્રાસાદના પ્રમાણવડે સમાન કરવો, સવાયો, દોઢો, પોણાબેગણો અને બમણો અધિક કરવો. મંડપમાં સ્તંભ પટ્ટાદિક, અંદરના પાટડાના અનુસારે, કરવું. શુકના સિક (દ્વારનો ઉપલો ભાગ) સમાન ઘંટા કરવી, ન્યુન (ઓછી) હોય, તે શ્રેષ્ઠ છે. અને ઉંચી શ્રેષ્ઠ નથી.

એની ઉંચાઈને તેરઅંશે ભાગવી. ને તેમાં સવાયું રાજસેન કરવું, સવાત્રણ અંશની વેદી કરવી, એક ભાગનું આસનપટ્ટ કરવું, સાડાપાંચ અંશનો સ્તંભ કરવો, પોણા ભાગનું ભરણું માન્ય છે. સવા અંશનું શરુ કરવું. અને તેના ઉપરાંત બે ભાગનો પાટડો કરવો. તેના ઉપર બે અંશનું કહાદિ કરવું. તેનું પેઢું પાટડાના પેટામાં કરવું. અને પચાસ હાથમાં દરેક હાથે ત્રણ અંગુલ ઓછું મત્તવારણ કઠેડો કરવું.

**સ્તમ્ભચક્ર.**

| નામ. | રાજસેનક. | વેદી | આસનપટ્ટ | સ્તમ્ભ | ભરણું. | શરૂ. | કુળ | પદ. |
|---|---|---|---|---|---|---|---|---|
| ભાગ | ૧। | ૩। | ૧ | ૫॥ | ०॥। | ૧। | ૧૩ | ૨ |

## अथ गुढ मंडपा.

श्लोक. स्याद्गुढ मंडपो वेदा स्त्रसभद्रो रथान्वितः ॥

मुख भद्रयुतो द्वाभ्यां त्रिभिर्वा मरथैर्युतः ॥ १२७ ॥

कर्णोदकांतरेणापि भद्रोदक युतस्त्रिभिः ॥

कर्णांतं द्विगुणं भद्रं पादोन स्तुरथो भवेत् ॥

भद्रार्धे मुख भद्रं हि भद्रे चंद्रावलोकनम् ॥ १२८ ॥

**અર્થ.** ગુઢ મંડપ, ભદ્ર અને રથવડે યુક્ત, ચતુરસ્ત્ર કરવો. ભદ્રે યુક્ત, બે અથવા ત્રણ રથવડે યુક્ત, કર્ણ, ઉદકાંતરે પણ યુક્ત, ત્રણ ભદ્રોદ યુક્ત, મંડપનું મુખ થાય છે. કર્ણના અન્ત સુધી બમણું ભદ્ર કરવું. પોણા ભાગનો રથ કરવો, ભદ્રાર્ધનું મુખ ભદ્ર કરવું. અને ભદ્રમાં ચંદ્રાવલોકન કરવું.

## अथ चतुर्थ मंडपः

श्लोक. एक त्रिवेद पद् सप्त नव चतुष्किकान्वितः ॥

अग्रे भद्रयुतः पार्श्वे द्वये पार्श्वे गतस्तथा ॥ १२९ ॥

अग्रतः श्री चतुष्कीभिः सालिंद्र पार्श्वयो र्द्वयोः ॥

मुक्त कोणे चतुष्कयो द्वै इति द्वादश मंडपाः ॥ १३० ॥

नृत्यार्थं द्वादश स्तम्भोद्वि द्वि स्तं भविवर्द्धनम् ॥
यावत् स्तंभ चतुः षष्ठि सप्त विंशति मंडपाः ॥१३१॥

અર્થ. ॥ એક, ત્રણ, ચાર, છ, સાત અને નવ ચોકીયે યુક્તમંડપ કરવો. આગળ ભદ્રયુક્ત કરવું. તેમજ બે પાસાએ પ્રારશ્વગત ભદ્ર કરવાં. આગળથી શ્રી ચોકીયેયુયક્ત, અલિંદે સહવર્તમાન બે પાસામાં, મુક્ત કોણમાં બે છતુષ્કીયો કરવી. એ રીતે બાર મંડપ કહેલા છે.

નૃત્યમંડપ, નૃત્ય કરવા માટે ૧૨ થાંભલાનો મંડપ કરવો. અને પછી બેબે થાંભલાની વૃદ્ધિ કરવી. તે ૬૪ થાંભલા સુધીમાં સત્તાવીશ મંડપો કહ્યા છે.

## સત્તાવિશ મંડપનાં નામ.

| સ્તંભ. | નામ. | સ્તંભ. | નામ. | સ્તંભ. | નામ. | સ્તંભ. | નામ. |
|---|---|---|---|---|---|---|---|
| ૧૨ | ગ્રતુષ્ક | ૨૬ | માનભદ્રક | ૪૦ | જય | ૫૪ | બુદ્ધિસંકીર્ણ. |
| ૧૪ | ગ્રામભદ્ર | ૨૮ | માનગ | ૪૨ | શ્રુતન્ધર | ૫૬ | કૌશલ્ય |
| ૧૬ | સિંહ | ૩૦ | નન્દન | ૪૪ | વાસ્તુક | ૫૮ | અમૃતનંદન |
| ૧૮ | પદ્માધિક | ૩૨ | શત્રુમર્દન | ૪૬ | વિજય | ૬૦ | સુવૃત્ત |
| ૨૦ | કર્ણિકાર | ૩૪ | સશ્લિષ્ટ | ૪૮ | શ્રીવત્સ | ૬૨ | પુષ્પભદ્ર |
| ૨૨ | હર્ષણ | ૩૬ | વિલાસ | ૫૦ | જયાવહ | ૬૪ | પુષ્પક |
| ૨૪ | સુગ્રીવ | ૩૮ | ભદ્ર | ૫૨ | રાજભદ્ર | | |

(મંડપ એટલે દેવસ્થાનના આગળનો ભાગ કરવો.)

## अथ बलाणकम्.

श्लोक. ब्रह्म विष्णीश चंडयर्क जिनाग्रेस्या द्वलाणकम् ॥
प्रासादाग्रे गृहे दुर्गे राजद्वारे जलाशये ॥१३२॥
वलाणं जगती पादः व्यास पादोनितं द्विवा
एक द्वित्रि चतुः पंच रस सप्त गुणांतरे ।१३३॥
तत्र प्रासाद वद् द्वारं उत्तरं गःकणावधि ॥
नृत्य मण्डप वच्चोर्द्धा भूमि मूर्ध्नि वितानकम् ॥१३४॥
पंचाग्रेकोत्तरशतं घंटा संवरणा भवेत् ॥

मानं न्यूनाधिकं क्वापि स्वयंभू बाण रत्नजे ॥ १३५ ॥
ब्रह्म विष्णु शिवार्काणां गृहं भिन्नं न दोषदम् ॥
शेषाणां दोषदं भिन्नं व्यक्ता व्यक्तं गृहं शुभम् ॥१३६॥
दीर्घ मानाधिके ह्रस्वे वक्रेवापि सुरालये ॥
छंद भेदे जाति भेदे हीने माने महद्भयम् ॥
जगत्या त्रि चतुः पंच गुणं देव पुरं त्रिधा ॥ १३७ ॥

**અર્થ** બ્રહ્મા, વિષ્ણુ, ઈશ, ચંડી, સૂર્ય, અને જિનની આગળ બલાણક કરવું. તેમજ પ્રાસાદની આગળ, ગૃહમાં, દુર્ગ (કોટમાં), રાજદ્વારમાં, અને જલાશયમાં, જગતીના ચતુર્થાંશનું બલાણક અથવા વ્યાસના ચતુર્થાંશે ઉન (ઓછું) કરવું. એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, અને સાતગણા અંતરે કરવું: ત્યાં પ્રાસાદની પેઠે દ્વાર કરવું, અને [illegible] સુધી ઉત્તરંગ કરવો.

નૃત્યમંડપની પેઠે ઉંચી ભૂમિ કરવી, અને ઉપર ચંદરવો કરવો. પાંચને આદિ લેઈને એકસોને એક સુધી ઘંટા અને સંવરણા થાય છે. અને કોઈ એક સ્થળે સ્વયંભૂ બાણમાં અને રત્નોત્પન્નમાં ન્યુન (ઓછું) અધિક થાય છે.

બ્રહ્મા, વિષ્ણુ શિવ અને સૂર્યનું જુદું ગૃહ દોષ આપનારૂં નથી. એ પ્રકારે વ્યક્ત (જુદું) અને અવ્યકત (એકઠું) ગૃહ શુભ છે.

લંબાઇના માન કરતાં અધિક, અથવા ઓછા અને વાંકા છંદભેદમાં અથવા જાતિ ભેદમાં અને ઓછા માનવાળા દેવાલયમાં મોટો ભય થાયછે. જગતી (ચોતરા) કરતાં ત્રણ ગણું અને પાંચગણું એમ ત્રણ પ્રકારનું દેવપુર કરવું. ૧૩૨—૧૩૭.

## जीर्णोद्धार प्रासादना अधिक ओछा विषे.

श्लोक. तस्मा त्सर्व प्रयत्नेन हीनांगंन च कारयेत् ॥
अधिकां गश्च कर्तव्यः प्रासादो भूषणे गुणैः ॥ १३८ ॥
तस्मा त्सर्व प्रयत्नेन पूर्व सूत्रं न चालयेत् ॥
नचा धिकंतु कर्तव्यं यावत्पाद विशोधितं ॥ १३९ ॥

**અર્થ** તે કારણથી, સઘળા પ્રયત્નોએ કરીને, હીન અંગવાળો પ્રાસાદ ન કરવો. અને અધિક અંગવાળો પ્રાસાદ ભૂષણ (શણગાર) ગુણે કરવો. તેટલા કારણ માટે સર્વ પ્રયત્નવડે પૂર્વ સૂત્રને ચાલન ન કરવું. જ્યાં સુધી પાદ વિશોધીત હોય, ત્યાં સુધી અધિક પણ ન કરવો.

**વિશેષ.** પાયો કાયમ હોય, તો અધિકપણ ન કરવો. જો પાયો આદિ સર્વે લોપ થઈ ગયો હોય, તો અધિક કરવો પણ ઓછો તો નહીંજ કરવો. ૩૮—૩૯.

## द्वारना सामी वस्तुओ दोषवाळीनो विस्तार.

श्लोक. रथा चत्वर शृंगार प्रासाद प्रतिमा ध्वजैः ॥
वापी कूप प्रणालीभिः सरः प्रस्त्रवण भ्रमैः ॥ १४० ॥
कुड्यकोण तरु स्तम्भ द्वार पट्ट तुलादिभिः ॥
दरोत्करट वल्मीक पंक कोळांस जालयैः ॥
स्तम्भ भ्रमादिभि र्विद्धं द्वारंस्या द्बहु दोषदम् ॥ १४१ ॥

**અર્થ.** રથ, ચત્વર, (ચકલું), શૃંગ (શિખર), આર (કોણ), પ્રાસાદ, પ્રતિમા, ધ્વજ, વાપી, કૂપ, પ્રણાલી, સરોવર, ઝરણું (પ્રસ્ત્રવણ), ભ્રમ, ભિંત, ભિત્તિકોણ, ઝાડ, સ્તમ્ભ, દ્વાર, પટ્ટ, તુલા (પીઢીયું), દર (ઝીણુ ગુહા), ઉત્કરટ (ધાન્ય, તૃણ, કાષ્ટ વગેરે), રાફડો, કાદવ, કાળ, અંત્યજાલય (ઢેડનું ઘર), અને સ્તમ્ભ ભ્રમાદિ પદાર્થોથી વેધાયલું દ્વાર ઘણા દોષને આપનારૂં હોયછે. ૪૦—૪૧.

श्लोक. दश हस्ता दधोनस्या त्प्रासादो भ्रम संयुतः ॥
नवाष्ट दश भागेषु भ्रमो भित्तिर्विधीयते ॥ १४२ ॥
वैराज्यश्चतुरस्रस्तु चतुर्द्वारे चतुष्ककाः ॥
प्रासादो ब्रह्मणः प्रोक्तो धीमता विश्वकर्मणा ॥ १४३ ॥
प्रासाद शिखरं कार्य घंटा कलश भूपितम् ॥
चतुर्भिः शुकनासैस्तु सिंह कर्णे विराजतम् ॥ १४४ ॥
चतुर्द्वारं चतुर्दिक्षु शिव ब्रह्म जिनालयम्
होमशाला प्रकर्त्तव्या कैश्चि द्राजगृहं तथा ॥ १४५ ॥
एक द्वारं भवेत्पूर्वे द्विद्वारं पूर्व पश्चिमे ॥
त्रि द्वारं मध्यमं द्वारं दक्षिणास्यं विवर्जयेत् ॥ १४६ ॥

**અર્થ.** દશ ગજ વધુ હોય, તેને ભ્રમ કહીએ. ભ્રમ કહેતાં ચારે પાસાંના ભાગો તેના ૮, ૯, ૧૦ ભાગ કરવા; એટલે ભાગે એ ભ્રમણની ભીંતની વિધિ કહી. વિરાજ નામનું દેહરૂં ચોરસ કરીએ. ચાર દ્વાર કરીએ, તો તેના ચારે પાસે ઓટલામાં દ્વાર અગાડી પગથીયાં જોઇએ. એમ વિશ્વકર્માએ કહ્યું છે. સવાયું શિખર કરવું. તેને આમલસાર અને ઈંડું આભુષણ છે. ચાર દિશાએ રૂપ કરવાં, તેને પોપટની ચાંચ જેવું નાક અને સિંહના જેવા કાન કરવા, શિવ, બ્રહ્મા, અને જિન એમનાં દેવસ્થાનને ચારે દિશાએ ૪ દ્વાર થાય છે. હોમશાળા તથા રાજભવનને પણ ચતુર્દ્વાર કરવાં, એવું કેટલાએકનું મત છે. એકજ દ્વાર કરવું હોય તો, પૂર્વમાંજ; બે દ્વાર કરવાં હોય, તો, પૂર્વ અને પશ્ચિમમાં; ત્રણ દ્વાર કરવાં હોય, તો, પૂર્વ, પશ્ચિમ, અને ઉત્તરમાં કરવાં. પણ, દક્ષિણ દ્વારનો નિષેધ છે. ૪૨—૪૬.

श्लोक. वैराज्याद्याः समुत्पन्नाः प्रासादा भ्रमणार्चिताः ॥
एक त्रि पंच सप्तांक संख्यांगैः पंच विंशति ॥ १४७ ॥
चतुर्भक्ते भवेत्कोणे भागे भद्रं द्विभागिकम् ॥
भागार्धं निर्गमं भद्रे प्रकुर्यान्मुख भद्रकम् ॥ १४८ ॥
शृंगाटकं भवेत्कर्णे द्वंद्वे भद्रे च नंदनः ॥
मुख भद्रं प्रतिभद्र मुद्‌ मोरथिको परि ॥ १४९ ॥
कर्ण शृंग सिंह कर्ण सिंह नाम्ना सउच्यते ॥
देवानां च प्रकर्तव्यः सिंहस्त त्रैवशाश्वतः ॥ १५० ॥

અર્થ. ॥ વિરાજ પ્રાસાદને ભ્રમરી કરીએ. તેના ૧-૩-૫-૭-૯ એ સંખ્યા એ ૨૫ ભેદ થાય. દેહરાના સમચોરસ ૪ ભાગ કરીને, ભાગ ૧ ની ખૂણે, ૧ ભાગની રેખા, અને ૨ ભાગનું ભદ્ર કરીએ. ૧ ભાગના અર્ધનું ઇંડું કરીએ. ભદ્રમાં પત્ર ૧ પાડવું. આગળ ભદ્ર મુખને માટે ઇંડું ૧ મધ્ય રેખાએ ચઢાવીએ. ૨-૨ ઈંડાં ચારે ખૂણે ચઢાવીએ. જુમલે ઈંડાં ૧૩ થશે. પ્રાસાદના આગલી બાજુએ જેવું ભદ્ર કહ્યું છે, તેવાં ભદ્રો શિખરમાં કરવાં, દેવોને માટે સિંહ નામનો પ્રાસાદ શ્રેષ્ટ છે. ૧૪૭—૧૫૦.

श्लोक. रथिका सिंह कर्णे च भद्रे शृंगे च सिंहकम् ॥
कर्ण शृंगेतु पंचांडं सश्री नन्दन उच्यते ॥
अंगारुत्पत्र षड्भागैश्चतुरस्त्रे विभाजिते ॥ १५१

અર્થ. ॥ સિંહકર્ણ નામના પ્રાસાદ ઉપર, રથની આકૃતિ કરવી. શિખરના ભદ્રની મધ્યે સિંહની આકૃતિ કરવી. કર્ણસંગ નામના પ્રાસાદ ઉપર ૫ ઇંડાં કરવાં, તેને શ્રીનંદન કહે છે. ૧૫૧.

श्लोक. चतुरस्त्रेष्टभिर्भक्ते कर्णे प्रतिरथे रथम् ॥
भद्रार्धे भाग भागं च भागार्धे नांवि निर्गमः ॥ १५२ ॥
वारि मार्गांतर युता रथाश्च तुल्य निर्गमाः ॥
शृंग युग्मं च तिलके कर्णेर्द्धे तु प्रतिरथे ॥ १५३ ॥
एकं चोपरथे भद्रे त्रीणित्रीणि चतुर्दिशम् ॥
शिखरे पंच विस्तारो माहेंद्रो राज्य दोनृणाम् ॥ १५४ ॥
कर्षे शृंग त्रयंशेषं पूर्वे चंद्र न शीर्षकम् ॥
सकैक शृंग भद्रस्य प्रचालंवं तु कारयेत् ॥ १५५ ॥
मस्तके तस्य छाद्यस्य शृंग युग्मं प्रदापयेत् ॥
सित शृंगः सवासौ ईश्वरस्य सदा प्रिय ॥ १५६ ॥

**અર્થ.** ॥ સમચોરસના ૮ ભાગ કરી રેખા ૧ ભાગ, પઢરો ૧ ભાગ, ભદ્ર ૦॥ ભાગ. સર્વે ભાગનું અર્ધ ભદ્ર કરવું. પ્રદક્ષિણાના માર્ગ કરવા, અને તેને અનુસરતા બહાર રસ્તા રાખવા. તિલક નામના પ્રાસાદ ઉપર ૨ શિખર કરવાં. ઉપરથ નામના પ્રાસાદને મધ્યે ૧ શિખર કરવું. ભદ્ર નામના પ્રાસાદ ઉપર ચારે દિશાએ ૩-૩ શિખર કરવા. માહેંદ્ર પ્રાસાદને એકેક દિશાએ ૫-૫ શિખર કરવાં, તેથી રાજ્યની પ્રાપ્તિ થાય છે. ભદ્રનું એક શિખર મૂકીને ખૂણા ઉપર પ્રત્યાલંબ ( ખૂણાઓ )કરવા. છાજને મથાળે ૨ શિખર કરવાં, તેને સિતશૃંગ કહે છે, અને તે શંકરને વહાલો છે. ૧૫૨—૧૫૬

**શ્લોક.** तिलकं यद्यु परथे भूधरो नाम नामतः ॥
बाह्य शृंगेतु तिलकं नाम्ना मुख न मंडनम् ॥ १५७ ॥
शृंग द्वयं चोपरथे तिलकं कास्येत्सुधी ॥
त्रैलोक्यां चितयो भद्र शृंगेणक्षिति वल्लभः ॥ १५८ ॥

ઉપર કહેલો જે ઉપરથ પ્રાસાદ, તેના ઉપર ૧ તિલક કરવા થકી, તેને ભૂધર નામનો પ્રાસાદ કહે છે. અને બાહ્ય શિખર ઉપર તિલક કર્યું હોય, તો, મુખ મંડન નામનો પ્રાસાદ કહેવાય. ઉપરથી પ્રાસાદ ૨ શિખર અને ૧ તિલક કર્યું હોય, તો, ત્રૈલોક્યમાં શોભાયમાન એવો જે ભદ્ર પ્રાસાદ, તેના ઉપર ૧ શિખર મુકવાથી ક્ષિતિ-વલ્લભ પ્રાસાદ થાય છે. ૧૫૭—૧૫૮.

**इति श्री शिल्पशा॰ सारसंग्रहे उत्तरार्धे अंत्य भागे प्रासाद निरूपणो नाम दशमोऽध्यायः ॥ १० ॥**

—*—

॥ श्री गणेशायनमः ॥ श्री विश्वकर्माये नमः ॥ अथ श्री शिल्पशास्त्रसंग्रहे उत्तरार्धे अंत्य भागे देवना रुपोना प्रकाशनो वि तार एकादशमोऽध्याय प्रारभ्यः ।

श्लोक. आद्य गौरी समुद्भुत तेजसा संभवायवै ॥ १ ॥
महा मायोति या गीता चिन्मया मुनि सत्तमैः ॥
तनोतु वाग्विलासं मे जिव्हायां सा सरस्वती ॥ २ ॥

અર્થ. આદ્ય ગૌવરીથકી ઉત્પન્ન થએલા, તેજના સંભવરૂપ ગણુપતિને, નિર્વિઘ્ને કરીને ગ્રંથ સંપૂર્ણ થવાની સિદ્ધિને માટે નમસ્કાર હો. ૧॥ શ્રેષ્ટ મુનિયોએ જે આનંદરૂપ મહા માયાનું વર્ણન કર્યુંછે, તે સરસ્વતી મારી જિવ્હાને વિષે વાણીના વિલાસનો વિસ્તાર કરો.

देवादिनां स्वरूप प्रकाश.

श्लोक. अथातः संप्रवक्ष्यामि रूपाणां च विनिर्णयः ॥
ब्रह्म विष्णु शिवार्काणा मन्येषां दिवि वासिनाम् ॥ ३ ॥
प्रतिमा लिंग देवानां यावत्तिष्ठंति रेणवः ॥
तावत् कोटि सहस्राद्वे स्वर्गे तिष्ठति कारक ॥ ४ ॥
मूर्त्तितु वृक्ष पाषाण लोहद्रव्यैः प्रकारयेत् ॥
चित्रजा पृष्ठ लेपोत्था ह्यर्चा वित्तानुसारतः ॥ ५ ॥
आरभ्यैकांगुला दूर्ध्वं पर्यांतं द्वादशांगुलं ॥
गृहेषु प्रतिमा पूज्या नाधिका शस्यतेततः ॥ ६ ॥
तदूर्ध्वं नव हस्तान्ता पूजनीया सुरालये ॥
दश हस्तादिनो येन प्रासादे नवि नार्चये ॥७॥

અર્થ. ॥ હવેથી બ્રહ્મા, વિષ્નુ, શિવ, અને સૂર્યના, તેમજ બીજા દેવોના પણ રૂપનો પણ નિર્ણય કહીયે છીએ. પ્રતિમા, લિંગ, અને દેવોની જ્યાં સુધી રેણુ પૃથ્વી ઉપર રહે છે, તેટલા કોટી હજારો વર્ષ સુધી મૂર્તિ કરનારો કરાવનારો સ્વર્ગમાં રહે છે. વૃક્ષ, પાષાણુ, લોહ, અને દ્રવ્ય (ધાતુ) વડે મૂર્તિ કરવી; અથવા ચિત્રની પૃષ્ઠ ઉપર આરસ આદિના લેપથી બનાવેલી પ્રતિમા દ્રવ્યના અનુસારે કરવી. એક અંગુલથી બાર અંગુલ સુધીની પ્રતિમા ગૃહમાં પૂજવી; તેથી ઉપરાંત શ્રેષ્ઠ નથી. ૧૨ આંગળ ઉપરાંત નવ હાથ સુધીની દેવાલયમાં પૂજવી, અને દશ હસ્તાદિ પ્રતિમા પ્રાસાદ વગર જમી વડે પૂજવી. ૩-૪-૫-૬-૭ ॥

**વિશેષ.** પ્રાસાદ, વગર, એટલે, દશ હાથ ઉપરાંતની પ્રતિમા હોય, તો, તેનું આવા વગર પૂજન થાય, તો, તેનો દોષ નથી. પણ દશ હાથ અંદરની જે જે પ્રતિમા હોય, તેને આવ્હાહન વિના પૂજીએ, તો દોષ લાગે.

## देवादिना स्वरूपनां प्रमाण.

**श्लोक.** ग्राह वक्त्रं स्त्वेक भागे द्वौ पक्षी कुंजरास्त्रयः ॥
किन्नराश्चाश्चतुस्ताला पंचांशाश्च सुरावृषाः ॥ ८ ॥
शूकरो वामनश्चापि षट् तालो गणनायकः ॥
सप्त तालाः प्रकर्तव्या वृष शूकर मीनका ॥ ९ ॥
अष्टांशां पार्वती देवी सर्वे देवा नवांशकाः ॥
दश तालो भवे द्रामो बली रुद्रो जिनस्ततः ॥ १० ॥
तालास्त्वेकादशस्कन्दो हनुमान्भूत चांडिकाः ॥
ताला द्वादश वैतालो राक्षसाश्च त्रयोदश ॥ ११ ॥
दैत्याश्चतुर्दशांशास्तु भृगुरूपास्ततोधिकाः ॥
कलांशाः क्रूर देव्यःस्यु रत उर्ध्वं न कारयेत् ॥ १२ ॥

**અર્થ.** ૧ ભાગમાં ગ્રાહનું મોઢું કરવું; ૨ તાલના પક્ષી કરવા; ૩ તાલના હાથી કરવા; કિન્નર, અને ઘોડા ૪ તાલના કરવા; ૫ તાલના દેવ અને વૃષ કરવા; ભૂંડ, વામન અને ગણપતિ એ ૬ તાલના કરવા; વૃષભ, ભૂંડ અને મત્સ્ય એઓ ૭ તાલના કરવા; ૮ તાલની પાર્વતી દેવી કરવી; બીજા દેવ ૯ તાલના કરવા, રામ, બલી, રુદ્ર અને જિન ૧૦ તાલના કરવા; ૧૧ તાલના, સ્કન્દ, હનુમાન, ભૂત, અને ચંડિકા કરવાં; ૧૨ તાલના વૈતાલ કરવા; ૧૩ તાલના રાક્ષસ કરવા; ૧૪ તાલના દૈત્ય કરવા; તેથી અધિક, એટલે, ૧૫ તાલના ભગુ (ઋષિ) રૂપ કરવા; અને ૧૬ તાલની ક્રૂર દેવીઓ હોય છે. એથી ઉપરાંત કરવા નહી ॥ ૮-૯-૧૦-૧૧-૧૨ ॥

**વિશેષ.** તાલ એટલે આઠ અંગુલ, અને કેટલાએક ઠેકાણે વેંત કહેલી છે. ભુંડ એટલે વરાહ રૂપ ગ્રાહના મોંહડાનું પ્રમાણ ૧ તાલનું કહ્યું છે, માટે ગ્રાહનું શરીર વધારે થાય. તાલની સંખ્યા બતાવી છે, તેની અંદર તે તે મૂર્તિઓ કરવી; તેની ઉપરાંત કરવી નહી, કેમકે તેમાં દોષ છે.

## अथ प्रतिमानी दृष्टि प्रमाण भरवा विषे.

द्वारो च्छ्रयोष्ट नवधाभाग मेकं परित्यजेत् ॥
शेषांशेन द्विभागार्चा अंशोना-द्वारतो थवा ॥ १३ ॥
द्वार दैर्घ्यतु तन्वांशै स्तथि शक्र कलांशकैः ॥

उच्चाँचो आसन स्थाच मनु विश्वार्क भागतः ॥ १४ ॥
चतुरस्त्री कृते क्षेत्रे दश भागै र्विभाजिते ।
भित्ति द्विभाग कर्तव्या षड्भागं गर्भ मंदिरम् ॥ १५ ॥
तृतीयांशेन गर्भस्य प्रासादे प्रतिमोत्तमा ॥
मध्यमास्व दशांशोना पंचांशोना कनीयसी ॥ १६ ॥
आय मार्गैर्भजे द्वार मष्टमिमूर्धतस्त्यजेत् ॥
सप्तमासप्तमे दृष्टि वृषे सिंहे ध्वजे शुभा ॥ १७ ॥
षष्ठ भागस्य पंचांशे लक्ष्मीनारायणादिदृक् ॥
शयनार्चेश लिंगानि द्वारार्धेन व्यतिक्रमात् ॥ १८ ॥
पदाद्ये यक्ष भूताद्या पदाग्रे सर्व देवता ॥
तदग्रे वैष्णवं ब्राह्मं मध्ये लिंगं शिवस्य च ॥ १९ ॥

**અર્થ.** દ્વારના ઉચ્છ્રાયને આડે અથવા નવે ભાગ લઈને, એક ભાગ ત્યાગ કરવો. શેષ અંશવડે દ્વારથી એક અંશ ઓછી, એ અંશની પ્રતિમા કરવી, અથવા દ્વારની લંબાઇને પચીશ અંશે ભાગવી તેમાં, ૧૫, ૧૪, ૧૬ અંશવડે ઉભી પ્રતિમા કરવી; અને ૧૪, ૧૩, ૧૨ ભાગથી આસન ઉપર બેઠેલી પ્રતિમા કરવી.

ચતુરસ્ર કરેલા ક્ષેત્રમાં દશ ભાગે ભાગતાં બે ભાગની ભિત્તિ કરવી. અને છ ભાગનું ગર્ભ ગૃહ કરવું. ગર્ભના તૃતીયાંશે પ્રાસાદમાં પ્રતિમા કરવી, એ ઉત્તમ માનેલી છે. પોતાના દશાંશે ઓછી એ મધ્યમા છે; અને પંચમાંશે ઓછી, એ કનિષ્ઠા પ્રતિમા છે. દ્વારની લંબાઇને આડે ભાગવી. અને ઉપરથી એક ભાગનો ત્યાગ કરવો. સાતમી સાતમે દૃષ્ટિ છે; તે વૃષ, સિંહ અને ધ્વજ આયમા શુભ દૃષ્ટિ છે. છઠ્ઠા ભાગની પાંચમે અંશે લક્ષ્મીનારાયણની દૃષ્ટિ છે. શયન, પ્રતિમા, અને શિવલિંગને દ્વારના અર્ધના વ્યતિક્રમથી કરવા, યક્ષ, ભૂત ઇત્યાદિને પેહેલા પદમાં, અને પદની આગળ સઘળા દેવતાઓ, તેની આગળ વિષ્ણુની, અને બ્રહ્માની, અને મધ્યમાં શિવનું લિંગ સ્થાપન કરવું. ॥ ૧૩-૧૪-૧૫-૧૬-૧૭-૧૮-૧૯ ॥

## गणेशनुं स्वरूप.

**श्लोक.** गणेशो मूषकारूढो धत्ते दन्त परश्वधौ ॥
पङ्कजं मोदकं धृत्वा नागास्यो नाग मंडितः ॥ २० ॥
मुखं ताल द्वयं तस्य जठरं तत्समं भवेत् ॥
गुह्यं वेदाङ्गुलमूरुः सप्त जङ्घा च तत्समा ॥ २१ ॥

गुणार्गुले भवेज्जानू पादौ कार्यौगुणाङ्गुलौ ॥
रसताल मयं प्रोक्तं सप्त ताल मथोच्यते ॥ २२ ॥

**અર્થ.** ગણેશ ઉંદર ઉપર બેઠેલા છે. અને ચારે હાથમાં સૃષ્ટિ માર્ગે દન્ત, ફરશી, કમળ, અને લાડુ અનુક્રમે ધારણ કરેલા છે; હાથીના જેવું મુખ છે. અને સર્પોના આભૂષણથી શણગારેલા છે. તેમનું મોઢું ૨ તાલનું, અને પેટ પણ તેટલુંજ, હોય છે; ગુહ્ય સ્થળ ૪ અંગુળનું; ૭ આંગળના બેઉરૂ અને તેના સમાન (૭ આંગળ) જંઘા કરવી; ૩ અંગુલની જાનુ કરવી; અને ૩ અંગુળના પગ કરવા; એવી રીતે ૬ તાલની પ્રતિમા કહી છે. મુખ ૨ તાલનું સુંઢ સાથે ગણેલું છે, પણ ૧ તાલનું મુખ ગણવું, કેમકે, ૧ તાલ સુંઢમાંનો પેટપર આવેછે. ॥ ૨૦-૨૧-૨૨ ॥

## ब्रह्मानुं स्वरूप.

श्लोक. ब्रह्मादीनां च देवानां देवानां च यथाक्रमम् ॥
आयुधानि तथा वर्णं वाहनं कथयाम्यहम् ॥ २३ ॥
ऋग्वेदादि प्रभेदेन कृतादि युग भेदतः ॥
विप्रादि वर्ण भेदेन चतुर्वक्त्रं चतुर्भुजम् ॥ २४ ॥
दक्षिणाधः करात्सव्यं जपमालां तथा श्रुचम् ॥
पुस्तकं कळशं धत्ते सकूर्चः कमलासनः ॥ २५ ॥

**અર્થ.** બ્રહ્માદિ દેવોનાં, અને બીજા દેવોનાં, આયુધ, વર્ણ, અને વાહન યથાક્રમ કહું છુ. ઋગ્વેદાદિ વેદ ભેદે કરીને, અને સત્ય યુગાદિ યુગ ભેદે કરીને, અને બ્રાહ્મણાદિ વર્ણ ભેદે કરીને, કહીએ છીએ. બ્રહ્મા ચાર મુખવાળા, ચાર હસ્તવાળા, જમણા હેઠળના હાથથી સવ્ય પ્રદક્ષિણાએ જપમાળા, શ્રુચ, પુસ્તક અને કમંડલું ધારણ કરે છે. કૂર્ચ સહવર્તમાન અને કમળના આસનવાળા છે. ॥ ૨૩ ૨૪-૨૫ ॥

## सावित्रीनुं स्वरुप.

श्लोक. अक्ष सूत्रं पुस्तकं च धत्ते पद्मं कमंडलम् ॥
चतुर्वक्त्रातु सावित्री श्रोत्रियाणां गृहे हिता ॥ २६ ॥

**અર્થ.** સ્ફટિકની માળા, પુસ્તક, કમંડલ, અને કમલ ચારે હાથમાં ધારણ કરેલાં છે; અને ચાર મુખવાળી સાવિત્રી શ્રોત્રિય (અગ્નિ હોત્રી)ના ગૃહમાં શ્રેષ્ટ છે. ॥ ૨૬ ॥

## ऋषिओनां स्वरूप.

